— ણમો ત્થુ ણં સમાણુસ્સ ભગવઓ મહાવીરસ્સ —

— અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમગણધરેભ્યો નમઃ —

# આત્મ હિતકર

# કથા મંજુષા અને સ્તોત્ર સંગ્રહ




પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન:-

**મહેતા દેવચંદ ગોવિંદજી**

ઠે. આરવીવાળા બીલ્ડીંગ, અંબાપેઠ,

મુ. ઉમરાવતી (ખાનદેશ–મહારાષ્ટ્ર)

— ણમો ત્થુ ણં સમાણુસ્સ ભગવઓ મહાવીરસ્સ —

— અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમગણધરેભ્યો નમઃ —

# આત્મ હિતકર
# કથા મંજુષા અને સ્તોત્ર સંગ્રહ

卐 卐


પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :-

**મહેતા દેવચંદ ગોવિંદજી**

ઠે. આરવીવાળા બીલ્ડીંગ, અંબાપેઠ,

મુ. ઉમરાવતી (ખાનદેશ–મહારાષ્ટ્ર)

આ પુસ્તકનું બાઈંડીંગ કામ તથા ભક્તામર સૌરભનું પ્રિન્ટીંગ કામ રાજકોટ નિવાસી શ્રી પ્રવિણચંદ્ર ચકુભાઈ મહેતા (ચકુભાઈ વખતચંદ કંપનીવાળા) પરમાર પ્રિન્ટીંગ પ્રેસે કર્યું છે. જે બદલ અમો તેમના ઋણી છીએ.

લી. પ્રકાશક

મુદ્રક :
ચંદ્રપ્રભા પ્રવિણચંદ્ર મહેતા
C/o. ચકુભાઈ વખતચંદની કું.
પરમાર પ્રિન્ટીંગ પ્રેસ,
પરા બજાર,
રાજકોટ.

# પ્રકાશકીય નિવેદન

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનને પામેલા જીવો ધન્ય-છે, ભાગ્યશાળી છે. શાસનને સમર્પિત પૂર્વના મહાપુરૂષોના જીવન ચરિત્રોના વાંચનથી આત્માને અનેરી સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સાથેજ તેનાથી જીવનને સુધારવા માટે ઉચ્ચત્તર-ઉચ્ચતમ પ્રેરણાઓ પણ મળે છે. બાળ-માનસને ધર્મના સિદ્ધાંતોનું સરળતાથી જ્ઞાન થવા સાથે ધર્મ સિદ્ધાંતો સચોટ રીતે મનમાં બેસી જાય છે. એના યોગે તે જીવો મોટા થયા પછી પણ સહજ રીતે પાપના ભય વાળા અને પુન્ય પાપ-આત્મા-પરલોક આદિને માનવાવાળા આસ્તિક બને છે. એથી એ જીવોનું અહિત થતું અટકે છે; શક્ય તેટલી હિત પ્રવૃત્તિ-તે જીવો કરે છે અને અશક્ય એવી પણ હિતકારક પ્રવૃત્તિએ કરવા હું ક્યારે શક્તિમાન બનું ? એવી ભાવના નિરંતર ભાવે છે. આ સ્થિતિ અનુભવસિદ્ધ હોવાથી અમોએ આ પ્રેરણાદાયી સાહિત્યનું પ્રકાશન કર્યું છે. તેમાં નીચે મુજબનો સમાવેશ કરેલ છે.

૧. મહાપુરૂષો અને મહા સતીઓનાં ટૂંકમાં ચરિત્રો.

[મહેસાણા-શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી વિ સં. ૧૯૯૬માં પ્રકાશિત **સાર્થ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર** (સંપા. પંડિતપ્રવર શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ) પુસ્તકમાંથી લીધેલ છે.]

૨. શ્રી વીતરાગ સ્તોત્ર સાર્થ અને ૩. શ્રી મહાદેવ સ્તોત્ર સાર્થ.

[ જુદા જુદા પ્રકાશનોમાંથી યોગ્ય સંકલન કરીને લીધેલ છે. ]

શ્રી વીતરાગ પરમાત્માની યથાર્થ ઓળખ માટે તેમજ તેમના લોકોત્તર જીવનની મહત્તા સમજવા માટે આનું વાચન-મનન-અત્યંત આવશ્યક હોવાથી આમાં આપેલ છે.

૪. શ્રી રત્નાકર-પચીસી (ગુજરાતી અને ભાવાર્થ સાથે)

આ સંસારમાં જીવ અનાદિ કાળથી કેવા કેવા ખરાબ આચરણો કરીને સંસારમાં ભટકે છે ? અને એનાથી બચવા આપણે શું કરવું જોઇએ ? એનું સચોટ માર્ગદર્શન આમાંથી મળે છે.

આરાધકો-ખપીઆત્માઓ આનો યોગ્ય લાભ લે એ વિશદ આશયથી આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આમાં પ્રેરક-માર્ગદર્શક-સહાયક બનનાર સૌ કોઇનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

લી. પ્રકાશક........ના પ્રણામ.

# જૈન ઉપાશ્રય

બહુજન અને પ્રાણીઓના સુખના માટે નહીં, પરંતુ સર્વ પ્રાણીઓના સર્વ પ્રકારના કલ્યાણ માટેના અપૂર્વ મહાભાવનાઓના પ્રવાહો જ્યાં વહી શકે છે, તેવું મહાસ્થાન જૈન ઉપાશ્રય છે.

તે શ્રાવકોને માટે ધર્મક્રિયા કરવાનું જ માત્ર સ્થાન નથી. મુનિમહારાજાઓને ઉતરવાનું માત્ર સ્થાન નથી, પરંતુ ધર્મરાજ્યના શાસનના તંત્રના વહીવટના સંચાલનનું મહા કેન્દ્ર છે.

ધર્મનું જ નહીં, ધર્મસંઘનું જ નહીં, શાસ્ત્રોના ભંડાર પૂરતું જ નહીં, સાત ક્ષેત્રોના રક્ષણ-વહીવટ વિગેરે પૂરતું જ નહીં, પરંતુ શાસનના સમગ્ર સંચાલનનું એ મુખ્ય કેન્દ્ર છે.

તેનું મકાન ઝુંપડા રૂપ છે કે આલિશાન છે તે મહત્વની વસ્તુ નથી. મહત્વની વસ્તુ તેનું વિશ્વમાંનું કાર્ય છે. એટલી ઉંચી હદનું કાર્ય બીજે ક્યાંય પણ થાય છે ? જેમ જિનમંદિર અને જિનપ્રતિમા મહા પ્રેરણાના અદ્‌ભુત સ્થાન છે, તેમ ઉપાશ્રય પણ દિવ્ય સ્થાન છે.

આ સંસ્થાની તુલનામાં આવી શકે તેવી ત્રણ કાળમાં અને ત્રણ જગતમાં કોઇ સંસ્થા છે ? કોઇ સ્થાન છે ? કોઇ કેન્દ્ર છે ? કોઇ શોધી આપી શકે તેમ છે ? કોઇ સર્જી શકે તેમ છે ? તેની તુલના કરી શકે તેવી કોઇ ધારાસભા, પાર્લામેન્ટ કે સેનેટ, કે મકાન છે ?

માટે જૈન ઉપાશ્રયની શાન તે જ રીતે જાળવવી જોઇએ. કોર્ટો અને ધારાસભાઓની કેવી શિસ્ત હોય છે ? પાર્લામેન્ટની કેવી હોય છે ? ત્યારે આ તો તેનાં કરતાં પણ હજારો ગણા ઉંચા સ્થાન ઉપરના ઉદ્દેશોની સિદ્ધિ માટેનું સ્થાન છે. તેની શાન કેવી સુંદર રીતે જળવાવી જોઇએ ! આપણે જો તેની શાન ન જાળવીએ તો બીજાઓ શી રીતે અને શા માટે તે સ્થાનની શાન જાળવે ?

ઉપાશ્રયમાં ગમે તેમ બેસવું, સૂવું, ગામગપાટા મારવા વિગેરે બની જ કેમ શકે ? સામાજિક, રાજકીય, આર્થિક બાબતોને લગતાં, દેશને લગતાં, સાંસારિક જીવનને લગતા કોઈ પણ કાર્યોને કે મન વચન વાણીને અહીં અવકાશનો સંભવ જ શી રીતે છે ?

ત્રણ લોકની અને સમગ્ર વિશ્વની કલ્યાણકારી ભાવનાઓ, શ્વાસોશ્વાસ, વાણી, આચારોના આંદોલનથી ધબકતા આ સ્થાનમાં ગમે તે કાર્ય ચલાવી શકાય નહીં.

તે શૂન્ય ભલે રહે, પરંતુ તેનો બીજો કોઇ દુન્યવી ઉપયોગ થઈ શકે જ નહીં. તેનું દ્રવ્ય તે કાર્ય માટે જ સમર્પિત હોય છે. તે જ રીતે લેવાયલું હોય છે. ઉપાશ્રય સમજીને અપાયેલું લેવાયેલું હોય છે.

તેથી ઉપાશ્રયને છાજતાં જ કામમાં તેનો ઉપયોગ થઈ શકે. અન્યથા ઉપયોગ કરવાથી આશાતના થાય, પાપ લાગે.

શ્રી ઋષભદેવ પ્રભુથી માંડીને અંતિમ યુગપ્રધાન શ્રી દુપ્પસહસૂરિ મહારાજ સુધી–

૧. શ્રી જૈનશાસન સંસ્થા,

૨. તેના સંચાલક અને આરાધક શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ જેવો શ્રમણ સંઘ.

૩. પાંચ આચાર રૂપ જૈનધર્મ,

૪. દ્વાદશાંગી અને તેને અનુસરતા સુવિહિત પુરુષો રચિત શાસ્ત્રો.

૫ અને મહાતીર્થો આદિ સાત ક્ષેત્રાદિક ધાર્મિક દ્રવ્ય ભાવ રૂપ સ્થાવર જંગમ મિલ્કતોની રક્ષા, વૃદ્ધિ, સારસંભાળ વહીવટ વિગેરેનું તથા ગઇ ચોવીશી તથા આવતી ચોવીશીને લગતી પણ કોઇ બાબતો હોય, તો તે સર્વના સંચાલનના કેન્દ્ર રૂપ ઉપાશ્રય છે.

ચાર પુરુષાર્થની સંસ્કૃતિની રક્ષામાં પ્રેરક બળ રૂપ ઉપાશ્રય છે.

—શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

# ભક્તામર સૌરભનું શુદ્ધિ પત્રક

| પંક્તિ | પેજ | અશુદ્ધ | શુદ્ધ | પંક્તિ | પેજ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | ૩ | डिंमा | ड्डिंभा | २२ | २३ | यादि | यदि |
| ४७ | ૩ | प्रदीपोडयं | प्रदीपोडयं | १७ | २६ | मनल्य | मनल्प |
| ४८ | ૩ | ध्रूवमहो | ध्रुवमहो | ४ | ३१ | पुंमांस | पुमांस |
| ૯ | ૬ | प्ररणत | प्रणत | ५ | ३२ | परस्तात् | पुरस्तात् |
| ११ | ૬ | युग | युगं | २६ | ३३ | विंधांना | विधानात् |
| १३ | ૬ | संम्तुतः | संस्तुतः | २७ | ३३ | द्वयकत्कं | द्ववकतं |
| १४ | ૬ | दूदमूत | दूदभूत | २२ | ३४ | तुभ्य | तुभ्यं |
| १६ | ૬ | म्तोष्ये | स्तोष्ये | २३ | ३४ | दिति | क्षिति |
| १६ | ૬ | प्रथम | प्रथमं | २७ | ३६ | दोंषे | दोषै |
| ५ | ૬ | मुगनी | युगनी | ३७ | ३७ | रुपममल | रुपममलं |
| ७ | ૬ | સ મરત | સમસ્ત | ८ | ३८ | तत | तव |
| १ | ८ | કંધ્ક | કધ્ક | २० | ४१ | हथी | हाथी |
| २६ | १० | बालंभ | वालं | २५ | ४३ | ॥३९॥ | ॥३५॥ |
| ३३ | १० | निंधि | निधिं | १४ | ४७ | बलातरंग | वलातुरंग |
| ७ | १२ | અને | અને | ४८ | १३ | કર્યુ | કર્યું |
| १५ | १२ | शकित | शक्ति | ५१ | ५ | રેગના | રોગના |
| १६ | १२ | मृगेन्द्र | मृगेन्द्रं | ५१ | ३३ | કલાવતીન | કલાવતીના |
| ५५ | १५ | कुसते | कुरुते | ५१ | ३४ | કર્યુ | કર્યું |
| २१ | १६ | રહ્યો | રહ્યો | ५२ | २९ | નાખત્રા | નાંખવા |
| ४२ | १८ | વાગ્યભટ્ટને | વાગભટ્ટને | ५२ | ३२ | બેડીઓ | બેડીએ |
| ३६ | १९ | એ એ | એ | ५३ | ३७ | गुणै निबद्धा | गुणैनिर्बद्धा |
| १५ | २० | જેવોને | જેઓને | ५३ | ३८ | મય | મયા |
| २६ | ११ | શુભ્ર | શુભ્રા | ५३ | ३९ | मंजस्त्रं | मजस्त्रं |
| १ | २२ | મુલ્લ | મલ્લ | | | | |

# અનુક્રમણિકા

(૧) પ્રાતઃસ્મરણીય પ્રભાવક મહાપુરૂષોના જીવન ચરિત્રો પેજ ૧ થી ૧૧૮

(૨) વીતરાગ મહાદેવ સ્તોત્ર પેજ ૧૧૯ થી ૧૪૮

(૩) રત્નાકર પચ્ચીશી પેજ ૧૪૯ થી ૧૫૪

(૪) ભકતામર સૌરભ પેજ ૧ થી ૫૩

## નિવેદન

આ પુસ્તક માટે જે પુણ્યશાળી આત્માઓએ તન, મન અને ધનથી લાભ લીધો છે, તેની અનુમોદના કરીએ છીએ. તેમજ જ્ઞાનીથી વિરૂદ્ધ અને પ્રેસ દોષથી જો કોઇ ભૂલ ચૂક રહી ગઇ હોય તો મિચ્છામિ દુક્કંડં માગીએ છીએ.

લી. પ્રકાશક

કિંમત : અમૂલ્ય. વાંચી, વિચારી આત્માર્થી બનો.

શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ

# અમારા ગામનું ગૌરવ : શ્રીમતી છબલબેન જીવનલાલ દોશી



જેઓના પતિ અને બે સુપુત્રો — ભગવંત શાસનના સાધુ મહાત્માઓ બન્યા છે.

૧ શ્રી જીવનલાલ સોમચંદ દોશી — પૂ. મુનિશ્રી જયભૂષણવિ. મહારાજજી

૨ શ્રી રમેશચન્દ્ર જીવનલાલ દોશી — પૂ. મુનિશ્રી રત્નભૂષણવિ. મહારાજજી

૩ શ્રી છબીલદાસ જીવનલાલ દોશી — પૂ. મુનિશ્રી ફૂલભૂષણ વિ. મહારાજજી

— ની ધર્મ અનુમોદના —

શ્રી. દેવચંદ ગોવિંદજી મહેતા — શ્રી. ચંચળબેન દેવચંદ મહેતા — શ્રી. બાબુલાલ દેવચંદ મહેતા

વિ સં. ૨૦૩૧ માગ. વદ ૧૦ (પોષ દશમી) — મોટી મારડ (સૌરાષ્ટ્ર)

# પ્રાતઃસ્મરણીય પ્રભાવક મહાપુરૂષો તથા મહાસતીઓના જીવન–ચરિત્રો.

## ૧. શ્રી ચક્રવર્તી ભરતેશ્વરજી :

પ્રથમ તીર્થંકર ભગવંત યુગાદિદેવશ્રી ઋષભદેવ પ્રભુના સો–પુત્રોમાંના મોટા પુત્ર. તેઓ આ અવસર્પિણીના પહેલા ચક્રવર્તી રાજા તરીકે પ્રસિદ્ધ થયા છે, તેમણે પૂર્વભવમાં ચારિત્ર ધર્મની અનુપમ આરાધના કરી હતી, જેને લીધે તેઓ, આ ભવમાં ચક્રવર્તી થયા, આ ભવમાં અષ્ટાપદગિરિ ઉપર ચોવીશે ય તીર્થંકર પ્રભુની આબેહૂબ પ્રતિમાઓ સ્થાપીને અલૌકિક જિનમંદિર બંધાવ્યું, તથા શ્રાવકધર્મ સમજાવનાર આર્યવેદો તેમણે બનાવ્યા હતા. સાધર્મિકોની ભક્તિ ઉપરાંત પ્રભુના ઉપદેશથી શાસનની બીજી ઘણી પ્રભાવનાઓ કરી, છેવટે આરીસાભુવનમાં શરીરની શોભા જોતાં આંગળીમાંથી વીંટી પડી ગઈ, તેથી શોભા રહિત લાગવાથી, "આખું શરીર કેવું લાગે છે?" તે જોવા બીજા દાગીના ઉતારતા ગયા, તે ઉપરથી વૈરાગ્ય થતાં અનિત્ય ભાવના ભાવતાં ભાવતાં ત્યાં જ કેવળજ્ઞાન થયું. છેવટે દેવોએ આપેલો શ્રમણલિંગનો વેષ ધારણ કરીને, લાખ પૂર્વ સુધી વિચરી, દશ હજાર રાજાઓને દીક્ષા આપી, અણશણ કરીને મોક્ષે પધાર્યા.

## ૨. બાહુબલી :

આ મહાત્મા ભરત ચક્રવર્તિના નાના ભાઇ હતા. પ્રભુએ વહેંચી આપેલા રાજ્યોમાં તક્ષશિલાનું રાજ્ય તેમના ભાગમાં આવેલું હતું, તેમાં તે રાજ્ય કરતા હતા. ચક્રવર્તિની મર્યાદાને અનુસરીને, "દરેક રાજાને પોતાને તાબે લાવવા જોઇએ, ન આવે તો યુદ્ધ કરીને પણ તાબે લાવવા જોઈએ," તે અનુસાર બંને ભાઇઓનું યુદ્ધ થયું. દ્વન્દ્વ યુદ્ધમાં શ્રી બાહુબલજીને ભરત ચક્રવર્તિએ મુઠ્ઠીનો માર મારીને, તેને કેડ સુધી જમીનમાં ખોસી દીધા, ત્યારે ક્રોધમાં આવીને બાહુબલજીએ મુઠ્ઠી ઉપાડી, "પરંતુ ચક્રી હંમેશા અજીત જ રહે," એ મર્યાદાને અનુસરીને દેવ-વાણીથી ત્યાં જ અટકી ગયા, અને એ જ મુઠ્ઠી, કે જે મુઠ્ઠી એક વખત ઉગામી તે પાછી વળે નહિ એ ભાવથી એ મુઠ્ઠી પોતાના જ મસ્તક પર ઉગામી સ્વયંકેશ લોચ કરી નાખ્યો અને ત્યાંને ત્યાં જ ધ્યાનમાં ઊભા રહ્યા. તેમને પૂર્વ ભવે, સાધુ મુનિરાજોની એવી અસાધારણ સેવાભક્તિ વૈયાવચ્ચ કરી હતી, કે જેથી કરીને ચક્રવર્તિને મુઠ્ઠી મારે તો તેનો ભૂક્કો જ થઈ જાય, એવું એને બાહુનું બળ મળેલું હતું, પ્રભુ પાસે જવામાં, તેમનાથી પહેલા દીક્ષિત થયેલા, ૯૮ નાના ભાઇઓને વંદન કરવું પડે, માટે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ જવું, એવા નિશ્ચયથી એક વર્ષ સુધી ત્યાંને ત્યાં જ અડગ ધ્યાન મસ્ત દશામાં ઊભા રહ્યા, અને અપૂર્વ ધ્યાનના બળથી કેવળજ્ઞાનની નજીક આવી પહોંચ્યા હતા, પરંતુ નાના ભાઇને વંદન કેમ કરૂં? એ અભિમાનને અંગે કેવળજ્ઞાન અટકેલું હતું. પ્રભુના આદેશથી બ્રાહ્મી અને સુંદરી નામની તેમની બે બહેનો જે સાધ્વીપણામાં હતા, તે પ્રતિબોધ કરવા આવ્યા અને એટલા જ શબ્દો કહ્યા કે, "હે વીરા ગજ થકી ઉતરો, ગજ ચડે કેવલ ન હોય" અભિમાન રૂપી હાથી ઉપરથી ઉતરો, આટલું કહે-તાં જ, તેમને પોતાની ભૂલ સમજાણી, ને જેવો પગ ઉપાડયો, તેવું જ કેવલજ્ઞાન પ્રગટયું. પછી પ્રભુ પાસે આવીને શ્રી કેવલી ભગવંતોની પર્ષદામાં દાખલ થયા અને મોક્ષે પધાર્યા.

### ૩. અભયકુમાર :

આ મહાત્મા શ્રીમહાવીર પરમાત્માના શાસનમાં થયા છે, બહુ જ બુદ્ધિશાળી પુરુષ હતા, શાસનના અનન્ય રાગી હતા. મગધસમ્રાટ શ્રેણિક રાજાના મોટા પુત્ર હતા, બુદ્ધિ નિધાન હોવાથી, સર્વ પ્રધાન મંડલના આગેવાન હતા. વીરપ્રભુના અનન્ય ભકત હતા. અનાર્ય દેશમાં જિન. બિંબ મોકલી આદ્ર્કુમારને પ્રતિબોધ આપનાર એ હતા. બીજી પણ શાસનની અનેક પ્રભાવનાઓ કરી છે. પોતાની બુદ્ધિના અનેક ચમત્કારોના દ્રષ્ટાંતો ઇતિહાસના સૂવર્ણ પૃષ્ટોમાં મૂકતા ગયા છે, આજે પણ ચોપડામાં શારદા પૂજન વખતે લખાય છે કે, "શ્રી અભયકુમારની બુદ્ધિ હોજો." પિતાના પૂર્ણ ભકત હતા, છતાં હૃદયમાં વિરકત હતા, પરંતુ પિતાના આગ્રહથી વચને કરીને બંધાયા હોવાથી સંસારમાં પડી રહ્યા હતા, ચારિત્રાવરણીય કર્મનો ક્ષય થતાં જ શબ્દછળથી વચનના બંધનમાંથી છૂટીને પ્રભુ પાસે તરત દીક્ષા લઈ તપસ્યા કરીને અનુત્તર વિમાનમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, ચારિત્ર ગ્રહણ કરી છેવટે મોક્ષે પધારશે.

### " ૪. ઢંઢણકુમાર " :

શ્રીકૃષ્ણ વાસુદેવની ઢંઢણા નામની રાણીથી ઉત્પન્ન થયેલા ઢંઢણકુમારે, શ્રી નેમિનાથ તીર્થંકર પરમાત્માની દેશના સાંભળી દીક્ષા લીધી હતી, પૂર્વ ભવમાં બાંધેલા અંતરાયકર્મને લીધે ભિક્ષા મેળવી શકતા નહતા, જ્યાં જાય ત્યાંથી તેમને નિર્દોષ આહાર મળતો નહતો, તેથી તે- ઓએ અભિગ્રહ કર્યો કે, "મારી પોતાની લબ્ધિથી આહાર મળે તો લેવો." એક દિવસ તેઓ ભિક્ષા માટે દ્વારિકામાં ફરતા હતા, તે વખતે તેમને શ્રીકૃષ્ણ વાસુદેવે વાહનમાંથી ઉતરીને ભાવ ભકિતથી વંદન કર્યું, એ જોઈને કોઈ ધાર્મિક શ્રેષ્ઠીએ તેમને ઉત્તમ મોદક વહોરાવ્યા, ઋષિ પ્રભુ પાસે આવ્યા ને પૂછયું, "હે પ્રભુ ! શું મારૂં અંતરાયકર્મ ક્ષય પામ્યું ?" પ્રભુએ કહ્યું, " ના, પરંતુ તમને જે ભિક્ષા મળી છે, તે કૃષ્ણ વાસુદેવની લબ્ધિથી મળી છે." તે સાંભળી મોદકને પરઠવવા કુંભારની શાળામાં ગયા. પરઠવતાં પહેલાં, મોદકનું ચૂર્ણ કરતાં કરતાં, પોતાના કર્મનું પણ ચૂર્ણ થઈ ગયું અને શુદ્ધ ભાવનાની ધારાએ ચડતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું.

### ૫. " શ્રીયક " :

નંદરાજાના શકડાલ મંત્રી, અને તેમના પત્નિ લક્ષ્મીવતીના સ્થૂલભદ્રજી કરતાં નાના પુત્ર શ્રીયક નામે હતા, પિતાના મરણ બાદ તેમને મંત્રીપદ મલ્યું હતું. નંદરાજાના એ મહામં- ત્રીએ, એકસો જિનમંદિરો, અને ત્રણસો ધર્મશાળા બંધાવી હતી અને જિનપૂજા–પ્રતિક્રમણ વગેરે ધાર્મિક ક્રિયાઓ રોજ કરતા હતા. જિનભવન, જિનપ્રતિમા, જ્ઞાન, સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા, એ સાત ક્ષેત્રમાં ધન વાપરી જૈન શાસનની પ્રભાવના કરી હતી, છેવટે તેમણે પોતાના પુત્રને પ્રધાનપદ સોંપી દીક્ષા લીધી. એક વખત શ્રી પર્યૂષણા મહાપર્વમાં, તેમના મોટા બહેન યક્ષા સાધ્વીજીએ શ્રીયક મુનિને કહ્યું કે, "આ પર્વમાં કરેલા તપથી ઘણું જ પૂન્ય પ્રાપ્ત થાય છે," એમ યુક્તિથી સમજાવી તેમને પોરસીનું પ્રત્યાખ્યાન કરાવ્યું, એમ અનુક્રમે સાઢ પોરસી પુરિમઢ્ઢ, એમ કરતાં છેવટે, સાંજે ઉપવા-

સેનું પચ્ચક્‌ખાણ કરાવ્યું, કદી ભૂખ સહન કરેલી નહિ હોવાથી, તે જ રાત્રિમાં શ્રીયક મુનિ કાળ કરી સ્વર્ગમાં ગયા, આથી યક્ષા સાધ્વીને ઘણો જ પશ્ચાત્તાપ થયો કે, મારે હાથે મુનિનો ઘાત થયો, આ પાપથી કેમ છૂટાય? એમ પશ્ચાત્તાપ કરતાં સંઘસહિત કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા, એટલે શાસનદેવી તેમને મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામિ પાસે લઈ ગયા. ભગવાને કહ્યું કે, "શ્રીયક મુનિનું મરણ ઉપવાસને લીધે થયું નથી, માત્ર તેમનું આયુષ્ય જ એટલું જ હતું, ઉપવાસ તો નિમિત્ત માત્ર થવાથી શુભધ્યાનથી તે સ્વર્ગમાં દેવ થયેલ છે અને ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે. પછી પ્રભુએ ચાર ચૂલિકા સંભળાવી તે યાદ રાખીને યક્ષા સાધ્વીજીને શાસનદેવી પાછા અહિં લાવ્યા, તે બધી વાત તેમણે ગુરૂ મહારાજને કહી, અને પેલી ચાર ચૂલિકાઓ સોંપી, એટલે પૂ. ગુરૂ મહારાજાએ, બે ચૂલિકા દશ વૈકાલિક સૂત્રના છેડે, અને બે ચૂલિકા આચારાંગ સૂત્રને અંતે મૂકી છે.

૬. "અર્ણિકા પુત્ર":

દેવદત્ત વણિકના અન્નિકા–અર્ણિકા નામની પત્નીના પુત્ર અર્ણિકા પુત્ર શ્રી જયસિંહ નામના આચાર્ય પાસે દીક્ષા લઇ, શાસનના પારગામી થયા, અને છેવટે આચાર્ય પદવી પામ્યા. એવામાં પુષ્પચૂલ રાજાની રાણી, પુષ્પચુલાને સ્વપ્નમાં દેવપણું પામેલી તેની માતા પુષ્પવતીએ નારકો બતાવી. રાણીએ ઘણાઓને પૂછયું, પરંતુ કોઇએ તેનો ખૂલાસો કર્યો નહિ, છેવટે અન્નિકાપુત્ર આચાર્યે તેનો ખુલાસો કર્યો, પછી તેને સ્વર્ગ દેખાડયું, ત્યારે પણ તે જ આચાર્ય મહારાજાએ સ્વર્ગનું સ્વરૂપ સમજાવ્યું. આ સર્વ સંજોગોથી પુષ્પચૂલાને વૈરાગ્ય થયો અને તે જ આચાર્ય પાસે દીક્ષા લીધી. કાળાંતરે દુષ્કાળ પડયો, એટલે બીજા મુનિઓને દેશાંતર મોકલ્યા, અને પોતે અતિ દુર્બલ હોવાથી પુષ્પચૂલ રાજાના આગ્રહથી આચાર્ય ત્યાં જ રહ્યા. પુષ્પચૂલા સાધ્વી તેમની વૈયાવચ્ચ કરતા હતા, તેને આહારાદિક લાવી આપતા. સાધ્વીને શુદ્ધ ભકિતથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. છતાં તેણે તે જ રીતે ભકિત ચાલુ રાખી. કાલાંતરે આચાર્યને ખબર પડી, ત્યારે કેવળીને ખમાવીને આશાતનાનું મિથ્યા દુષ્કૃત દીધું અને પૂછયું કે, "હું કયારે મોક્ષ પામીશ?" પુષ્પચૂલા કેવલી ભગવંતે કહ્યું કે, "તમે ગંગા નદી ઉતરતાં કેવલજ્ઞાન પામશો," પછી આચાર્ય શ્રી ઘણા લોકો સાથે નાવમાં બેસીને ગંગા નદી ઉતરતા હતા, પરંતુ જ્યાં બેસે તે તરફ નાવ નમી પડે, અને લોકો ડૂબવા માંડયા, એટલે લોકોએ તેમને પાણીમાં ફેંકયા. તેમના પાછલા ભવની વ્રત ભંગ કરી વિરાધક ભાવ પામેલી, દુર્ભગા નામની સ્ત્રી વ્યંતરી થઇ હતી; તે જ વખતે તેણે રોષથી પાણીમાં પડતા પહેલાં મુનિને શૂળીમાં પરોવી લીધા. શૂળમાં પરોવાયા છતાં આચાર્ય તદ્દન સમભાવમાં રહ્યા, અને ઉલટુ ચિંતવવા લાગ્યા કે, **"અરેરે! મારા લોહીથી ખરેખર અપ્‌કાયના જીવોને દુઃખ થશે."** એમ ભાવના ભાવવા લાગ્યા, અને અંતે કેવળજ્ઞાન થયું, ને ત્યાં શૂળી ઉપર ને ઉપર આયુષ્ય પૂર્ણ થવાથી, અંતકૃત કેવલી થઈ મોક્ષે ગયા અને દેવોએ ત્યાં કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો. પાણીમાં ફેંકી દીધેલું તેમનું હાડપિંજર તરતું તરતું નદી કીનારે કયાંક ભરાઈ ગયું. તેમની ખોપરીમાં કયાંથી પાટલ વૃક્ષનું બીજ પેસી ગયું. તેમાંથી પાટલનું ઝાડ થયું, એ વૃક્ષ ઉપર બેઠેલા ચાસ પક્ષીના મોઢામાં આવી આવીને જીવડા પડતા હતા, તે નિમિત્ત ઉપરથી "અહિં સમૃદ્ધિ સારી વધશે માટે અહિં નગર વસાવવું ઠીક પડશે." એમ વિલક્ષણ નૈમિત્તિકના કહેવાથી, કોણિક પિતાના મરણથી પિતાની ચંપા નગરીમાં ઉદાસપણે રહેલા, શ્રેણિક રાજાના પૌત્ર ઉદાયિરાજાએ તેની બાજુમાં નગર વસાવ્યું, તેનું નામ પાટ-

ત્રીપુત્ર પાડયું. તે પાટલ વૃક્ષને ફૂલ ઘણા આવેલ હતા, તેથી બીજું નામ કુસુમપુર પણ રાખ્યું હતું. આ શહેર વસાવતા ત્યાં એક મોટું શ્રીજિનમંદિર બંધાવ્યું અને તેમાં રિષ્ટ રત્નમય પ્રભુની પ્રતિમા સ્થાપી અને રીતસર શહેર વસાવ્યું, જયાં એ પાટલ વૃક્ષ હતું. આચાર્ય શૂળે પરોવાયા કેવલજ્ઞાન પામ્યા, દેવોએ મહિમા કર્યો, વગેરે જોઇને સાધારણ સમજના લોકો ત્યાં આવી કરવત મૂકાવા લાગ્યા, એ પાટલ વૃક્ષનો જીવ એકાવતારી છે, અને મૂળનો જીવ એક છે, એમ પણ જ્ઞાની પુરુષોએ એક નિમિત્તજ્ઞને કહેલું તે તેણે ઉદાયી રાજાને કહ્યું હતું. છેવટે ઉદાયિ રાજાએ ત્યાં સુખેથી રાજ્ય કર્યું, અને છેવટે શત્રુંજય-ગિરનારનો સંઘ કાઢી મહાયાત્રા કરી, ઘણી ધર્મ આરાધના કરી, છેવટે વૃદ્ધ અવસ્થામાં પુત્રને રાજ્ય સોંપી આત્મ સાધન કરી દેવલોક ગયા. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

## ૭-"અતિમુકતમુનિ" :

પેઢાલપુરના રાજા વિજયની શ્રીમતી રાણીનો અતિમુકતક નામે કુમાર હતો. આઠ વરસની ઉંમરે એક વખત કુમારે રમતા રમતા ભિક્ષા માટે પધારતા ભગવાન શ્રી ગૌતમ સ્વામિને જોયા. અતિમુકતક બાળક તેઓશ્રીને જોઈ બહુ જ આનંદમાં આવી ગયા અને ગણધર પ્રભુને પ્રણામ કરી પોતાની કાલીભાષામાં બોલવા લાગ્યા, "પ્રભો ? મારે આપના જેવું થવું છે."

ગણધર મહારાજ બોલ્યા, "બાલક ? તું હજુ બાલક છે, અને ચારિત્ર પાલવું ઘણું દુષ્કર છે." બાળક બોલ્યો, "ભગવાન, હું આપના જેવો થઈશ." ગણધર ભગવાન તો આહારાદિ વહોરીને પધાર્યા, અને બાળકે માતા-પિતાને-દીક્ષા માટે રજા આપવા સમજાવવા માંડયા. આખરે માબાપ પિગળ્યા. અને દીક્ષા લેવા સમ્મતિ આપી, એટલે તેમણે શ્રીગૌતમ સ્વામિ ભગવાન પાસે દીક્ષા લીધી, અને ભાવપૂર્વક ચારિત્ર પાળવા લાગ્યા. બાળક મુનિને સવારમાં ભૂખ બહુ લાગી. એટલે વહેલા એક શેઠને ઘેર વ્હોરવા ઉપડયા. ત્યાં તો શેઠના દીકરાની વહુએ કહ્યું કે, "કેમ અત્યારમાં ! બહુ મોડું થઈ ગયું છે !" આ વાકયનો બીજો મર્મ એ હતો કે, "આટલી નાની ઉંમરમાં દીક્ષા લઈ બેઠા તેના કરતાં કઇક ઉમ્મર થવા દીધી હોત તો શું ખોટું હતું ?" બાલમુનિ એ મર્મ સમજી ગયા, અને તરત જ તેમણે જવાબ દીધો, "હું જે જાણું છું, તે નથી જાણતો." શેઠની પુત્રવધૂ વિચારમાં પડી ગઈ, "મુનિરાજ આપના કહેવાનો આશય હું સમજી શકતી નથી, તો કૃપા કરી સમજાવો." મુનિ બોલ્યા, "મરણ આવશે, એ હું ચોકકસ જાણું છું, પણ તે કયારે આવશે ? તે ચોકકસ જાણી શકતો નથી." આવા જવાબથી શેઠની પુત્રવધુના (૧) હૃદયમાં પણ ચમત્કાર થયો. તે વિચારવા લાગી કે, "ખરેખર મરણ કયારે આવશે ? તે કોઇથી કહી શકાતું નથી. એટલે મરણ આવતા પહેલાં ચેતીને જીવનનું સાર્થક કરી લેવું જોઇએ. એટલે બાલ્યાવસ્થામાં મરણ નહિં જ આવે, તેની કાંઈ પણ ખાત્રી છે જ નહિ, તેથી બાલ્યાવસ્થામાં દીક્ષા લેવામાં કાંઈ ઉતાવળ થઇ નથી, પરંતુ ખરો વિવેક જળવાયો છે." આ જવાબ સમજીને તે શ્રાવિકાને પણ મુનિ ઉપર ઘણી જ ભક્તિ ઉત્પન્ન થઈ. ત્યાં જ સમ્યકૃત્વ સહિત બાર વ્રત ઉચ્ચરી પોતાનું જીવન યથાશક્તિ સાર્થક કરવા માટે પ્રયત્નશીલ થઇ. મુનિરાજ વ્હોરીને મુનિઓની વસતિમાં પાછા પધાર્યા. એક દિવસ વરસાદ થયો ત્યારે વરસાદ બંધ રહ્યા પછી તરતમાં શેરીમાંથી ન્હાના વ્હેળા વહી રહ્યા હતા, અને વચ્ચે એક નાનું ખાબોચીયું હતું. તેને નાની તળાવડી માનીને નાના બાળકો સાથે મુનિ ત્યાં

રમવા લાગ્યા. પોતાના નાના લાકડાના પાત્રાઓને પાણીમાં મૂકીને નાવડીની માફક તરાવવા લાગ્યા; ને ખુશી થઇ રમવા લાગ્યા હતા. તેવામાં જ શ્રી ગૌતમ સ્વામિ મહારાજ ત્યાંથી નીકળ્યા, બાલમુનિ શ્રી અઇમુત્તા ગુરુ ગૌતમ ગણધરને જોઇને એકદમ શરમાઈ ગયા. ગુરુએ છ કાયના જીવોની વિરાધના કરી માટે પ્રાયશ્ચિત લેવા જણાવ્યું. બાલમુનિ શ્રી મહાવીર પરમાત્મા પાસે જઈ સમવસરણમાં ઇરિયા વહિયા–પડિકકમવા લાગ્યા. ઇરિયા વહિયાનો પાઠ બોલતાં "પણુ–ગદગ–મટ્ટી મકડા" એ પાઠ બોલતાં, માટી અને પાણીના જીવોની વિરાધના કરી હતી, તે બરાબર તેઓના ધ્યાનમાં હતું, તેથી મુનિના પશ્ચાત્તાપનો પાર ન હતો, "અરે? મેં માટી અને પાણીના જીવોને વિના કારણે દુભવ્યા." આ પશ્ચાત્તાપમાં પાણી અને માટીના જીવોને વારંવાર ખમાવવા દગ–મટ્ટી–એ પાઠ વારંવાર બોલવા લાગ્યા, અને તેમાં તેની એકાગ્રતા વધી પડતાં ત્યાં જ તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો, પછી એ અતિમુક્ત કેવલી ભગવંતે સૂર્યપુરીના રાજા જીતશત્રુને તથા બીજા અનેક ભવ્ય જીવોને આયુષ્યની ચંચલતા વગેરે સમજાવતાં ગર્ભિત વિવિધ ઉપદેશ આપી, બારવ્રત ધારી તેમજ ચારિત્ર ધારી બનાવ્યા, અંતે પોતે મોક્ષમાં ગયા. "મરણ ક્યારે આવે? એ જેમ નક્કી નથી, તે પ્રમાણે તેના પ્રતિકારરૂપ સંયમ આરાધના કયારે શરૂ કરી શકાય? એ પણ નક્કી નથી, એટલે કે તેને બાધક કોઈ કાળ કે ઉમ્મરનો નિયમ નથી; ગમે તે ઉમ્મરમાં ગમે તેવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવમાં ઔત્સર્ગિક રીતે દીક્ષા લઈ શકાય છે, આ ઉપદેશ અતિમુક્ત કેવલી ભગવંતના દ્રષ્ટાંતથી સચોટ રીતે સમજી શકાય તેમ છે.

૮. "**નાગદત્ત**" :

વાણારસી (કાશી) નગરીમાં યજ્ઞદત્ત અને ધનશ્રીના પુત્ર નાગદત્તે પોતાના મરણ પછી દેશાવર જઇ ધન કમાવવા વહાણ રસ્તે બેટની મુસાફરી શરૂ કરી. ત્યાંથી ધન કમાઇને, પાછા ફરતાં રસ્તામાં વહાણો ભમરીમાં અટવાઈ ગયા. નાવિકે ઘણી મહેનત કરી, પણ વ્હાણો ભમરીમાંથી નીકળ્યા નહિં, એટલે નાગદત્તે આવીને કહ્યું કે–"અહિં બાજુમાં પર્વત છે, તેના પર મોટા ભારંડ પક્ષીઓ છે. તેને કોઇ ઉડાડે તો તેની પાંખોના પવનથી વહાણુ ચાલતા થઈ શકે." પણ ત્યાં જાય કોણ? એ પ્રશ્ન હતો, તેનો નિકાલ નાગદત્તે પોતે જ કર્યો, અને પોતે ત્યાં ગયા. ભારંડ પક્ષીને ઉડાડતા તેના પવનથી સમુદ્રના મોજા ઉછળ્યા, વહાણો પાછા તરવા લાગ્યા, પરંતુ નાગદત્ત તો એ પહાડ ઉપર જ રહી ગયા. ઘણા દિવસ ત્યાં રહેવાથી, તેનાથી ભૂખ સહન થઈ શકી નહિ. એથી તે સમુદ્રમાં પડ્યા. તરત જ કોઈ મચ્છ તેને ગળી ગયો. મચ્છ કિનારા ઉપર આવીને પડ્યો હતો, તેણે મોઢું પહોળું કર્યું કે આયુષ્યના બળે બચી ગયેલા નાગદત્ત તરત જ તેમાંથી બહાર નીકળી આવ્યા. ચોકખું પાણી મેળવી ભૂખ મટાડી, અને ફરતાં ફરતાં પોતાને શહેર પહોંચ્યા. એવામાં પ્રિય મિત્ર સાર્થવાહની પુત્રી નાગવસુનું પોતાના માટે તે ગામના કોટવાલ વસુદેવે માંગણી કરેલી; પરંતુ પ્રિયમિત્રે તેને બદલે નાગદત્તની સાથે પોતાની પુત્રી પરણાવી, આથી વસુદેવ–નાગદત્તનો પાકો છૂપો શત્રુ થયો હતો, અને છિદ્રો શોધતો હતો. નાગદત્ત બહાર કાયોત્સર્ગ ધ્યાને રહેવા જતાં એક વખત શહેરના જીતશત્રુ રાજા ઘોડા ખેલાવવા જતા હતા, તેવામાં તેનું કુંડલ રસ્તામાં પડી ગયું. નાગદત્તે તે જોયું. પરંતુ તેને અદત્તાદાનની વસ્તુ લેવાની પ્રતિજ્ઞા હતી, તેથી માર્ગ છોડીને બીજે રસ્તેથી આગળ જઇને કાયો-

ત્સર્ગધ્યાને રહેલ; કેમકે તે દિવસે અષ્ટમીપર્વનો દિવસ હતો, એવામાં વસુદેવે તે કુંડલને ઉપાડી કાયોત્સર્ગધ્યાને રહેલા નાગદત્તના વસ્ત્રમાં આવી છૂપાવી દીધું. રાજાને કુંડલ ખોવાયાની ખબર પડી, તેવામાં વસુદેવે સમાચાર આપ્યા કે એ રસ્તેથી નાગદત્તો જતાં નીચાં વળીને કાંઈક લીધું હતું ! શું લીધું તે ખબર નથી. એટલે રાજાના હુકમથી વસુદેવ સાથે રાજપુરુષોએ ત્યાં જઈ તેના વસ્ત્ર નીચેથી કુંડલ કાઢી રાજાને હકીકત કહી. એવા કપટીને રાજાએ શૂળીનો હુકમ કર્યો. નાગદત્તને ગધેડા ઉપર બેસાડી શૂળી પાસે લાવ્યા. શૂળી ઉપર ચડાવતાં શૂળીનું તો સિંહાસન થઈ ગયું. બે ત્રણ વાર એમ કરી જોયું, છતાં નાગદત્તની શોભા તો વધતી ગઈ. રાજા ત્યાં હાજર થયા; એટલે શાસનદેવીએ નાગદત્તની ઉત્તમતા સાથે બધી વાતને કહી સંભળાવી ને શાસનદેવી ચાલ્યા ગયા. રાજાએ પણ "અદત્તાદાનના ત્યાગી" એવું જાણી ઘણું સન્માન આપ્યું. શહેરમાં મહોત્સવપૂર્વક પ્રવેશ કરાવ્યો અને ઘણું ધન વાપર્યું. કોટવાલ વસુદેવને દેશનિકાલ કર્યો, છેવટે નાગદત્ત જૈન મુનિ થયા. કેવલજ્ઞાનને પ્રાપ્ત કરીને અનુક્રમે મોક્ષમાં ગયા.

**બીજા "નાગદત્ત":**

ચારિત્ર પાળી દેવલોકમાં ઉત્પન્ન થયેલા બે દેવ મિત્રોએ માંહો માંહે શરત કરી હતી કે– "જે મનુષ્યલોકમાં પહેલો જાય, તેણે દેવલોકમાં રહેલાને પ્રતિબોધ આપી ધર્મ પમાડવો" કાળાંતરે તેમાંથી એક ચ્યવીને લક્ષ્મીપુરના દત્તશ્રેષ્ઠિની દેવદત્તા સ્ત્રીનો નાગદેવની આરાધનાથી નાગદત્ત નામે પુત્ર થયો. તેને સંગીતનો ઘણો શોખ હતો, અને સંગીતથી સર્પોને વશ કરીને ખેલવવાની કળામાં પણ કુશલ થયો. એક વખત બગીચામાં મિત્રો સાથે સર્પોને તે રમાડતો હતો, તેવામાં એક બીજો ગારૂડી ત્યાં આવ્યો. નાગદત્તની ઇચ્છાથી બંનેએ એવી શરત કરી કે "આપણે બંને ય એક બીજાના સર્પને રમાડી જોઈએ તો ખરા, કોણ જીતે છે?" આવનાર ગારૂડીએ તથા નાગદત્તે સર્પો રમાડયા, તે વખતે સર્પોએ તે ગારૂડીને ડંખ માર્યો, પણ તેને કાંઈ અસર થઈ નહિ. પછી નાગદત્ત તે ગારૂડીના સર્પોને રમાડવા માંડ્યો, ગારૂડીએ કુંડલું કરી સર્પોને તેમાં મૂકી સૌના સાંભળતા– "એ પોતાના ચાર સર્પો ઘણાં ભયંકર છે, ડશ્યા વિના રહેશે નહિ, માટે તેને રમાડવાની વાત જવા દો." એમ કહી અને તેના ક્રોધ, માન, માયા અને લોભ–એવા નામ પણ રૂપકની સાથે સાથે જણાવ્યા, તેની ભયંકર અસર જણાવી, છતાં નાગદત્ત તેને ખેલવવા લાગ્યો, ને તેને સર્પ કરડયો, તેથી તે મૂર્છિત થયો. નાગદત્તના સ્નેહીઓના કાલાવાલાથી તેને બચવા, ઉપાય તરીકે ચર્યા વિગતવાર સમજાવી, એ શરત સૌએ કબુલ કરી, પણ તેના માતાપિતા કહેવા લાગ્યા કે–"એ તો એની મેળે ઊઠ્યો છે." ત્યારે ફરી મૂર્છા આવીને મરણતોલ થઈ ગયો ત્યારે આજીજીથી, એ ચર્યા કબુલી ત્યારે તેને ઉઠાડયો, પછી દેવ ગારૂડીએ પૂર્વ ભવ કહી સંભળાવ્યો, એટલે નાગદત્તને જાતિસ્મરણ થયું અને દેવ ગારૂડીને મિત્ર તરીકે ઓળખ્યો. એટલે તેણે બતાવેલા પંચ મહાવ્રત અને મુનિમાર્ગ અંગીકાર કરી–ક્રોધાદિ સર્પોની અસરથી રહિત થઈ સાચા મોક્ષની પ્રાપ્તિ કરી, માનવ ભવને સફળ બનાવ્યો.

**૬. "મેતાર્ય":**

શાંતાપુર પાટણમાં ચંદ્રાવતંસ રાજાની સુદર્શના રાણીથી, સાગરચંદ્ર ને મુનિચંદ્ર એ બે પુત્રો થયાં હતા. બીજી રાણી પ્રિયદર્શનાથી, ગુણચંદ્ર અને બાળચંદ્ર એ બે પુત્રો થયાં.

સાગરચંદ્રને યુવરાજ પદવી, અને મુનિચંદ્રને ઉજ્જયની નગરી આપી હતી. રાજા પોતે ધર્મ ધ્યાનમાં લીન રહેતા હતા. એક દિવસે દીવો બળે ત્યાં સુધી અભિગ્રહ ધારણ કરી ને પ્રતિક્રમણ કરી રાજા કાઉસગ્ગધ્યાને રહ્યા હતા. તેવામાં, "રાજાનો કાઉસગ્ગ ભંગ ન થાય" એમ સમજીને દાસીએ દીવામાં તેલ પૂર્યા કર્યું, એટલે રાજાને આખી રાત કાઉસગ્ગમાં જ ઊભા રહેવાનું થયું, સવારે દીવો ઠર્યો ત્યારે કાઉસગ્ગ પાર્યો, પરંતુ આયુષ્ય પૂર્ણ થવાથી તેનો તરત સ્વર્ગવાસ થયો, અને મોટા પુત્ર સાગરચંદ્રને રાજ્ય મલ્યું. પોતાના નાના ભાઈ ગુણચંદ્રને રાજ્ય આપીને પોતે દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા બતાવી, પરંતુ માતા પ્રિયદર્શનાના આગ્રહથી અનિચ્છાએ પણ રાજ્યનું પાલન ચાલુ રાખ્યું, પરંતુ વખત જતાં રાજ્યની સમૃદ્ધિ વધતી જોઈ, તેની સાવકી માતાને એ પુત્ર ઉપર ઈર્ષા થઈ, એટલે એક વખતે ત્રણે કુમારો બહાર રમત માટે ગયા હતા, તેવામાં સુદર્શના રાણીએ તેઓ માટે વિષ મિશ્રિત લાડુ બનાવી દાસી દ્વારા મોકલ્યા. લાડુ આવ્યા તેવા જ નાના ભાઈઓ ખાવા લાગ્યા તેવામાં તે મૂર્છિત થઈ ગયા. રાજાએ તપાસ કરતાં વિષની અસર માલૂમ પડી, એટલે પછી સુવર્ણ–ઔષધનું પાણી તૈયાર કરાવી પાયું, કે–ઝેરની અસર ઉતરી ગઇ. પરંતુ પોતાની માતાના આ વર્તાવથી ચેતીને ગુણચંદ્રને રાજ્ય આપી પોતે દીક્ષા લીધી, અને અગીયાર અંગના જ્ઞાતા થયા. એક દિવસે ઉજ્જયિનીથી આવેલા મુનિ સમુદાય દ્વારા સાંભળ્યું કે–"ત્યાંના રાજા મુનિચંદ્રના અને પુરોહિતના અનુક્રમે સૌવસ્તિક, અને સુતયુગ નામના પુત્રો સાધુઓને ઘણા હેરાન કરે છે," પોતાના ભત્રીજાને પ્રતિબોધ આપવા તેઓ ત્યાં ગયા. પહેલાં બંને કુમારોએ મુનિને પોતાની સાથે રમવા ઇચ્છા બતાવી. મુનિએ હા પાડી. ત્રણે ય રમવા લાગ્યા, તેવામાં તેઓ બંને મશ્કરી કરવા લાગ્યા, અને ધર્મની નિંદા કરવા લાગ્યા. મુનિ એ રમતમાં ને રમતમાં બંનેના શરીરના સાંધા ઉતારી નાખ્યા અને ઉદ્યાનમાં જઈ કાઉસગ્ગમાં રહ્યા. રાજાને ખબર પડી. મુનિ પાસે જઇ આમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે મુનિએ કહ્યું કે–"રાજન્ તમારા કુમારો મુનિઓને હેરાન કરે, એ તમારાથી કેમ સહન થઇ શકે છે?" રાજાએ કુમારોની છોકરવાદી સામે ન જોતાં તેમને સાજા કરવા વિનંતી કરી. મુનિએ દીક્ષા લેવાની શરતે સાજા કર્યા. તેઓએ શરત પ્રમાણે પોતાના કાકા પાસે દીક્ષા લીધી અને હવે રાજા રાજકુમાર વિશેષ ધર્મ પાલનમાં સાવધ થયો, બ્રાહ્મણ પુરોહિત કુમારને બાહ્ય શૌચ વગરના મુનિ જીવન ઉપર કંઈક અભાવ થયો હતો, છેવટે બન્ને દીક્ષા પાળી સ્વર્ગમાં ગયા. સ્વર્ગમાં રહ્યા બંને એ એવો સંકેત કર્યો કે–"આપણા બેમાંથી જે પહેલો મનુષ્યપણે ઉત્પન્ન થાય, તેણે બીજાને પ્રતિબોધ કરી ધર્મ પમાડવો," મુનિજીવન ઉપર દુગંછાને અંગે રાજગૃહી નગરીમાં ચંડાલિણીને પેટે પુરોહિતનો પુત્ર ગર્ભપણે ઉત્પન્ન થયો. તે ચંડાલિની જે શેઠને ત્યાં કામ કરતી હતી, તેની પત્ની પણ સગર્ભા હતી. તેને માંસભક્ષણનો દોહદ ઉત્પન્ન થયો, તે ગુપ્તપણે આ ચંડાલણીએ પૂરો કર્યો. વળી શેઠાણી મૃતવત્સા હોવાથી તેનું એકે ય બાળક જીવતું નહતું, તે વાતથી શેઠાણીને દુઃખી થતી જાણી ચંડાલણીએ પોતાનો પુત્ર શેઠાણીને આપવા વચન આપ્યા પ્રમાણે, બન્નેએ પોત પોતાના બાળકો બદલાવી લીધા, પુત્રનું નામ મેતાર્ય પાડયું, દેવે આવીને સોળ વર્ષના કલાપ્રવીણ મેતાર્યને પ્રતિબોધ આપ્યો, પણ તેની અસર થઇ નહિ. પિતાએ આઠ કન્યા સાથે તેનો સંબંધ કર્યો, એટલે તે પરણવા ચાલ્યો, ત્યાં તેને પ્રતિબોધ આપવા દેવે વિચિત્ર પ્રકારની ઘટના કરી. મેતાર્યના ચંડાળ પિતાના શરીરમાં પ્રવેશ કરીને ચંડાલણી સ્ત્રી સાથે માર્ગમાં જ આવીને તેઓએ તેના જન્મનો ભેદ જાહેરમાં ખુલ્લો કરી દીધો, અને આ કન્યાઓ ત્યજીને, પોતાના કુળની કન્યાઓને પરણાવવાનું કહીને પોતાને ઘેર લઇ ગયો. દેવ પ્રગટ થઇ

ફરીથી પ્રતિબોધ આપ્યો. મેતાર્યે કહ્યું: "હે મિત્ર? મને વિષયસેવનથી અટકાવ્યો, તે તો ઘણું સારૂં કર્યું, પરંતુ મને જાહેરમાં હલકો પાડયો છે, તે મને ખટકયા કરે છે, માટે મારૂં કલંક ઉતારી, બાર વરસ મને સાંસારિક સુખો ભોગવવાની દયા કર. પછી હું અવશ્ય દીક્ષા લઇશ." દેવ રત્ન આપે એવો બકરો અને વિદ્યા આપીને દેવ સ્વર્ગમાં ગયો. બકરા તરફથી મળતા રત્નનો થાળ ભરીને મેતાર્યનો પિતા રોજ રાજાને ભેટ ધરી, સુંદર રાજ્યકન્યાની માંગણી કરે છે, પરંતુ કોઇએ તે વાત ઉપર ધ્યાન આપ્યું નહિ. રત્નોની સુંદરતા જોઈ સૌ છક થઇ જાય છે, પરંતુ કન્યા આપવાની બાબતમાં સૌ દૂર રહેવા લાગ્યા. અભયકુમારે ચંડાલ પાસેથી આ રત્નનો ભેદ જાણી લીધો અને સાથે એ પણ સમજી લીધું કે–"દેવાધિષ્ઠિત આ બકરો હોવાથી આ મેતાર્ય પણ કોઇ પુન્યશાળી જીવ છે." બકરાને પોતાને ત્યાં મંગાવ્યો, તો ત્યાં દુર્ગંધમય વિષ્ટા કરવા લાગ્યો. એટલે બકરો પાછો મોકલી દીધો અને રાજાને કન્યા આપવા વિનંતી કરી અને તેની પરીક્ષા માટે તેને કહ્યું કે–"વૈભારગિરિ સુધીનો માર્ગ ત્યાં પધારેલા મહાવીર સ્વામીને વાંદવા જવા માટે સરળ અને સડક જેવો બનાવી દે અને શહેરનો કિલ્લો સુવર્ણમય કાંગરાનો બનાવી દે." બંને કામો દેવ સાનિધ્યથી તરત જ સાધી આપ્યા. છેવટે એ શરત કરી કે–"તું ઉંચા કિલ્લા સુધી પાણીથી ભરેલા સમુદ્રમાં તારા પુત્રને જાહેરમાં સ્નાન કરાવી શુદ્ધ કરે, તો જરૂર રાજા તેને પોતાની જ પુત્રી આપશે." ચંડાલે તેમ કર્યું, છતાં રાજાની ઇચ્છા પોતાની પુત્રી આપવાની થઇ નહિ, પરંતુ અભયકુમારને હવે કન્યા આપવામાં બાદ જણાતો ન હતો. કેમકે "એક તો પુન્યવાન આત્માઓ અપવાદ ભૂત હોય છે. પ્રભુ શ્રી ઋષભદેવથી બંધાયેલી લોક વ્યવસ્થા પહેલાં ઉચ્ચ–નીચ વર્ણો ન હતા, એટલે વિશિષ્ટ સંજોગોમાં એ વાતને એકાંતથી વળગી રહી શકાય નહિ. બીજું લોહી શુદ્ધિની ગવેષણા પૂર્વકના લગ્ન સંબંધના વ્યવહારને ચમત્કારિક રીતે સમુદ્ર સ્નાનથી સંસ્કાર શુદ્ધિ કરાવવાથી બાદ આવતો જણાતો નથી. સાચો પુન્ય પ્રભાવ બીજા કેટલાક અનિચ્છનીય સંજોગોને ઢાંકી દે છે, વગેરે. તેથી છેવટે રાજાએ પોતાની પુત્રી આપી, અને પ્રથમના સંબંધવાળી આઠ કન્યાઓ સાથે પણ લગ્ન કરવા દીધું. રાજાએ મકાન પણ દીધું અને ત્યાં બાર વરસ પૂરા કર્યાં. દેવે પ્રતિબોધ કર્યો, એટલે પુત્રને ઘર સોંપી વૈરાગ્ય વાસિત થઇ દીક્ષા લઇ મેતાર્યે જિનકલ્પ આદર્યો. શ્રેણિક મહારાજા ત્રિકાળ જિનપૂજા માટે સોનાના જવલા જે સોની પાસે રોજ ઘડાવતા હતા, તેને ત્યાં જ મુનિ ગોચરી માટે જઈ ચડયા. જવ ઘડતા પડતા મૂકીને મુનિને વહોરાવવા ગયો, એટલે પાછળથી એક ક્રૌંચ પક્ષી તે જવલા ચણી ગયું, સોનીને મુનિ ઉપર વ્હેમ પડયો અને રાજાની બીકથી જવલા કઢાવવા મુનિને માથે સખત ચામડાની લીલી વાધર બાંધી રાખી. મુનિ જાણવા છતાં "ક્રૌંચ પક્ષીને જવલાની ખાતર મારી નાખશે." એમ સમજીને મૌન રહ્યા અને પોતે દુઃખ વેઠયું, મુનિની આંખો નીકળી પડી, તેમને ભાવનાથી કેવલજ્ઞાન થયું. મૃત્યુ પામી મોક્ષમાં ગયા. પરંતુ શરીર ધબ દઇને નીચે પડવાથી તેના ફફડાટને લીધે, ક્રૌંચ પક્ષીના પેટમાંથી જવલા વમાઈ ગયા. લોકોમાં મુનિને નકામા મારવા માટે હાહાકાર થઈ ગયો અને સોનીએ રાજાના ડરથી સહકુટુંબ મુનિવેષ ધારણ કરી લીધો. રાજાએ જમાઈ મારી નાંખ્યાની વાત સાંભળી, તેઓને પકડવા સુભટો મોકલ્યા, પણ મુનિવેષમાં હોવાથી તેઓ તેને પકડી શકયા નહિં. રાજાને તે સમાચાર મળતાં તેમણે હુકમ છોડયો કે–"ખબરદાર? જો કોઇ પણ મુનિવેષ છોડશો તો મારી નાંખીશ." તેઓએ પ્રભુ પાસે જઇ દીક્ષા લીધી, અને સૌ મોક્ષમાં ગયા, "લજ્જાથી, ભયથી, વિતર્કથી, અહંકારથી, સ્નેહથી, લોભથી, હઠથી, અભિમાનથી, વિનયથી શૃંગારા

શક્તિથી, કીર્તિની ઈચ્છાથી, દુઃખથી, કૌતુકથી, કુલાચારથી, કે—વૈરાગ્યથી. એમ ગમે તે પ્રકારે જે માણસ નિર્મળ એવા ધર્મનું આચરણ કરે છે, તે અવશ્ય મહાફળ મેળવે છે. કેમકે ધર્મથી એકાંતે લાભ જ છે. પરંપરાએ ભવ્ય ને અવશ્ય સફળ થાય જ છે, અભવ્યને માત્ર કિંચિત્ ફળ મળે ?

## ૧૦. સ્થૂલભદ્રમુનિ—

પાટલીપુત્રમાં પ્રસિદ્ધ નંદવંશના નવમાનંદના કલ્પક મહામંત્રીના વંશજ શકડાળ મહામંત્રીના લક્ષ્મીવતી પત્નીના પુત્ર સ્થૂલભદ્ર હતા, તેને શ્રીયક નામે એક નાનાભાઈ અને સાત બહેનો હતી. શ્રીયકની વાત આગળ આપી છે, અને સાત બહેનોની વાત પણ આગળ આપીશું. અહિં તો માત્ર સ્થૂલભદ્ર સ્વામીનુંજ ચરિત્ર ટૂંકમાં કહીશું.

રાજ્ય ખટપટને અંગે નંદ રાજાના અંગરક્ષક શ્રીયક પુત્રને હાથેજ મહામંત્રી સકડાલે પોતાનું મૃત્યુ થવા દીધા પછી, મંત્રીપદ લેવા નંદે શ્રીયકને આગ્રહ કર્યો, શ્રીયકે કોશ્યા વેશ્યાને ત્યાં બાર વરસથી કલા શીખવા રહેલા, પોતાના મોટાભાઈ સ્થૂલભદ્રને તે પદ આપવા ભલામણ કરી, નંદે સ્થૂલભદ્રને બોલાવી પોતાની ઈચ્છા જણાવી. સ્થૂલભદ્રે "વિચાર કરી જોયા પછી તે પદ સ્વીકારવાનું" કહી વિચાર કરવા અશોકવનમાં ગયા. અને ખુબ વિચારને અંતે તેણે નિર્ણય કર્યો કે–"મારે રાજ ખટપટમાં મારૂં જીવન વિતાડવું ? તેના કરતાં, વધુ ભવ્ય કર્તવ્યમાં શામાટે ન વિતાડવું ?" ઈત્યાદિ વિચાર પરંપરામાંથી તેમણે "કેવળ ત્યાગી જીવન સ્વીકારી સ્વપરના કલ્યાણના અનન્ય માર્ગે જીવનની કિંમતી ક્ષણોનો ઉપયોગ કરવો એજ સૌથી વધારે યોગ્ય છે." એમ વિચારીને મુખ વસ્ત્રિકા તથા રજોહરણ સાથે નંદ પાસે જવાનો નિર્ણય કર્યો, અને પોતે ગયા. નંદે પૂછયું, "કિમાલોચિતમ્ ? શો વિચાર કર્યો ?" શ્રી સ્થૂલભદ્રે જવાબ આપ્યો "લોચનમ્– લોચ કર્યો. એટલે વિચારને અંતે "દીક્ષા લેવી" એ વિચાર કર્યો." એ પ્રમાણે પ્રધાનપદની મુદ્રાનો ત્યાગ કરી, ધર્મલાભ આપી, શ્રી સંભૂતિ વિજય આચાર્ય મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. શ્રીયકે પ્રધાનપદની મુદ્રા સ્વીકારી, અને શ્રી સ્થૂલભદ્રના વિયોગથી શોકમગ્ન કોશ્યા વેશ્યાનો પણ શોક ઓછો કરાવ્યો.

નિરંતર સંયમ અને શાસ્ત્રાભ્યાસમાં લીન, એવા શ્રી સ્થૂલભદ્ર સ્વામિના ગુરૂભાઈ-ઓએ ચોમાસું કરવા–એકે સર્પના બીલ પાસે, એકે સિંહની ગુફા પાસે, એકે કુવાના ભારવટિયા ઉપર એવી રીતે આજ્ઞા માગી. ત્યારે સ્થૂલભદ્ર સ્વામિએ, કોશ્યા વેશ્યાની ચિત્ર શાળામાં–દીવાનખાનામાં ચોમાસું કરવાની આજ્ઞા માગી. ગુરૂમહારાજાએ ધર્મમાં

તત્પર રહેવાની શીખામણ આપી. દરેકને પોતપોતાની ઈચ્છા પ્રમાણે ચોમાસું કરવા જવાની આજ્ઞા આપી, અને સૌ પોત-પોતાના ઈચ્છિત સ્થાનકે ચોમાસું કરવા ગયા.

તે સમયની વેશ્યા જાતિમાં અગ્રગણ્ય અને લૌકિક બાહ્ય સભ્યતાની મૂર્તિ કોશ્યાએ પોતાના પૂર્વ પરિચિત પ્રિય સ્થૂલભદ્ર કુમારને મુનિ વેશમાં પણ આવેલા જોઇ, સહર્ષ પ્રસન્ન ચિત્તે તેમનો અપૂર્વ આદર સત્કાર કર્યો, અને આદેશ ફરમાવવા વિજ્ઞપ્તિ કરી. સ્થૂલભદ્ર સ્વામિએ "ધર્મલાભ આપ્યો." અને ચોમાસું રહેવા માટે ચિત્રશાળાની યાચના કરી, તે મળવાથી મુનિ તેમાં ચાતુર્માસ રહ્યા.

કોશ્યાની ધારણા એવી હતી કે-"ચારિત્ર પાળી ન શકવાથી મુનિ મારી પાસે પાછા આવ્યા છે, પરંતુ હાલમાં કાંઈ બોલશે નહિં. છતાં ધીરે ધીરે તે મારા તરફ આકર્ષાશે અને ધન પણ આપશે." એમ રાહ જોઇ રહી જ્યારે તેની ધારણા ખોટી પડી, ત્યારે તેણે મુનિને ચલિત કરવા, તે વખતના ઉચ્ચ વિચાર પર રહેલા ભારતના આબાદ અને ચતુર જન સમાજમાં અગ્રગણ્ય ગણાતી કોશ્યા જેવી ઉત્કૃષ્ટ-વ્યક્તિએ પોતાની જેટલી કલા, હોશિયારી અને ચાલાકી હતી, તે સરવે ખલાસ કર્યા, કાલાવાલા કર્યા, પગે પડી લલચાવવા મહેનત કરી, પણ મુનિ અક્ષોભ રહ્યા. મુનિએ ઉપદેશ આપી, કોશ્યાને દુરાચાર છોડાવી શ્રાવિકા ધર્મમાં સ્થિર કરી. કોશ્યાએ વિશેષમાં એ પણ નિયમ કરી લીધો કે- "રાજા માત્ર મારા તરફ જે પુરૂષ મોકલે, તે સિવાય સર્વ પુરૂષ માત્ર મારે ત્યાજ્ય છે."

ચોમાસું પુરૂં થયે ચારે શિષ્યો, ગુરૂમહારાજનાં ચરણકમળમાં હાજર થયા. ગુરૂમહારાજે ત્રણને માટે "દુષ્કર" કહી પ્રશંસા કરી, ત્યારે શ્રી સ્થૂલભદ્રમુનિ માટે "દુષ્કર દુષ્કર" કહી વિશેષ પ્રશંસા કરી. એ સાંભળી પેલા ત્રણ મુનિઓ ચોંકી ઊઠયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે-"વાહ! ગુરૂમહારાજને ધનવાનના છોકરા તરફ કેવો પક્ષપાત છે?" એમ વિચાર કરી શ્રીસ્થૂલભદ્ર કરતાં ચડિયાતા થવાની ઇચ્છા મનમાં ગોઠવીને, આવતા ચોમાસાની રાહ જોતાં સંયમ આરાધવા લાગ્યા. સિંહગુફામાં ચોમાસું કરી આવેલા મુનિએ, કોશ્યાને ત્યાં ચોમાસું કરવા આજ્ઞા માગી. ગુરૂએ કહ્યું કે-"મહાનુભાવ! તમારાથી એ કામ બનવું મુશ્કેલ છે, સૂર્ય સિવાય બીજો તેજસ્વી પદાર્થ નથી, માટે એ કામ સ્થૂલભદ્ર મુનિનુંજ છે. તમારૂં ગજુ નથી, તમને નુકશાન થશે." મુનિ અડગ રહ્યા. છેવટે કોશ્યાને ત્યાં ચોમાસું રહેવા ગયા, ચતુર વેશ્યા મુનિનો અભિપ્રાય સમજી ગઇ. તેની પરીક્ષા કરવા પોતાના સ્ત્રીપણાની ખુબી મુનિ આગળ ખુલી કરવા લાગી. મુનિ ચંચળ થયા, ત્યારે તેની બુદ્ધિ ઠેકાણે લાવવા-"નેપાળનો

રાજા સાધુઓને. રત્ન કમ્બલ આપે છે. તો ત્યાંથી તે લાવી મને આપો, તોજ ભોગની આશા રાખવી."

મુનિ ગયા રત્ન કમ્બલ મેળવી. પણ રસ્તામાં ચોરોએ પડાવી લીધી, ફરી વેશ બદલી લાવ્યા, અને ચોરોથી બચીને આવી પહોંચ્યા, કોશ્યાને આપી, કોશ્યાએ તે પહેરી ન્હાહીને ખાળમાં કાઢી નાંખી.

સાધુ ધ્રૂજી ઉઠયાને કરગરી પડયા—"અરે? કોશ્યા? આ તેં શું કર્યું? હું કેટલી મહેનતે આ કમ્બલ લાવ્યો હતો, અને તે આમ તેને રગદોળી નાંખી? તને જરાએ ક્ષોભ નથી થતો?"

ચટદઈને કોશ્યાએ જવાબ આપ્યો—"મહામુલ્યવાન મનુષ્ય–જન્મમાં સંયમ રત્ન પામી, તેને આમ ભોગના કાદવમાં રગદોળી દેવાને તૈયાર થતાં આપને જરાપણ ક્ષોભ કેમ નથી થતો? આશ્ચર્ય છે??" બસ, મુનિની મનોવૃત્તિ ઉપરથી કામ વાસનાનો રંગ ઉડી ગયો, ને કોશ્યાનો ઉપકાર માની ત્યાંજ સ્થૂલભદ્રમુનિની "દુષ્કરતા દુષ્કરતા"ની સ્તુતિ કરી, ધર્મલાભ આપી પ્રાયશ્ચિતની ઇચ્છાથી ચોમાસાને અંતે ગુરૂમહારાજ પાસે જવા લાગ્યા. પ્રતિ બોધ માટે કરેલી કદર્થના માટે કોશ્યાએ ક્ષમા માંગી.

આ તરફ નંદ રાજાએ એક કલાકુશળ સુથારને કોશ્યા પાસે મોકલ્યો. કોશ્યાએ પોતાના નિયમ પ્રમાણે તેનો સ્વીકાર કર્યો, પણ તેનેય બોધ પમાડવાનો પ્રયત્ન શરૂ કર્યો. સુથારે ચોગાનમાં ખાટલા ઉપર બેઠા બેઠા બાગમાં ઉગેલા સામેના આંબા ઉપરથી ધનુષ્યબાણની કળાથી પાકી કેરી તોડી કોશ્યાને આપી. કોશ્યાએ સરસવના ઢગલા ઉપર સોય અને તેના ઉપર ફુલ ખોસીને તેના ઉપર અધર, રહીને નૃત્યકળામાં પોતાની પારંગતતા બતાવી આપી, ને સુથારને કલામાં મ્હાત કર્યો. સુથાર કોશ્યાથી લેવાઇ ગયો. અને તેની ઘણી પ્રશંસા કરી. કોશ્યાએ કહ્યું—"સુથાર તારામાં કે મારામાં કાંઈ નથી. પણ મારા પૂર્વ પરિચિત સકડાળ મંત્રીના પુત્ર સ્થૂલભદ્ર મુનિએ મારી ચિત્રશાળામાં ચોમાસું રહીને લોકોને ભડકાવીને નસાડી મૂકયા, એ ખરેખર પ્રશંસાપાત્ર છે." આ સાંભળી સુથારે પણ વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી.

બાર વર્ષનો દુકાળ પડવાથી સૂત્ર સિદ્ધાંતો ભૂલાઈ ગયેલા, તેથી પાટલીપુત્રમાં સંઘે એકઠા મળી અગીયાર અંગ પૂરા કર્યા, અને બારમું અંગ ભદ્રબાહુ સ્વામિ પાસે શ્રી સ્થૂલભદ્ર મુનિને ભણાવરાવીપૂરૂં કરાવ્યું. પણ તેમની બહેનોને તેમણે સિંહનું રૂપ કરી બતાવવાથી ભદ્રબાહુ સ્વામિએ તેમને સૂત્ર પાઠથી ચૌદ પૂર્વ ભણાવ્યા, અને અર્થથી દશ પૂર્વ ભણાવ્યા, બાકીની કથા શ્રીયક અને યક્ષા સાધ્વીના પ્રસંગે આવતી હોવાથી, અહીં વિસ્તાર કરવામાં આવેલ નથી. છેલ્લા ચૌદ–પૂર્વધર શ્રી સ્થૂલભદ્ર સ્વામિ આચાર્ય કાળધર્મ પામી પહેલા દેવલોકે ગયા.

## ૧૧-વજ્રસ્વામિ—

દીક્ષા-અભ્યાસ-શાસન પ્રભાવના-રૂકિમણી પ્રતિબોધ-આર્ય રક્ષિતસૂરિને અભ્યાસ કરાવવો અને અંતિમ જીવન, એ એમના જીવનના ખાસ ખાસ પ્રસંગો છે.

અવંતી (માળવા) દેશમાં આવેલા તુંગવન નામના કસ્બામાં વસતા તે ગામના ધનકુબેર-ધનગિરિ જેવા નામના વ્યાપારી યુવાનને દીક્ષા લેવાની ઈચ્છાવાળા જાણવા છતાં સ્વેચ્છાથી પરાણે, પરણેલા ધનપાલ શેઠના પુત્રી સુનંદાના ગર્ભમાં, જેણે અષ્ટાપદ-પર્વત ઉપર ગૌતમ સ્વામી પાસે પુંડરીક અધ્યયન સાંભળ્યું હતું. તે જૃંભકદેવે વજ્ર-સ્વામીપણે ઉત્પન્ન થયા. ધનગિરિ સ્ત્રીને સગર્ભા સમજીને દીક્ષા લેવા નીકળી પડયા, અને "તારા ભાઇ આર્યસમિતે જેમની પાસે દીક્ષા લીધી છે, તે સિંહગિરિ આચાર્ય મહારાજ પાસે દીક્ષા લેવા જાઉં છું." એમ કહી દીક્ષા લઇ શાસ્ત્રમાં નિષ્ણાત થયા. અને તપસ્યા કરી સંયમ આરાધવા લાગ્યા. આ તરફ શુભ લગ્ને વજ્ર કુમારનો જન્મ થયો. સુનંદાની સખીઓ પુત્રને જોઈ હર્ષ અનુભવવા લાગી અને કહેતી હતી કે વ્હાલા ? તારા પિતાએ જો દીક્ષા ન લીધી હોત, તો તારો જન્મ મહોત્સવ કેવો રૂડો ઉજવાત ? વગેરે વાક્યોમાં દીક્ષા શબ્દ સાંભળી ઉહાપોહ કરતાં વજ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું, ને તેમને દીક્ષા લેવાની ઈચ્છા થઈ. પણ નાના બાળકની ઈચ્છા શી રીતે પાર પડે ? તેણે તો ત્યારથી જ રોવાનું જ શરૂ કર્યું. માતા તથા તેની સખી-ઓના તેમને છાના રાખવાના સર્વ ઉપાયો નિષ્ફળ ગયા. એમ કરતાં છ મહિના થઈ ગયા, સુનંદા પણ રડીનેજ સમય વિતાવતી હતી, અને બોલતા હતા, કે "હું માતા આ પ્રિય બાળકને શી રીતે છોડી શકું ? પરંતુ તેના પિતા આવે, તો તેને સોંપી દઈ આ હેરાનગતિમાંથી છૂટું ?" કંટાળીને તેમજ સ્ત્રી સહજ સ્વભાવથી એમ બોલ્યા કરતા હતા અને ઘણીવાર મૂર્છિત થઈ જતા હતા. એવામાં શ્રી સિંહગિરિ ગુરૂ મહારાજ પરિવાર સહિત, તેજ કસ્બામાં વિહાર કરતાં પધાર્યા. શ્રી સંઘે પૂર્ણ સન્માન કર્યું. મધ્યાન્હે શ્રી આર્યસમિત સાથે, શ્રી ધનગિરિ મુનિએ ગોચરી જવા માટે, પૂ. ગુરૂ મહારાજ પાસે આજ્ઞા માગી. જ્ઞાની ગુરૂ જ્ઞાનબળથી બોલ્યા, આજે તમને મહાન લાભ થશે ? "આજે સચિત્ત અચિત્તનો વિચાર નહિ કરતાં જે મળે તે લાવવું." સાધુઓ ફરતા ફરતા સુનંદા શ્રાવિકાને ત્યાં જઈ પહોંચ્યા. સુનંદા દુઃખના ભારથી બોલવા લાગી કે-લો આ તમારો છોકરો મનેતો હેરાન હેરાન કરી નાંખી. મારાથી આ દુઃખ સહન થતુ નથી. આ છોકરો હવે મને કાળ જેવો લાગે છે. માટે કૃપા કરીને લઈ જાવ તમે તમારે." "ભલે જેવી તમારી ઈચ્છા. પાછળથી પસ્તાવો કરશો નહિ. અમને આપ્યા પછી પાછો મળી શકશે નહિ." એમ શ્રી ધનગિરિ મુનિએ જવાબ આપ્યો. સુનંદાથી કહેવાઈ ગયું-"આ મારી સખીઓ સાક્ષી છે. ફરી નહીં માગું. કૃપા કરીને

લઈ જાવ. ” શ્રી ધનગિરિ મુનિએ તરત જ પસારેલી કપડાની ઝોળીમાં તેને લઈ લીધા. ભારથી નમી પડતી શ્રી ધનગિરિ મુનિને દૂરથી આવતા જોઈ, ગુરૂએ વજ્ર જેવા ભારવાળા બાળકને જાણીને વજ્ર એવું તેનું નામ પાડયું. ગુરૂએ તેને ખોળામાં લઇ તેની સામે જોયું, કે બાળક આનંદથી હસવા લાગ્યું. રૂદનતો કયાંય ચાલ્યું ગયું. તેનું પાલન કરવા સાધ્વીઓ મારફત શય્યાતરીઓ (સાધ્વીના ઉપાશ્રય આવનારી શ્રાવિકાઓ ) ને સોંપ્યા. ત્યાં ધાવો રાખીને પાલન કરવામાં આવ્યું. સાધ્વીઓ ઉપાશ્રયમાં અગિયાર અંગો ભણે છે. તે સાંભળીને વજ્રકુમાર પણ પારણામાંજ અગિયારે અંગના મુખપાઠી થઇ ગયા. ત્રણ વરસના થયા એટલે ધર્મોપકરણોને, રમકડા બનાવીને સરખી ઉંમ્મરના બાળકો સાથે રમવા લાગ્યા. તે પહેલાં પ્રસંગે પ્રસંગે સુનંદા પણ ત્યાં વખતો-વખત જુદા-જુદા બહાને આવી જઈ પોતાના બાળકને ધવરાવી જતા હતા. આ પ્રસંગે જૈન શાસનમાં વજ્રસ્વામીના સંસારીમામા શ્રી આર્યસમિત આચાર્યના પ્રભાવથી બ્રહ્મદ્વીપના તાપસો જૈન ધર્મની દીક્ષા લે છે. ત્યારથી બ્રહ્મદ્વીપ શાખા જૈન શાસનમાં પ્રસિદ્ધ થાય છે. વગેરે હકીકત બીજા ગ્રંથથી જાણી લેવી ત્રણ વર્ષના વજ્રસ્વામિને લઈ પાછા શ્રી ધનગિરિમુનિ વિહાર કરતા ફરીથી એજ ગામમાં આવ્યા. સુનંદા પણ તેમની પાસે આવ્યા અને પુત્ર પાછો આપવાની માંગણી કરી. મુનિએ ના પાડી પણ સુનંદાએ આગ્રહથી માંગણી ચાલુ રાખી. છેવટે સંઘ વચ્ચે પડયો પણ સુનંદા એકના બે ન થયા. રાજકચેરી સુધી વાત પહોંચી. રાજાએ તોડ કાઢયો કે-“એ બાળક જેને ચાહે તેને સોંપવામાં આવશે.” આ પ્રમાણેની શરત બન્નેએ કબુલ કરી. હવે માતાએ વિવિધ જાતના મનોહર રમકડાં અને સુંદર ખાવાની મીઠાઈઓ આગળ ધરી અને વહાલ-ભર્યા અનેક વાકયોથી તેનું પોતાની તરફ આકર્ષણ કરવા માતૃ શકિતનો સંપૂર્ણ પ્રયોગ કરી જોયો પણ તે નિષ્ફળ ગયો. ત્યારે શ્રી ધનગિરિ મુનિએ માત્ર ઓઘો આગળ ધર્યો તરતજ તે લઈ બાળક વજ્ર નાચવા લાગ્યો, અને પોતે રજોહરણ લઈને પિતાના ખોળામાં જઇ બેઠા બસ. રાજાનો ન્યાય પૂરો થયો. આથી સુનંદાના દિલમાં પણ વૈરાગ્ય વાસનાએ અસર કરી અને તેમણે છેવટ સિંહગિરિ ગુરૂમહારાજ હસ્તક દીક્ષા લીધી. ગુરૂમહારાજે જન્મના વૈરાગી છ વર્ષના વજ્રસ્વામિને પણ દીક્ષા આપી.

અવંતી નગરી તરફ વિહાર કરતાં, રસ્તામાં વજ્ર સ્વામિજીના પૂર્વભવના મિત્ર જૃંભક દેવે વારંવાર પરીક્ષા કરી, તેના સંયમાનુરાગ અને સાત્વિકતા જોઈ ખુશી થઇ. વૈક્રિય લબ્ધિ અને આકાશ ગામિની વિદ્યા આપી. બધા મુનિઓ બહાર ગયા પછી સામે ઉપધિઓ ગોઠવી અને વજ્ર મુનિ વાંચના આપવા લાગ્યા. તેવામાં ગુરૂ મહારાજને બહાર આવ્યા જાણી વિનયથી બહાર આવી ચરણ ધોવા વગેરેથી ગુરૂનો વિનય કર્યો. ગુરૂ મહારાજ વજ્રની શકિત જાણીને મુનિઓને તેમની પાસે વાંચના લેવાનું કહી, ચાર દિવસ ગામડે

વિચર્યા અને મુનિઓને તેમની વાંચનાથી ઘણો આનંદ થયો. આ ઉપરથી ગુરૂએ વજ્ર-મુનિની તેજસ્વિતા તરફ ખ્યાલ આપીને, તે કાળનાં દશપૂર્વધર શ્રી ભદ્રગુપ્તાચાર્ય પાસે દશપુરથી અવંતિ નગરમાં દશપૂર્વનું જ્ઞાન મેળવવા મોકલ્યા. ત્યાં તેમની પાસેથી દશપૂર્વનો અભ્યાસ કર્યો, ને વજ્ર સ્વામિ દશપુર્વ પાછા આવ્યા, એટલે પૂર્વભવના મિત્ર દેવે મહોત્સવ કર્યો. ગુરૂ મહારાજે આચાર્ય પદ આપ્યું અને સ્વર્ગે ગયા.

પાંચસો મુનિઓ સાથે વજ્ર જેવા અંગવાળા દશપૂર્વધર વજ્ર સ્વામિ આચાર્ય દેશો દેશ વિચરવા લાગ્યા વૈરાગી પિતાના ઉત્તમ બીજથી, સાંગો પાંગ સ્ત્રીત્વ સંપન્ન માતાના ઉદરે જન્મ પામેલા પૂર્વભવે દેવ અને જન્મ કાળથીજ વૈરાગ્ય વાસના એ વાસિત. થઈ બાળ બ્રહ્મચારી વજ્ર સ્વામિના શરીરનું ગૌરવ તે વખતના સર્વ યુવકો કરતાં કોઈ અનેરી ભભકથીજ ખીલી ઉઠયું આવા યોગનિષ્ઠ યુવાનની ખ્યાતિ, તેમના જ્ઞાન, વૈરાગ્ય, અને મહાપ્રભાવ વિગેરે અતિશયોની સાથે જ દેશો દેશ વિસ્તાર પ્રસરી ગયો. ખરેખર વજ્રસ્વામિ પોતાની યુવાવસ્થામાં તે કાળના ભારત વર્ષની શરીરની ઉત્તમ સ્થિતિમાં પણ એક અદ્વીતીય યુવાન હતા. અન્ય રાજકુમારો કરતાં પણ આ યોગી. રાજકુમારની યુવાવસ્થા કોઈ અનેરીજ હોવી જોઈએ. શુદ્ધ બ્રહ્મચર્યની પણ યુવાવસ્થા ઉપર કોઈ ચમત્કારિક અસર હોય છે. આયોવન સૌરભના સમાચાર પણ દેશો દેશ પ્રસરેલા હતા. તે વખતમાં પણ તેવી જ યુવતી પાટલીપુત્રના ધન શેઠની લાડકવાયી પુત્રી રૂકિમણી હતી. વગર જોયે સાંભળવા માત્રથીજ તે અનન્ય યુવતી વજ્ર સ્વામિને પતિ તરીકે સ્વીકારી ચૂકી. સાધ્વીજીઓએ વારવા છતાં રૂકિમણીનું ચિત્ત વજ્ર સ્વામિ ઉપર વધુ ચોટયું. તેણે પોતાનો નિશ્ચય જાહેર કર્યો કે– તેમના સિવાય અન્ય પુરૂષ મારું હૃદય આકર્ષી શકે તેમ નથી. છતાં તેઓની પાસે હું મારો સ્વીકાર નહિં કરાવી શકું તો મારે પણ સંયમ એજ આધાર છે” શ્રી વજ્રસ્વામી વિહાર કરતા કરતા પાટલી પુત્રમાંજ આવી પહોંચ્યા. પ્રવેશ મહોત્સવ થયો. સરખા રૂપવાળા સાધુને જોઈ ત્યાંના રાજાને વજ્ર સ્વામિ કયા ? એ શંકા થઈ. છેવટે ઓળખાવવાથી ઓળખીને વંદના કરી. ધર્મોપદેશ સાંભળ્યો, રૂપ સૌભાગ્યવાળા યુવાન સ્વામિને જોવા આવીને રાજરાણીઓ પણ દર્શન કરી ગઈ. રૂકિમણીએ પોતે પ્રિય માનેલા વૈરાગી ઋષિરાજને આવેલા સાંભળી દિવ્ય આભરણો ધારણ કરી લીધા. તેના સાડા ત્રણ ક્રોડ રોમકૂપો હર્ષથી રોમાંચિત થઈ ગયા. વિનયથી પિતાને વિનંતિ કરી, “ પૂજ્ય પિતાશ્રી હું જેને મનથી વરી ચૂકી છું, તે મહાપુરૂષ અત્રે પધાર્યા છે, તેમના વિના મરણજ શરણ છે. ” લોકોના મોઢથી આચાર્યશ્રીના રૂપ સૌભાગ્યની પ્રશંસા સાંભળી એવા પુરૂષને પસંદ કરવા માટે, ધન શેઠ પોતાની પુત્રીને અને તેની પસંદગીને પણ ધન્યવાદ આપવા લાગ્યા. શેઠ પુત્રીને લઈને યોગી પુંગવ પાસે હાજર થયા ને વિનંતી કરી, “ હે કૃપા નિધાન ! અશરણ શરણ ! મારી પુત્રી આપને વરી ચૂકી છે, તેનો અને

સાથે એક ક્રોડ રત્નનો સ્વીકાર કરી કૃતાર્થ કરો. નહીંતર મરણ એજ તેનું શરણ છે." ભલભલા પણ ઓગળી જાય એવા બરફના પહાડની ઠંડક જેવી ઠંડકથી ભરેલા છતાં કઠોરમાં કઠોર આ ઘણની અસર વજ્ર સ્વામિના વજ્રમય હૃદય ઉપર લેશ માત્ર પણ થઈ જ નહિં. તેમતો વધુ કઠોર બન્યું, છતાં પણ કરુણામય બની મધુર વાણી મારફત એવા અનન્ય ઉપદેશના રૂપમાં બહાર વહી નીકળ્યું કે જેમા રૂકિમણીને જ પીગળી જવું પડયું. તેણીનો મોહજ્વર ચાલ્યો ગયો, શાંત અને વૈરાગીણી બની ગઈ. દીક્ષાને સ્વીકારી. એ વખતે બીજા અનેક જીવો પ્રતિબોધ પામી ધર્મની વાસનાવાળા થયા તથા વૃત સંયમનો સ્વીકાર કર્યો. ત્યાર પછી મહા પરીક્ષા અધ્યયનમાંથી પદાનુસારિણી લાબ્ધ વડે આકાશ ગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો, પણ ભાવિકાળના જીવોને અલ્પ સાત્વિક સમજી એ વિદ્યા તેમણે કોઇને આપી ન હતી. ત્યાર પછી ઉત્તર દિશામાં વિચરતાં ત્યાં મોટો દુષ્કાળ પડયો, ત્યાંથી સંઘને ચર્મ રત્નમય મહાપટમાં બેસાડીને મહાપુર નગરે લાવ્યા. ત્યાંનો રાજા બૌધ હતો. શ્રી પર્યુષણમાં તેમણે જૈનોને પુષ્પ ન મળે તેવો પ્રતિબંધ કર્યો સાથે આ વાત ગુરૂ મહારાજને જણાવી, તેઓ આકાશ ગામિની વિદ્યાથી, માહેશ્વરીના ઉપવનમાંથી શ્રી ધનગિરિના મિત્ર તડિત માળી પાસેથી એકવીશ કરોડ પુષ્પો લીધા, ત્યાંથી ચૂલ્લ હિમવંત ઉપર શાશ્વત જિન પ્રતિમાઓનાં દર્શન કરી ત્યાંની દેવી પાસેથી ફૂલો લીધા. ત્યાંથી હુતાશન યક્ષનાં વનમાંથી ફૂલો લીધા અને આવ્યા. ખૂબ ધામ ધૂમથી જિન મંદિરોમાં ઉત્સવ થયા. બૌદ્ધો નમી પડયા રાજા જૈન થયો ? ત્યાર પછી આર્ય રક્ષિતજીને તેઓએ કંઈક ન્યુન દશપૂર્વનો અભ્યાસ કરાવ્યો. વિશેષ હકીકત તેમના ચરિત્રમાં આપીશું. શ્રી વજ્ર સ્વામિ એક વખત દક્ષિણ દેશમાં વિચરતા હતા. ત્યાં તેમને શ્લેષમની પીડા થઇ તેથી મુનિઓના આગ્રહથી એ ગીતાર્થ ગુરૂ દુવિહારનું પચ્ચકખાણ કરવા લાગ્યા. તેથી એક સૂંઠનો ગાંગડો લઇને કાન. ઉપર રાખી મૂકયો, તે સ્વાધ્યાય કરતાં ભૂલી ગયાં. પ્રતિક્રમણ કરતી વખતે મુહપત્તિ પડિ લેહતાં ગાંગડો આગળ પડયો. તે જોઈ વિચાર કરવા લાગ્યા, "અહા ? મારો કેટલો પ્રમાદ ? મારૂં આયુષ્ય હવે અલ્પ છે, માટે અનશન કરું" બાર વર્ષનો સખત દુકાળ પડવાથી શિષ્યોને બીજે વિહાર કરવા મોકલ્યા. તેમના મુખ્ય શિષ્ય વજ્રસેન મુનિએ વિહાર કર્યો. તેઓ પાંચસો મુનિઓના અગ્રેસર હતા. દુકાળને લીધે ભિક્ષા ન મળવાથી "વિદ્યાની મદદથી અન્ન ઉત્પન્ન કરી સૌને આહાર આપવા શ્રી વજ્ર સેન મુનિએ વિચાર દર્શાવ્યો." પરંતુ મુનિઓ તે વિચાર નાપસંદ કરી શ્રી વજ્ર સ્વામિ પાસે પાછા આવ્યા. શ્રી આચાર્ય મહારાજ પણ એક ક્ષુલ્લક શિષ્યને મુકી પોતે પર્વત ઉપર અનશન કરવા ગયા. ક્ષુલ્લક શિષ્યને માલુમ પડયું એટલે પાછળ આવી ગુરૂને અવિનય ન લાગે માટે ઉપર ન ચડતાં નીચે તળાટી એ શિલા ઉપર અનશન કર્યું અને કાળ ધર્મ પામી સ્વર્ગે ગયા.

ને પેલા મુનિઓ પણ સ્વર્ગે ગયા. ક્ષુલ્લક મુનિની પુજા માટે દેવો ત્યાં આવ્યા જ્ઞાની ગુરૂએ ઉપયોગ મૂકી તે કારણ જાણ્યું તે પર્વત ઉપર કોઇ મિથ્યાત્વિ દેવ શ્રી વજ્રસ્વામિને ચલિત કરવા પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ ચલિત થયા નહિ ત્યાં ક્ષેત્ર દેવની અપ્રીતિનું કારણ જાણીને ગુરૂ અન્યત્ર વિચર્યા અને ત્યાં ક્ષેત્ર દેવતાનો કાઉસગ્ગ કર્યો. પછી અનશન કરીને સ્વર્ગે ગયા. ઇંદ્રે આવીને વંદન કર્યું તથા મહોત્સવ કર્યો અને ત્યાં તીર્થ સ્થાપ્યું.

## ૧૨. નંદિષેણમુનિ—

શ્રી પુરમાં યજ્ઞપ્રિય બ્રાહ્મણ ભીમનામના દાસને યજ્ઞમાંથી શેષ આપીને કામ કરાવતો હતો. ભીમ તેમાંથી સાધુઓને વહોરાવતો હતો, આ પુણ્ય ભાવનાથી તે મરીને સ્વર્ગમાં જઈને ત્યાંથી આવીને રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાનો નંદિષેણ નામે પુત્ર થયો. મખપ્રિય ઘણા ભવો કરીને હાથણીનાં ગર્ભમાં અવતર્યો. આ ટોળાનો અધિપતિ "હાથી બીજો કોઈ હાથીના ટોળાનો નાયક ન થાય" માટે જે બચ્ચાં જન્મે તેને મારી નાંખતો હતો, આ ગર્ભિણી હાથણીએ પોતાનું બચ્ચું બચાવવા કપટથી લંગડી થઈ રોજ પાછળ રહેવાનો ઢોંગ કરવા લાગી, હાથી પણ તેના ઉપર દેખરેખ રાખવા લાગ્યો. પણ તે હાથણી પાછળથી આવીને સાથે થઈ જતી, એટલે હાથીને વહેમનું કારણ ન રહ્યું–એક દિવસે માથા ઉપર ઘાસના પૂળા મૂકી, તાપસોને શરણે ગઇ, ત્યાં તેઓના આશ્રમમા બચ્ચાંને જન્મ આપ્યો. અને તાપસોને તેની રક્ષા સોંપી. જુઓ માતાનો સ્નેહ કેવો હોય છે? આજ રીતે પાછળ પડીને તે તેને રોજ ધવરાવી પણ જતી હતી, કંઈક ઉમ્મરમાં આવેલું બચ્ચું તાપસના બાળકો સાથે સૂંઢમાં પાણી લઇ વૃક્ષોને સિંચન કરતું હતું. તે ઉપરથી તેનું નામ સેચનક પાડયું. યુવાવસ્થામાં આવતાં " માતાને છેતરી પોતાને પકડીને લાવ્યા હશે " એમ ધારીને તે પોતાના પાલક ઉપરની શંકાથી તેઓને હેરાન કરવા લાગ્યો તેઓએ શ્રેણિક રાજાને વાત જણાવી. રાજાએ પકડવા લશ્કર મોકલ્યું પણ મહેનત નકામી ગઇ ત્યારે નંદિષેણ કુમાર પકડવા આવ્યા. તેને જોઇ જાતિ સ્મરણ થવાથી હાથી તેને વશ થયો. તેણે રાજાને સોંપ્યો રાજાએ નંદિષેણ કુમારને વિશેષ ગામો આપી કદર કરી તેવામાં ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા ધર્મોપદેશના બાદ નંદિષેણ કુમારે પોતાની ઉપરનાં હાથીના પ્રેમ વિશે ખુલાસો પૂછયો. પ્રભુ એ પૂર્વભવ સંભળાવીને ખુલાસો કર્યો. નંદિષેણ કુમારે બોધ પામી પ્રભુ પાસે દીક્ષા લેવા ઉત્સકતા બતાવી. પ્રભુએ કહ્યું કે, " હજુ તમારે ભોગાવલી કર્મ બાકી છે. માટે હાલ વિલંબ કરો" તથા નિષેધની આકાશવાણી થવા છતાં પણ આગ્રહને વશ થઇ દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરવા માંડી ભોગની ઇચ્છાઓ તેમને ગભરાવા લાગી

તેમ-તેમ તેને દબાવવા, અનેક પ્રકારની ભાવના પરિસહ તપસ્યા શાસ્ત્રજ્ઞાન ઉગ્ર આ તાપનાં વિગેરે કરવા લાગ્યા પરંતુ ભોગ ઇચ્છા તેમને છોડે નહિ જંપાપાત કરીને મરવાનો વિચાર કર્યો તો દેવે તેને ત્યાંથી ઉપાડીને બીજે મુકીને કહ્યું કે ' ભોગ અનુભવ્યા પહેલાં તમ રૂં મૃત્યું થશે નહિ " પછી નંદીષેણ એકલા તપ કરવા લાગ્યા એક દિવસ કોઈ વેશ્યાને ત્યાં આહાર લેવા જઈ ચઢયા અને ધર્મ લાભ કહ્યો તે બોલી-ધર્મ-લાભને હું શું કરૂં ? અહીંતો મારે અર્થ લાભની જરૂર છે. મુનિએ તરણું ખેંચ્યું કે તપના પ્રભાવથી આકાશમાંથી બાર કરોડ રત્નોની વૃષ્ટિ થઈ ને અર્થ લાભ લે ! કહી મુનિ જવા લાગ્યા. કે વેશ્યા વળગી પડી. "પ્રભો ? તમો મુનિ થઈને સ્ત્રી ઉપરની મૃદુતા ભૂલી ગયા કે શું "આપ જશો તો હું મરણને શરણ થઇશ ?" મુનિ ખચકાયા ને ભોગમાં ફસાયા. છતા રોજ દશવિટોને ઉપદેશ આપી "દીક્ષા લેવા પ્રભુ પાસે મોકલ્યા પછી અન્ન લેવું" એવો અભિગ્રહ ધારણ કર્યો ? અને તે પ્રમાણે પાલન કરવા લાગ્યા. બાર વરસે એક દિવસ એવો આવ્યો કે નવને તો બોધ આપી દીક્ષા લેવા મોકલ્યા પરંતુ દશમો વિટ ઉપદેશ પામે જ નહિ. જમવાનો સમય થઈ ગયો, નંદિષેણ ઉપદેશ આપ્યે જતા હતા, પણ પેલો બોધ પામતો જ નથી. ત્યારે વેશ્યાએ મશ્કરીમાં કહ્યું કે "સ્વામિન્ ? દશમાં તમે" બસ તરત જ તે નીકળી પડયા. દીક્ષા લીધી અને અંતે સંયમ ધર્મની સારી આરાધના કરીને મોક્ષમાં ગયા. બીજા નંદિષેણ આ નંદિષેણની સાધુમુનિરાજની આદર્શ વૈયાવચ્ચ સેવા ભક્તિ હતી અને તેના પુન્ય પ્રભાવથી કૃષ્ણ વાસુદેવનાં જગવલ્લભપિતા વસુદેવ તરીકે ઉત્પન્ન થયાં. હતા. મગધદેશમાં નંદી ગામમાં સોમલ બ્રાહ્મણની સોમિલા પત્નીથી નંદિષેણ નામે પુત્ર થયો, માતા-પિતા મરી ગયા. નખશીખ કુરૂપ આ બાળકની સામું પણ તેનાં સગા વ્હાલાં જોવા ન લાગ્યા. તેથી તે મોશાળમાં ગયો. અને ત્યાં ઘાસ પાણી લાવવાનું કામ કરવા લાગ્યો. તેના મામાએ પોતાની સાત પુત્રીમાંની એક તેની સાથે પરણાવવાનું કહ્યું. તેથી તે ખૂબ કામ કરવા લાગ્યો. જેમ જેમ તે સાતેયને ખબર પડતી ગઈ. તેમ તેમ તે સાતેય તેને પરણવાને નાખુશી બતાવતી ગઇ. છેવટે બીજા કોઇએ પણ તેને પોતાની કન્યા ન આપી એટલે તે પોતાના દુર્ભાગ્યને લીધે મનમાં ઘણો જ દુ:ખી થયો, અને મરવાનો વિચાર કરવા લાગ્યો, ત્યાંથી નીકળી રતનપુર શહેરમાં ગયો. ત્યાં વિલાસી લોકોને ભોગ ભોગવતા જોઈને વધુ દુ:ખી થયો, અને ઝંપાપાત કરી મરવા માટે જંગલમાં ગયો. ત્યાં કાઉસગ્ગ ધ્યાને ઉભેલા મુનિએ તેને વાર્યો ખરેખર મુનિઓ દુ:ખીઓના મિત્ર અશરણનાશરણ છે. મુનિએ જ્ઞાનથી તેના વિચારો જાણીને ઉપદેશ આપ્યો કે, મહાનુભાવ ! ખોટી રીતે મૃત્યુથી સુખ નથી કરેલા કર્મ ભોગવવાં પડે છે. ધર્મ કર, જેથી પૂર્વના પાપ તૂટે અને ઉત્તરોત્તર

સુખ મળે. નંદિષેણુને સાચો વૈરાગ્ય થયો, ને તેણે દિક્ષા લીધી. પછી શાસ્ત્રાભ્યાસ કરી તે ગીતાર્થ બની અને મનમાં અભિગ્રહ ધારણ કર્યો કે-રોગી, ગ્લાન, વૃદ્ધ, બાળ, એવા સાધુઓની ખરા ભાવથી ખૂબ વૈયાવચ્ચ-સેવા ચાકરી કરવી. અને તે કરવાની તેણે શરૂઆત પણ કરી દીધી. આ વાત ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને સભામાં તેની ખુબપ્રશંસા કરી. એક દેવને આ વાત ઉપર વિશ્વાસ ન બેઠો. પરીક્ષા કરવા રતનપુરમાં આવી-એક સાધુનું રૂપ લીધું. અને અતિસારના રોગવાળું પોતાનું શરીર કરી દીધું. બીજા સાધુનું રૂપ લઇ ઉપાશ્રયે જઈ નંદિષેણુને રોગી સાધુની દુર્દશાની ખબર આપવા માંડી કે-તમે સાધુની વૈયાવચ્ચનો નિયમ લઇને તે કર્યા વિના આહાર વાપરવા કેમ બેસી જાઓ છો? તે જ વખતે પચ્ચકખાણુ પારી નંદિષેણુ મુનિ આહાર વાપરવા બરાબર બેસતા હતાં. ઉઠો, બહાર એક રોગી સાધુને શુદ્ધ જળનો ખપ છે; તે તો પહોંચાડો. તે સાંભળી નંદિષેણુ શુદ્ધ જળ લેવા જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં પેલો દેવ તેને દોષવાળું કરી નાંખે. મુનિ બહુ ભટકયા ત્યારે છેવટે થોડું શુદ્ધ જળ તેને લેવા દીધું. પછી પેલા દેવ સાધુ સાથે વૈયાવચ્ચ કરવાના આનંદ સાથે નંદિષેણુ મુનિ રોગી મુનિ પાસે આવ્યા, ને તેમને ધોવા લાગ્યા. જેમ જેમ ધુવે તેમ તેમ દુર્ગંધ વધુને વધુ ફેલાતી જાય, તેમ તેમ નંદિષેણુ મુનિ ભાવના ભાવતા હતા કે-અહો! ભાગ્યવાન, છતાં આ મુનિરાજ રોગથી કેવા પીડાય છે? આ જગતમાં રાજા કે રંક, ત્યાગી કે ભોગી, કોઈ કર્મથી છૂટી શકતું નથી. સૌને કર્યા કર્મ આમ ભોગવવાં જ પડે છે. પછી તે મુનિને ખભા ઉપર બેસાડીને સેવા ચાકરી કરવા. પોતાને સ્થાને નંદિષેણુ મુનિ લઈ જવા લાગ્યા. તેના ઉપર દુર્ગંધમય ઝાડા કરી-મૂકે. જરા ઉતાવળે ચાલે "તો મને પીડા થાય છે; કેવો નિર્દય છે? ધીમે ચાલે તો "મને કયારે પહોંચાડીશ? માર્ગમાં જ મારૂં મૃત્યુ થશે; તો આરાધના નહિ થાય" વિગેરે પુષ્કળ આકરા શબ્દો સંભળાવે, છતાં તેના ઉપર જરાપણુ દુર્ગંધ કે કંટાળો લાવ્યા વિના મહા-મુશ્કેલીએ ઉપાશ્રયે તો લાવ્યા, ને વિચારવા લાગ્યા કે-"હવે આ મુનિરાજને કેવી રીતે નિરોગી કરૂં? કઈ રીતે તેમની સારવારની શરૂઆત કરવી? વગેરે વિચાર કરવા લાગ્યા. દેવોએ જાણ્યું કે-"ખરેખર આ પોતાના નિશ્ચયમાં અડગ દૃઢ." એટલે પ્રગટ થઇ ત્યાંનું વાતાવરણુ પવિત્ર બનાવી દીધું અને પુષ્પવૃષ્ટિ કરી તથા નંદિષેણુ મુનિને ધન્યવાદ આપ્યો તથા પોતાનો અપરાધ ખમાવી. "ઇંદ્રની પ્રશંસા સાચી હતી." એમ કબુલી દેવ પોતાને સ્થાને ગયો.

ત્યાર પછી બાર હજાર વર્ષ ઉગ્ર તપ કર્યું. તપને અંતે અનશન કર્યું. તેમને વંદન કરવા ચક્રવર્તિ રાજા સપરિવાર આવેલ. તેની સ્ત્રીના સુકુમાર વાળ જોઈને તેમણે નિયાણું કર્યું કે "હું પણુ આવી સ્ત્રીઓને પ્રિય થાઉં. ત્યાંથી ચ્યવીને મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી રખડીને શૌરીપુરીના અંધકવ્રિષ્ણુના દશમા વસુદેવ નામે

પુત્ર થયા. ત્યાં તે બહોતેર હજાર સ્ત્રીઓને વલ્લભ થયા. તે ચરિત્ર શ્રી વસુદેવ–હિંડી, તથા શ્રી નેમિનાથ ચરિત્રમાંથી જાણી લેવું.

## ૧૩. શ્રી. સિંહગિરિ આચાર્ય–

આ મહાપુરૂષ શ્રી. વજ્રસ્વામીના ગુરૂ હતા. અને મહાન શાસન–પ્રભાવક પુરૂષ હતા. તે વાત આપણે શ્રી વજ્રસ્વામીના ચરિત્રમાંથી વાંચી ગયા છીએ.

## ૧૪. કૃતપુણ્ય શેઠ–

(કયવન્ના શેઠ) રાજગૃહમાં ધનેશ્વર સાર્થવાહની સુભદ્રા પત્નીથી કૃત પુણ્ય કુમારનો જન્મ થયો. તેને તેના પિતાએ શ્રીદ શેઠની ધન્યા પુત્રી સાથે પરણાવ્યો. કુમારને સાધુઓ-નો સંઘ હોવાથી વિષયમાં આસકિત નહોતી તે જાણી તેની માતાના કહેવાથી તેના પિતાએ જુગારીની સોબત કરાવી ત્યાંથી અનુક્રમે અનંગસેના વેશ્યાની સોબત થઈ અને તે ત્યાં જ રહ્યો. મા બાપ તેને ધન મોકલતા હતા. પરંતુ તે મરણ પામ્યા. તેની ધન્યા સ્ત્રી એકલી કાંતીને ગુજરાન ચલાવતી હતી. કારણકે–ધન બધું ખલાસ થયું હતું. વેશ્યાની દાસી ધન લેવા આવી એટલે પત્નીએ પોતાના દાગીના છેવટ જે રહ્યા સહ્યા હતા. તે પણ પોતાના પતિના સુખ ખાતર આપી દીધા. દાસી દાગીના લઈ ગઈ. વેશ્યાની માને શેઠના ઘરની સ્થિતિ કહી. અનંગ સેનાની નામરજી છતાં પોતાના કુલાચારને અનુસરીને તેની વેશ્યા ડોશીએ ધૂળ ઉડાડી શેઠને પોતાના ઘેરથી કાઢી મૂકયા. શેઠ ઘેર આવ્યા. બધું ફરી ગયેલું જોઇ શેઠ બહુજ આશ્ચર્ય પામ્યા. તેવામાં તેમની પત્ની સામે આવીને તેડી ગયાં. તેની ઘણી સેવા ભક્તિ, સ્નાન ભોજન કરાવ્યું. શેઠના ખેદનો પાર ન રહ્યો. પોતાની આવી સ્થિતિ માટે તેના દિલમાં ઘણુંજ દુઃખ થવા લાગ્યું. પરંતુ પવિત્ર આર્ય પત્નીના સુમધુર શબ્દોથી તેમને ઘણું આશ્વાસન મળ્યું અને "પોતાની પાસે હજુ એક હજાર સોનામહોર છે. તે લઈ પરદેશ જઈ આપ સુખેથી વેપાર ચલાવો એમ કહ્યું. તે વિચાર ચાલતો હતો તેવામાં એક પરદેશી વેપારીઓનો કાફલો ત્યાં આવી રહ્યો તેની સાથે જવા માટે શેઠને રાત્રે પ્રસ્થાન કરાવ્યું ને એક યક્ષ મંદિરમાં શેઠને પલંગ ઉપર સુવારી તેમની સગર્ભા પત્ની પાછી આવી. આ તરફ એક ધના નામના વેપારીની રૂપવતી નામની સ્ત્રીને જીનદત્ત નામના પુત્રને ચાર સ્ત્રીઓ હતી. પરંતુ તે અપુત્ર મરણ પામવાથી તેનું ધન રાજા ન લઇ જાય, માટે રૂપવતીએ ચાર વહુઓને એવું સમજાવ્યું કે આપણે કોઈએ રોવું નહિ, અને તમારા પતિ ગુપ્ત રીતે દાટી દેવા અને બીજા કોઈ પુરૂષને લાવી તમારે તેને પુત્ર થાય ત્યાં સુધી પતિ તરીકે રાખવો જેથી આપણું ધન રાજા લઈ જઇ શકશે નહિ." પુત્રવધુઓએ આ વાત કબૂલ કરી. તેના પતિને ગુપ્ત દાટી આવી. જોગાનજોગ પરદેશી કાફલામાંથી

અજાણ્યા પુરૂષને લેવા જતાં એ ચારેય સ્ત્રીઓ કૃતપુણ્ય શેઠને પલંગ સહિત પોતાને ઘેર ઉપડાવી લાવી. રૂપવતી તેને "પુત્ર તું જન્મથી ક્યાં ગયો હતો ? તારા વિના હું તો મરવા જેવી થઈ ગઈ હતી, તું આવ્યો ઠીક થયું. તારી આ ચાર ભાભીઓ તારી વહુઓ જ છે, એમ તું સમજ. તેવામાં પેલી ચાર સ્ત્રીઓ પણ તેને સ્વામિ તરીકે સ્વીકારીને પતિભક્તિ કરવા લાગી. કૃતપુણ્ય શેઠ આ બધું જોઈને આશ્ચર્ય પામ્યા; પરંતુ વખત વિચારીને ત્યાં રહ્યા. તેમના ૧૨ વર્ષમાં ચારેય ને એક એક પુત્ર થયો એટલે રૂપવતીના કહેવાથી અનિચ્છાએ પણ પેલી પુત્રવધુઓ પ્રથમ પ્રમાણે જ પલંગમાં સુતેલા શેઠને ચાર રત્ન ગર્ભિત ચાર ભાતના લાડુ સાથે તેજ યક્ષમંદિરમાં મૂકી ગઇ. તે જ દિવસે પેલા વેપારીઓનો કાફલો ત્યાં આવી ચડયો હતો. પોતાના પતિને પાછા આવેલા જાણી તેમની પૂર્વની પત્ની તેમને લેવા સામે આવી. યક્ષના મંદિરમાં જઇને પલંગમાં સુતેલા શેઠને પોતે જ ઉઠાડયા, ને ઘેર તેડી ગઇ. ને પૂછયું કે શું કમાઈને લાવ્યા ? શેઠે કહ્યું કે, "કાંઈ પણ નહિં" પેલા ચાર લાડુ મૂકી રાખ્યા. તેમાંનો એક નિશાળે જતા છોકરાને આપ્યો. છોકરો ખાવા જતાં તેમાંથી નીકળેલું રત્ન કંદોઇને આપી ખાવાનું માગ્યું. લેવડદેવડમાં પાણીની કુંડીમાં પડતાં પાણીના બે ભાગ થઇ જવાથી કંદોઈએ તેને "જળકાંત મણિ" માની તે લઈ લાડુ આપ્યા. એવામાં એક દિવસે રાજાના સેચનક હાથીને કોઇ જળજંતુએ પકડયો. પાણીમાં માર્ગ કરવાથી તે બચી શકે તેમ હતું માટે જળકાંત મણિ જોઈએ. રાજાના ભંડારમાંથી તે ન મળવાથી મનોરમા પુત્રી અને રાજ્ય આપવાની જાહેર ઘોષણા કરાવી. તે વાત કંદોઇના કાને જતાં તેણે જળકાંત મણિ આપ્યો ને હાથી બચ્યો. રાજાએ વિચાર કર્યો કે "આ કંદોઈને પુત્રી શી રીતે આપવી ? અભયકુમારે તેને બોલાવી માર મરાવી તેની પાસેથી રત્નના ખરા માલિકનો પત્તો લગાડયો; ને કૃતપુણ્ય શેઠને બોલાવી તેને પુત્રી તથા રાજ્યાર્ધ આપ્યું. કંદોઇને એક ગામ અને બીજા કંદોઈની પુત્રી પરણાવી. આ પ્રસંગ પછી શેઠને અને અભયકુમારને મૈત્રી થઈ. શેઠે પોતાની ચાર સ્ત્રીઓ અને પુત્રોની વાત કરી. "પણ તે કયું મકાન ? તે હું ઓળખી શકતો નથી. કેમકે મને લઇ જતી અને મૂકી જતી વખતે હું ઉંઘમાં હતો. મને સાત માળથી નીચે ઉતરવા દીધો ન હોતો; એટલે હું શી રીતે ઓળખી શકું ? અભયકુમારે એક યુક્તિ કરી. શેઠના જેવી મૂર્તિ ઘડાવી એક યક્ષમંદિર બંધાવ્યું. તેમાંથી "એક બારણેથી બીજા બારણે યક્ષની પૂજા કરી, બાળકોવાળી સ્ત્રીઓ નહીં નીકળી જાય તેનું મૃત્યુ થશે." એવી ઘોષણા કરાવી. અનેક સ્ત્રીઓ બાળકો સહિત નીકળી ગઈ તેવામાં રૂપવતી ડોશી વહુઓ અને બાળકો સાથે આવી. પૂજા કરવા લાગી. એટલે છોકરાઓ બાપા ધારીને તે મૂર્તિને અડવા લાગ્યા તેની પાસે જવા લાગ્યા. તેના વસ્ત્ર ખેંચવા લાગ્યા. અભયકુમારે તુરત જ બધું કયવન્ના શેઠને બતાવ્યું. ને તેણે તેઓને ઓળખ્યા એટલે તેમની પાછળ માણસો મોકલી

ઘરનું ઠામ ઠેકાણું જાણી લીધું ને તે ચાર સ્ત્રીઓ, પુત્રો તથા તે સંપત્તિ પાછી શેઠને અપાવી. હવે, પરમાત્મા મહાવીર પ્રભુ ત્યાં સમોસર્યા. દેશના સંપૂર્ણ થઇ ગયા બાદ શેઠે પૂછયું કે–હે સ્વામિ ! મારી આવી વિચિત્ર સ્થિતિ કેમ થઈ ? પ્રભુએ "પૂર્વ-ભવમાં મુનિને ત્રણ વખત છુટે છુટે વખતે ખીર વહોરાવવાથી સુખ મળ્યું" વિગેરે આ ઉપરથી વૈરાગ્ય પામી મોટા પુત્રને ઘરનો કારભાર સોંપી સાતેય ક્ષેત્રમાં ધન વાપરી શેઠે દીક્ષા લીધી અને દેવલોક ગયા ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

## ૧૫. સુકોશલ મુનિ

અયોધ્યા નગરીના ઈક્ષ્વાકુ વંશી. કીર્તિધર રાજાના સહદેવી માતાની કુક્ષિએ જન્મેલા સુકોશલ નામે પુત્ર હતા. રાજાએ ધર્મઘોષ સૂરિવરની દેશના સાંભળી દીક્ષા લીધી. સુકોશલ કુમાર રાજા થયા. તેની માતાએ તેના દાંત સોનાથી મઢાવ્યા હતા. સુકોશલ કુમાર જેમ જેમ પિતાનાં વખાણ કરે તેમ તેમ "પુત્ર દીક્ષા લઇ લે." એ ભયથી તેની માતા તેના પિતાના દોષ કાઢે. એક વખત કીર્તિધર મુનિને શહેરમાં ભિક્ષા માટે આવ્યા જાણી. નોકરો દ્વારા સુકોશલ ન જાણે તેમ તેને બહાર કઢાવી મૂકયા. પરંતુ ધાત્રી માતા મારફત તે સમાચાર રાજાને મળ્યા. રાજાએ મુનિને બોલાવ્યા. પરંતુ ઉપસર્ગનો સંભવ ધારીને તેઓ આવ્યા નહિ. માતાની આ વર્ત-ણુંકથી પુત્રને પણ વૈરાગ્ય થયો; અને પિતા પાસે જ દીક્ષા લીધી. બન્નેય તપશ્ચર્યા કરવા લાગ્યા. સહદેવી રાણી પુત્ર–તથા પતિના વિયોગથી આર્તધ્યાનમાં મરણ પામી, વાઘણ થઈ એક વખત તે વાઘણ બન્નેય મુનિઓની સામે આવતી હતી. તે જોઈ કીર્તિધર મુનિએ "ઉપસર્ગ થશે" એમ ધારી બીજે જવા સૂચના કરી. પરંતુ સુકોશલ મુનિ તો ત્યાં જ રહ્યા. વાઘણ આવી. મુનિને ઉપસર્ગ કર્યો. પરંતુ શુભ ધ્યાને કેવળ જ્ઞાન પામી મોક્ષમાં ગયા. સુવર્ણ મંડિત દાંત પંકિત જોઈને તેણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પુત્રને ઓળખી પશ્ચાતાપ કર્યો. અને શુભ ધ્યાનથી મરી આઠમે દેવલોકે ઉત્પન્ન થઈ. કીર્તિધર મુનિ પણ કર્મ ક્ષય કરી મોક્ષમાં ગયા.

## ૧૬. પુંડરીક–કુંડરીક

એ બન્નેય ભાઈઓ હતા. સંયમની આરાધના અને વિરાધનાને લીધે. જ્યારે એક સ્વાર્થસિદ્ધિ વિમાનમાં જાય છે.–ત્યારે બીજા સાતમી નરકમાં જાય છે એ વિષેનું પુડરીક અધ્યયન શ્રી. ગૌતમસ્વામી જ્યારે અષ્ટાપદ પર્વત પર ગયા હતા. ત્યારે વજ્ર સ્વામીના પૂર્વ ભવમાં વૈશ્રવણ નામના તિર્યક્ જૃંભક દેવને તે સંભળાવ્યું હતું. જેના ઉપરથી બોધ પામીને તે જ જીવે વજ્રસ્વામી પણે ઉત્પન્ન થઈ શાસનની મહાપ્રભાવના તથા મહા આરધના કરી હતી. તે પુંડરીક અને કંડરીકની કથા આ પ્રમાણે છે.:–મહા-

વિદેહ ક્ષેત્રમાં પુષ્કળાવતી વિજયમાં આવેલી પુંડરીકીણી નગરીના મહાપદ્મ રાજાની શીલવતી નામની રાણીને પુંડરીક અને કંડરીક નામે બે પુત્ર હતા. નલિની વનમાં પધારેલા મુનિરાજની ધર્મદેશના સાંભળી. પુંડરીક કુમારને રાજ્ય સોંપી રાજાએ દીક્ષા લીધી પછી પુંડરીકની પણ દીક્ષા લેવાની ઈચ્છા થઈ. પરંતુ કંડરીકે આગ્રહ કરી. મોટાભાઈને દીક્ષા ન લેવા દેતાં પોતે જ દીક્ષા લીધી. પરંતુ એક દિવસે કોઈક રાજાની રાજ્ય સંપત્તિ જોઇ પોતાને દીક્ષા લેવા વિષે પસ્તાવો થવા લાગ્યો; અને રાજ્ય સુખ ભોગવવાની ઈચ્છા થઈ આવી. પિતાનું રાજ્ય લેવા રાજધાનીના નજીકમાં આવી, ઉપકરણો ઝાડ સાથે બાંધીને બેસી ગયા. ઉદ્યાન પાલકે ખબર આપવાથી રાજા વંદન કરવા આવ્યા. રાજાને મુનિની આ દશા માટે ઘણું લાગી આવ્યું છેવટે કંડરીકે રાજ્યની માંગણી કરી. એટલે તેને તે આપી દઇને પુંડરીકે તેજ મુનિ વેષ ધારણ કરી વિશેષ આરાધના માટે ગુરુ મહારાજ તરફ જવા વિહાર કર્યો. આ તરફ કંડરીકને અતિ આહારથી વિસૂચિકાનો રોગ થવાથી. દુર્ધ્યાનમાં મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થવું પડયું ત્યારે પુંડરીક મુનિ રસ્તામાં ટાઢથી પીડા પામી શુભ ધ્યાનમાં મૃત્યુ પામી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

## ૧૭. કેશી ગણધર—

શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના તે ગણધર ભગવંતે શ્વેતામ્બિ નગરીના પ્રદેશી નામના નાસ્તિક રાજાને પ્રતિબોધ આપી. સમ્યકત્વ ધારી બનાવેલ હતા. તથા શ્રી ગૌતમસ્વામિ સાથે બાવીસ તીર્થંકર પરમાત્માના ચાર મહાવ્રત ધર્મ અને પરમાત્મા મહાવીર દેવના પાંચ મહાવ્રતાત્મક ધર્મ વિષે ચર્ચા કરી, શાસનમાં ભેદ ન પડે; માટે પોતે મોટા છતાં શ્રી ગૌતમ સ્વામિના શિષ્ય થઇ, પરમાત્મા મહાવીર પ્રભુના શાસનમાં દાખલ થયા હતાં અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અનુક્રમે તેઓ પણ મોક્ષે ગયા હતા. પ્રદેશી રાજાએ એક વખત પૌષધ કરેલો હતો. તેને તેની સૂર્યકાન્તા નામે પરપુરૂષાસકત રાણીએ વિષ આપ્યું હતું. પરંતુ શુભ ધ્યાને મરીને રાજા પહેલા દેવલોકમાં સુર્યાભ નામના વિમાનમાં સુર્યાભ નામે દેવપણે ઉત્પન્ન થયા. ઉત્પન્ન થઈને તુરત જ પરમાત્મા મહાવીર સ્વામી આમલકલ્પા નગરીમાં બિરાજમાન હતા. ત્યાં આવીને દિવ્ય નાટક અને નૃત્યો વિ. થી પ્રભુની ભકિત કરી હતી. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, મોક્ષ પામશે.

## ૧૮. કરકંડુ—

શ્રી વાસુપૂજ્ય સ્વામિના જિન મંદિરથી શોભતી ચંપાપુરી નામે નગરીના દધિવાહન રાજાને ચેડા રાજાની પુત્રી પદમાવતી નામે રાણી હતી. એક વખત સગર્ભા રાણીને

"પોતે હાથી ઉપર બેસી, રાજા છત્રધારી રાખે ને પોતે વનવિહાર કરે" એવો દોહદ ઉત્પન્ન થયો. તે પૂરવા રાજાએ તેવી ગોઠવણ કરી. પરંતુ હાથીને વિંધ્યાટવી યાદ આવવાથી તે બન્નેને લઈને વનમાં દૂર નીકળી ગયો. રસ્તામાં વડની ડાળી પકડી રાજા ઉતરી ગયો. પરંતુ રાણી ઉતરી શકી નહિ. હાથી એક તળાવે પાણી પીવા ઉભો, ત્યાં કે રાણી યુક્તિથી ધીમે ધીમે નીચે ઉતરી ગઈ. ત્યાંથી તાપસોના આશ્રમમાં ગઈ ત્યાંથી દંતપુર નગરના દંતચક્ર રાજાને શરણે જવા નીકળી ત્યાં તેને કોઈ સાધ્વીજી મહારાજનો યોગ થયો. તેનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી. દીક્ષા લીધી. ગર્ભની વાત "દીક્ષા ન આપે" એ ભયથી કોઈને કરેલી નહીં પરંતુ પાછળથી સાધ્વીજીએ જ્યારે વાત જાણી ત્યારે અગાઉથી વાત ન કરવા ઠપકો આપ્યો. છેવટે બાળકનો જન્મ થયો ત્યારે ગુપ્ત રીતે તેના પિતાના નામની વીંટી સાથે રત્ન કંબળમાં વીંટાળી તેને સ્મશાનમાં મૂકાવી દીધો. તેને એક અપુત્ર ચંડાળ લઈ ગયો. ને ઉછેર્યો. તેને ખરજ ઘણી આવતી હતી. તેથી તે બીજા બાળકો પાસે ખણાવતો હતો. તેથી તેનું નામ કરકંડૂ પ્રસિદ્ધ થયું હતું. એક જ્ઞાનિ મુનિરાજના વાંસના નિમિત્ત ઉપરથી તે કંચનપુર નગરનો રાજા થયો. પરંતુ એ વાંસ લેનાર એક એક બ્રાહ્મણને રાજ્ય મળે ત્યારે એક ગામ આપવાનું વચન આપેલું હતું. પાંચ દિવ્યોએ તેને રાજા ઠરાવવાથી પ્રધાનોએ પણ તેને રાજા તરીકે કબૂલ કરી. ઘોડા ઉપર બેસાડી શહેરમાં પ્રવેશ કરાવ્યો. પરંતુ તેને ચંડાળ સમજીને રાજ્યને અપાત્ર ગણી બ્રાહ્મણાદિક પ્રજાજનો તેની સામે થયા. ત્યારે આકાશમાંથી અગ્નિનો વરસાદ થયો. આ દિવ્ય પ્રભાવથી બ્રાહ્મણો એ તેને પુણ્યશાળી માની તેને પવિત્ર માન્યો અને તેને રાજા તરીકે કબુલ રાખ્યો. પછી તો તેજસ્વી તેણે બ્રાહ્મણો ઉપરના ક્રોધથી "આ સર્વ ચંડાળોને સંસ્કાર કરી બ્રાહ્મણ બનાવો" એવો હુકમ કર્યો બ્રાહ્મણોએ રાજહુકમ પામીને તે વાહધાનક ગામના વાસી ચંડાળોને "જનંગમદ્વિજ" નામે એક નવી જાતિને બ્રાહ્મણ બનાવ્યા [ સંસ્કાર કરી શુદ્ધ કરવાનો બ્રહ્મણોનો અધિકાર અહીં કરકંડૂ રાજા કબૂલ રાખે છે. કરકંડૂ રાજા મૂળમાં ચંડાળ નથી. પણ વિશુદ્ધ આર્યબીજ છે. તદ્ભવ મોક્ષગામી છે. તેથી પૂર્વપુણ્યના સંચયથી ભરપુર છે. તેના સંસર્ગથી બીજા ચંડાળોને તેના પુણ્યનો લાભ મળે છે. બ્રાહ્મણો તેઓને પોતાનામાં ભેળવતાં નથી. પરંતુ એક જુદીજ જાત તરીકે જાહેર કરવાનો રસ્તો કાઢે છે. તેથી તે પ્રમાણે તેઓને બ્રાહ્મણ તરીકે ઠરાવે છે. પણ જાતિ જુદી પાડે છે. વળી આકાશમાંથી દિવ્ય અગ્નિકણો રાજાના પુણ્ય પ્રભાવથી વર્ષે છે. એટલે પુણ્ય પ્રભાવ સાબિત થતાં બ્રાહ્મણોને વાંધો લેવાનું કારણ રહેતું નથી. વળી સંસ્કાર શુદ્ધિથી બ્રાહ્મણ કરવાના હોવાથી સંસ્કાર શુદ્ધિ ન થાય ત્યાં સુધી ચંડાળ તરીકે તેઓ રહે જ છે. અને તે વાત રાજાને પણ સમ્મત છે. સારાંશ કે-આ આખા પ્રસંગથી આર્યોની વર્ણકર્મ વ્યવસ્થાને હરકત આવતી નથી. પરંતુ ઉલ્ટી રીતે એ વ્યવસ્થાની મજબૂતી સાબિત થાય છે. તેમજ

તે કાળે પણ ચંડાળ જાતિ વિદ્યમાન હતી. એવો ઐતિહાસિક પુરાવો મળે છે. આર્ય સંસ્કૃતિ–સંસ્કારથી શુધ્ધ થવા સામે વાંધો લેતી જ નથી. સંસ્કારોથી શુદ્ધિનું ધોરણ આર્ય સંસ્કૃતિના વિધાયક ગ્રંથોમાં બતાવેલ હોય છે. તેના કોઈ પણ ઘટતા પ્રકારે સંસ્કારથી શુધ્ધિ કરી શકાય છે. વળી જ્યારે જ્યારે અંત્યજાદિ હલકી જાતિની કોઈ પણ વ્યક્તિ આગળ આવવા જાય કે તુરત તેને બ્રાહ્મણો આગળ આવતી રોકે છે. કારણ કે–પ્રજા વ્યવસ્થાના ધોરણ પ્રમાણે તેઓની તેમ કરવાની ફરજ છે. પરંતુ જ્યારે તે વ્યક્તિ દિવ્ય પુરૂષ તરીકે, પુણ્યવાન તરીકે, મહાન આધ્યાત્મિક પવિત્ર પુરૂષ તરીકે સાબિત થઈ ચૂકે છે. કસોટીમાંથી પસાર થઈ ચૂકે છે ત્યાર પછી તેની સામે વાંધો ઉભો ન રાખતાં, આર્ય મર્યાદાને અડચણ ન પડે, તેટલી જ મર્યાદામાં રહીને તેને કબુલ રાખે છે અને તેને પવિત્ર વ્યક્તિ માનવા સામે વાંધો લેતા નથી. અર્થાત્ પરીક્ષામાંથી પસાર કરે છે હા, પ્રથમ તો સામનો કરે જ છે. જો તેમ ન કરે તો વ્યવસ્થા ન રહે: દરેક ખોટી રીતે વ્યવસ્થા બગાડી મૂકે. પરીક્ષામાંથી અને આકરી કસોટીમાંથી પાસ થયા પછી તેને મહાન પુરૂષ તરીકે, પવિત્ર પુરૂષ તરીકે સ્વીકારવામાં બ્રાહ્મણોએ કયાંય વાંધો લીધો નથી. આખી આર્ય સંસ્કૃતિનો ઇતિહાસ તપાસી કાઢો આજે તો તેવા કોઇ પણ દિવ્ય પ્રસંગ વિના, સંસ્કાર શુધ્ધિના પ્રકાર વિના, અંત્યજ સ્પર્શાદિકે ધોરણ વગરના છે. પરંતુ રાજ્ય સત્તાના દબાણને લીધે પ્રજાને તે ચલાવી દેવું પડે છે. કારણ કે પ્રથમ તો માત્ર સ્પર્શની જ વાત ગાંધીજી વિગેરે દેશ નાયકો કરતા હતા. હવે તો મંદિરમાં પેસવા દેવાનું કાયદાથી દબાણ કરવામાં આવ્યું છે. અને હવે પછી–હોટલોમાં સાથે ખાવા વિગેરેની ફરજ પાડતા કાયદા અમલમાં લાવવા રાજ્ય સત્તા તૈયાર થયેલ છે. ] રાજાને બ્રાહ્મણોએ મંત્રપૂર્વક અભિષેક કર્યો. પેલો બ્રાહ્મણ ગામ માગવા આવ્યો. તેને દધિવાહન રાજા પાસે ગામ લેવા મોકલ્યો. રાજાને ક્રોધ ચડયો ને કહ્યું કે–" એ ઉધ્ધત ચંડાળ રાજા પાસેથી જીતીને તને ગામ અપાવીશ " રાજાએ યુદ્ધની તૈયારી કરી ત્યાં તો કરકંડુ એ આવીને ઘેરો ઘાલવાની તૈયારી કરી. આ વાતની પદ્માવતી સાધ્વીને ખબર પડી. વીંટીના અભિજ્ઞાનથી કરકંડુને પોતાનો અને દધિવાહન રાજાનો પુત્ર હોવાની જાણ કરી. તે જ પ્રમાણે રાજાને પણ સમજ પાડી. બન્નેયને સાથે મેળવ્યા. રાજાએ રાજ્ય કરકંડુને સોંપી દીક્ષા લીધી કરકંડુને ગોકુળો પાળવાનો શોખ હતો. તે પ્રમાણે ગોકુળો પાળતાં એક રૂપાળા અને બળવાન સાંઢ ઉપર તેને ઘણી પ્રીતિ હતી. પરંતુ તે વૃદ્ધાવસ્થા પામી મરી જવાથી તેને જોઈને તેને વૈરાગ્ય થયો અને પ્રત્યેક બુદ્ધ થઈ દીક્ષા લીધી ને ઉત્તમ ચારિત્ર પાળી મોક્ષમાં ગયા.

**૧૯–૨૦ હલ્લ–વિહલ્લ—**

આ બન્નેય શ્રેણિક રાજાના નાના પુત્રો હતા. રાજાએ તેઓને પોતાનો સેચનક હાથી ભેટ આપ્યો હતો. શ્રેણિકના ગાદી પતિ પુત્ર કોણિકે પોતાની પદ્માવતી નામની

પત્નીના આગ્રહથી તે હાથી માંગ્યો. પરંતુ બન્ને ભાઇઓએ તે આપ્યો નહિ અને નાસીને પોતાના મોસાળમાં ચેડા રાજાને ત્યાં ચાલ્યા ગયા. કોણિકે ચેડા રાજાની વિશાળ નગરીને ઘેરો ઘાલ્યો. રાજાએ દરવાજા બંધ કરાવ્યા. સેચનક પર બેસીને રાત્રે બન્નેય ભાઈઓ કોણિકના સૈન્યનો ઘાણ કાઢી નાંખતા હતાં. તેથી ગભરાઇને કોણિકે પોતાના લશ્કરની આજુબાજુ એક ખાઈ કરાવી. તેમાં અંગારા ભરાવ્યા. રાત્રે હાથી સહિત ભાઇઓ આવ્યા પણ સેચનક વિભંગ જ્ઞાનને લીધે તેમાં ન ઉતર્યો ત્યારે તેઓએ તેનો તિરસ્કાર કર્યો. એટલે હાથીએ બન્ને ભાઇઓને નીચે ઉતારી નાખ્યાં ને પોતે ખાઈમાં પડી મરણ પામ્યો. બન્ને ભાઈઓને વૈરાગ્ય થયો. શાસન દેવતાએ પ્રભુ મહાવીર દેવ પાસે તેમને મૂકયા ત્યાં વ્રત પાળી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

## ૨૧. સુદર્શન શેઠ–

ચંપાપુરીમાં રણસિંહ રાજાના પુત્ર દધિવાહનના રાજ્યકાળમાં અર્હદ્દાસના ધર્મ-પત્ની અર્હદ્દાસીની કુક્ષિથી સુદર્શન શેઠનો શુભ સ્વપ્નથી સૂચિત જન્મ થયો હતો. તેને મનોરમા નામે શ્રાવક ધર્મ નિષ્ણાત પત્ની હતી. શેઠ પિતા કરતાંયે ધર્મની દઢતામાં આગળ વધી ગયા હતા. તેના કપિલ નામના મિત્રની સ્ત્રી કપિલાએ કપટથી એકાંતમાં બોલાવીને પોતાની સાથે વિષય ભોગ ભોગવવા શેઠની પાસે માંગણી કરી. ઘણી ચેષ્ટાઓ કરી, પણ શેઠ ચલિત ન થયા અને કહ્યું કે, "તું છેતરાણી છે. હું તો નપુંસક છું. કોઈને આ વાત કહીશ નહીં." ત્યારે કપિલાએ કહ્યું કે હું નહીં કહું પણ તમે ય આ મારી વાત કોઈને ન કહેશો. એક વખત બહાર ઉજાણીને વખતે શેઠના છ પુત્રો જોઈ કપિલાએ રાજાની અભયારાણીને તે વિષે પૂછયું. રાણીએ "શેઠના પુત્રો છે." એમ ખાત્રીપૂર્વક કહ્યું. કપિલાએ કહ્યું કે, "તે તો નપુંસક હોવાનો ડોળ કરે છે માટે જો તમે તેને વશ કરો તો તમે ખરા." રાણીએ કહ્યું કે, "જો જે હું એને અવશ્ય વશ કરીશ." વળી એક દિવસે શહેર આખું ઉજાણી કરવા બહાર ગયું. રાણી માથું દુખવાનો ઢોંગ કરી મહેલમાં રહી. શેઠ તો પોતાને ઘેર કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા. પંડિતા દાસી યક્ષની મૂર્તિને રથમાં બેસાડીને રાજમહેલમાંથી દેવ મંદિરે લઈ ગઈ. તેને બદલે કાઉસગ્ગ ધ્યાને રહેલા શેઠને ઉપાડીને રથમાં લાવી. રાણીએ ઘણી ઘણી ચેષ્ટાઓ કરી. તથા ધમકીઓ આપી. પણ શેઠ ધ્યાનમાં જ રહ્યા. છેવટે તેણે પોતાની આબરૂ લેવા આવનારને પકડવા બૂમાબૂમ કરી મૂકી. શેઠને રાજસુભટો એ પકડયા. રાજા પાસે ન્યાય થયો. શેઠ કાઉસગ્ગમાં જ રહ્યા. ને તેને શૂળીએ ચઢાવવા લઈ જવામાં આવ્યા. અહીં પતિનું મંગળ થાય ત્યાં સુધી મનોરમા શ્રાવિકા કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યાં શેઠને શૂળી ઉપર ચડાવ્યા, ને શૂળીને સિંહાસનના રૂપમાં શાસનદેવે ફેરવી નાંખી. રાજા

ચમત્કાર પામ્યો. ક્ષમા માંગી. શેઠના શિયળનો મહિમા ગવાયો. બન્નેયે વ્રત લીધું અને દંપતી મોક્ષમાં ગયાં.

## ૨૨-૨૩. શાલ-મહાશાલમુનિ-

પૃષ્ઠ ચંપા નગરીમાં શાલ નામે રાજા રાજ્ય કરતા હતા. તેના નાના ભાઈ મહાશાલ યુવરાજ હતા. કાંપિલ્યપુરના પીઠ રાજા વેરે પોતાની યશોમતી બહેનને પરણાવેલ હતી. તેને ગાંગિલ નામે પુત્ર હતો. પ્રભુ મહાવીર દેવની ધર્મ દેશનાથી બન્ને ભાઈઓએ બોધ પામી દીક્ષા લીધી અને ગાંગિલને રાજ્ય આપ્યું. એક વખત તેને પ્રતિબોધવા શ્રી ગૌતમ સ્વામી સાથે તેઓ પૃષ્ઠ ચંપાએ આવ્યા. પ્રતિબોધ આપવાથી ગાંગિલ-પીઠ તથા યશોમતી બોધ પામ્યાં અને દીક્ષા લીધી. રસ્તામાં ભાવના ભાવતાં તેઓને કેવળ જ્ઞાન થયું. પ્રભુ વીર પરમાત્માની પાસે આવી પ્રદક્ષિણા દઈ કેવળી પર્ષદામાં બેસવા જતાં શ્રી ગૌતમ સ્વામીએ તેમને રોકયા. પ્રભુએ તેમ કરતાં કેવળીની આશાતના જણાવી શ્રી ગૌતમ સ્વામી સ્થિર થઇ ગયા. પ્રભુએ કહ્યું કે-"તમને પણ કેવળ જ્ઞાન થશે. શ્રી અષ્ટાપદ તીર્થની યાત્રા કરો." ગૌતમ સ્વામીએ તેમ કર્યું ને ત્યાં પંદરસો ને ત્રણ તાપસોને પ્રતિબોધ આપ્યો. તેઓ પણ કેવળ જ્ઞાન પામી કેવળીની પર્ષદામાં ગયા. અનુક્રમે શાલ-મહાશાલ વિગેરે આયુષ્ય પૂર્ણ થયે મોક્ષ પામ્યા.

## ૨૪. શાલિભદ્ર-

રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠના ભદ્રા નામે પત્નીથી જન્મ પામેલા શાલિભદ્ર-કુમાર ૩૨ પત્નીઓના સ્વામી હતા. ગોભદ્ર શેઠે પ્રભુ-મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી. ઉત્તમ સંયમ પાળી, મૃત્યુ પામી સ્વર્ગમાં દેવ થયા. તે પુત્ર ઉપરના પ્રેમના લીધે દર-રોજ દિવ્ય આભૂષણો વિગેરે મોકલીને દેવ જેવું સુખ આપતા હતા. રત્નકંબલના વેપારી પાસેથી શ્રેણિક-રાજા બહુમૂલ્ય સમજીને જે ન ખરીદી શકયા તેવી ૧૬ રત્ન-કંબલો ભદ્રા શેઠાણીએ ખરીદી, ને તેના બબ્બે કકડા કરી દરેક વહુને વાપરવા આપી દીધેલા. તેઓએ નાહીને તે હાથ-પગ લુછી કાઢી નાખેલા. જ્યારે ચેલ્લણા રાણીના આગ્રહથી રાજાએ વેપારી પાસે રત્નકંબલો માગી ત્યારે તેણે વેચી દીધાનું જણાવ્યું. રાજાએ ભદ્રા પાસે માંગણી કરાવી ત્યારે તેણે ઉપરની સ્થિતિ જણાવી. "છતાં જરૂર હોય તો એ કકડા મોકલી આપું." રાજાને આશ્ચર્ય થયું, અને ભદ્રાને બોલાવીને શાલિભદ્રને મળવાની ઈચ્છા બતાવી. "શાલિભદ્ર આપની પાસે આવી શકશે નહીં! પણ આપ પધારો." રાજાએ આવવાની ઈચ્છા બતાવી. ત્યારે ગોભદ્રના જીવ દેવ મારફત આખો રસ્તો વિવિધ પ્રકારે શણગારાવ્યો. રાજાને ચોથા માળે સિંહાસન ઉપર

બેસાર્યા; ને શાલિભદ્રને તેડવા માતા ગયા, ને કહ્યું, 'બેટા નીચે આવો, શ્રેણિક પધાર્યા છે. " ત્યારે શાલિભદ્રે કહ્યું કે, "માતા! તેમાં મારૂં શું કામ છે? તેને વખારે નંખાવો." માતાએ કહ્યું કે, "બેટા! એ કરિયાણું નથી. પણ આપણા શહેરના રાજા આપણા ઘેર પધાર્યા છે, તેને મળવા ચાલો." શાલિભદ્ર નીચે ઉતર્યા. પણ તેમને આશ્ચર્ય થયું કે-વળી મારે માથે પણ સ્વામી છે કે? રાજાએ તેને ખોળામાં બેસાર્યા. પણ સુકુમારતાને લીધે તેને પરસેવો થઈ આવ્યો ત્યારે ભદ્રાના કહેવાથી તેને છુટા કરી ઉપર જવા દીધા. શ્રેણિકે ત્યાં સ્નાન કર્યું. સ્નાન કરતાં વીંટી ખાળમાંથી ખાળકૂવામાં જઇ પડી. દાસીઓએ ખાળકૂવામાંથી અનેક વીંટીઓ કાઢીને બતાવી. તેની આગળ ઠીકરા જેવી લાગતી પોતાની રત્નજડિત વીંટી તેમણે શોધી લીધી; બીજી વીંટીઓ વિષે પૂછતાં ખુલાસો કરવામાં આવ્યો કે- " આવી વીંટીઓ દેવલોકમાંથી રોજ આવે છે 'અને શાલિભદ્ર શેઠની પત્નીઓ રોજ કાઢી નાંખે છે; ને નવી આવેલી પહેરે છે." રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. પછી દિવ્ય ભોજન સપરિવાર જમી ભદ્રા શેઠાણીનો સત્કાર પામી રાજા સ્વસ્થાને ગયા. આ તરફ સ્વાતંત્ર્ય ઈચ્છતા શાલિભદ્ર શ્રી ધર્મઘોષસૂરીશ્વર પાસે જઈ ધર્મ દેશના સાંભળી, વૈરાગ્ય પામી દીક્ષા લેવાની ઈચ્છાથી રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરવા લાગ્યા. તેજ શહેરમાં ધન્ય શેઠને આઠ સ્ત્રીઓ હતી. તેમાંની એક શાલિભદ્રના બહેન હતાં. પતિના માથામાં તેલ નાખતી વખતે તેની આંખમાંથી પડેલું આંસુ ધન્ય શેઠના ખભા ઉપર પડયું. તે ઉપરથી શેઠે રૂદનનું કારણ પૂછયું. ત્યારે દીક્ષા લેવાની ઈચ્છાવાળા તેના ભાઈની-રોજ એક એક સ્ત્રી તજવાની-વાત કહી. શેઠે કહ્યું કે-"તે કાયર છે. રોજ એક એક તજવાની શી જરૂર છે? ત્યારે તેની પત્નીએ કહ્યું કે, "કહેવું સહેલું છે, કરવું દોહ્યલું છે." શેઠે કહ્યું કે-"ત્યારે આ કરી બતાવ્યું." કહી દીક્ષા લેવા નીકળ્યા. આઠે સ્ત્રીઓએ ઘણું સમજાવ્યા, છતાં પાછા ન વળ્યા અને સ્ત્રીઓએ પણ દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. શાલિભદ્ર પાસે આવી કહ્યું કે, "આમ કાયરની માફક એક એક સ્ત્રીનો શું ત્યાગ કરે છે? મેં તો એકી સાથે આઠે ય તજી દીધી છે. તેવામાં પરમાત્મા-મહાવીર દેવ તે નગરમાં સમોસર્યા. ત્યાં જઈ બન્નેએ દીક્ષા લીધી. આગમાભ્યાસ કર્યો, અને બહુશ્રુત થયા. અન્ય વિહાર કરતાં કરતાં ફરીથી બન્નેય પ્રભુની સાથે જ રાજગૃહમાં આવ્યા. પ્રભુને પૂછી ભિક્ષા માટે નીકળ્યા. પ્રભુએ કહ્યું કે— "આજે શાલિભદ્રની માતાને હાથે પારણું થશે. ફરતા ફરતા ભદ્રા શેઠાણીને ત્યાં આવ્યા. પણ ભદ્રા તો વ્યગ્ર હોવાથી ઓળખી શકયા નહીં. તેથી મુનિઓ પાછા ફર્યા. પણ રસ્તામાં એક વૃદ્ધ ડોશીએ દહીં વહોરાવ્યું. તે લઈ બન્ને ય આવ્યા, અને પ્રભુને સંશય પૂછયો. પ્રભુએ કહ્યું કે—"એ તારી પૂર્વ ભવની માતા જ છે. સાંભળ શાલિગ્રામમાં ધન્ય નામની વિધવા સ્ત્રીનો સંગમ નામે તું પુત્ર હતો. તને ખીર ખાવાનું મન થયું. તેથી ચાર પાડોશણોએ દૂધ, ચોખા, સાકર, ઘી આપ્યાં. તેમાંથી તને ખીર

કરી આપી, ને પોતે પાડોશીને ઘેર જઈ બેઠી. તેવામાં માસખમણના તપસ્વી મુનિ આવ્યા. પોતે ખાવા માટે લીધેલી ખીર તેમને વહોરાવી દીધી ને ઘણો હર્ષ પામ્યા. મુનિ ગયા. તારી માતાએ પાછા આવીને બાકીની ખીર તને ભૂખ્યો જાણીને આપી. તું તે ધરાઇને ખાઇ ગયો. તેથી અજીર્ણ થવાથી તું મૃત્યુ પામ્યો અને મુનિદાનના મહિમાથી શાલિભદ્ર થયો. તે તારી માતા હજુ જીવતી હતી જેણે તને દહીં વહોરાવ્યું. પ્રભુના આવા વચનો સાંભળી આનંદથી પારણું કર્યું. પછી ત્યાંથી આજ્ઞા લઈ વૈભારગિરિ ઉપર અનશન લઇ કાઉસગ્ગ ધ્યાને ઉભા રહ્યા. ભદ્રાએ આવી ઘણી વિનંતિ કરી. શ્રેણિકે સમજાવ્યા. પણ તેઓ ધ્યાનમાં જ મગ્ન રહ્યા, ને સામું પણ ન જોયું બન્ને મરણ પામી. સવાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ભદ્રાએ પણ દીક્ષા લીધી. ને સ્વર્ગમાં ગયા. ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે.

## ૨૫. ભદ્રબાહુ-સ્વામી-

મૂળમાં ભદ્ર શબ્દ છે. તેનો અર્થ ભદ્રબાહુ સ્વામી છે. ભદ્રબાહુ સ્વામીનો કેટલોક સંબંધ સ્થૂલભદ્ર સ્વામીના ચારિત્રમાં આવી ગયેલ છે. ત્યાં પૂર્વ અને ઉત્તર દેશના વિહારના પ્રસંગો છે. ત્યારે અહીં મોટે ભાગે વરાહમિહિર સાથેનો સંબંધ વધુ વર્ણવાયો છે અને દક્ષિણ દેશના વિહારના પ્રસંગો છે. બન્નેય કથાના પ્રસ્થાન જુદા પડી જતા જણાય છે. દક્ષિણમાં આવેલા પ્રતિષ્ઠાન (પેંઠ) નગરમાં ભદ્રબાહુ અને વરાહ નામના બે ગરીબ બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. શ્રી યશોભદ્રાચાર્ય વિચરતાં વિચરતાં ત્યાં આવ્યા. તેમની દેશના સાંભળી બન્નેય ભાઈઓએ દીક્ષા લીધી, ભદ્રબાહુ અનુક્રમે ચૌદપૂર્વધર થયા અને આચાર્ય થઈ દશ નિર્યુક્તિઓ રચી. તથા ભદ્રબાહવી સંહિતા નામે ગ્રંથ રચ્યો. શ્રી યશોભદ્રસૂરિ સ્વર્ગે ગયા. તે વખતે દશપૂર્વધર સંભૂતિવિજય આચાર્ય મહારાજ પણ વિચરતા હતા. તેઓ બન્નેય સાથે સ્નેહથી વિચરતા હતા. વરાહ મુનિએ આચાર્યપદની માગણી કરી. પરંતુ અહંકારી ધારીને યોગ્યતા વિના તે પદ આપવા ભદ્રબાહુ સ્વામીએ ના કહી, જે તેને ન ગમતાં દીક્ષા છોડી, તેણે બ્રાહ્મણનો વેષ પાછો ધારણ કર્યો. ને વારાહી સંહિતા વિગેરે નવા ગ્રંથો લખ્યા. જ્યોતિષમાં વરાહમિહિરનું કથન ઘણીવાર ખોટું પાડી, ભદ્રબાહુ સ્વામીએ સાચું કહેવાથી પ્રતિષ્ઠાનના રાજા જિતશત્રુ જૈન ધર્મનો રાગી થયો હતો, અને વરાહમિહિરનું માન ઘટી ગયું હતું. આ દ્વેષથી તાપસ થઇ મરીને વ્યંતર થઈ તેણે સંઘને કષ્ટ દેવા માંડયું. આ બાબત ગુરૂ સમજતા હતા. તેથી સંઘને આશ્વાસન આપ્યું અને ઉવસગ્ગહર સ્તોત્ર બનાવીને કષ્ટ પ્રસંગે પાઠ કરવાથી વ્યંતરના ઉપસર્ગો શ્રી. સંઘને અસર કરી શક્યા નહીં. "સૂર્યે મને આખું જ્યોતિષ ચક્ર પ્રત્યક્ષ બતાવ્યું છે. મિહિર એટલે

સૂર્ય. મારા ઉપર પ્રસન્ન છે.” એ રીતે વરાહે પોતાની ખ્યાતિ કરેલી હોવાથી તેનું નામ વરાહમિહિર તરીકે પ્રસિદ્ધ થયેલ છે.

## ૨૬. દશાર્ણભદ્રરાજા-

દશાર્ણપુરના જૈન ધર્મી દશાર્ણભદ્ર નામે ન્યાયી રાજા રાજ્ય કરતા હતા. એક વખત શ્રી વીર પરમાત્મા ત્યાં સમોસર્યાના ખબર ઉદ્યાનપાલકે આપ્યા. એટલે સાત-આઠ ડગલાં આગળ ચાલી, તેણે પ્રભુની સ્તુતિ કરી. ને પછી પ્રભુને વંદન કરવા જવા અનેક પ્રકારની ઋદ્ધિ સાથે નગરમાંથી નીકળી પ્રભુને વંદન કર્યું. અઢાર હજાર હાથી, ચાલીશ લાખ ઘોડા, એકવીશ હજાર રથ, એકાણું કોટિ પાયદળ, સોળ હજાર ધ્વજા, પાંચસો મેઘાડંબર, છત્ર, સુખાસને બેઠેલી પાંચસો રૂપવતી રાણીઓ, આભૂષણોથી સજ્જ સામંતો, મંત્રીઓ વિગેરે સાથે લીધા. આ ઋદ્ધિ ઉપરથી મનમાં ચિંતવ્યું કે, “મને ધન્ય છે. કોઈ ન વાંદે તેવી રીતે હું આટલી બધી ઋદ્ધિથી પ્રભુને વાંદીશ.” આ પ્રમાણેનો ગર્વ અવધિ-જ્ઞાનથી સૌધર્મ ઇંદ્રે જાણી તે તોડવા નીચે પ્રમાણેનો ઠાઠ ગોઠવીને પ્રભુને વાંદવા આવ્યા. ચોસઠ હજાર હાથી વીકુર્વ્યા. એક એક હાથીને પાંચસોને બાર બાર મુખ કર્યા. એક એક મુખે આઠ આઠ દંતૂશળ કર્યા. એક એક દંતૂશળે આઠ આઠ વાવ્યો ગોઠવી, વાવ્યે વાવ્યે આઠ આઠ કમળ, દરેક કમળે એક એક કર્ણિકા, એક એક કર્ણિકા ઉપર સિંહાસન ગોઠવી, તેના ઉપર પોતે આઠ આઠ અગ્ર મહિષીઓ સાથે બેઠા. એક એક કમળને લાખ લાખ પાંદડાં વિકુર્વ્યાં. દરેક પત્ર ઉપર બત્રીસ દેવ—દેવીઓ બત્રીસ પ્રકારના નાટય રંગ કરવા લાગ્યા. આ જોઇ દશાર્ણભદ્ર રાજા તો દંગ થઈ ગયા, ને પોતાનો ગર્વ ઉતરી ગયો. છતાં ઇન્દ્રથી ચડિયાતા થવા પોતે ત્યાં જ પ્રભુ પાસે દીક્ષા લીધી. ઇંન્દ્ર હાર્યા. વંદન સ્તુતિ કરી. પોતાને સ્થાનકે ગયા. દશાર્ણ મુનિ કર્મ ક્ષય કરી મોક્ષમાં ગયા. ઇંદ્ર જે વખતે આકાશમાંથી હાથી સાથે ઉતર્યા ત્યારે હાથીએ આગલા બે પગ વાળ્યા, અને જમીનમાં ખૂંચ્યા તે સ્થળ ગજપદ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું છે.

## ૨૭. પ્રસન્નચંદ્ર-રાજર્ષિ-

પોતનપુરના સોમચંદ્ર અને ધારિણી રાણી પ્રસન્નચંદ્ર પુત્રને રાજ્ય સોંપી વૃદ્ધાવસ્થામાં તાપસાશ્રમની દીક્ષા લઈ તપોવનમાં રહ્યા. ધારિણી સગર્ભા હોવાથી, તેને ત્યાં બાળક જન્મ્યો. તે વલ્કલોના ચીવર ( વસ્ત્ર )માં વીંટાઈને ઉછર્યો હોવાથી તેનું નામ વલ્કલચીરી પાડ્યું. ધારિણી પ્રસૂતિની વેદનાથી મરણ પામી. વલ્કલચીરી મોટો થયો પણ લોક વ્યવહારથી તદ્દન અજાણ હતો. આ તરફ રાજાને પોતાના ભાઈને મળવાની ઈચ્છા થઈ. વેશ્યાઓ મારફતે તેને લાવવાની ગોઠવણ કરી. વેશ્યાઓ સિંહ કેશરીયા લાડુ, પકવાન

વિગેરે મીઠાઇઓ લઇ વનમાં ગઈ. વલ્કલચીરીને સામો આવતો જોઈ તેઓ તેની સામે ચાલી એટલે "હે તાપસો ! આપને હું અભિવાદન કરૂં છું" કહી પ્રણામ કર્યા, ને પૂછયું, "આપ કયા તપોવનના વાસી છે ? લો આ વનફળો આરોગો. અતિથિ સત્કાર આશ્રમવાસીઓનો ધર્મ છે." વેશ્યાઓએ કહ્યું. "અમો પોતનપુર આશ્રમના વાસી છીએ અમને તમારાં ફળ ભાવતાં નથી. જુઓ આ અમારાં ફળો." કહી પેલા લાડુ બતાવ્યા ને તે તેને ખવડાવ્યા. તે તેને મીઠાં લાગ્યાં. પછી વેશ્યાઓએ તેને પોતાના અંગોનો સ્પર્શ કરાવ્યો. સ્તન સ્પર્શ કરતાં તેણે પૂછયું, "આ બે ઉપસેલા તમારા શરીરમાં નવીન ભાગો શાના છે ?" વેશ્યાઓએ કહ્યું કે-"પોતનાશ્રમમાં આવા મીઠાં ફળો ખાવાથી આવા બે ભાગો ઉપસી આવે છે. તમારી ઇચ્છા હોય તો ચાલો ત્યાં." ત્યારે વલ્કલચીરી પોતાની પાસેની તાપસાશ્રમ યોગ્ય ચીજો કયાંક મૂકી, સાથે આવવાની તૈયારી બતાવી. તેવામાં સોમચંદ્ર તાપસને આવતા જોઈ શ્રાપના ભયથી વેશ્યાઓ નાસીને પોતનપુરમાં આવી. રાજાને ખબર આપી કે, "અમો તો ભયથી નાસી આવી પણ તમારા ભાઈ અમારી લાલચથી ખેંચાઈને આવશે ખરા." રાજા વિશેષ ઉદ્વિગ્ન રહેવા લાગ્યા. આ વલ્કલચીરી બધી વસ્તુઓ છુપાવીને પોતનપુર તરફના રસ્તા તરફ ચાલ્યો. રસ્તામાં એક ગાડાવાળો મળ્યો. તેણે તેને ગાડામાં બેસવા દીધો તેમાં તેની સ્ત્રી બેઠી હતી. તેને તાપસ સમજીને તેણે પ્રણામ કર્યા. ત્યારે તે દંપતી વિચારમાં પડયા કે, "આ મુનિકુમાર સ્ત્રી-પુરૂષના ભેદથી તદ્દન અજાણ લાગે છે." રસ્તામાં એક ચોરને મારીને ગાડીવાળો તેનું ધન લઈ ગાડામાં ભર્યું. છેવટે બધા પોતનપુર આવ્યા. તેને ગાડેથી ઉતારી ગાડાવાળો પોતાને ઘેર ગયો. વલ્કલચીરી દરેક ઠેકાણે તાપસના નિયમ પ્રમાણે જે જે મળે તેને અભિવાદન કરતો ફર્યા કરે છે. તેમ કરતાં તે વેશ્યાવાડે જઈ ચડયો. વેશ્યાએ તેની હજામત વિગેરે કરાવી નિમિત્ત જ્ઞાનીની સૂચના પ્રમાણે મળી આવેલા પુરૂષ સાથે પોતાની પુત્રી પરણાવી દીધી ને વાજીંત્રો વગડાવ્યા. આ સાંભળી રાજાને ક્રોધ ચડયો કે, "હું ઉદ્વિગ્ન હોવાથી જયારે મેં વાજીંત્રો બંધ કરાવ્યા છે, છતાં રાજાજ્ઞાનો અનાદર કરીને કોણ આ વાજીંત્રો વગાડાવે છે ? તપાસ કરતાં વેશ્યા પકડાઈ તેને ત્યાં જેના લગ્ન થયાં, તે પોતાનો ભાઈ જાણીને વેશ્યાને ઠપકો આપ્યો ને નીચ કૂળની કન્યા સાથે પોતાના ભાઈને પરણાંવ્યો તે જાણી રાજા વિચારમાં પડી ગયો. પરંતુ, નિમિત્તના કહેવાથી સહજરીતે જ આમ બન્યું છે. વળી આ કન્યા પણ કોઈ પુણ્યવતી હોવી જોઈએ તથા ઉતરતા કૂળમાંથી પણ કન્યા રત્ન લેવામાં ખાસ વાંધો નથી." વિગેરે મંત્રીના સમજાવવાથી રાજાના મનનું સમાધાન થયું અને મહોત્સવપૂર્વક તે દંપતીને રાજમહેલે લાવ્યા. ચતુર પુરૂષની સોબતથી તેને લોક વ્યવહારનું સારી રીતે જ્ઞાન કરાવ્યું તથા બીજી પણ ઘણી કન્યાઓ પરણાવી અને યૌવરાજ પદ આપ્યું. એમ સુખ ભોગવતાં બાર વર્ષ વીતી ગયાં

ત્યારે તેને પિતૃભક્તિ યાદ આવી અને મોટાભાઈ પાસે રજા માંગી. બન્ને ભાઈઓ પિતાને મળવા આવ્યા. સોમચંદ્ર રાજર્ષિ પુત્ર વિયોગથી દુ:ખી થયા હતા. તેની આંખે પડળ આવ્યા હતાં. પરંતુ પ્રસન્નચંદ્રના કહેવરાવવાથી પાછળથી સંતોષમાં દિવસો ગાળતા હતા. આ વખતે પુત્ર મળવાથી હર્ષાશ્રુથી તેની આંખના પડળ ખુલી ગયાં અને પુત્રોને જોઈ હર્ષ પામ્યા. વલ્કલચીરી જઈ પોતાના મૂકેલા વાસણો વિગેરે ઉપરથી ખેસથી ધૂળ ખંખેરવાં લાગ્યા. એમ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વભવે આરાધેલ સંયમ યાદ આવ્યો. એમ ઉહાપોહ કરતાં છેવટે તેને કેવળ જ્ઞાન થયું. દેવો આવ્યા, વેશ આપ્યો સુવર્ણ કમળ નિપજાવ્યું એટલે સ્વયં બુદ્ધ કેવળી ભગવંતે દેશના આપી. રાજા તથા સોમચંદ્ર તાપસને વીતરાગ ધર્મનો બોધ થયો; ને સોમચંદ્ર તાપસે દીક્ષા લીધી. તેવામાં શ્રી વીરપરમાત્મા ત્યાં પોતનપુરના મનોહર ઉદ્યાનમાં સમોસર્યા. વલ્કલચીરી કેવળી ભગવંત વિગેરે પ્રભુને વંદન કરવા ગયા ત્યાં પ્રભુને પ્રદક્ષિણા દઇ કેવળી ભગવંતોને વંદન કરી કેવળીની પર્ષદામાં દાખલ થયા. સોમચંદ્ર મુનિને ક્રિયા વ્યવહાર શીખવવા બીજા સ્થવિરો પાસે મૂક્યા. પ્રભુની દેશનાથી પ્રસન્નચંદ્રને પણ વૈરાગ્ય થયો, તેથી નાના બાળકને રાજ્ય સોંપી તેમણે દીક્ષા લીધી. દશપૂર્વી થયા. કર્મ ક્ષય નિમિત્તે પર્વત ગુફાઓ વિગેરેમાં એકલા કાઉસગ્ગ ધ્યાને રહી કર્મ નિર્જરા કરતા હતા. એક વખત તેઓ રાજગૃહી નગરીની પાસેના વનમાં કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા છે અને તે દિવસે પ્રભુ મહાવીર પરમાત્મા વૈભારગિરિ ઉપર સમોસર્યા. તેને વાંદવા શ્રેણિક રાજા સપરિવાર ગયા. રસ્તામાં તેણે પ્રસન્નચંદ્ર મુનિને વંદના કરી પ્રભુ પાસે જઈ પૂછયું કે– "ધ્યાનમાં લીન પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાળ કરે તો કઈ ગતિમાં જાય ?" પ્રભુએ કહ્યું કે, "સાતમી નરકે જાય" થોડી વારે પૂછયું તો કહે "છઠ્ઠીએ જાય." ફરીથી પૂછતાં "પાંચમીએ જાય," એમ કરતાં ફરી ફરી પૂછતાં ' સર્વાર્થ સિદ્ધિ વિમાનમાં જાય." એવો જવાબ મળ્યો. આ વિવિધ જવાબથી શ્રેણિકને ઘણોજ વિસ્મય થયો. આ વિવિધ જવાબોનું કારણ પૂછવા જતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળ જ્ઞાન થયું. દેવ દુંદુભિ વાગ્યા અને દેવો કેવળ જ્ઞાનનો મહોત્સવ કરવા લાગ્યા. પ્રભુએ શ્રેણિકના પ્રશ્નનો ખુલાસો કર્યો કે, ' આ વિવિધ જવાબમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનમાં હતા, છતાં તેના અધ્યવસાયની પડતી અને ચડતી શ્રેણિ જ ખાસ કારણભૂત છે. તારા સૈનિકોની વાતચીત ઉપરથી "પોતાના બાળ પુત્ર ઉપર શત્રુઓ ચડી આવ્યા છે." એ સાંભળી તેને ક્રોધ ચડેલો, એટલે ધ્યાનમાં ને ધ્યાનમાં શત્રુઓ સાથે લડવા લાગ્યા. લડાઈના બધા સાધનો ખુટી ગયા. ધારી માથેથી લોખંડી ટોપ ઉપાડી શત્રુઓ ઉપર ફેંકવાના વિચારથી માથા ઉપર હાથ મૂકતાં માથું મુંડ થયેલું જાણી ' પોતે મુનિ છે ' એમ ખ્યાલ આવતાં તુરત જ પાછા શુભ ધ્યાનમાં એવા ચડી ગયા કે કેવળ જ્ઞાન પ્રાપ્ત

થયું. આ વાત સાંભળી શ્રેણિકે જઇ ફરીથી વંદન કર્યું. શ્રી પ્રસન્નચંદ્ર કેવળી બોધ દેતા વિચરવા લાગ્યા. પ્રાંતે આયુષ્ય ક્ષયે મોક્ષમાં ગયા.

## ૨૮. શ્રી યશોભદ્રસૂરિ-

શ્રી શય્યંભવસૂરિજી મહારાજ પાસે પાટલીપુત્રના યશોભદ્ર નામના બ્રાહ્મણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી, અને વિનયપૂર્વક ચારિત્ર પાળતાં તેઓ ચૌદપૂર્વના જ્ઞાતા થયા. તેમણે એક વખત દક્ષિણ દેશમાં વિહાર કર્યો. ત્યાં ઉપદેશ આપી, ભદ્રબાહુ અને વરાહ નામના બે બ્રાહ્મણભાઈઓને દીક્ષા આપી. ભદ્રબાહુ ચૌદ પૂર્વધર થયા. તેમને આચાર્ય પદ તથા સંઘનો ભાર સોંપી શ્રી શત્રુંજય ગિરિની યાત્રા કરી ગુરુ મૃત્યુ પામી સ્વર્ગે ગયા.

## ૨૯. જંબૂસ્વામી–

(૧) મગધદેશના સુગ્રામ નામના ગામમાં રાષ્ટ્રકૂટ અને રેવતીના પુત્ર તરીકે ભવદત્ત અને ભવદેવ નામના બે ભાઈઓ હતા. ભવદત્તે દીક્ષા લીધેલી. તેણે નાગિલાને પરણેલા ભવદેવને દીક્ષા આપી અને ભવદેવે ભાઈની શરમથી દીક્ષા લીધી. ભવદત્ત સ્વર્ગમાં ગયા. એટલે ભવદેવ નાગિલાને મળવા આવ્યા. નાગિલાએ પ્રતિબોધ આપવાથી મુનિ પાછા ગુરુ પાસે ગયા, અને પછી નિરતિચાર ચારિત્ર પાળી સૌધર્મ દેવલોકે ગયા.

(૨) સ્વર્ગમાંથી ભવદત્ત મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં વજ્રદત ચક્રવર્તીની યશોમતી રાણીના સાગરદત્ત પુત્ર થયા. હજાર કન્યાઓ સાથે ભોગ સુખ ભોગવતાં વાદળાં જોઈ વૈરાગ્ય પામવાથી તેમણે દીક્ષા લીધી. ભવદેવનો જીવ પણ સ્વર્ગથી ચ્યવીને તે જ વિજયમાં વીતશોકા નગરીમાં પદ્મરથ રાજાની વનમાળા પટ્ટરાણીના શિવકુમાર પુત્ર તરીકે ઉત્પન્ન થયા. એક વખત પોતાની સ્ત્રીઓ સાથે મહેલમાં બેઠા બેઠા દૂરથી કામ સમૃદ્ધ સાર્થવાહને ત્યાં સાગરદત્ત મુનિને વ્હોરતા દેખી તેને સાધુ ઉપર ભાવ થયો અને તેનો ઉપદેશ સાંભળવા ગયો. ત્યાં તેને વૈરાગ્ય થયો. પરંતુ ઘેર આવી માતા પિતાએ સમ્મતિ ન આપવાથી તે છઠ્ઠ છઠ્ઠનો તપ અને પારણે આયંબિલ કરી ધર્મની આરાધના કરતા હતા. દઢધર્મ શ્રાવકની સોબતમાં બાર વર્ષ આ રીતે ધર્મ પાળી બ્રહ્મદેવ લોકમાં વિદ્યુન્માલિ નામે દેવ થયા. એક વખત તે દેવ પોતાની ચાર દેવીઓ સાથે પ્રભુને વંદન કરવા આવેલ ત્યારે અન્ય દેવો કરતાં તેને તેજસ્વી જોઇ શ્રેણિકે પ્રભુને તેનું કારણ પૂછયું. પ્રભુએ તેના પૂર્વ જન્મની આરાધના અને હવે પછી "જંબૂકુમાર તરીકે છેલ્લા કેવળી થશે." વિગેરે વાત કહી અને વધુમાં ઉમેર્યું કે–"તેમના પછી મનઃપર્યાય જ્ઞાન, પરમાવિધિઃ, ક્ષપક. શ્રેણિઃ, ઉપશમ શ્રેણિઃ, પુલાક લબ્ધિઃ, આહારક લબ્ધિઃ, મોક્ષઃ, જિનકલ્પઃ, પરિહાર

વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત ચારિત્ર અને કેવળ જ્ઞાન, એ દસ પદાર્થનો વિચ્છેદ જશે. એક વખત રાજગૃહી નગરીના ઋષભદત્ત શેઠ પોતાની ધારિણી પત્ની સાથે શ્રી સુધર્મા સ્વામિને વંદન કરવા વૈભારગિરિ ઉપર ગયા. ત્યાં તેણીએ ગણધર ભગવંતને પોતાને પુત્ર થવા વિષે પૂછયું. ગણધર ભગવંતે કહ્યું કે, "જો કે અમો આવા સાવદ્ય પ્રશ્નોના જવાબ આપી શકતા નથી, તો પણ મહા પુણ્યનો લાભ થવાથી પરિણામે નિરવદ્ય હોવાથી કહીએ છીએ કે–એકસો આઠ આયંબિલ કરવાથી જંબૂ-વૃક્ષના સ્વપ્નથી સૂચિત પુત્ર થશે." ત્યાર પછી આયંબિલ કર્યા પછી વિદ્યુન્માલી દેવ ચ્યવીને ગર્ભપણે ઉત્પન્ન થયો અને જન્મ પછી તેનું નામ જંબૂકુમાર પાડયું. યુવાવસ્થામાં શ્રી સુધર્મા સ્વામિનો ઉપદેશ સાંભળી મનથી બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું, અને ત્યાંથી પાછા વળતાં શહેરમાં આવતાં શત્રુ સામે વાપરવાનાં મોટાં મોટાં યંત્રો દર-વાજામાં ગોઠવાતાં હતાં તે જોઈ, આયુષ્યનું ક્ષણભંગુરપણું વિચારી પાછા વળી ગણધર ભગવંત પાસે સ્પષ્ટ બ્રહ્મચર્ય ઉચ્ચર્યું, ને ઘેર આવી માતાપિતાની દીક્ષા માટે સમ્મતિ માગી. માતાના આગ્રહથી આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યું. રાત્રે તેઓને બોધ આપ્યો, અને વિન્ધ્યાચળમાં આવેલા જયપુરના પાટવી કુંવર પ્રભવ તે જ વખતે તે ઘરમાં ૫૦૦ ચોર સાથે ચોરી કરવા આવેલ, તે સઘળાને પ્રતિબોધ આપીને સવારે સાસુ, સસરા, સ્ત્રીઓ, માતા–પિતા સાથે કુલ ૫૨૭ પાંચસો સત્તાવીશ જણાએ શ્રી સુધર્મા ગણધર ભગવંત પાસે દીક્ષા લીધી. શ્રી વીર પ્રભુના નિર્વાણ બાદ દશમે વર્ષે જંબૂ-સ્વામિને આચાર્યપદ આપ્યું, ને વીશમે વર્ષે મોક્ષમાં ગયા. સુધર્મા સ્વામિ ગણધર ભગવંતના સર્વ આગમો જંબૂસ્વામિને ઉદ્દેશીને રચાયા છે. છેવટે, તેઓ છેલ્લા કેવળી થઈ પ્રભવસ્વામિને પોતાની પાટ સોંપીને પ્રભુ મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૬૪મે વર્ષે મોક્ષમાં ગયા.

## ૩૦. વંકચૂલકુમાર

વિરાટ દેશના પેઢાલપુર નગરમાં શ્રીચૂળ રાજાને પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામે પુત્ર–પુત્રી હતાં. પુષ્પચૂલ જુગારી, ચોર તથા મારફાડ કરનાર હોવાથી તેનું નામ વંકચૂલ જાહેર થયું. છેવટે તેના પિતાએ તેને પોતાની રાજધાનીમાંથી કાઢી મૂકયો. તે બહેન અને પત્નીની સાથે કોઈ પલ્લીમાં જઈને રહ્યો અને ત્યાંનો નાયક મરણ પામવાથી તે પલ્લીનો નાયક થયો, ને ચોરની જેમ ધાડ પાડી પોતાનું જીવન ગુજા-રતો હતો. હવે એક વખત જ્ઞાનતુંગસૂરિ તે પલ્લવીમાં ચોમાસું રહેવા આવ્યા. કોઈને કાંઈ પણ ઉપદેશ ન આપવાની શરતે મુનિને વસતી આપી. જ્ઞાન–ધ્યાનમાં ચોમાસું પૂરું કર્યા બાદ વિહાર કરતાં વંકચૂલની હદ ઓળંગીને વોળાવવા આવેલ વંકચૂલની ઇચ્છાથી

તેને ચાર નિયમ આપ્યા: (૧) અજાણ્યાં ફળ ન ખાવાં, (૨) કોઈનો વધ કરતા પહેલાં સાત ડગલાં પાછું ફરવું, (૩) રાજાની રાણી સાથે ભોગનો ત્યાગ કરવો. (૪) અને કાગડાનું માંસ ખાવું નહિ. આ ચારેય નિયમો પાળવાથી તેને ઘણા ફાયદા થવાથી વ્રતોની ઘણી પ્રશંસા કરતાં નિયમોમાં દૃઢ રહી, જિનદાસ શ્રાવકની મદદથી આરાધના કરી મૃત્યુ પામી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ચાર વ્રતનાં ફળો તેને નીચે પ્રમાણે મળ્યાં હતાં:

(૧) એક વખત રસ્તામાં ભૂખને લીધે તેની સાથેના ભિલ્લ લોકોએ એક જાતનાં ફળ ખાધાં; તેથી તેઓ મરી ગયા. પણ વંકચૂલે તે અજાણ્યાં ફળો ન ખાવાથી જીવતો રહ્યો. (૨) વંકચૂલ એક વખત બહાર ગામ ગયેલો, તે વખતે શત્રુના દેશના નટોએ આવીને પોતાનો ખેલ જોવા વંકચૂલને આમંત્રણ આપ્યું. "વંકચૂલ ઘેર નથી" તેની શત્રુઓને જાણ ન થવા દેવા માટે તેની બહેન પુષ્પચૂલાએ પુરુષવેશ પહેરી નટો જોઈ તેઓને ઇનામથી રાજી કર્યા. મોડી રાતે આવી એમ ને એમ પુરુષવેશમાં જ ભાભી સાથે તે સૂઈ ગઈ. તેવામાં વંકચૂલે આવી, પોતાની સ્ત્રીને પરપુરુષ સાથે સૂતેલી જોઈ, તેને મારી નાખવા તલવાર ઉગામી; પરંતુ નિયમ પ્રમાણે સાત ડગલાં પાછા ફરતાં તલવાર અથડાવાથી બહેન પોતાના ભાઈને ખમા દેતી જાગી ઊઠી. પુરુષના વેશનો ખુલાસો કરવાથી ભાઈ ઘણો ખુશી થયો. (૩) એક વાર-રાત્રે તે વાણિયાને ત્યાં ચોરી કરવા ગયો. ત્યાં બાપ-દીકરો હિસાબની તકરારમાં પડ્યા હતા; ત્યાંથી વેશ્યાને ત્યાં ગયો. તો ત્યાં તે કોઢીયા સાથે ભોગ ભોગવતી હતી. ત્યાંથી રાજમહેલમાં ગયો. રાણીને હાથ અડી જવાથી તે જાગી અને વંકચૂલ પાસે ભોગની માગણી કરી. વંકચૂલે તેને પોતાની માતા સમાન કહી એટલે રાણીએ બૂમ પાડી. પણ રાજા આ બધું ગુપ્તપણે સાંભળતો હતો. તેથી રાજાએ તેને પોતાનો વિશ્વાસુ સામંત બનાવ્યો; અને ચોરીનો ધંધો છોડાવી દીધો. (૪) લડાઈમાં ઘવાયાથી વૈદ્યોએ કાગડાનું માંસ ઔષધ તરીકે લેવા ભલામણ કરી પણ વંકચૂલ અડગ રહ્યો; રાજાએ તેના મિત્ર જિનદાસને બોલાવીને સમજાવવા કહ્યું. જિનદાસે માત્ર પરીક્ષા જોવા ભલામણ કરી. પણ વંકચૂલે મિત્રને ઠપકો આપ્યો અને નિયમમાં અડગ રહ્યો.

## ૩૧. ગજસુકુમાર

ભદ્રિલપુરમાં નાગ નામના શેઠને સુલસા નામે પત્ની હતી. વસુદેવના સાતમાંના છ પુત્રો કંસે માગ્યા. તે વસુદેવે આપ્યા. પણ દેવે ત્યાંથી ઉપાડીને નાગશેઠને ઘેર મૂકયા. દેવકીના એ છએય પુત્રોને સુલસાએ બત્રીસ-બત્રીસ સ્ત્રીઓ પરણાવી હતી. છેવટે તેઓએ શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી. ચરમશરીરી તેઓ દ્વાદશાંગીના

ધારક થયા. શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીએ સમોસર્યાં. છ ભાઈઓ બબ્બે થઈને દેવકીજીને ત્યાં જ વહોરવા જવા લાગ્યા. ત્યાં તેમને સરખા આકારના જાણીને તેઓને ખુલાસો પૂછયો; અને તે બાબત શ્રી નેમિનાથ ભગવાનને વિશેષ ખુલાસો પૂછયો. પ્રભુએ ગયા ભવની શોકયનાં સાત રત્નો ચોરેલાં, તેમાંથી ઘણા રોવરાવ્યા બાદ માત્ર એક જ રત્ન પાછું આપ્યું હતું. તેને લીધે તમારા સાત પુત્રો તમારાથી અદૃષ્ટ થયા, અને એક કૃષ્ણ માત્ર તમારા સન્મુખ છેવટે આવ્યા. આ પ્રમાણે પોતાનાં પૂર્વ કર્મની નિંદા કરતાં દેવકીજીએ કૃષ્ણને બોલાવીને જાતે પુત્રપાલન કરવાની ઇચ્છા જણાવી. કૃષ્ણે હરિણગમેષી દેવને આરાધી, પોતાને ભાઈ થવા વિષે પૂછયું. દેવે કહ્યું, તમારે એક પુણ્યવાન ભાઈ થશે, પરંતુ તે યુવાવસ્થામાં જ દીક્ષા લેશે. અનુક્રમે મહર્ધિક કોઈ દેવ ત્યાંથી શુભ સ્વપ્ને સૂચિત દેવકીજીની કુક્ષિમાં અવતર્યો, તેના જન્મ બાદ તેનું નામ ગજસુકુમાર પાડયું. માતા-પિતા, ભાઈઓ તથા કુટુંબીજનો આ નાના ભાઈ ઉપર ઘણું જ વાત્સલ્ય રાખવા લાગ્યાં, તેને દ્રુમ રાજાની પ્રભાવતી કન્યા સાથે પરણાવ્યા, તેમજ સોમશર્મા નામના બ્રાહ્મણની સોમા નામની પુત્રી સાથે પણ ગજસુકુમારની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કર્યું. શ્રી નેમિનાથ પ્રભુની દેશના સાંભળી તેણે દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરવા લાગ્યા. એક દિવસે સાંજે સ્મશાનમાં જઈ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં પેલો બ્રાહ્મણ સસરો આવી ચડયો, તેને મુનિને જોઈને "પોતાની પુત્રીને પરણીને તુરત છોડી દેવા" બાબતનો ક્રોધ ચડયો, ને ઘડાનો કાંઠો તેના મસ્તક ઉપર મૂકી, તેમાં ખેરના અંગારા ભર્યા. મુનિ ધ્યાનમાં રહ્યા, કેવળ જ્ઞાન થયું અને મરણ પામી મોક્ષમાં ગયા. શ્રી કૃષ્ણે શ્રી નેમિનાથ પ્રભુને કુમારના સમાચાર પૂછયા. પ્રભુએ બ્રાહ્મણની મદદથી નિર્વાણ પામ્યાની વાત કરી. "તે બ્રાહ્મણ કોણ?" તે પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું કે "તે તેમને દરવાજામાં સામે મળશે, ને તેનું પેટ ફાટી જશે. પણ તેના ઉપર ક્રોધ કરશો નહિ." શ્રી કૃષ્ણે મુનિનો અગ્નિ-સંસ્કાર કર્યો. ત્યાંથી પ્રભુ પાસે આવ્યા. દેવકીજીનો શોક ઉપદેશથી ઓછો કરાવ્યો. ત્યાંથી રસ્તામાં જ બ્રાહ્મણને આવતો જોયો, અને ભયથી તેનું પેટ ફાટી ગયું. એટલે શ્રી કૃષ્ણે તેને આખા ગામમાં ઘસડાવ્યો અને જાહેર કર્યું કે-મુનિનો ઘાત કરનારના આવા હાલ થશે.

## ૩૨. અવંતિસુકુમાર

એક વખત શ્રી સુહસ્તિ આચાર્ય મહારાજ શ્રી જીવંત સ્વામિની પ્રતિમાને વંદન કરવા માટે ઉજ્જયિની નગરીમાં આવ્યા. ત્યાં ભદ્ર શેઠની ભદ્રા પત્નીથી શુભ સ્વપ્ને સૂચિત જન્મ પામેલા અવંતીસુકુમાર નામે ૩૨ પત્નીઓના પતિ તેના પુત્ર હતા. ભદ્ર શેઠની અનુમતિથી ભદ્રા શેઠાણીએ આપેલ પોતાના ઘર પાસેની વસતિમાં પૂજ્ય આચાર્ય મહા-

રાજ આવીને ઊતર્યા. સાંજે પૂજ્ય આચાર્ય મહારાજ નલિનીગુલ્લમ વિમાનનું અધ્યયન ગણાતા હતા. તે સાંભળી તેને ઊહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતે પૂર્વે એ વિમાનમાં દેવ હતો. "ક્યાં ત્યાંનાં સુખ ? અને ક્યાં અહીંનાં સુખ ?" તેમાં મોટું અંતર જાણીને તે સુખ મેળવવાનો ઉપાય બતાવવા ગુરુ મહારાજને વિજ્ઞપ્તિ કરી. ગુરુએ તેનો ઉપાય સંયમ બતાવ્યો. તે લેવાને તે ઉત્સુક થયો. પણ કુટુંબીઓની સમ્મતિ વિના દીક્ષા આપવાની ના પાડી. તો પોતે પોતાની મેળે દીક્ષા લીધી ને સ્મશાનમાં જઈ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તેની કોઈ પાછલા ભવની સ્ત્રી મરીને શિયાળ થઈ હતી, તે ત્યાં આવી મુનિ ઉપર ક્રોધ કરીને બચકાં ભરવા લાગી. ને છેવટે તેને પુષ્કળ બચકાં ભરી તેના કકડે કકડા કરી નાખ્યા. મુનિ મરીને નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. સવારે માતાપિતા તથા સ્ત્રીઓએ આ અવસ્થા જાણી બહુ શોક કર્યો. ગુરુને પૂછવાથી બધો વૃત્તાન્ત જાણવામાં આવ્યો. તે ઉપરથી તેનાં માતા–પિતાએ એક નલિની ગુલ્મ વિમાનના આકારનું મહાકાળનું મંદિર બંધાવ્યું અને તેમાં શ્રી અવંતિસુકુમાર પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી. ( તેની ગર્ભિણી સ્ત્રીથી ઉત્પન્ન થયેલ તેના પુત્રે આ મંદિર અને પ્રભુપ્રતિમા પધરાવ્યાં. અન્યત્ર એમ વાંચવામાં આવ્યાનું યાદ છે. ) તેની સ્ત્રીઓએ પણ દીક્ષા અંગીકાર કરી સંયમ ધર્મની આરાધના કરી.

### ૩૩. ધન્યકુમાર

શાલિભદ્ર શેઠના બનેવી, અને આઠ સ્ત્રીઓને એકી સાથે છોડીને શાલિભદ્રની સાથે દીક્ષા લઈ વૈભારગિરિ ઉપર તપશ્ચર્યા કરી અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થનાર, મહા પુણ્યશાળી "ધન્ના–શાલિભદ્ર" એ બે પ્રસિદ્ધ નામોમાં પ્રસિદ્ધ ધન્ય નામના શેઠ, તે આ. તેનો જન્મ પ્રતિષ્ઠાનપુરના ધનસાર શેઠની શિયળવતી નામની પત્નીની કુક્ષિથી થયો હતો. તેના જન્મ સમયે નાળ દાટવા જતાં જમીનમાંથી ધન નીકળ્યું હતું. પૂર્વ ભવમાં–આ જ નગરમાં નિર્વાહ માટે આવેલા એક ગરીબ કુટુંબનો તે બાળક હતો. ગામનાં લોકોનાં ઢોરો ચારી તે ગુજરાન ચલાવતો હતો. તેને એક વાર ખીર ખાવાનું મન થયું એટલે જુદી જુદી ચાર પાડોશણોએ ઘી, દૂધ, ચોખા, સાકર આપ્યાં. એટલે તેની ખીર રાંધી, આપી. માતા પીરસીને બહાર ગઈ. આ તરફ માસ ક્ષમણને પારણે કોઈ મુનિ વ્હોરવા નીકળેલા અહીં આવી ચડયા. તેને ઊભા થઈ બાળકે વિનય-પૂર્વક વિજ્ઞપ્તિ કરી. ખીર વ્હોરી ગયા. તેવામાં માતા પાછી આવી અને તેણે પુત્રની થાળી ખાલી જોઈ બીજી ખીર પીરસી, તે તેણે ખાધી, ને વાછડા ચારવા ચાલ્યો ગયો. ત્યાં જ તે જ મુનિરાજે તેને ધર્મોપદેશ આપ્યો. તેથી બાળક ઘણો આનંદ પામ્યો. પરંતુ ઘેર આવ્યા બાદ પેટમાં પીડા થવાથી મરણ પામી તે ધન્યકુમારપણે જન્મ્યા. તેને બીજા ત્રણ મોટા ભાઈઓ હતા. પરંતુ તેઓ હીન પુણ્યવાળા હોવાથી ધન્યકુમારની

ચતુરાઈ ઉપરથી મા-બાપ તેનાં વખાણ કરે, તે ઈર્ષાથી તેઓ સહન કરી શકયા નહીં. પિતાએ ૩૨-૩૨ રૂપિયા આપી દરેકને હોંશિયારીની પરીક્ષામાં પસાર થવાની તક આપી. ત્યારે ભાઈઓ થોડું કમાયા અને ધન્યકુમારે એક બળવાન ઘેટો ખરીદી બીજાના ઘેટા સાથે લડાવીને શરતમાં એક હજાર સોનામહોર મેળવી. પછી ૬૦-૬૦ માસા સોનું આપ્યું. ભાઈઓ તેમાંથી થોડો લાભ મેળવીને પાછા આવ્યા. પરંતુ ધન્યે ચાંડાલ પાસેથી એક પલંગ વેચાતો લીધો. તે એક કૃપણ શેઠનો હતો. તેમાં તેણે રત્નો છુપાવ્યાં હતાં. તે રત્નો કાઢીને ધન્યકુમારે પિતાને આપ્યાં. પિતાએ ઘણી પ્રશંસા કરી. ભાઈઓ આથી મારી નાખવા સુધીના વિચાર પર આવ્યા. એ વાત ભાભીઓએ ધન્યને કરી. તેથી તે છાનામાના દેશાવર ચાલ્યા ગયા. બહુ ફરતાં એક ખેતરમાં હળ ખેડતાં સુવર્ણનો ચરૂ નીકળી પડચો. તે ખેતરના માલિકે ધન્યકુમારના ભાગ્યથી નીકળ્યો જાણીને તેને આપવા માંડચો. પરંતુ તે ન લેતાં ખીરનું ભોજન જમીને તે આગળ ચાલ્યા; ને છેવટે રાજગૃહીમાં આવ્યા. ત્યાં એક બગીચામાં પેસતાં તે સૂકો ખંભ બગીચો નવ-પલ્લવ થઈ થયો તેથી પુણ્યવાન માનીને તેનો માળી તેને પોતાને ઘેર જમવા તેડી ગયો. માળીના શેઠ કુસુમપાળની પુત્રી પુષ્પવતી, શ્રેણીક રાજાની પુત્રી સોમશ્રી અને શાલિભદ્ર શેઠની બહેન સુભદ્રા, એ ત્રણેય એક દિવસે જન્મેલી બાળ સખીઓ સાથે તેનાં લગ્ન થયાં. રાજાએ ઘણાં ગામોનો ગરાસ આપ્યો. તે ધન્યકુમાર ત્યાં સુખેથી રહેવા લાગ્યા. માતા-પિતા વિગેરે દુઃખી હાલતમાં ફરતાં ફરતાં ત્યાં આવ્યાં. તે સર્વેને ઓળખી પોતાને ત્યાં ભક્તિ-આનંદમાં રાખ્યાં. ત્યાં પણ ભાઈઓને ઈર્ષ્યા થઈ, અને તેના પિતાને કહેવા લાગ્યા કે, "પિતાજી ! ધન્ય આપણે ઘેરથી રત્નો લાવેલો; તેથી સમૃદ્ધિમાન થયો છે. માટે અમને આ ધનનો ભાગ પાડી આપો. અમારે હવે જુદા રહેવું છે. ભાગ પાડચા વિના અમો જમીશું નહિ." ભાઈઓની આ રીતભાત જાણીને ધન્ય ત્યાંથી પણ દેશાવર ચાલ્યા ગયા. કૌશામ્બિમાં જઈને શતાનિક રાજાના ન પરીક્ષા કરી શકાયેલ એક કિંમતી રત્નની પરીક્ષા કરીને તેમની પાસેથી તેની સૌભાગ્ય-મંજરી પુત્રી, સો હાથી, પાંચસો ઘોડાઓ અને પાંચસો ગાયો મેળવ્યાં. ત્યાં તેમણે એક તળાવ ખોદાવવું શરૂ કર્યું. ધન ખૂટી જવાથી તેનાં માતા-પિતા વિગેરે ત્યાં મજૂરી કરવા આવ્યાં, તેને તેણે ઓળખ્યાં ને તેઓને અને તેમની સાથે મજૂરી કરનાર દરેકને ખોરાકમાં ઘી આપવાનો હુકમ કર્યો. બે પત્નીઓને પિયર મોકલી હતી. પરંતુ "દુઃખમાં તો સાસુ-સસરાને ન છોડવાં"ના નિશ્ચય ઉપરથી નાની વહુ સુભદ્રાને સાથે લાવવાં પડચાં હતાં. તેમજ ત્રણ મોટી વહુઓ પણ સાથે હતી. છાશ ન મળવાથી રાત્રે અંધ થતાં. મા-બાપને માટે છાશ લેવા આવવા માટે વહુઓને ભલામણ કરી અને જ્યારે સુભદ્રા આવે ત્યારે તેને સારી છાશ સાથે ભાત વિગેરે

પણ આપવાં તેમજ તેની આગતા-સ્વાગતા કરવા સૌભાગ્યમંજરીને ખાસ ભલામણ કરી. એક દિવસે સુભદ્રા સાથે, પોતાની રત્નજડિત વીંટી આપ્યાની તથા પૂર્વની વાત કરી બધો ભેદ ખોલી નાખ્યો; અને તેને દિવ્ય વસ્ત્રોથી શણગારી પોતાને ઘેર રાખી. ઈર્ષ્યાથી જેઠાણી આવીને એ બધું જોઈ ગઈ અને સસરાને કહેવા લાગી કે, "અમે આપને નહોતાં કહેતાં કે-"નાની વહુને બહુ ના વખાણશો." તે તો શેઠને ત્યાં તેની પત્ની થઈને રહી ગઈ છે. બન્નેય કુળનું નાક કપાવ્યું. હવે અહીં પરદેશમાં શું કરશો?" આ સાંભળી ધનસાર શેઠે મહાજનને વાત કરી. પણ ધન્યકુમારના ગુણથી પરિચિત મહાજને વાત ખાસ સાંભળી નહીં અને મહાજનની વાત ધન્યકુમારે પણ સાંભળી નહીં. ધનસાર શેઠે ધન્યકુમાર પાસે આવીને કહ્યું કે, "શેઠ! મારો વાંક-ગુનો હોય તો શિક્ષા કરો પણ અમારા દીકરાની વહુને પાછી આપો." એટલે શેઠે તેને પકડવાનો હુકમ આપ્યો અને એક ઓરડામાં પુરાવ્યા. ત્યાં જઈ એકાંતમાં તેણે બધી વાતનો ભેદ ઉઘાડો કર્યો. આ પ્રમાણે તેની માતા તથા ત્રણ ભાઈઓને પણ પુરાવ્યા, ભાભીઓ ત્રણ આવી, ને બપોર સુધી ખોટી થઈ પણ કોઈએ દાદ ન દીધી. છેવટે રાજા શતાનિક પાસે જઈ ફરિયાદ કરી. શતાનિકના મોકલેલા માણસોની, તેમણે મોકલેલા લશ્કરની, દરકાર ન કરતાં તે રાજા સાથે લડવા તૈયાર થઈ ગયા. મંત્રીઓએ કહેવાથી રાજાએ ભાભીઓને બોલાવી, ને પૂછયું કે, "તમારે જેઠ કે દિયર કોઈ છે?" ત્યારે તેણીએ કહ્યું કે, "એક ધન્યકુમાર નામે દિયર હતા, પણ કુટુંબકલેશને લીધે દેશાવર ચાલ્યા ગયા છે, ને તે જીવે છે કે નહીં? તે અમારા જાણવામાં નથી. પરંતુ તેના પગમાં પદમનું ચિહ્ન છે. એ તેની નિશાની છે." ત્યારે મંત્રીઓના કહેવાથી તેઓ તેના ચરણ ધોવા ગઈ. પણ ધન્યકુમારે દરકાર ન કરતાં ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. છેવટે મંત્રીઓની આજીજીથી ભાભીઓને પોતાના ઘરમાં આવવા દઈ, ભક્તિ કરી. ને સૌને સારી રીતે જમાડયાં. શતાનિક રાજાએ આ બાબત ખુલાસો પૂછયો, એટલે તેણે જણાવ્યું કે, "અમારા ભાઈઓની વચ્ચે ભાભીઓ વિક્ષેપ નાંખે છે એટલે તેમને શિખામણ આપવા આ પ્રમાણે કરવું પડયું." પછી પરિવાર સાથે ધન્યકુમાર રાજગૃહીમાં આવ્યા, અને રાજાનાં માનપાન સાથે ત્યાં રહ્યા તથા બીજી ચાર શ્રીમંત કુટુંબની કન્યાઓને પરણ્યા. ભાઈઓ પોતાને સોંપાયેલ ગામડાઓમાં રહેતા હતા. પરંતુ દુકાળ પડવાથી તેઓ ત્યાંથી માળવામાં મોટા વેપારી થવા ગયા, પણ કાંઈ વળ્યું નહીં એટલે ત્યાંથી ઘઉં ભરીને રાજગૃહીમાં આવ્યા. બજારમાં સાટું કરતા ધન્યકુમારને મળ્યા અને પ્રણામ કર્યા. ભાઈઓને પોતાને ઘેર લાવી પોતાની મિલકતનો ભાગ વહેંચી આપ્યો, અને પોતે ચોથા ભાગમાં ચૌદ કરોડ સોનૈયા લીધા. ધનસંપત્તિ લઈ ભાઈઓ જવા લાગ્યા; એટલે દ્રવ્યની અધીષ્ઠાપક દેવીએ તેઓને રોકયા. એટલે નિરુપાયે ધન્યકુમાર ઉપરની ઇર્ષ્યા છોડીને ત્યાં જ રહ્યા. એક વખત ધર્મઘોષ-

સૂરિશ્વરજી મહારાજની દેશના સાંભળી, પોતાના ભાઈઓની દુર્દશાનું કારણ પૂછ્યું, ત્યારે ગુરુ મહારાજે જણાવ્યું કે "લક્ષ્મીપુરમાં એ ત્રણેય કઠીયારા ભાઈઓ હતા. જંગલમાં લાકડાં કાપવા જતાં મુનિરાજ મળ્યા. તેઓશ્રીને દરેકે પોતપોતાનું ભાતું સારી રીતે વ્હોરાવ્યું. પણ પાછળથી તે બાબત ખૂબ પસ્તાવો કર્યો. ત્યાંથી ચ્યવીને તેઓ વ્યંતર થયા, અને ત્યાંથી તારા ભાઈઓ થયા. તેઓને દાનથી લક્ષ્મી મળી. પણ પસ્તાવો કરવાથી ભોગવી શકતા નથી. સુભદ્રાએ ખીર બનાવવા પાડોશણ તરીકે ભાગ આપેલો, પરંતુ દાસીને "તું સદાય ભાર વહેતી રહે" એવો શાપ કોઈ વખતે આપેલો એટલે તેને ઘણું ખોટું લાગ્યું. તેથી તેણીને પણ થોડો વખત તળાવમાં મજૂરી કરી ટોપલા ઉપાડવા પડ્યા." આ સાંભળી ધન્યકુમાર જૈન ધર્મમાં આસક્ત થયા, ને છેવટે પોતાના શાળા શાલિભદ્ર શેઠની સાથે દીક્ષા લઈ અનુત્તર વિમાનમાં ગયા. તે વાત શાલિભદ્રની કથામાં આપી છે.

## ૩૪. ઈલાચીપુત્ર

ઇલાવર્ધન નગરમાં જીતશત્રુ રાજાના રાજ્યકાળે ઇલ્યશેઠનાં ધારિણી પત્નીથી ઈલાદેવીની પ્રસન્નતાથી જન્મેલા પુત્રનું નામ ઇલાચીપુત્ર પાડ્યું. કળાઓ તથા શાસ્ત્રોનો અભ્યાસ કરી, યૌવન પામવા છતાં તેનું મન સ્રીથી વિરક્ત હતું તે જોઈ તેના મૂર્ખ પિતાએ અર્થ અને કામમાં કુશળ કરવા હલકા મિત્રોની સોબત કરાવી. એક વખત વસંતઋતુ વનરાજી ઉપર રાજ્ય ચલાવતો હતો; ત્યારે મિત્રો સાથે વનમાં ફરવા ગયો. ત્યાં લંખીકાર નટની પુત્રીને નાચતી જોઈ. તેના ઉપર તેને મોહ ઉત્પન્ન થયો. તે તેણીનું રૂપ જોઈને સ્થિર થઈ ગયો. તેનું મન તેણીમાં ચોટી ગયું. ત્યાંથી કોઈ રીતે ખસે જ નહિ. નોકરો મુશ્કેલીથી તેને ઘેર લઈ ગયા. તેની આ દશા જોઈ તેના પિતાએ ઘણું પૂછ્યું ત્યારે તેણે નટપુત્રી ઉપરની પોતાની આસક્તિ જણાવી. પિતા વિચારમાં પડ્યા. "ખરેખર, મેં હલકા લોકોની સોબત કરાવી તેનું આ ફળ મળ્યું." પુત્રને ઘણું સમજાવ્યો પણ તેનું મન ફર્યું નહિ. છેવટે લંખીકાર પાસે જઈને વાત કરી. ત્યારે તેણે કુમારને પોતાની પાસે મોકલવા કહ્યું. ઈલાચી પુત્ર લંખીકાર પાસે ગયા એટલે લંખીકારે કહ્યું કે "પુત્રી તો ખુશીથી પરણાવું, પરંતુ અમારા ધંધામાં પ્રવીણતા મેળવી, રાજા રીઝવી પરીક્ષામાં પાસ થાઓ તો." તેણે એ વાત કબૂલ કરી. તેના પિતાને પણ પુત્રમરણના ભયથી તેને તેઓ સાથે જવા દેવાની ફરજ પડી. ઈલાચીકુમારે બુદ્ધિમાન હોવાથી કળામાં જલદી પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી. ફરતાં ફરતાં બેનાતટ નગરમાં મહીપાળ રાજાને પોતાની કળા બતાવવાની ગોઠવણ કરી. ઈલાચીકુમારે અદ્ભુત નટકળા બતાવી, પરંતુ રાજા રીઝે નહિ ને દાન આપે નહીં; કેમકે તેનું મન

નટપુત્રીમાં ચોંટયું હતું. "ઈલાચીપુત્ર મરે તો નટપુત્રી પોતે લઈ શકે." એ ધારણાથી તેની પાસે ફરી ફરી નવા નવા જોખમી ખેલ વારંવાર કરાવે. એ ઉપરથી ઈલાચીપુત્રે રાજાની મનોદશા જાણી લીધી. તેની પરસ્ત્રીલંપટતા ઉપર કંટાળો આવ્યો. અને વિચાર કરતાં આખર વિષય-વાસના ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થવા લાગ્યો. તેવામાં તેણે દોરડા ઉપરથી નીચી નજરે એક શેઠના ઘરમાં અપ્સરા જેવી ગૃહિણી પાસેથી એક મુનિને વ્હોરતા જોયા. મુનિરાજની આવી અધિકારી અવસ્થા જોઈને તેને ઘણો જ ભક્તિભાવ જાગ્યો અને ભાવના ઉપર ચડતાં કેવળ જ્ઞાન થયું. દેવોએ મહિમા કર્યો અને કેવળી ભગવંતે દેશના આપી. રાજાના પ્રશ્ન ઉપરથી નટપુત્રી ઉપર પોતાને મોહ થવાનું કારણ સમજાવ્યું કે વસંતપુરમાં મદન અને મોહિની નામે એક બ્રાહ્મણ દંપતી રહેતાં હતાં. તેઓએ સદ્‌ગુરુના ઉપદેશથી શ્રાવક વ્રતો અંગીકાર કર્યાં. તે પાળતાં બન્નેય પરસ્પર એકાકારપણે પ્રેમથી રહેતાં હતાં. ત્યાંથી મરીને દેવલોકમાં ઉત્પન્ન થયાં. મોહિનીએ અજ્ઞાનતાને લીધે કોઈ વખત જાતિમદ કરેલો હતો તેથી તે લંખીકાર નટની પુત્રી થઈ અને હું ઈભ્ય શેઠનો પુત્ર થયો. પૂર્વભવના પ્રેમને લીધે મને તેના ઉપર આસક્તિ થઈ. પરંતુ ધર્મનું આરાધન કરેલું તેથી આખરે ધર્મની પ્રાપ્તિ થઈ. આ સાંભળી રાજા, રાણી, નટપુત્રી વગેરે ધર્મ પામ્યાં. અને સૌ શુભ ધ્યાનથી કેવળ જ્ઞાન પામી મોક્ષમાં ગયાં.

## ૩૫. ચિલાતીપુત્ર

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રહેવાસી યજ્ઞદેવ બ્રાહ્મણ પોતાને પંડિત માની જૈન ધર્મની નિંદા કરતો હતો. તેને એક ક્ષુલ્લક (નાના) સાધુ પોતાના ગુરુ પાસે લઈ ગયા. ત્યાં તે હારી ગયો ને જૈન ધર્મની દીક્ષા લીધી. શાસનદેવીની સૂચનાથી તે સાધુ ધર્મની ક્રિયા પણ સૌની સાથે સારી રીતે પાળવા લાગ્યા. પરંતુ તેની સ્ત્રીએ વશ કરવા તેના ઉપર કરેલા કામણ–પ્રયોગોની અસરથી શરીર દુર્બલ થવાથી મરીને તે સ્વર્ગમાં ગયા. અને તેની સ્ત્રીએ પણ દુઃખથી દીક્ષા લીધી. છતાં કામણ કર્મની આલોચના કર્યા વિના મરીને સ્વર્ગે ગઈ. રાજગૃહીમાં ધનસાર્થવાહની ચિલાતીદાસીના પુત્રપણે યજ્ઞદેવ બ્રાહ્મણ ઉત્પન્ન થયો; તેનું નામ ચિલાતી પુત્ર રાખ્યું. અને તે જ શેઠની સુભદ્રા સ્ત્રીની પુત્રીપણે તેની સ્ત્રી ઉત્પન્ન થઈ. તેનું નામ સુસીમા રાખવામાં આવ્યું. સુસીમાને સાચવવા માટે પેલા દાસીપુત્રને નોકર રાખ્યો. જ્યારે જ્યારે એ છોકરી રડે, ત્યારેત્યારે તેનો નોકર તેનાં સ્ત્રી ચિહ્‌ન ઉપર હાથ મૂકે એટલે તે છાની રહી જાય. આ દ્રશ્ય જોઈ શેઠે તેને પોતાને ત્યાંથી કાઢી મૂકયો. ત્યાંથી છૂટીને તે અનુક્રમે સિંહગુહા નામની ભિલ્લ પલ્લીનો નાયક થયો; ત્યાં તેને સુસીમાં યાદ આવવા લાગી. એટલે પોતાના ચાર નોકરોને સાથે લઇ પોતાના જ શેઠને ત્યાં ખાતર પાડવા ગયો. ઠરાવ એવો હતો કે, "જેને જે

માલ હાથમાં આવે તે તેનો. માત્ર સુસીમા ચિલાતીની." ચોરો ઘરમાં પેઠા; ને શેઠ ભયના માર્યા પાંચ પુત્રોને લઈને સંતાઈ ગયા. ચોરો હાથમાં આવ્યું તે લઈને નાઠા, ને ચિલાતીપુત્ર સુસીમાને લઈને ભાગ્યો. શેઠે બહાર નીકળી બૂમરાણ મચાવ્યું. એટલે ચોકિયાતો આવી પહોંચ્યા ને સહુ તેની પાછળ પડયા. ચોરો ધન મૂકીને નાસી ગયા અને ચિલાતીપુત્રે પણ સુસીમાનું માથું કાપી હાથમાં રાખી, ધડ મૂકીને નાસવા માંડયું. શેઠે ધન તથા સુસીમાનું ધડ જોઈ ઘણા દુઃખી થઈ ઘેર આવી પ્રભુ મહાવીરસ્વામિની દેશના સાંભળી વૈરાગ્યવાસી થઈ દીક્ષા લીધી ને સ્વર્ગમાં ગયા. આ તરફ કાઉસગ્ગ ધ્યાને ઉભેલા એક મુનિરાજને ચિલાતીપુત્રે ધર્મ કહો, નહીંતર આ પ્રમાણે તમારું માથું કાપી નાખીશ, એ ધમકી આપી. એટલે મુનિરાજ "ઉપશમઃ, વિવેકઃ, સંવરઃ, ત્રણ પદો કહીને આકાશમાં ચાલ્યા ગયા. અહીં તે જ સ્થાને ઊભા રહીને તેણે એ ત્રણ પદનો વિચાર કરી અર્થ બેસાડયો એટલે તેને તેનો અર્થ સમજાયો, અને ત્યાં જ તેનો અમલ કર્યો. લોહીથી ખરડાયેલા શરીર ઉપર કીડીઓ ચડી, અને શરીરને ચાળણી જેવું કરી નાંખ્યું. અઢી દિવસમાં મૃત્યુ પામીને ચિલાતીપુત્ર સ્વર્ગમાં ગયા. એવા ચિલાતીપુત્રને વંદન હો.

### ૩૬. યુગબાહુ

પાટલીપુત્રમાં વિક્રમબાહુ રાજાને મદનરેખા રાણી હતી અને મતિસાગર મંત્રી હતો. રાણીને સંતાન વિના દુઃખી જાણી રાજાએ કુળદેવીની આરાધના કરી. છેવટે રાણીને યુગબાહુ નામે પુત્ર થયો. પૂર્વભવમાં તેણે જ્ઞાનપંચમીની આરાધના કરી હતી. તેના પ્રભાવથી તે શાસ્ત્ર અને શસ્ત્રકળામાં કુશળ થયો હતો. ભણાવનાર ઉપાધ્યાય અને તેને ત્યાં આવેલા મેમાનની શાસ્ત્રકુશળ અને વ્રતકુશળની ઉત્તમતા વિષેની ચર્ચા ઉપરથી મુનિરાજની પાસે ખુલાસો પૂછી–પોતે શાસ્ત્રકુશળ તો હતો, ઉપરાંત વ્રત-કુશળ થવા જ્ઞાનપંચમીની આરાધના છ માસ સુધી કરી. એક વખતે ઘણો વરસાદ આવવાથી, ગંગાનું પૂર શહેરને ડુબાવી દે, એવો ભય ઉત્પન્ન થયો. તેનું નિવારણ કરવા પિતાની આજ્ઞાથી કુમાર નદીને કિનારે ગયો ને ત્યાં પિતાની આજ્ઞા પ્રમાણે પૂર રોકવાના ઉપાય તરીકે સોનાનું પૂતળું પૂજીને તેમાં નાખ્યું. તેવામાં એક સ્ત્રીના રુદનનો અવાજ સાંભળવામાં આવ્યો. તેને બચાવવાનો જ્યાં કુમાર વિચાર કરે છે, તેવામાં તે રોતી જાય અને જળચર પ્રાણીઓને હણતી જાય, ને બોલાવતી જાય કે, "જગતમાં નારીરક્ષક કોઈ ક્ષત્રિયબચ્ચો છે જ નહીં. હે પૃથ્વી! તું વંધ્યા જેવી જ છો." આ સાંભળી કુમાર તેને બચાવવા પાછળ પાછળ તણાતો ગયો; તેમ તે સ્ત્રી દૂર દૂર નીકળતી જાય. છેવટે તે ઘણે દૂર-નજરથી બહાર નીકળી ગયો. સમાચાર સાંભળી રાજાને શોક થયો અને મૂર્છા આવી ગઈ. મંત્રીએ આવી રાજાને શાંત કરવાના શબ્દો કહ્યા, તેથી તેને ઊલટું ખોટું લાગ્યું; પરંતુ સંતોષકારક

યોગ્ય શબ્દોમાં આશ્વાસન આપવા જતાં મંગળ વાજીંત્રો વાગવા લાગ્યાં. અને કુમાર આવી પહોંચ્યાના સમાચાર રાજાને મળ્યા. કુમારે આવીને પિતાને પ્રણામ કર્યાં અને નદીમાં પેલી સ્ત્રી પાછળ ખેંચાવાથી માંડીને બધી વાત નીચે પ્રમાણે કરી: "તણાતાં મને મૂર્છા આવી ગઈ, ને જાગીને જોઉં છું તો ગંગાના કિનારા ઉપર તેને મેં બેઠેલો દીઠો. ત્યાંથી ઊઠીને કલ્પવૃક્ષની પાસેના બગીચામાં સાત માળના મહેલમાં ગયો. ત્યાં છઠ્ઠે માળે શબ્દવિદ્યા નામે શારદાદેવીની પ્રતિહારી મને મળ્યાં અને કહ્યું કે, "શારદાદેવી પાસે લાવવા માટે હું જ તમને અહીં સુધી ખેંચી લાવેલી છું." એમ કહીને મને શારદાદેવી પાસે લઈ જવામાં આવ્યો. દેવી ભગવતીની બન્નેય બાજુએ તર્કવિદ્યા અને સાહિત્યવિદ્યાઓ ચામર ઢોળતી હતી. દેવીશ્રીએ મને ખોળામાં બેસાર્યો: મેં તેમનો વિનય કર્યો. તેમણે કહ્યું: "કુમાર! તારા તપથી સંતોષ પામી છું. મારું ક્રીડાવન બનાવવા તને અહીં લાવવા મારી પ્રતિહારીને મેં મોકલી હતી. કુમાર! પૂર્વે પુષ્પપુરમાં એક ગરીબ માણસ ભિક્ષા ન મળવાથી ઝંપાપાત કરવા જતાં એક તપસ્વી ત્રણ જ્ઞાનવાળા મુનિરાજને જોયા. તેમની પાસે જઈ વંદન કરી પૂછવાથી પોતાની દશા કહી સંભળાવી. મુનિરાજે ઉપદેશ આપ્યો કે, ભલા માણસ! આ મૂર્ખતા શા સારુ કરે છે? મુશ્કેલીથી મળેલો મનુષ્યભવ શા માટે નકામો વેડફી નાખે છે? પૂર્વ ભવના પુણ્યને લીધે પ્રાપ્ત થયેલી દરિદ્રતાથી મનુષ્યભવ જેવો ભવ જતો કરે છે? દરિદ્રતા નભાવી લે. અને એવી કાંઈ સાધના કર કે જેથી જૂનાં કર્મ તૂટી જાય અને ભવિષ્યમાં પુણ્ય ઉપાર્જન થઈ અનેક સુખ મળે. અને તેના ઉપાય તરીકે જ્ઞાનપંચમીનું આરાધન કર. તપ એ કર્મ તોડવાને માટે તો મજબૂતમાં મજબૂત કુહાડો છે. તારા અંતરાયકર્મનો ક્ષય થવાનો સમય આવી ગયો છે. માટે પંચમીનું જ તપ કરવાથી તારો આત્મા નિર્મળ થવાની તૈયારીમાં છે. મુનિના આ ઉપદેશથી તે પુરુષે સારી રીતે તપ કર્યાં; ને ત્યાંથી મરીને યુગબાહુપણે તું ઉત્પન્ન થયો છે. ખરેખર તું શાસ્ત્ર અને શસ્ત્ર એ બન્નેય કળામાં પ્રવીણ છો." એમ કહીને મને શત્રુપરાજય અને ઈષ્ટપ્રાપ્તિ એ બે મંત્ર આપ્યા. તેવામાં મને આપણા શહેર પાસે ગંગાનદીને કિનારે જોયો. ને ત્યાંથી આપને પ્રણામ કરવા આવી પહોંચ્યો છું.

"પછી કુમાર માતાપિતા અને જૈન ધર્મની ભક્તિ અને પંચમ્યાદિ તપમાં વધુ આસક્ત થયો. એક દિવસ એક સ્ત્રીને તેણે રોતી સાંભળી. તરત જ તલવાર લઈ રુદનના સ્વરને અનુસારે વનમાં ગયો. ત્યાં ઝાડ આડે ઊભા રહી તે સ્ત્રીના શબ્દો સાંભળવા લાગ્યો. તેવામાં એક પુરુષે તે સ્ત્રીને કહ્યું કે, "હું તારો દાસાનુદાસ થવા તૈયાર છું. છતાં તું મારી સામું પણ નથી જોતી?" સ્ત્રીએ કહ્યું કે, "યુગબાહુ સિવાય હું કોઈને ચાહતી નથી. આ ભવમાં નહીં મળે, તો ભવાન્તરમાં પણ તે જ મારો પ્રાણનાથ થાય, એમ હું મનથી નિશ્ચય ધરાવું છું." કુમાર એકદમ વચ્ચે પડયો. બન્નેયને યુદ્ધ થયું. પેલાએ

નાગપાશથી કુમારને બાંધ્યો. ત્યારે શારદાના આપેલા મંત્રથી તે તેણે તોડી નાંખ્યો, અને કુમારને સ્તંભિની વિદ્યાથી બાંધી લીધો. આ બધું જોઈ પેલી સ્ત્રી વિસ્મય પામી. અને "આ યુગબાહુ કુમાર હોવો જોઈએ" એવી રૂપ અને તેજસ્વીતા ઉપરથી સંભાવના ખરી. "ખરેખર યુગબાહુ કુમારનો ભેટો કરાવનાર આ પુરુષ મારો ઉપકારી ગણાવો જોઈએ." કુમારે પેલાને બંધનથી મુક્ત કર્યો, એટલે તેણે વિનયથી કુમારને પ્રણામ કર્યા. તેવામાં અચાનક દિવ્યાલંકારધારી એક વિદ્યાધર વિમાનમાંથી નીચે ઊતરી આવી કુમારની પાસે આવી કહેવા લાગ્યો : "કુમાર, વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણિમાં આવેલા ગગનવલ્લભના મણિચૂડની મદનાવળી પત્નીથી ઉત્પન્ન થયેલ અનંગસુંદરી નામે પુત્રી પોતાને ચાર પ્રશ્નોના જવાબ આપે, તેને પરણવાને પ્રતિજ્ઞા લઈ ચૂકી હતી. તેના પ્રશ્નોના ઉત્તર કોઈપણ આપી શકયું નહીં. નિમિત્તના જાણકારને પૂછવાથી "આ ઉત્તરો યુગબાહુ કુમાર આપી શકશે." તેથી યુગબાહુ કુમાર ઉપર પ્રીતિ ધારણ કરીને અનંગસુંદરી રહી હતી. તેવામાં પરમ દિવસે શંખપુરના રાજા મારા જમાઈ પવનવેગે તેની માગણી કરી. તેને જવાબો તો ન આવડયા, એટલે અનંગસુંદરીને ઉપાડીને નાસી ગયો. તે આ પવનવેગ અને હું આ અનંગસુંદરીનો મામો છું. તેવામાં મણિચૂડ પણ આવી પહોંચ્યા તથા રાજા વિક્રમબાહુ પણ આવી પહોંચ્યા. આ સ્નેહમેળાપથી સૌ આનંદ પામ્યા. પવનવેગે ક્ષમા માગી, અને યુગબાહુનો સેવક થયો. મણિચૂડ સૌને પોતાને ત્યાં લઈ ગયો; ત્યાં યુગબાહુ કુમારે ચારે પ્રશ્નોના જવાબ આપ્યા. એટલે બન્નેયનાં લગ્ન કરવામાં આવ્યાં.

| | |
|---|---|
| ૧. પ્ર.– કળાવાન કોણ ? | ઉ.– પુણ્યમાં રુચિધારક |
| ૨. પ્ર.– સદ્‌બુદ્ધિશાળી કોણ ? | ઉ.– દયાળુ |
| ૩. પ્ર.– ભાગ્યશાળી કોણ ? | ઉ.– પ્રિયવાદી |
| ૪. પ્ર.–વિશ્વ જીતનાર કોણ ? | ઉ.– ક્રોધને જીતનાર |

પછી વિક્રમબાહુએ અને મણિચૂડે દીક્ષા લીધી. બન્નેયનું રાજ્ય યુગબાહુ કુમારને મળ્યું. અનંગસુંદરીને રત્નબાહુ નામે પુત્ર થયો. વિક્રમબાહુ આચાર્ય વિચરતા વિચરતા પાટલીપુત્ર નગરે આવ્યા. ધર્મોપદેશ સાંભળી રત્નબાહુને રાજ્ય સોંપી દીક્ષા લઈ તપ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભવ્યજીવોને બોધ આપી મોક્ષમાં ગયા.

## ૩૭—૩૮. આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ આચાર્ય

આ બન્નેય સ્થૂલભદ્ર આચાર્ય મહારાજના મુખ્ય શિષ્ય હતા. આર્ય મહાગિરિ આચાર્ય મહારાજ તો મહાન તપસ્વી હતા. પોતાનો શિષ્ય પરિવાર બધો આર્ય સુહસ્તિ મહારાજને સોંપીને પોતે શિષ્યોને વાચના આપતા હતા અને જિનકલ્પનો

વિચ્છેદ જવાથી તે કલ્પતો નહીં, પણ લગભગ તેના જેવી આખી જીવનચર્યા રાખીને તપશ્ચર્યા કરતા વિચરતા હતા. આ આચાર્ય મહારાજાઓના વખતમાં સંપ્રતિરાજાએ જૈન ધર્મ પ્રાપ્ત કરીને જૈન ધર્મની મહાન પ્રભાવનાઓ કરી છે. આચાર્ય મહારાજ શ્રી આર્ય સુહસ્તિ સૂરીશ્વરજી મહારાજ આર્ય મહાગિરિ મહારાજની આજ્ઞાના પરમ ધારક અને મહાવિનયી હતા. પોતાની ભૂલ જલદી કબૂલ કરતા હતા અને તેનો સુધારો કરવામાં જરા પણ આગ્રહ રાખતા નહીં. તે જ રીતે પૂજ્ય આર્ય મહાગિરિ મહારાજ પણ જરા પણ દાક્ષિણ્યતા રાખ્યા વિના કડકમાં કડક રીતે શાસ્ત્રનિયમો સમજાવીને શાસનની રીતભાત અને શૈલીનું રક્ષણ કરનારા મહાપુરુષ હતા. એક વખત પાટલિપુત્રના વસુભૂતિ શ્રાવકે પ્રતિબોધ પામી, પોતાના કુટુંબને પ્રતિબોધ પમાડવા, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સુહસ્તિ મહારાજને વિજ્ઞપ્તિ કરી. તેઓના ઉપદેશથી કુટુંબ પ્રતિબોધ પામ્યું અને તેઓએ એવો રિવાજ રાખ્યો કે, " આ મુનિમહારાજાઓ આપણને મોક્ષ માર્ગ દેખાડનારા છે; માટે તેઓની ખૂબ ભક્તિ કરવી." એ જ કુટુંબમાં એક વખત આર્ય મહાગિરિ મહારાજ પધાર્યા. ને ઉપયોગ દઈ વિચારતાં તેમને ગોચરી સદોષ લાગી. ત્યારે ત્યાંથી ન વહોરતાં વસતિમાં જઈ આર્ય સુહસ્તિ મહારાજને શિખામણ આપી કે, " તમારા ઉપદેશથી થયેલા શ્રાવકો અશુદ્ધ ગોચરી વહોરવા તૈયાર થાય છે." ત્યારે આચાર્ય મહારાજે ક્ષમા માગી અને કહ્યું કે, " હવેથી એમ નહીં કરું." એક વખત જીવંત સ્વામીના પ્રતિમાની રથયાત્રા જોવા બન્નેય આચાર્ય મહારાજાઓ અવંતિ નગરીમાં આવ્યા. રથયાત્રા જોવાને ઝરૂખામાં બેઠેલા ત્યાંના સંપ્રતિ રાજાને, આચાર્ય સુહસ્તસૂરિ મહારાજને દેખીને જાતિસ્મરણજ્ઞાન થયું. તુરત જ આવીને ત્રણ પ્રદક્ષિણા દઈ આચાર્ય મહારાજને વંદન કર્યું અને પૂછયું કે, " પ્રભો! જૈન ધર્મનું ફળ શું?" " સુપકવ ફળ અમૃત. બાકી અપકવ તો કલ્પનામાંયે ન આવે તેટલાં હોય છે." " અસ્પૃષ્ટ સામાયિકનું ફળ શું?" " સામાયિકના ફળની સંખ્યા થઈ શકતી નથી; પરંતુ અસ્પૃષ્ટ સામાયિકથી રાજ્ય પ્રાપ્ત થાય છે." " આપે મને ઓળખ્યો?" ગુરુ મહારાજાએ ઉપયોગ મૂકીને કહ્યું કે, " હા. ઓળખાણ પડે છે. એક વખત અમો પૂજ્ય આર્ય મહાગિરિ મહારાજ સાથે કૌશાંબીમાં ગયા હતા. ત્યાં સાધુઓને ઉત્તમ ભિક્ષા મળતી જોઈ, એક રંકે તેમાંથી અન્નની માગણી કરી હતી. પરંતુ સાધુએ " ગુરુની આજ્ઞા વિના તે આપી શકાય નહીં " એમ કહ્યું. રંકે ગુરુ પાસે આવીને માગણી કરી. ગુરુએ કહ્યું કે, " તું દીક્ષા લઈ અમારા જેવો થાય તો તને જરૂર આ ખાવાનું મળે." તે રંકે દીક્ષા લીધી. પછી તેને સાધ્વી પાસે મોકલતાં સાધ્વીજીઓએ તથા શેઠાણીઓએ અને તેની પુત્રીઓએ વંદન કર્યું. આ બધું જોઈ તે રંકને મનમાં ઘણી જ ખુશી ઉત્પન્ન થઈ. પરંતુ તેવા પ્રકારના

આહારને યોગે અજીર્ણ થવાથી તેને ઘણી પીડા થઈ. ગુરુએ તેને આરાધના કરાવી. તેમજ સદ્ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકાઓએ પણ તેની ઘણી ભક્તિ કરી, તેથી તેની અનુમોદના કરતાં તે મરણ પામ્યો. રાજન્ ! તે રંકનો જીવ તે તમે, અને તેને દીક્ષા આપનાર અમે.” આ સાંભળી રાજાએ આ ભવમાં પણ તેમને જ પોતાના ગુરુ તરીકે નક્કી કર્યા, અને તેમના ઉપદેશથી જૈનધર્મ પ્રાપ્ત કરી તેનું સારી રીતે આરાધન કર્યું. તેની રાજ્યસમૃદ્ધિ ઘણી વધી. પચ્ચાસ હજાર હાથી, એક ક્રોડ ઘોડા, સાત ક્રોડ સૈનિકો, નવ ક્રોડ રથ, તેના લશ્કરમાં હતા. અને આઠ હજાર રાજાઓ તેની સેવા કરતા હતા. કેમકે ત્રણ ખંડમાં તેણે પોતાનું રાજ્ય ફેલાવ્યું હતું. તે ઘણી વખત સંઘ સાથે ચૈત્ય-યાત્રા કરતા હતા. ફરીથી શ્રી સુહસ્તિ આચાર્ય મહારાજા અવંતિમાં આવ્યા; તે વખતે પણ રાજાની મદદથી શ્રી સંઘે મોટી રથયાત્રા કાઢી, ત્યારે રથ શ્રાવકો જાતે ખેંચતા હતા. રથયાત્રામાં બોલાવાયેલા પોતાની ઉપર ખરી ભક્તિ રાખનારા એ તમામ રાજાઓને સાધુઓના ઉપાસકો થવાની ભલામણ કરી. તેમના આ કથનથી આર્ય દેશના રાજાઓ તો જૈન ધર્મના ઉપાસક થયા. ત્યારે તેણે અનાર્ય દેશ તરફ પોતાની નજર દોડાવી, ને સાધુઓનો વેષ પહેરાવી શ્રાવકોને તે પ્રદેશમાં સાધુઓ અને તેના આચાર-વિચારનો પરિચય આપવા મોકલ્યા. ને કહ્યું કે, “બરાબર સાધુઓના આચાર પ્રમાણે વર્તશે તેને બમણો ગરાસ આપીશ, ને બરાબર નહીં વર્તે, તેનો ગરાસ જશે.” નિર્વાહ પૂરતા પૈસા પાસે રાખીને અનાર્ય દેશમાં તેઓ ગયા. સંપ્રતિ રાજાના ગુરુઓ માનીને લોકોએ તેમનો ઉપદેશ સાંભળ્યો તેમજ શુદ્ધ અન્નપાનાદિથી ભક્તિ કરી. અને તેઓએ પૂછ્યું કે, “તમારા ગુરુ કોણ ?” શ્રાવકોએ કહ્યું કે, “ આર્ય સુહસ્તિ મહારાજ.” આ ઉપરથી રાજાને આનંદ થયો. આચાર્ય મહારાજના શિષ્યોએ પણ એ દેશોમાં વિહાર કર્યો. કૃત્રિમ સાધુ થયેલા શ્રાવકો પણ દીક્ષા લઈ ખરા સાધુઓ થયા. પણ વેષ છોડયા નહીં. મહારાજના ઉપદેશથી રાજાએ દાનશાળા મંડાવી, જીનભવનઃ, જીનબિંબઃ, આગમ અને ચતુર્વિધ સંઘઃ, એ સાતેય ક્ષેત્રોમાં હરિષેણ ચક્રવર્તિની જેમ ધન વાપર્યું, ને ઠેર ઠેર જિનમંદિરો બંધાવ્યાં. દાનશાળામાં વધતો ખોરાક રસોઇયા પોતાને ઘેર લઈ જતા હતા. તેને રાજાએ કહ્યું કે, “ તમો જે ખોરાક લઈ જાઓ છો, તે શુદ્ધ આહાર છે; માટે સાધુઓને વહોરાવો; તો તમને પણ લાભ થશે. તમારા નિર્વાહ માટે હું તમને જોઈશે તેટલું આપીશ.” દાનશાળાના નોકરો આ પ્રમાણે પોતાને ઘેર લઈ જઈ આ ખોરાક શુદ્ધ જાણીને વહોરાવવા લાગ્યા. “ આ આહાર અશુદ્ધ છે,” એમ આચાર્ય મહારાજ સુહસ્તિગિરિ જાણતા હતા, છતાં “ સાધુઓ ઉપરના રાગને લીધે આ ટાળી શકતા નથી.” એવી આર્ય મહાગિરિ મહારાજને ખબર પડી, “ આ દાનશાળાનો આહાર દોષિત છે, અને સાધુને ન કલ્પે એમ જાણતાં છતાં તે લેતાં સાધુઓને તમો કેમ

અટકાવતા નથી? તેમાં આધાકર્મ:, ઔદ્દેશિક:, પૂર્વ કર્મ:, મિશ્રજાતિ:, સ્થાપના:, પ્રાભૃત દોષ :, વિગેરે દોષો લગે છે. એમ ઠપકો આપ્યો. આર્ય સુહસ્તિ મહારાજ બોલ્યા કે- ભક્તિથી લોકો વહોરાવે છે; અમે આપવા કહેલ નથી. વળી બીજા માટે થાય છે; તેમાંથી વધેલું સાધુઓ વહોરે છે. નથી તેમાં મુનિની પ્રેરણા, નથી તેમાં મુનિનો ઉદ્દેશ, નથી તેમાં મુનિની અનુમોદના, ગૃહસ્થે કરેલો ગિકરણ શુદ્ધ લાગે છે પછી દોષ શો ?" ગુરુ બોલ્યા: શાંતં પાપમ્. એમાં દોષ શો ?" એમ બોલતાં તો અધોગતિ થાય. જળ પણ જુદું વાપરનાર સાધુઓને સમાચારી પ્રમાણે જ વર્તવાનું કહ્યું છે તેથી વિરુદ્ધ વર્તવામાં અધોગતિ થાય! આ સાંભળી આર્ય સુહસ્તિગિરિ નમ્ર-પણે ગુરુના ચરણમાં નમ્યા અને ક્ષમા માગી તથા હવેથી તે પ્રમાણે ન વર્તવા જણાવ્યું: ગુરુએ કહ્યું : "આમાં તમારો દોષ નથી. પરંતુ દુષમ કાળનો પ્રભાવ છે." એમ કહીને સારી રીતે બોધ આપ્યો. પછી તે બન્નેય અવંતિ નગરીમાં શ્રી જીવંત-સ્વામીની પ્રતિમાને વંદન કરવા ગયા. ત્યાંથી ગજપદ તીર્થે ગયા. ત્યાં અનશન કરી શ્રી મહાગિરિ આચાર્ય મહારાજ સ્વર્ગમાં ગયા. ત્યાંથી મોક્ષમાં જશે. શ્રી સુહસ્તિ આચાર્ય મહારાજ પણ પ્રતિબોધ આપતાં કેટલોક વખત વિચર્યા અને પછી સ્વર્ગમાં ગયા, ત્યાંથી મોક્ષમાં જશે.

## ૩૯. આર્યરક્ષિતસૂરિ

આર્યરક્ષિત સૂરીશ્વરજી મહારાજ મહાન શાસન પ્રભાવક થયા છે, અને તેમણે પોતાના કુટુંબને પણ તાર્યું છે. ચાર અનુયોગો તેમણે જુદા કર્યા. અને દરેક નયો ઉતારવાનું સામાન્ય રીતે દરેકને માટે બંધ કર્યું. તેઓશ્રીની સામાન્ય હકીકત શ્રી વજ્રસ્વામી મહારાજના ચરિત્ર પ્રસંગે આપેલી છે. છતાં અહીં કંઈક વિસ્તારથી આપીએ છીએ.

| | |
|---|---|
| તેમનું જન્મસ્થાન–દશરથપુરનગર. | ભાઈ–ફલ્ગુરક્ષિત |
| માતા–રુદ્રસોમા. | દીક્ષાગુરુ–તોસલીપુત્ર. |
| પિતા–સોમદેવ બ્રાહ્મણ. | પૂર્વોની વિદ્યાના ગુરુ–શ્રી વજ્રસ્વામી. |

જનોઈ દીધી ત્યાં સુધી પિતા પાસે અભ્યાસ કર્યો. પછી પાટલીપુત્રમાં જઈ વિશેષ અભ્યાસ કર્યો. ને પાછા આવતાં દશપુરના રાજાએ હાથી ઉપર બેસાડી તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો ને ધન આપ્યું. એક દિવસ તેને વિચાર આવ્યો કે, "અરે હું ભણીને તો આવ્યો, પરંતુ માતાના ચરણમાં નમસ્કાર પણ ન કર્યા; કેટલી ભૂલ થઈ?" એમ વિચારી જઈને માતાના ચરણમાં નમસ્કાર કર્યા. માતાએ "દીર્ઘાયુ થાઓ" એવો આશીર્વાદ આપ્યો. પરંતુ તેથી કાંઈ પુત્રને સંતોષ ન થયો. માતાનું ચિત્ત તેને જોઈએ

તેવું પ્રસન્ન ન લાગ્યું. ફરીથી જઈને પૂછયું: "માતાજી, હું આવો વિદ્વાન થઈને આવ્યો અને રાજ્યમાન્ય થયો. છતાં આપની પ્રસન્નતા કેમ જણાતી નથી ?" માતાએ કહ્યું: "પુત્ર, તારી આ વિદ્યા કુવિદ્યા છે. આ વિદ્યાથી હેય, ઉપાદેય, જ્ઞેય તત્ત્વનો બોધ યથાર્થ થતો નથી. બીજાનું દુઃખ હરાતું નથી. માટે આવી ભારભૂત વિદ્યા શા કામની ? "માતાજી, હું કયા શાસ્ત્રનો અભ્યાસ કરું ? તો આપને હર્ષ થાય ?" "પુત્ર, તું જૈન મુનિઓનો શિષ્ય થા. અને દષ્ટિવાદ સૂત્રનો અભ્યાસ કર તો તું ખરો ભક્તિવંત પુત્ર છો એમ માનું." સવારમાં વહેલા ઊઠીને, જેવા ઘરની બહાર નીકળ્યા કે, તેના પિતાના મિત્ર પરામાં રહેતા મહાદ્વિજે સાડાનવ શેરડીના સાંઠા તેને ભેટ આપવા માંડયા, ને તેણે લીધા અને તે માતાને ઘરમાં સોંપવાની તે જ બ્રાહ્મણને ભલામણ કરીને આગળ ચાલ્યા. માતાએ નિમિત્ત ઉપરથી જાની લીધું કે, "શુકન પ્રમાણે પુત્ર આર્ય-રક્ષિત સાડાનવ પૂર્વ ભણશે. હવે આ તરફ આર્યરક્ષિત ઈક્ષુવનમાં આચાર્ય મહારાજની વસતિ પાસે આવી પહોંચ્યા. તેઓને શિષ્યોને માલવકી પ્રમુખ શીખવતા સાંભળ્યા. પરંતુ પોતે જૈન મુનિ પાસે જવાનો વિધિ ન જાણતા હોવાથી, કોઈ આવનારની થોડીવાર રાહ જોઈ રહ્યા. તેવામાં ઢકુર નામે શ્રાવક આવ્યા, તેમણે નિસીહી કહી, ગુરુને અને ક્રમે સૌ સાધુ મુનિરાજોને વંદન કર્યું. અને પછી પ્રમાર્જના કરી ગુરુ સન્મુખ બેઠા. આર્યરક્ષિતે પણ બધું તે પ્રમાણે કર્યું. પરંતુ "ગુરુવંદન બાદ નાના શ્રાવકે-મોટા શ્રાવકને પ્રણામ કરવો જોઈએ." એ વિધિ એમના ધ્યાનમાં ન હોવાથી તેમણે તે પ્રમાણે કર્યું નહીં. ગુરુ સમજી ગયા કે, "આ યુવાન નવઆગંતુક છે" એટલે તેમનો પરિચય મેળવવા પ્રશ્ન કર્યો. "શ્રાવક ! તારો ગુરુ કોણ ?" "હે પ્રભો ! આ શ્રાવક મારા ગુરુ છે." "કયાંથી આવો છો ?" "દશપુરમાંથી. માતાની ઇચ્છાને માન આપી, આપની પાસે દષ્ટિવાદ ભણવા આવ્યો છું." વિગેરે હકીકત સવિસ્તર કહી. "દીક્ષા લીધા વિના દષ્ટિવાદ ભણી શકાતું નથી." "તો આપો દીક્ષા." ગુરુએ દીક્ષા આપી. દીક્ષા લઈ ગુરુ મહારાજ સાથે વિચરતા અગિયાર અંગોનો નવો અભ્યાસ તેણે કરી લીધો. ત્યારે ગુરુ મહારાજાએ દષ્ટિવાદ ભણવા શ્રી વજ્રસ્વામી પાસે જવા કહ્યું. ત્યાંથી નીકળી મહાપુર નગર થઈ ઉજ્જયની નગરીમાં રહેતા ભદ્રગુપ્તાચાર્ય મહારાજને મળ્યા. ગુરુ મહારાજ તેને ઓળખીને બહુ ખુશી થયા ને કહ્યું: "તું બ્રાહ્મણપણું છોડી સાધુ થયો તે સારું કર્યું. હું તો વૃદ્ધ થયો છું અને અનશન કરવાની ઇચ્છા રાખું છું માટે મને નિર્યામણા (અંતિમ આરાધના) કરાવીને પછી દષ્ટિવાદ શીખવા શ્રી વજ્રસ્વામી પાસે જજે. ત્યાં તેમની પાસે દષ્ટિવાદ ભણજે. પરંતુ જુદી વસતીમાં ઊતરી જુદી જ ગોચરી કરજે; કેમકે શ્રી વજ્રસ્વામી પાસે (સાથે) જેટલા આહાર કરશે તે દરેક તેમની સાથે અનશન વ્રત આદરશે તેથી શાસનમાં કોઈ સમૃદ્ધિ પુરુષ રહેવા

ન પામે. આ તરફ શ્રી વજ્રસ્વામી ભગવંતને સ્વપ્નું આવ્યું કે, "કોઈક માણસ આવીને મારી પાસેથી બધું દૂધ પી ગયો. ને થોડું બાકી રહ્યું" તે સ્વપ્ન અને તેનો શાસ્ત્રાનુસારી અર્થ ગુરુ મહારાજે સવારમાં શિષ્યોને કહ્યો હતો કે, "આજે કોઈક આવીને મારી પાસેથી દશપૂર્વમાં કંઈક ન્યૂન શીખી જશે." તેવામાં જ આર્યરક્ષિત આવ્યા, અને નિસીહી કહી, અંદર આવી આચાર્ય ભગવંતને વંદન કર્યું. આગમન પ્રયોજન પૂછતાં જણાવ્યું કે, "શ્રી ભદ્રગુપ્ત ગુરુ મહારાજે આપની પાસે દૃષ્ટિવાદ શીખવા મોકલ્યો છે." શ્રી આર્ય ભગવંતે તેમને પૂર્વની વિદ્યા શીખવવા માંડી. આર્યરક્ષિત મુનિ જુદા ઉપાશ્રયમાં ઊતરેલા હતા અને રોજ શીખી જતા હતા. નવ પૂર્વ પૂરા થયા અને દશમા પૂર્વનો કઠિન યમક શીખતા હતા ત્યાં પિતાનો સંદેશો આવ્યો કે "અમો તમારા વિના દુઃખી છીએ, માટે આવીને અમને સંતોષ પમાડો." એટલે તેમણે જલદી જલદી દશમું પૂર્વ શીખવાની શરૂઆત કરી. તેવામાં નાનો ભાઈ ફલ્ગુ-રક્ષિત તેડવા આવ્યો અને કહ્યું કે, "હવે જલદી ચાલો. માતાપિતા તમને જોવાને ઉત્સુક છે અને તમારી પાસે દીક્ષા લેવાની ઇચ્છા બીજા પણ ઘણા સંબંધીઓની છે." આ ઉપરથી તેણે પોતાના નાના ભાઈને તો ત્યાં જ દીક્ષા આપી અને જવાની ઉતા-વળને લીધે આચાર્ય ભગવંતને પૂછયું કે, "હે પ્રભો! હવે કેટલું બાકી છે?" ગુરુ મહારાજે કહ્યું કે, "વત્સ! દશમું પૂર્વ તો સમુદ્ર સમાન છે. તેનું બિંદુ માત્ર તું શીખ્યો છે. હજુ તો ઘણું બાકી છે." આ ઉપરથી આર્યરક્ષિત મુનિએ વિચાર્યું કે, "સાડાનવ પૂર્વથી વધારે ભણવાનું મારા નસીબમાં નથી; કેમકે-સાડાનવ શેરડીના સાંઠાના નિમિત્તે પ્રથમથી જ એ સૂચના આપેલી છે." શ્રી વજ્રસ્વામી મહારાજે તેમને આચાર્યપદ આપ્યું અને ત્યાંથી નીકળી દશપુર આવ્યા. રાજાએ મહોત્સવ કર્યો. અમૃતમય ઉપદેશ સાંભળી, સૌ આનંદમાં આવી ગયા અને કહેવા લાગ્યા કે, "અહો! આવો ઉપદેશ આગળ કદી સાંભળ્યો નથી." રાજા જૈન થયો. માતા અને બહેને પણ દીક્ષા લીધી. સોમદેવ પિતાએ વૈરાગ્ય પામી, ચારિત્ર લીધું. પણ શરત એ કરી કે– "મારા પરિચિત પ્રદેશમાં મારાથી તમારી જેમ રહી શકાશે નહિ. મને બે વસ્ત્ર, કુંડી, છત્રી, જોડા અને જનોઈ રાખવાની છૂટ આપો, તો દીક્ષા લઉં." ગુરુએ દીર્ઘ વિચાર કરી છૂટ આપી પણ ખરી. એક વખત પોતે જિનેશ્વર પ્રભુનાં દર્શન કરવા ગયા. તે વખતે શ્રાવકોના નાના બાળકોને શીખવાડયા પ્રમાણે તે બાળકોએ નીચે પ્રમાણે કર્યું: બાળકો વસતિમાં જઈ દરેક મુનિને વંદન કરી, અંદર અંદર વાતચીત કરવા લાગ્યા કે, "આવા સાધુને આપણાથી ન વંદાય." બીજો કહેઃ 'કેમ?' 'સાધુને લાયક તેનો વેષ કયાં છે?" આ સાંભળી સોમદેવ મુનિ બોલી ઊઠયા કે, "શું હું સાધુ નથી?" "તમો ગૃહસ્થને લાયકના ઉપકરણો રાખો, ને સાધુ શી રીતે કહેવાઓ?" તેથી

ધોતિયા સિવાયની બધી વસ્તુઓ છોડી દીધી. એક તપસ્વી સાધુ અનશણ કરી મૃત્યુ પામ્યા ત્યારે તેનું કલેવર વોસિરાવવા માટે આચાર્ય મહારાજે ધર્મોપદેશ આપ્યો કે, "મૃત સાધુનું કલેવર ઉપાડીને વોસિરાવે, તેને ઘણું પુણ્ય થાય અને મુક્તિ પામવા યોગ્ય ગણાય." એ સાંભળી સોમદેવ મુનિ બોલ્યા કે, "એ કામ હું કરીશ." ત્યારે ગુરુએ કહ્યું કે, "મૃત કલેવરને ઉપાડનારને વિઘ્નો આવે છે, તેથી ડગવાનું નહિ." ત્યારે તેમણે કહ્યું કે, "બિલકુલ નહીં ડગું." મૃત કલેવર ઉપાડી મુનિ ચાલ્યા, ત્યારે શીખવી રાખેલા શ્રાવકના બાળકોએ ધોતિયું ખેંચી લીધું. એટલે ગુરુએ કહ્યું કે, "અરે સાધુઓ! એને એક વસ્ત્ર પહેરાવો." ત્યારે સોમદેવ મુનિએ કહ્યું કે, "હવે પહેરાવો તો યે શું? જે અંગ ખુલ્લું થવાનું હતું તે થઈ ચૂક્યું. હવે હું ચોલપટ્ટો પહેરીશ." આ બધું છતાં તેઓ શરમને લીધે ભિક્ષા લેવા જતા નહીં. ત્યારે ગુરુ-મહારાજે ફરી યુક્તિ કરી. પોતે બહાર ગામ જિન–પ્રભુના દર્શન કરવા નિમિત્તે ગયા અને સાધુઓને સૂચના કરી કે, "તમારે તેમને ગોચરી ન લાવી આપવી." બે–ત્રણ દિવસના કડાકા થયા. ગુરુ આવ્યા. અને સાધુઓને ઠપકો આપ્યો કે–"કેમ ગોચરી ન લાવી આપી?" મુનિઓએ કહ્યું કે, "તે પોતાની મેળે કેમ લાવતા નથી?" ત્યારે સમજાવીને ગુરુએ પાસેનાં ઘરોમાંથી ગોચરી લેવા મોકલ્યા. શરમ છતાં ભૂખ અને ગુરુની શરમથી ગયા અને પાછલી જ બારીથી પેઠા. સાથેના મુનિઓના સમજાવવાથી આશ્ચર્ય પામેલા ગૃહસ્થ સમજ્યા કે, "લક્ષ્મી પાછલે બારણેથી આવે, તો પણ સારી." હર્ષ પામી મોદક વ્હોરાવ્યા. તે ગુરુને બતાવ્યા; ગુરુએ સમજાવીને બીજા સાધુઓને વહેંચી દેવરાવ્યા. ફરીથી તેઓને મોકલ્યા, ત્યારે ખીર વહોરી લાવી, પારણું કર્યું. પછી તો રોજ ગોચરી જવા લાગ્યા. અહીં વિશેષ એ પણ હકીકત છે કે–તે મોદક ૩૨ હતા. તે નિમિત્ત ઉપરથી "સોમદેવ મુનિને ૩૨ શિષ્યો થશે, અને તેનો પરિવાર ખૂબ ફાલશે ફૂલશે." ત્યાર પછી આચાર્ય મહારાજ પાટલિપુત્ર ગયા અને ત્યાંના ચંદ્ર રાજાને પ્રતિબોધ આપ્યો. તે જૈન ધર્મી થયો. અનુક્રમે આચાર્ય મહારાજ સ્વર્ગે ગયા. (પાટલીપુત્રનો આ ચંદ્રરાજા કોણ?)

## ૪૦. ઉદયન રાજર્ષિ

એક વખત પ્રભુ મહાવીર દેવ રાજગૃહી નગરીએ સમવસર્યા. ત્યાં દેશના સાંભળવા આવેલા અભયકુમારે એક ઉત્કૃષ્ટ મુનિશ્વરને જોઈ, તેમને વિષે પ્રભુને પૂછયું ત્યારે પ્રભુએ કહ્યું કે, "એ છેલ્લા રાજર્ષિ છે. તેઓ સિંધુ સૌવીર દેશના વીતભય નગરના ઉદયન રાજા છે. તેમનાં પટ્ટરાણી ચેટકરાજાની પુત્રી, પ્રભાવતી હતાં. એ શહેરમાં એક કુમાર નંદી નામનો સ્ત્રીલોલુપ સોની રહેતો હતો. તે ઘણી સ્ત્રીઓ પરણ્યો હતો. છતાં બે દેવાંગનાઓને જોઈ તેઓને પરણવાનું મન કર્યું. ત્યારે તેઓએ કહ્યું

કે–"અમો તો પંચ શૈલ દ્વીપમાં રહેનારી હાસા અને પ્રહાસા નામની દેવીઓ છીએ. તમારે અમારી જરૂર હોય તો ત્યાં આવીને અમારા પતિ થવું." પછી એક ઘરડા અનુભવી નાવિકે પોતાના બાળકો માટે ઇચ્છિત ધન મેળવીને તેને પંચ શૈલની પાસે લઈ ગયો અને કહ્યું કે, " કિનારે એક વડનું ઝાડ આવશે. તેની નીચે આપણું વહાણ જાય કે તુરત તેની વડવાઈ પકડી લેવી. તેમાં ભૂલ થશે તો વહાણ જરા આગળ જઈને ભમરીમાં પડીને નાશ પામશે. પછી–વૃક્ષ ઉપર રાત્રે રહેલા ભારંડ પક્ષીઓના પગ પકડીને પંચ શૈલ દ્વીપે જવાશે. " તેણે તે પ્રમાણે કર્યું. તેને હાસા પ્રહાસા મળી પણ ખરી. પણ કહ્યું કે, "આ શરીરે નહીં. તું અગ્નિમાં પડીને દેવ થઈ અમારો પતિ થા." એમ કહી તેને પોતાને ઘેર મૂક્યો. પેલો અગ્નિમાં પડી મર્યો અને દેવ થઈ તેઓનો પતિ થયો. હવે નાગિલ નામનો તેનો સોબતી વહાણ ભાંગવાથી તરીને બહાર આવી દીક્ષા લઈ ધર્મ પાળી બારમા દેવલોકે દેવ થયો. બારમા દેવલોકના ઇંદ્ર નંદીશ્વર દ્વીપે યાત્રા માટે નીકળ્યા ત્યારે હાસા પ્રહાસાના પતિના ગળે ઢોલ વળગવા લાગ્યો. તેણે ઘણીવાર દૂર ધકેલ્યો પણ તે છૂટયો નહીં; કેમ કે– તે એ જાતિનો કિલ્બિષિક દેવ થયો હતો. એ દેવો દેવ જાતિમાં અંત્યજ દેવો ગણાય છે. તેને વાદ્ય વગાડતો જોઈ પેલા નાગિલના જીવ દેવે તેને ઓળખ્યો અને તેની સ્થિતિ પૂછી. ત્યારે તેણે "બહુ દુઃખી છું." એમ જણાવ્યું. નાગિલના જીવ દેવે કહ્યું : " શ્રી દેવાધિદેવ મહાવીર પરમાત્મા અત્યારે જે સ્થળે હોય, તેની દેહપ્રમાણ પ્રતિમા કરાવી, તેની પૂજા કરે, અને ચાલુ પૂજા કરાવે તો આ તારા કર્મથી તારો નિસ્તાર થાય." તેણે તે પ્રમાણે કરીને પ્રતિમાને પેટીમાં પેક કરીને કોઈ વહાણવટી સાથે વીતભય નગરે મોકલી. ત્યાં તે પેટીને પ્રભાવતી રાણી સિવાય કોઈ ઉઘાડી શક્યું નહીં. રાણી એ પ્રતિમાને મંદિરમાં પધરાવી રોજ પૂજા કરતી હતી અને રાજા વાજીંત્ર વગાડતો હતો. જે રંગનાં વસ્ત્ર મંગાવ્યાં હતાં તે દાસી લાવી; છતાં પોતાને તે જુદા રંગના લાગવાથી મૃત્યુ નજીક જાણી રાણીએ પ્રભુ મહાવીર પાસે દીક્ષા લીધી અને કુબડી દાસીને પૂજા ભળાવી દીક્ષા પાળી, રાણી દેવલોકમાં ગયાં. પણ રાજાને પ્રતિબોધ આપવા આવવાનું વચન આપ્યું હતું તે પ્રમાણે તેણે પ્રયત્ન કર્યો–તાપસનું રૂપ લઈ તાપસાશ્રમોમાં રાજાને લઈ જઈ મારની બીક દેખાડી જૈન મુનિઓને શરણે લઈ જઈ જૈન ધર્મ પમાડયો. ત્યારથી રાજા પણ જૈનધર્મી થઈ દેવાધિદેવની પૂજા કરતા હતા. ગંધાર નામના શ્રાવક યાત્રા કરવા નીકળેલા, તે માંદા પડવાથી કુબડી દાસીએ તેની સારી સેવાચાકરી કરી એટલે તેમણે પોતાની પાસેની ચમત્કારિક ગોળીઓ ખુશી થઈને આપી. તેમાંની એક ગોળી ખાવાથી કુબડી રૂપવતી થઈ ગઈ. કોઈના કહેવાથી તેને ખાત્રી થઈ કે, "મારા રૂપને યોગ્ય ઉજ્જયનીનો ચંડપ્રદ્યોત રાજા છે." વળી તે સમાચાર ત્યાં પહોંચાડયા. અનલગિરિ હાથી ઉપર બેસીને રાતોરાત આવી રાજા

બીજી પ્રતિમાને મૂકીને મૂળ પ્રતિમા સહિત દાસીને પોતાને ત્યાં લઈ ગયો. અનલગિરિ જેવો મહા હાથી આવી જવાથી રાજાના હાથીના મદ ઊડી ગયેલા હોવાથી ચંડપ્રદ્યોતના આવવાનું અનુમાન કરી તેના ઉપર ચડાઈ કરી હરાવીને બાંધીને વીતભય તરફ ચાલ્યા. દાસી નાશી ગઈ અને પ્રતિમાજી ત્યાંથી ખસ્યાં નહીં ત્યારે પ્રભાવતી દેવે કહ્યું કે, "હે રાજન્! તમારાં મૃત્યુ બાદ વીતભય ધૂળથી દટાશે માટે આ પ્રતિમાજીને અહીં જ રહેવા દો." (જેના દર્શન માટે આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ મહારાજ આવ્યા હતા. ત્યાં સુધી જીવંતસ્વામીનાં પ્રતિમા ઉજ્જયનીમાં હતાં, એમ સમજાય છે.) તે ઉપરથી રાજાએ તે પ્રતિમાજીને ત્યાં જ રહેવા દીધાં અને પ્રદ્યોતના કપાળમાં 'મારી દાસીનો પતિ' એવા અક્ષરો ડામથી પડાવ્યા. માર્ગમાં ચોમાસામાં દશ રાજાઓ સહિત માળવામાં પડાવ નાખ્યો. ત્યાં દશપુર નગર વસ્યું. પજુસણમાં રાજાને ઉપવાસ હોવાથી પ્રદ્યોતનને પૂછવા રસોઈઓ ગયો. ત્યારે તેણે પણ ઉપવાસનું જણાવ્યું. આ વાતની રાજાને ખબર પડી, એટલે સાધર્મિક સમજીને તેણે તેને છોડી મૂકયો. ખમત ખામણાં કરી રાજ્ય પાછું આપ્યું અને સોનાનો પટો બાંધી પેલા અક્ષરો દબાવી માનપૂર્વક વિદાય આપી. એક વખત મનોરથ કરતાં "જો પ્રભુ પધારે તો તુરત દીક્ષા લઉં." તેવામાં પ્રભુ સવારમાં જ સમોસર્યા. (ઘણે ભાગે રાજાના મનોરથ જ્ઞાનથી જાણીને લાભાલાભને કારણે લાંબો વિહાર કરીને પધારેલા હતા.) ને દેશના સાંભળી દીક્ષા લીધી." એ સાંભળી અભયકુમારે રાજર્ષિને વંદન કર્યું. "રાજ્યને નરકનું કારણ સમજીને પોતાના પુત્રને રાજ્ય ન આપતાં તેઓએ ભાણેજને આપ્યું હતું. તેઓ રોગ-શાંતિ માટે ભાણેજના શહેરમાં આવ્યા; ભાણેજે ભક્તિ કરી પણ "પાછું રાજ્ય લેવાની ઇચ્છાથી આવ્યા છે" એમ પ્રધાનોના સમજાવવાથી તેણે દહીંમાં વિષ આપ્યું. દેવે બે વાર તે સંહરી લીધું અને દહીં ખાવાની ના પાડી. છતાં રોગના ઉપદ્રવને લીધે દહીં છોડી શકયા નહીં. એક વખત દેવની ગફલતથી ભાવિ–ભાવને લીધે વિષ શરીરે ચડયું. વિષ તો ખાસ અસર ન કરી શકયું. પરંતુ ધ્યાનમાં લીન થઈ કેવળ જ્ઞાન પામી આયુ સમાપ્ત થયે મોક્ષમાં ગયા. પ્રભાવતી દેવ પણ મોક્ષે જશે.

### ૪૧. મનકકુમાર

એક વખત દશવૈકાલિક સૂત્રના કર્તા આચાર્ય શય્યંભવ સૂરીશ્વરજી મહારાજા બહાર સ્થંડીલ જતા હતા. સામે એક બાળકે આવીને પૂછયું કે, "શય્યંભવ આચાર્ય મને કયાં મળશે?" આચાર્યે તેને પોતાની ગર્ભિત ઓળખાણ આપી અને આવવાનું કારણ જાણી લીધું. પરંતુ પોતાનો સંબંધ જાહેર ન કરવા તેને સમજાવી ઉપાશ્રયે લાવી દીક્ષા આપી. સૂરિજીએ જ્ઞાનથી જાણ્યું કે, "મનકનું આયુષ્ય અલ્પ છે અને તેટલા વખતમાં તે ભણે શું? તેને બોધ શી રીતે થાય? અને ચારિત્રમાં રસ શી રીતે

જાય ?" આ વિચારથી તેઓએ પૂર્વમાંથી ઉદ્ધરીને સાંજને સમયે-વિકાળે પણ ભણી શકાય તેવું દશ અધ્યયનવાળું દશવૈકાલિકસૂત્ર રચ્યું અને સારરૂપ તે મનકને ભણવા આપ્યું. મનકનો વૈરાગ્ય સ્થિર થયો; અને દરેક સાધુઓની ભક્તિ કરતાં તેને આરાધના થઈ. છ માસમાં મૃત્યુ પામી સ્વર્ગમાં ગયો. તેના અગ્નિસંસ્કાર બાદ સંઘને ઉપદેશ આપતાં આચાર્યની આંખમાં સહેજ આંસુ આવ્યાં. સંઘે આંસુ પાડવાનું કારણ પૂછ્યું. આચાર્ય મહારાજે જણાવ્યું કે, "મનક અમારો સંસારી પુત્ર હતો." તે કેવી રીતે ? તે બધો સંબંધ પોતાનો કહ્યો: "હું રાજમાન્ય બ્રાહ્મણ હતો. મોટો યજ્ઞ કરતો હતો. સંઘમાં બીજા કોઈને પટ્ટધર યોગ્ય ન સમજીને પૂજ્યને-શ્રી પ્રભવ સ્વામીની કૃપાદ્રષ્ટિ મારા ઉપર વર્ષી. બે શિષ્યોને મને પ્રતિબોધવા માટે મોકલ્યા હતા, તેઓ આવીને એમ બોલ્યા કે, "અહો કષ્ટમ ! તત્ત્વ તો જાણતા નથી." મેં પૂછ્યું: "ત્યારે તત્ત્વ શું છે ?" તેઓએ કહ્યું કે-"આ યજ્ઞના સ્થંભની નીચે શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા છે, તે તત્ત્વ છે." તપાસ કરતાં અને યજ્ઞના ગોરને પૂછતાં ત્યાંથી શ્રી શાંતિનાથ પ્રભુના પ્રતિમાજી નીકળ્યાં. તેથી વૈરાગ્ય પામી ગુરુ મહારાજ પાસે આવી મેં દીક્ષા લીધી. તે વખતે ઘેર છોડેલાં પત્ની સગર્ભા હતાં. લોકો તેને પૂછતા કે-"તમારા પતિએ દીક્ષા લીધી છે. પરંતુ તમને ગર્ભ છે કે નહીં ?" ત્યારે તે સૌને શરમને લીધે જવાબ આપે કે, "કંઈક-મનાક છે. આ મનાક શબ્દ પ્રસિદ્ધ થઈ ગયો. અને બાળકના જન્મ પછી પણ તેનું નામ મનાક પાડવામાં આવ્યું. તે રૂઢ થઈ મનકકુમાર તરીકે પ્રસિદ્ધ થયું. જ્યારે સમાન વયનાં બાળકો તેને "નબાપો કહી પજવવા લાગ્યા: ત્યારે તેણે પોતાની માતા ને પિતા વિષે પૂછ્યું. ત્યારે તેમણે જવાબ આપ્યો કે, "તેઓએ જૈન ધર્મની દીક્ષા લીધી છે અને હાલમાં પાટલિપુત્રમાં ધર્મોપદેશ આપે છે." એ ઉપરથી તે બાળક અમને સ્થંડિલ ભૂમિ જતાં રસ્તામાં મળ્યો અને તેને દીક્ષા આપી તેનું ટૂંકું આયુષ્ય વિચારી આ દશવૈકાલિક સૂત્ર રચવામાં આવ્યું." આ સાંભળી શ્રી યશોભદ્રસૂરિ વિગેરે મુનિરાજાઓએ વિજ્ઞપ્તિ કરી કે, "હે પ્રભો ! અમને પહેલાં આ વાત કેમ ન કરી ?" આચાર્ય મહારાજે ખુલાસો કર્યો કે, "જો તેમ કરવામાં આવ્યું હોત, તો મુનિઓની વૈયાવચ્ચ તે કરી શકત નહિ જ, કેમકે-મુનિઓ તેને તેમ કરવા દેત નહીં. અને ટૂંકા વખતમાં તેને સંયમની આરાધના થાત નહીં." મનક માટે રચેલા "દશવૈકાલિક સૂત્રની હવે જરૂર નથી." એમ ધારી તે સૂત્રને આગમોમાં પ્રક્ષેપાવી, અંતર્ગત કરવા લાગ્યા. ત્યારે શ્રી યશોભદ્રસૂરિ વિગેરે મુનિઓએ તેમ ન કરવા વિજ્ઞપ્તિ કરી એટલે ભાવિ કાળના અલ્પ બુદ્ધિવાળા મુનિઓ માટે તે એમ ને એમ રહેવા દીધું.

### ૪૨. કાલિકાચાર્ય (પહેલા)

તુરમણિ નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં કાલિક નામના બ્રાહ્મણે ધર્મ પામી

દીક્ષા લીધી. ભદ્રા નામની તેની બેનનો પુત્ર દત્ત નામે હતો. તે ઘણો સ્વચ્છંદી હતો. પરંતુ તેની ચાલાકીથી તેને રાજમાં નોકરી મળી. ત્યાંથી પ્રધાન થયો અને પછી રાજાને કાઢી મૂકી પોતે જ રાજા થઈ બેઠો અને મોટા યજ્ઞો કરવા લાગ્યો. કાલિકાચાર્ય વિહાર કરતા તે નગરીમાં પધાર્યા. દત્તે જઈને યજ્ઞનું ફળ પૂછયું. આચાર્ય મહારાજે નરકગતિરૂપ ફળ જણાવ્યું અને તેની ખાત્રી એ કે આજથી ૭ મે દિવસે તારા મુખમાં વિષ્ટા પડશે અને તું સાતમી નરકે જઇશ. કેમકે યજ્ઞ હિંસામય છે, અને તેથી નરક જ મળે." દત્ત ક્રોધે ભરાયો, અને મારવા તૈયાર થયો. આચાર્ય અડગ રહ્યા. મક્કમપણે પોતાનો અભિપ્રાય જણાવતા રહ્યા. દત્તે વિચાર કર્યો: "અત્યારે આચાર્યને કબજે રાખું અને આઠમે દિવસે તેની વાત છે." એમ વિચારી પોતે સાત દિવસ મહેલમાં જ ભરાઈ રહ્યો, બહાર નીકળ્યો જ નહિ. સાતમો ને આઠમો દિવસ જાણી તે ફુલાતો ફુલાતો બહાર નીકળ્યો. પરંતુ ખરી રીતે તે સાતમો દિવસ હોવાથી રાજ્યના અધિકારીઓ અશુચિત દૂર ફેંકાવી રસ્તાઓ સાફ કરાવતા હતા, અને રસ્તામાં ફૂલ પથરાવતા હતા. તેવામાં ફૂલનો કરંડિયો લાવનાર એક માળીને મળોત્સર્ગની હાજત થઈ આવી. તેથી ભીડમાંથી બહાર ન નીકળતાં યુક્તિપૂર્વક રસ્તામાં જ મળોત્સર્ગ કરી, તે ઉપર પોતાના જ કરંડિયાનાં ફૂલોનો ઢગલો કરી વાળ્યો દત્ત ઘોડા ઉપર બેસીને ઠાઠમાઠથી ફરવા નીકળ્યો, તેવામાં ઘોડાનો પગ પેલી વિષ્ટા ઉપર પડવાથી તેનો છાંટો દત્તના મોંમાં પડ્યો; ને આચાર્યના વચનની ખાતરી થઈ. દત્ત મહેલે પાછો ફર્યો પણ જિતશત્રુ રાજાના ભક્ત પ્રજાજનોએ ગુપ્ત વેષે ત્યાં હાજર રાખેલા તે રાજાએ પોતાના માણસો પાસે દત્તને પકડાવ્યો, કે એક રાજસેવકે તેના ઉપર શસ્ત્રનો ઘા કર્યો. તે મૃત્યુ પામી સાતમી નરકે ગયો અને જિતશત્રુ રાજાએ આચાર્ય મહારાજની સેવા કરી જૈન ધર્મ અંગીકાર કર્યો.

## ( ૨ ) કાલિકાચાર્ય ( બીજા )

શ્રીપુરના પ્રજાપાળ રાજાને કાલિક નામે પુત્ર થયો, અને તેણે યોગ્ય વયે દીક્ષા લીધી. તેને ભાનુમતી નામે બહેન હતી. તેને ભરૂચના રાજા જિતારી સાથે પરણાવી હતી. તેના બાલમિત્ર અને ભાનુમિત્ર નામના બે પુત્રો હતા. તેને બળભાનુ નામનો એક ભાણેજ હતો. તેણે ત્યાં પધારેલા કાલકસૂરિનો ધર્મોપદેશ સાંભળી દીક્ષા લીધી અને ગંગાધર નામના બ્રાહ્મણને તે બાળ સાધુએ જ હરાવ્યો. તેથી તે ઈર્ષ્યા રાખતો હતો. ફરીથી કાલકસૂરિ ભરૂચમાં પધાર્યા. ત્યારે પેલા ગંગાધર પુરોહિતે રાજાને સમજાવ્યું કે, "ગુરુ જે રસ્તે આવે તે રસ્તા ઉપર ચાલવાથી લોકોને પાપ લાગે અને તેનો દોષ રાજાને માથે આવે." રાજાએ કહ્યું કે, "શાંતિથી રહે તો ગુરુને જવાનું કેમ કહી શકાય?" પુરોહિતે કહ્યું કે, "તેમને માટે શહેરમાં ઠામ ઠામ રસોઈ કરાવો" અને "તમારા માટે આ રસોઈ છે." એમ કહેવું એટલે અનેષણીય આહાર મળતો ધારીને તેઓ પોતાની

મેળે જ વિહાર કરી જશે.” રાજાએ આ યુક્તિ અજમાવી. આચાર્ય મહારાજ ભરૂચથી વિહાર કરી પેંઠમાં ચોમાસુ રહ્યા. ત્યાંના શાલિવાહન રાજાના પૂછવાથી અને પાંચમના દિવસે ઇંદ્ર મહોત્સવ હોવાથી ચોથની સંવત્સરી પ્રવર્તાવી જે ગીતાર્થની આચરણા હોવાથી સકલ સંઘે તે પ્રમાણે સંવત્સરી પ્રતિક્રમણ કર્યું. એક વખતે આચાર્ય ઉજ્જયનીમાં હતા. શિષ્યોને પ્રમાદ છોડાવવા વહેલા ઊઠીને બીજે ગામ જ્યાં પોતાના સાગરચંદ્ર નામના આચાર્ય શિષ્ય હતા ત્યાં ગયા. સાધુઓને ગુરુના જવાથી ફાળ પડી, અને શય્યાતરના ઠપકાથી પ્રમાદ છોડી ચારિત્ર પાળવા લાગ્યા, આ તરફ ગુરુને ઓળખ્યા વિના પણ વૃદ્ધ સાધુ જાણી સાગરચંદ્રસૂરિએ વિનય કર્યો. સાગરચંદ્રસૂરિએ પોતાના વ્યાખ્યાનની છટા વિષે અભિપ્રાય પૂછયો. ગુરુએ કહ્યું: “શ્રેષ્ઠ.” તેથી સાગરચંદ્ર આચાર્ય બહુ હર્ષ પામ્યા. ત્યાં ધર્મની જરૂરિયાત ઉપર બન્નેએ વાદ-વિવાદ કર્યો. કાલિકાચાર્ય મહારાજે પ્રયુક્તિથી આત્માનું નિયત્વ અને ધર્મની જરૂરિયાત સાબિત કરી. થોડા દિવસે આચાર્ય પાછા આવ્યા. એક વખતે શિષ્યોને બોધ આપવા રેતીની કોથળી ભરી, તે ઠલવીને બીજી ભરી, ત્રીજી, એમ કરતાં રેતી બહુ થોડી રહી. તે ઉપરથી બોધ આપ્યો કે, “શ્રી ગણધર ભગવંતો પાસેથી ઊતરતું ઊતરતું શ્રુતજ્ઞાન આ રીતે ઓછું ઓછું આપણને મળ્યું છે. માટે જે મળ્યું છે, તેને સાવચેતીથી સાચવી રાખવાની જરૂર છે. એક વખત આચાર્ય મહારાજ પેંઠમાં ચોમાસુ રહ્યા હતા અને પહેલા દેવલોકના ઇંદ્રે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીને નિગોદનું સ્વરૂપ પૂછયું. જિનેશ્વર દેવે તે સમજાવ્યું, ત્યારે ઇંદ્રે પૂછયું કે, “ભારતમાં આવું સમજાવી શકે તેવા કોઈ અતિશય જ્ઞાની છે? પ્રભુએ કાલિકાચાર્યનું નામ આપ્યું તેમજ શત્રુંજય તીર્થનો મહિમા કહ્યો, અને ભારતની પવિત્રતા વર્ણવી. ઇંદ્ર વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને આચાર્ય મહારાજ એકલા હતા ત્યારે પાસે આવ્યા અને નિગોદનું સ્વરૂપ પૂછયું. આચાર્ય મહારાજાએ કહેલું સ્વરૂપ સાંભળી ઇંદ્ર ચકિત થયા. ફરી ઇંદ્રે કહ્યું કે, “હું વૃદ્ધ છું. મારી ઇચ્છા અણશણ ગ્રહણ કરવાની છે, તો મારું આયુષ્ય કેટલું બાકી હશે?” ગુરુ મહારાજે કહ્યું કે, “તમારું બે સાગરોપમ આયુષ્ય છે.” એટલે કે તેને પહેલા દેવલોકના ઇંદ્ર તરીકે ઓળખી કાઢયા. એટલે ઇંદ્રે પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું અને કહ્યું કે, “આપના મુનિઓ બહાર ગયા છે. તે આવ્યા બાદ હું જઈશ. જેથી તેઓ મારું રૂપ આ કાળમાં પણ જોઈ શકે.” ગુરુ મહારાજે કહ્યું કે, “તમારું રૂપ જોઈને કોઈ મુનિઓ તપના અને ચારિત્રના પ્રભાવથી તેવું રૂપ મેળવવાનું નિયાણું કરી બેસે. ને વિરાધક થાય.” ત્યારે ઇંદ્રે પોતે ત્યાં આવ્યાની પ્રતીતિ માટે ચોરાસી સ્તંભવાળા ઉપાશ્રયનું મૂળ બારણું જે દિશામાં હતું ત્યાંથી ફેરવીને બીજી દિશામાં કરી દીધું ને પોતે ગયા. મુનિઓ આવ્યા અને ઇંદ્રના આગમનની વાત કરી. તેની ખાતરી માટે ફેરવાયેલ બારણું બતાવ્યું. તેથી સૌ હર્ષ પામ્યા.

## (૩) કાલિકાચાર્ય (ત્રીજા)

મગધ દેશમાં આવેલા ધારાવાસ નગરના વજ્રસિંહ નામે રાજાના સુરસુંદરી નામે પત્નીને કાલક અને સરસ્વતી નામે બે બાળકો હતાં. કાલકકુમાર એકવાર ઘોડા ઉપર બેસીને રાજકુમાર સાથે વનમાં આનંદ કરવા નીકળી પડેલા. તેવામાં ગુણધર નામના સૂરિની દેશના સાંભળી તેમને સંયમ લેવાની ઇચ્છા થઈ. માત-પિતાની સંમતિ મેળવી બહેન સાથે દીક્ષા લીધી અને અનુક્રમે આચાર્યપદ પામ્યા. એક વખત ગુરુ મહારાજ ઉજ્જયનીની બહાર રહ્યા હતા. ત્યાં પ્રવર્તિની પદવિભૂષિત સરસ્વતી સાધ્વીજી ગુરુને વંદન કરી શહેરમાં જતાં હતાં. તેવામાં તે શહેરનો રાજા ગર્દભિલ્લ તે વખતે ફરવા નીકળેલો. તેણે રાજકુમારની સાધ્વીનું અદ્ભુત રૂપ જોઈ તેને પોતાના અંતઃપુરમાં મોકલાવી દીધાં. ગુરુએ રાજાને સમજાવવા સંઘને તેની પાસે મોકલ્યો. સંઘે રાજાની ફરજ સમજાવી સાધ્વીજીને છોડી દેવા કહ્યું. રાજાએ માન્યું નહીં. ગુરુએ જાતે આવીને રાજાને સમજાવ્યું કે, "એ સાધ્વી મારાં સંસારીપણાનાં બહેન છે. અને રાજાની તપસ્વીઓને મદદ મરવાની ફરજ છે." પણ ગર્દભિલ્લ એકનો બે ન થયો. આચાર્યશ્રીએ સંઘ સાથે વિચાર્યું કે, સમર્થ વ્યક્તિ હર ભોગે શાસન ઉપરનું વિઘ્ન દૂર ન કરે તો તેને પારાચીત પ્રાયશ્ચિત્ત લાગે છે. મહામુનિઓ પુલાકલબ્ધિના બળથી દેવ-ગુરુ અને ધર્મ ખાતર ચક્રવર્તિના મોટા લશ્કરનો પણ ભુક્કો ઉડાવી દે છે. એમ કહી, વેષ સાધુઓને સોંપી સંઘને કેટલીક મહત્ત્વની ભલામણ કરી, શક રાજાઓના મ્લેચ્છ દેશમાં ગયા. ત્યાંના રાજાને પ્રસન્ન કરી, તેની પાસેથી અવસરે મદદ કરવાનું વચન લીધું. એક દિવસે સાધન સિંહ શકોમાંના એક રાજાએ કચોળું અને છરી સાથે મોકલ્યા, તે જોઈ રાજાનું મોં પડી ગયું. આચાર્યશ્રીએ તેનું કારણ પૂછ્યું. રાજાએ કહ્યું કે, "અમારા છણ્ણું રાજામાંનો એક એ છે. અમારે રાજ્યયોગ્ય પુત્ર થાય એટલે તે આ પ્રમાણે કચોળું અને છરી મોકલે, એટલે અમારે અમારું માથુ કાપી દેવું પડે." આચાર્યશ્રીએ કહ્યું કે, "ઉજ્જયની નગરી પાસે ધન્નુ ગામ છે. મારી સાથે આવો તો તમને ત્યાંનું રાજ્ય અપાવું એટલે તમો આ કષ્ટમાંથી બચો." રાજાએ સ્વીકાર્યું અને આચાર્ય સાથે ચાલ્યા. રસ્તામાં વર્ષાઋતુને લીધે સોરઠ દેશમાં ઉંદુક પર્વત પાસે પડાવ કર્યો. પરંતુ ખોરાકીખર્ચી ખૂટી. આચાર્યશ્રીને વાત કરી, તેમણે બધાંને શાંત પાડયા. અને સરસ્વતી સાધ્વીજીએ આયંબિલની તપશ્ચર્યા શરૂ કરેલી હતી. તે વાત શાસનદેવીએ આચાર્યને ત્યાં કહી. પછી આચાર્ય મહારાજે ચૂર્ણના યોગથી સોનાના લાટા બનાવી રાજાઓને આપ્યા. છેવટે બધાએ ગુજરાતમાંથી પસાર થઈ ઉજ્જયનની ઘેરો ઘાલ્યો. ગર્દભિલ્લ ગભરાયો, આચાર્યે "સાધ્વીજીને હજી પણ છોડી દે, તો સારું છે, નહિ તો તારો નાશ છે" એમ કહેવરાવ્યું. ગર્દભિલ્લ ગર્દભી વિદ્યા સાધવા બેઠો. આચાર્ય મહારાજને ખબર પડી, દરેક રાજાઓને કહી દીધું કે, "ગર્દભી સિદ્ધ થયા પછી, એ ગર્દભી

કિલ્લા ઉપર ચડીને શબ્દ કરશે, તે શબ્દ જે સાંભળશે તે મરણ પામશે; માટે શબ્દ-વેધી બાણ ફેંકનારા એકસો સાત માણસ મારી સાથે મૂકો. અમે ૧૦૮ માણસો તે મુખ ઉઘાડશે કે તે બાણોથી ભરી દઈશું અને તે બોલી શકશે નહિ અને બીજાઓએ ચાર ગાઉ દૂર જઈને પડાવ નાખવો. ગર્દભીનું મોઢું ભરાઈ જવાથી તે ચીડાઈને રાજાને પાટુ મારી તેના મુખમાં મૂત્ર કરીને ચાલી જશે અને ગર્દભિલ્લ મરણ પામશે. આચાર્યશ્રીની યોજના આબાદ પાર પડી. ગર્દભિલ્લ મરણ પામ્યો, સાધ્વીજીને અંતઃપુરમાંથી બહાર લાવ્યા. તે શક રાજાઓને જુદા જુદા દેશો વહેંચી આપ્યા. આચાર્ય પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ ચરિત્ર પાળી સ્વર્ગમાં ગયા અને નિર્મળ શિયળ રાખી સરસ્વતી સાધ્વીજી મહારાજ પણ શુદ્ધ ચરિત્ર પાળી સ્વર્ગમાં ગયાં.

## ૪૩-૪૪. શાંબ અને પ્રદ્યુમ્નકુમાર

આ બે કૃષ્ણના પુત્રો હતા. રુકિમણીથી પ્રદ્યુમ્નકુમારનો જન્મ થયો હતો અને જંબુવતીથી શાંબકુમારનો જન્મ થયો હતો. પ્રદ્યુમ્નકુમારના જન્મને બીજે દિવસે જન્મેલા સત્યભામાના પુત્રનું નામ ભાનુકુમાર હતું. રુકિમણી અને સત્યભામાને ઘણી હરીફાઈ ચાલતી હતી. એક વખત વાદ-વિવાદમાં બન્નેયે એવું ઠરાવ્યું કે, "જેનો દીકરો પહેલો પરણે તેણીને બીજીએ પોતાનો ચોટલો મુંડાવીને હાથમાં આપવો." ધૂમકેતુ નામનો પૂર્વભવનો વૈરી દેવ જન્મતાં જ પ્રદ્યુમ્નકુમારને લઈ વૈતાઢ્ય પર્વત ઉપર ટંકશિલા ઉપર મૂકીને ચાલ્યો ગયો. કાલસંવર નામના વિદ્યાધરે લઈ પોતાની કનકમાલા પત્નીને સોંપ્યો અને તે પુત્રવતી જાહેર થઈ. કૃષ્ણ તથા રુકિમણિને પુત્રમરણથી દુઃખ થયું. પરંતુ નારદે શ્રી સીમંધર સ્વામી પાસેથી હકીકત જાણીને બન્નેયને શાંત કર્યાં અને તે મેળવી આપવાનો યોગ કરવાનું વચન આપ્યું. પુત્રવિયોગનું કારણ એ જણાવ્યું કે, "તેં પૂર્વ ભવે મોરલીના ઇંડાને કંકુવાળું કરી સોળ પહોર સુધી રાખી મૂક્યું. મોરલી ઓળખી શકી નહીં અને વિયોગથી તરફડી. તેથી તમને સોળ વર્ષ સુધી પુત્ર-વિયોગ રહેશે. એમ શ્રી સીમંધર પ્રભુએ કહ્યું છે." પ્રદ્યુમ્નકુમારની જુવાની ખીલવા લાગી., ત્યારે તેની માતા કનકમાળા જ તેના ઉપર આસક્ત થઈને "તું અમારો પુત્ર નથી પણ શિલા ઉપરથી મળેલો છે." જણાવી પ્રજ્ઞપ્તિ તથા ગૌરી નામની બે વિદ્યાઓ આપવાનું વચન આપ્યું. પ્રદ્યુમ્નકુમારે વિદ્યાઓ લઈ માતા સાથે ભોગની ચોખ્ખી ના પાડી. એટલે તેણે બૂમ પાડી. તેના બીજા પુત્રો દોડી આવ્યા. પ્રદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમાં પ્રદ્યુમ્ન જ વિદ્યાના બળે જીત્યા. કાળસંવર લડવા આવ્યો, તેને પણ બાંધી લીધો. કાળસંવરને વિનવણીથી તેણે છોડયો, અને પ્રદ્યુમ્ને પ્રણામ કર્યાં; તેવામાં નારદે આવી સત્યભામા અને રુકિમણીના ઠરાવની વાત કહી. "ભાનુ હવે પરણવાની તૈયારીમાં છે. તારી માતાએ વેણી કાપી આપવી પડશે ને તારી માતા મરણ

પામશે. તું કૃષ્ણ-રુકિમણીનો પુત્ર છે" વગેરે વાત સીમંધર સ્વામીના કહેવા પ્રમાણે કહી. તરત જ પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી વિમાન વિકુર્વી દ્વારિકાના ઉદ્યાનમાં આવી પહોંચ્યો. પહેલે ધડાકે-ભાનુને પરણવાની દુર્યોધનની પુત્રી કન્યાને ગુપ્તપણે નારદ પાસે રાખી દીધી. બાગ ઉજ્જડ કર્યો. જળાશય સૂકવ્યાં. વિવાહસામગ્રીનાં સાધનો વેરી નાખ્યાં. કોઈ શેઠની દુકાને (જઈ) બ્રાહ્મણરૂપે જઈ બેઠો. ત્યાં આવેલી કુબડી દાસીને મુઠ્ઠી મારી સરખી કરી દીધી. દાસી સત્યભામા પાસે પહોંચી. સત્યભામાએ બ્રાહ્મણવેષધારીને બોલાવ્યો, ને કહ્યું: "હે વિપ્ર! મને રુકિમણીથી વિશેષ રૂપવતી બનાવ." "માથું મુંડાવી જૂના કપડાં પહેરી કુળદેવી પાસે **मां विरुपां कुरु कुरु स्वाहा** એવો જાપ જપો." સત્યભામાએ તેમ કર્યું. દાસી પણ તેની પાસે ગઈ એટલે અહીં ઓરડામાં પણ વિવાહસામગ્રી ચૂંથી નાંખી. ત્યાંથી રુકિમણી પાસે ગયો. રાજી થઈ તે આસન લેવા ગઈ એટલે ભાઈસાહેબ કૃષ્ણના સિંહાસન ઉપર બેસી ગયો. રુકિમણિએ આવીને જોયું, તો તેને આશ્ચર્ય થયું ને કહ્યું કે, "કૃષ્ણ કે તેના સંતાન સિવાય આ સિંહાસન ઉપર કોઈને અધિષ્ઠાયક બેસવા દે જ નહિ, માટે ઊઠી જાઓ." પ્રદ્યુમ્ને કહ્યું કે, "મારું તપ વધારે છે. હું સોળ વર્ષે પારણું કરવા આવ્યો છું માટે મને પારણું કરાવો, નહીંતર સત્યભામાને ત્યાં જઈશ." રુકિમણીએ કહ્યું કે, "હું ક્યાં ના પાડું છું? મને પુત્રવિયોગ બહુ જ સાલે છે." "તમારો પુત્ર ક્યાં ગયો છે?" રુકિમણીએ બધી વાત કહી. "સોળ વર્ષ થવા આવ્યાં પણ હજુ પુત્રસંયોગ થયો નહીં. બાળ મુનિ, તારાં શાસ્ત્ર તો જો, મને ક્યારે પુત્રસંયોગ થશે?" ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું કે, "મને તમે પૂછો છો પણ ખાલી હાથે પૂછાય?" ત્યારે તેણીએ ખીરનું ભોજન કરાવ્યું. ત્યાર પછી તેણે કૃષ્ણ માટે કરેલા લાડુ માગ્યા; તે નહીં પચી શકવાનું કહ્યું. પણ આગ્રહથી એક, બે, એમ વધારે માગ્યા, તેમ તેમ તે આપતી ગઈ ને આશ્ચર્ય પામી કે, "અહો! મુનિ! તું પણ ઘણો જ બળવાન છે. આટલા લાડુથી પણ તારી ભૂખ ભાંગી નથી?" આ તરફ સત્યભામા મંત્રજાપ કરતી હતી, ત્યાં આવીને કોઈએ બાગ અને જળાશય તથા વિવાહસામગ્રીના નાશના સમાચાર આપ્યા. બીજાએ આવીને કન્યા ગુમ થયાના સમાચાર આપ્યા. પુત્ર પરણતો હોવાથી આ તરફ રુકિમણીના વાળ મૂંડવા હજામને મોકલ્યો. હજામને પ્રદ્યુમ્ને કહ્યું કે, "એય! કેમ આવ્યો?" તેણે કહ્યું કે, "રાણીનું માથું મૂંડવા." "અલ્યા! તું બોર મૂંડી જાણે છે કે નહીં?" પેલાએ કહ્યું કે, "બોર મૂંડાતું હશે?" પ્રદ્યુમ્ને કહ્યું કે, "જો હું મૂંડી બતાવું." એમ કહીને તેના માથાની ચામડી અવળી કરી સત્યભામા પાસે મોકલ્યો. (વસુદેવ હીંડીમાં આ પ્રમાણે છે. ભરતેશ્વરવૃત્તિમાં દાસી આવેલી તેના જ વાળથી પાત્ર ભરીને પાછી મોકલી. જેની તેને ખબર નથી પણ દાસીને મૂંડેલી જોઈ) સત્યભામાનો ગભરાટ વધ્યો. કૃષ્ણને બોલાવ્યા ને કહ્યું કે, "પેલી શરત પ્રમાણે રુકિમણીના કેશ અપાવો."

ત્યારે કૃષ્ણે કહ્યું કે, "તારા કેશ ક્યાં ગયા ? એ તો કહે ?" સત્યભામાએ કહ્યું કે, "મશ્કરી જવા દો." ત્યારે કૃષ્ણે બળભદ્રને રુક્મિણી પાસે મોકલ્યા. ત્યાં તો પ્રદ્યુમ્ન કૃષ્ણનું રૂપ કરીને સિંહાસન ઉપર બેઠો હતો. બળભદ્ર પાછા ફર્યા ને કૃષ્ણને બે રૂપ કરી પોતાને બનાવવા માટે ઠપકો આપ્યો. કૃષ્ણને આશ્ચર્ય થયું ને રુક્મિણી પાસે આવ્યા. ત્યાં નારદ પણ આવ્યા. બન્નેયને પુત્રનું ઓળખાણ કરાવ્યું. પુત્ર માતાપિતાના ચરણમાં નમ્યો તો પણ પ્રદ્યુમ્ને પરાક્રમ કર્યા વિના જાહેર થવાની ના પાડી, રુક્મિણીને ઉપાડીને નાઠો. યાદવી સેના પાછળ પડી, સૌને હરાવ્યા. કૃષ્ણાદિ મોટેરાઓને પણ હંફાવ્યા. પછી જાહેર થયો ને સૌની માફી માગી નેપટ્ટહસ્તિ ઉપર શ્રી કૃષ્ણે તેનો નગર-પ્રવેશ કરાવ્યો. દુર્યોધને આવીને કન્યાના હરણની વાત કરી. કૃષ્ણ શોધ કરવા લાગ્યા. ત્યારે પ્રદ્યુમ્ને લાવી આપી. દુર્યોધને તે પરાક્રમી પ્રદ્યુમ્નને તે કન્યા પરણવા કહ્યું. પ્રદ્યુમ્ને કહ્યું કે, "એ મારા નાના ભાઈની વહુ ગણાઈ ચૂકી છે, મારાથી ન પરણાય. ખુશીથી તેને પરણાવો." ભાનુનાં લગ્ન તે કન્યા સાથે થયાં. અને બીજા વિદ્યાધરોએ એ સાહસિક પ્રદ્યુમ્નને પોતાની અનેક કન્યાઓ પરણાવી. એક વખતે સત્યભામાએ પ્રદ્યુમ્ન જેવો પરાક્રમી પુત્ર થાય તેવું કરવા કૃષ્ણ પાસે હઠ લીધી. કૃષ્ણે વચન આપ્યું. હરિણગમેષી દેવની આરાધના કરી. દેવે હાર આપ્યો. પ્રદ્યુમ્નને ખબર પડી એટલે જંબૂવતીને સત્યભામાના રૂપમાં કૃષ્ણ પાસે મોકલી. કૃષ્ણે તે હાર તેણીને પહેરાવ્યો. તે ગઈ. થોડીવારે સત્યભામા આવી. સત્યભામાને ફરી આવેલ જોઈ શ્રી કૃષ્ણને સ્ત્રીજાતિની વિષયવાસના ઉપર તિરસ્કાર થયો છતાં કૃષ્ણે તેની સાથે વિલાસસુખ ભોગવ્યું. તેવામાં પ્રદ્યુમ્ને ભંભા વગાડી એટલે કૃષ્ણ ચમક્યા અને સત્યભામાને "તને પુત્ર થશે" એવું વચન આપ્યું. સત્યભામા ખુશી થઈ ગઈ. આ તરફ જંબૂવતીની કુક્ષીમાં મહર્ધિક દેવ આવીને ઉત્પન્ન થયો. સવારમાં તેના કંઠમાં હાર જોઈને કૃષ્ણે પ્રદ્યુમ્નના બધા ખેલનું અનુમાન કરી લીધું. વખત પૂરો થયો, પુત્રનો જન્મ થયો. તેનું નામ શાંબકુમાર પાડવામાં આવ્યું. સત્યભામાના પુત્રનું નામ ભિરુક પાડ્યું. ત્યાર પછી ભિરુકની પજવણી તથા બીજાં અનેક પ્રકારનાં તોફાનોથી શ્રી કૃષ્ણે શાંબને અને સત્યભામાએ પ્રદ્યુમ્નને બહાર કાઢી મૂક્યા, પણ "અમે પાછા ક્યારે આવીએ ?" એમ જ્યારે પ્રદ્યુમ્ને પૂછ્યું, ત્યારે સત્યભામાએ કહ્યું કે, "હું શાંબને મારે હાથેથી પકડીને લાવું ત્યારે તમારે બન્નેએ આવવું." ભિરુકને નવાણું કન્યા પરણાવતી વખતે એ બન્નેએ એવો ખેલ મચાવ્યો કે, સત્યભામા શાંબને કન્યા સમજીને હાથે પકડીને લાવી અને તેની સાથે નવાણું કન્યા પરણાવાઈ ગઈ. આ વાતની સત્યભામાને ખબર પડતાં રોષનો પાર ન રહ્યો: શાંબ વસુદેવ દાદાને પ્રણામ કરવા ગયો. ત્યાં પણ બોલ્યા વિના સખણો ન રહ્યો: "દાદાજી ! તમો તો ઘણાં વર્ષે ઘણી કન્યાઓ પરણ્યા, પણ તમારો આ

બહાદુર પૌત્ર એકી સાથે ઘણી કન્યાઓ પરણી બેઠો. કોણ હોશિયાર?" વસુદેવ ચીડાયા: જા, જા, બહુ બહુ વાદ ન કર, તું તો કૂવાના દેડકા જેવો છે. શાંબે ઊભા થઈ માફી માગી. આમ એ બન્નેય કુમારનાં અનેક અટકચાળાં તોફાનો અને પરાક્રમો છે. એક વખત કોઈ રાજાએ શ્રી કૃષ્ણને એક ઘોડો ભેટ આપ્યો. શાંબ અને પાલક નામના બંનેય કુમારોએ તેની માગણી કરી. કૃષ્ણે જાહેર કર્યું કે, "સવારમાં વહેલા ઊઠીને જે બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને વંદન કરશે તેને એ ઘોડો આપીશ." શાંબે ભાવવંદન કર્યું અને પાલકે ધમાધમ કરી. સેવકોને ઉઠાડી વહેલા જઈ ભાવ વિના માત્ર ઘોડાની લાલચે વંદન કર્યું. પ્રભુને પૂછતાં " દ્રવ્યવંદન પાલકનું પહેલું છે, પણ ભાવવંદન શાંબનું પહેલું છે" એમ ખુલાસો કરતાં શાંબને ઘોડો ભેટ આપ્યો. છેવટે શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમારે વૈરાગ્ય પામી દીક્ષા લીધી અને કર્મોનો નાશ કરી ગિરનાર પર્વત ઉપર (બીજા ગ્રંથને આધારે શત્રુંજય ગિરિ ઉપર) મોક્ષ પામ્યા.

## ૪૫. પ્રભવસ્વામી

આ કથા જંબૂસ્વામીની કથામાં લગભગ આવી જાય છે.

## ૪૬. વિષ્ણુકુમાર

ગજપુર નગરમાં પદ્મોત્તર રાજાની જ્વાળાદેવી રાણીને વિષ્ણુકુમાર અને મહાપદ્મ નામના બે પુત્રો હતા. રાજાએ વિષ્ણુકુમાર સાથે મુનિ સુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી. મહાપદ્મ રાજા થઈ ચક્રવર્તિ થયા. તેને નમુચિ નામે એક મિથ્યાદષ્ટિ અને જૈનાચાર્યો ઉપર દ્વેષી પ્રધાન હતો. વાત એ છે કે, તે નમુચિ અવંતિના શ્રી ધર્મ નામના જૈન ધર્મના દ્વેષી રાજાનો પ્રધાન હતો. મુનિસુ વ્રત સ્વામિના શિષ્ય સુસ્થિરતાચાર્ય ત્યાં એક વખત આવ્યા. તેમના એક શિષ્યે નમુચિને વાદમાં હરાવ્યો. તે રાતમાં આચાર્યને મારવા ગયો. શાસનદેવે તેને એમ ને એમ થંભાવીને સવારે લોકોની આગળ ઉઘાડો પાડયો. તે ઘણું શરમાયો. લોકોના કહેવાથી દેવે તેને છોડી દીધો, પણ તેના મનમાંથી સાધુ પરનો દ્વેષ ન ગયો તે ત્યાંથી ગજપુર ગયો. ત્યાં સામંતસિંહ રાજાને જીતી આપવાથી રાજાએ ઇષ્ટ વચન આપેલું તે તેણે માગ્યા વિના એમ ને એમ રાખી મૂકેલું હતું. ત્યાર બાદ મહાપદ્મોત્તર રાજાએ ચક્રવર્તિ થયા પહેલાં પોતાના પિતાની હયાતીમાં તેની માતાએ શ્રી જીનેશ્વરની રથયાત્રા કઢાવવા માગણી કરી અને બીજી માતાએ બ્રહ્માની રથયાત્રાની માંગણી કરી. તે તો રાજાએ પૂરી કરી પણ પહેલો રથ કોનો ચાલે ? તે બાબત વિવાદ થયો, ને યાત્રા બંધ રહી. પરંતુ પદ્મોત્તરે ચક્રવર્તિ થયા બાદ પોતાની માતાની એ ઇચ્છા પૂરી કરી. આ તરફ સુસ્થિરતાચાર્ય સપરિવાર વિહાર કરતાં ગજપુર ચોમાસુ રહ્યા. નમુચિને પૂર્વનો દ્વેષ યાદ આવ્યો. રાજા પાસે પ્રથમનું રાખી

મૂકેલ વચન પૂરું કરવા માગણી કરી કે, "મને સાત દિવસ રાજ્ય ચલાવવા દો." રાજાને વચન પ્રમાણે તે આપવું પડ્યું. દરેક દર્શનવાળા નવા રાજાને મળવા આવ્યા. માત્ર સુસ્થિતાચાર્ય ન આવ્યા. નમુચિએ હુકમ ફરમાવ્યો કે, "તમારે મારા રાજ્યમાંથી ચાલ્યા જવું." ગુરુએ સાધુઓના મંડળમાં વિચારણા કરીઃ "હવે શું કરવું?" એક સાધુ બોલ્યા કે, "ચક્રવર્તિના ભાઈ વિષ્ણુકુમારને ઘણી લબ્ધિઓ પ્રાપ્ત થઈ છે અને મેરુ ઉપર કાયોત્સર્ગમાં રહ્યા છે. હું ત્યાં જવા સમર્થ છું, પરંતુ પાછો આવવા સમર્થ નથી, તો પણ તેમની લબ્ધિથી આવી શકીશ." મુનિ ગયા, વિષ્ણુકુમાર આવ્યા, નમુચિને સમજાવ્યો, તે એકનો બે ન થયો ત્યારે વિષ્ણુકુમારે પોતાને માટે રહેવાની જમીનની માગણી કરી. તે આપવાને તૈયાર થયો. પૂછ્યું કે, "આપને કેટલી જોઈએ?" વિષ્ણુકુમાર મુનિએ કહ્યું કે, "ત્રણ ડગલાં." નમુચિએ કબૂલાત આપી. મુનિનું શરીર ક્રોધથી તપ્યું કે, લાખ જોજનનું વૈક્રિય શરીર કરી, એક ડગલાથી પૂર્વ સમુદ્ર, બીજાથી પશ્ચિમ સમુદ્ર અને ત્રીજાથી જમીન માપવા નમુચિના માથા ઉપર પગ મૂકી તેને દબાવી મારી નાખ્યો. (પાઠાંતરે–તે લાખ યોજનનું શરીર જોઈ ભય પામ્યો. વિષ્ણુકુમારને દેવોએ સંગીતથી તથા મહાપદમોત્તર રાજા, અને આચાર્ય તથા પ્રજાજનોએ શાંત કર્યા. ત્યારથી સંગીત પ્રસિદ્ધ થયું. રાજાને ઠપકો આપ્યો અને નમુચિને દેશનિકાલ કર્યો.) વિષ્ણુકુમારે શાંત પડી ગુરુ પાસે આલોચના લીધી. લોકોએ ખળભળાટથી પડી ગયેલાં ઘરો સારાં કરાવ્યાં. ત્યારથી દિવાળીએ લોકો ઘર સાફ કરાવે છે. રાજાએ સાત ક્ષેત્રમાં ધન વાપર્યું. વિષ્ણુકુમાર મોક્ષમાં ગયા.

## ૪૮. આર્દ્રકુમાર

અનાર્ય ભૂમિમાં આર્દ્રક દેશના આર્દ્રક રાજાની આર્દ્રિકા રાણીથી આર્દ્રક નામે એક કુમારનો જન્મ થયો હતો. મગધ દેશના રાજાને અને આર્દ્રક રાજાને કુળક્રમાગત પ્રીતિ હતી. તેથી તેઓ એકબીજાને પરસ્પર ભેટણાં મોકલતા હતા. આ પ્રમાણે એક વખત શ્રેણિક રાજાએ ભેટણાં સાથે પોતાના મંત્રીને આર્દ્રક રાજા પાસે મોકલ્યો. આ વાતની આર્દ્રક કુમારને ખબર પડી. કુમારને શ્રેણિકના કુમારને ભેટણું મોકલવાની ઈચ્છા થઈ. જ્યારે પેલો મંત્રી પાછો ફર્યો, ત્યારે આર્દ્રક રાજાએ ભેટણાં સાથે પોતાનો મંત્રી મોકલ્યો. તેની સાથે કુમારે અભયકુમારને પણ ગુપ્તપણે ભેટણું મોકલ્યું. પ્રધાનો દરિયામાર્ગે ભારતમાં આવી મગધ દેશમાં ગયા. દરેકને ભેટની ચીજો પહોંચાડી. આર્દ્રકુમારે પોતાની સાથે મૈત્રી સાંધવા ભેટણું મોકલી ઇચ્છા વ્યક્ત કરી, તેથી અભયકુમારે તે કુમારની ઊંચી લાયકાત વિચારી કે, "જરૂર આ કુમારે પૂર્વભવમાં સંયમની આરાધના કરેલી હોવી જોઈએ. કંઈક વિરાધના કરવાથી તેને અનાર્ય દેશમાં

ઉત્પન્ન થવું પડેલું હોવું જોઈએ. માટે તેને પ્રતિબોધ કરવા કંઈક ઉપાય કરવો જોઈએ.” એમ વિચારી આર્દ્રક દેશનો મંત્રી જ્યારે પોતાના દેશમાં પાછો ફર્યો ત્યારે તેની સાથે આર્દ્રકકુમારને ગુપ્તપણે આપવા ભેટની એક પેટી સ્નેહ-પત્ર સાથે આપી. તે લઈ મંત્રી દેશમાં ગયો. શ્રેણિક રાજાએ મોકલેલાં ભેટણાં રાજાને આપ્યાં. અને પછી પેલી પેટી પણ ગુપ્તપણે રાજકુમારને આપી. રાજકુમારે તે ખોલી; તો તેમાંથી શ્રી આદિશ્વર પ્રભુનાં પ્રતિમાજી સર્વ પૂજાસામગ્રી સાથે તેના જોવામાં આવ્યાં. તેના આનંદનો પાર ન રહ્યો. તે જોઈ ઊહાપોહ કરતાં તેને જાતિસ્મરણ થયું. ને તેનો પોતાનો પૂર્વભવ જાણવામાં આવ્યો કે, “ હું આજેથી ત્રીજે ભવે મગધ દેશના વસંતપુરના સામાયિક નામનો કણબી હતો. મારી સ્ત્રીનું નામ બંધુમતી હતું. અમે શ્રી સુસ્થિતાચાર્ય પાસે ધર્મ સાંભળી શ્રાવક વ્રતની આરાધનામાં તત્પર થયા. સ્ત્રી અનશન કરી મૃત્યુ પામી, ત્યારે હું પણ અનશન કરી સ્વર્ગમાં ગયો. વ્રતની કંઈક ખંડના કરવાથી હું ત્યાંથી આ અનાર્ય દેશમાં જન્મ્યો છું. છતાં ધર્મ-રહિત છું. ખરેખર મારા ઉપર ઉપકાર કરવા અભયકુમારે પ્રતિમાજી મોકલી મારો ઉદ્ધાર કર્યો છે; તે ખરેખર મારા ગુરુરૂપ છે.” એમ વિચારી અભયકુમાર પાસે જવા પિતાની આજ્ઞા માગી. પિતાએ આજ્ઞા આપી નહીં. પરંતુ પાંચસો માણસો તેની સેવામાં ગુપ્તપણે ચોકી રાખવાના ઇરાદાથી મૂક્યા. કુમાર ફસાઈ ગયો, છતાં જે મળે તેને અભયકુમારના જ સમાચાર પૂછે. પછી તેણે એક યુક્તિ શોધી કાઢી કે, “ ઘોડા ઉપર ફરવા જવાને બહાને દૂર દૂર જાય, ને પાછો આવી જાય. એક દિવસે સમુદ્ર કિનારે વહાણ તૈયાર રખાવી પ્રતિમાજી તથા રત્નાદિક મુસાફરીની સામગ્રી સાથે હંમેશની માફક ઘોડા ઉપર ફરવા જઈ, પાંચસો સેવકોને થાપ આપી આ તરફ પ્રવાસ લંબાવ્યો વહાણમાંથી ઊતરી લક્ષ્મીપુરે જઈ શ્રી પુણ્યનંદન સૂરીશ્વરજી મહારાજ પાસે ધર્મોપદેશ સાંભળી પોતાની પાસેનું ધન સાત ક્ષેત્રોમાં વાપરી દીક્ષા લીધી. ત્યારે આકાશવાણી થઈ કે, “ આર્દ્રકુમાર! તારે ભોગકર્મ ભોગવવાનું બાકી છે; માટે દીક્ષા લેવાની ઉતાવળ ન કર.” છતાં તેણે પ્રત્યક બુદ્ધ મુનિ તરીકે વિચરવું શરૂ કર્યું. ત્યાંથી વિહાર કરી વસંતપુર પાટણમાં જઈ બહાર દેવમંદિરમાં રાત્રે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. પૂર્વભવની બંધુમતી સ્ત્રીનો જીવ આ જ શહેરમાં ધનદત્ત શેઠની શ્રીમતિ નામે પુત્રી–પણે જન્મેલ છે. તે સખિયો સાથે આ જ મંદિરમાં ફરવા આવેલી. ત્યારે દરેક સખીઓ એક એક થાંભલાને પતિ તરીકે ઠરાવીને રમવા લાગી. ત્યારે શ્રીમતિ માટે થાંભલો બાકી રહેલો ન હોવાથી તેણે પેલા મુનિને પોતાના પતિ ઠરાવ્યા. તેવામાં આકાશ-વાણી થઈ કે, “ બરાબર છે. બરાબર છે.” ને ગર્જના સહિત રત્નવૃષ્ટિ થઈ. શ્રીમતિ પણ પગે પડી નિર્ણયાત્મક ભાવથી બોલી કે, “ આ ભવમાં તો તમે જ મારા પતિ છો.” પરંતુ મુનિ તો ત્યાંથી ચાલ્યા ગયા. રાજા ધન લેવા આવ્યા ત્યારે ફરીથી આકાશ-

વાણી થઈ કે, આ શ્રીમતિનો જે પતિ થશે, તેનું એ ધન છે." તેથી રાજા પોતાને સ્થાનકે ગયા અને કન્યા ધન લઈ ગઈ. કન્યાએ કોઈ પણ વર સાથે લગ્ન ન કરતાં બાર વર્ષ કાઢી નાખ્યાં. દરેક સાધુ આવે, તેના ચરણોમાં પ્રણામ કરી પછી અન્ન લેવાનો નિયમ રાખ્યો હતો. તે અનુસારે બાર વર્ષે ફરતા ફરતા આર્દ્રકમુનિ આવ્યા; તેને પ્રથમ વખતે કરેલા પ્રણામ વખતે જોયેલાં ચરણચિહ્નો ઉપરથી ઓળખી કાઢી આગ્રહપૂર્વક તેને પરણવા વિજ્ઞપ્તિ કરી. મુનિએ જાણ્યું કે "ભોગવેલા કર્મનો ઉદય આવી પહોંચ્યો છે. છૂટકો નહિ થાય." એમ વિચારી તેની સાથે લગ્ન કર્યું. ત્યાં તેને એક પુત્ર થયો ત્યારે ફરીથી દીક્ષા લેવા તેણે સ્ત્રીની સમ્મતિ માગી. પરંતુ સ્ત્રીએ કંઈ ખુલાસો ન આપતાં રૂની પુણીઓ લાવી રેંટિયો લઈ કાંતવા બેઠી. આ જોઈ પુત્રે પૂછયું કે, "બા! આ શું આદર્યું? આપણે આવી મજૂરી કરવાની હોય કે?" શ્રીમતિએ કહ્યું: "બેટા! તારા પિતા દીક્ષા લેવાના છે, પછી તો આપણે આપણા દિવસો આમ જ વીતાવવા પડશે." આ સાંભળી બાળકે કહ્યું કે, "હું દીક્ષા લેવા નહીં દઉં." એમ કહી ત્રાક ઉપરથી સૂતરનો દોરો લઈ આર્દ્રકુમાર સૂતા હતા, તેના પગ ઉપર વીંટી દીધા. ને કૂદકા મારી મારી બોલવા લાગ્યો કે, "બસ! બાંધી દીધા, હવે શી રીતે જશે, બા?" આ પ્રેમાળ વાણીથી આર્દ્રકુમારનું હૃદય પીગળ્યું અને તેણે તાંતણા ગણીને નિર્ણય કર્યો કે, "તાંતણા બાર છે. તો હજુ હું બાર વર્ષ સુધી દીક્ષા લઈ શકીશ નહીં." બાર વર્ષ પસાર થઈ ગયાં. બાદ એક દિવસે રાત્રે તેને ચિંતા થઈ કે, "પૂર્વભવે વ્રત ભંગ કરવાથી અનાર્ય થયો. આ ભવમાં પણ વ્રત ખંડન કર્યું છે. મારી શી દશા થશે?" વિગેરે વિચારી સ્ત્રી તથા પુત્રને સમજાવી ફરીથી દીક્ષા લીધી. રાજગૃહી તરફ જતાં પેલા પાંચસો નોકરો ચોરીનો ધંધો કરીને ગુજરાન ચલાવતા સામે મળ્યા. તેને પ્રતિબોધીને શિષ્યો કર્યા. પ્રભુ મહાવીર સ્વામિને વંદન કરવા માટે રાજગૃહી નજીક વચમાં એક ઉદ્યાનમાં તાપસ આશ્રમમાં હાથીને મારીને તેનું માંસ ખાઈ પોતાને જીવદયાપ્રેમી ગણાવતા તે તાપસોએ દલીલ કરી કે, "અન્નના ઘણા દાણા ખાવામાં ઘણા જીવોની હિંસા છે. તો અમો તો ઘણા વચ્ચે એક જ જીવની હિંસા કરીએ છીએ. માટે અમે દયાળુ કે તમે?" આ વાત ચાલતી હતી ત્યાં તેઓએ એક ઝાડ સાથે તાણી બાંધેલો એક હાથી તોડાવીને આર્દ્રકુમાર મુનિને વંદન કરવા દોડતો આવ્યો. વંદન કર્યું. મુનિએ તેને મિષ્ટ વચનથી અનશન કરાવ્યું, તે તેણે કર્યું. તાપસો પણ દયા મૂળ જૈન ધર્મની ખૂબી જોઈ, બોધ પામી જૈન થયા. (આ બૌદ્ધ વિહાર હોવો જોઈએ.) આ વાતની રાજા શ્રેણિકને ખબર પડી. એટલે અભયકુમાર સાથે ત્યાં આવ્યા, અને વંદન કર્યું. ધર્મદેશના પછી રાજાએ પૂછયું કે, "આપને જોઈ આ હાથીએ લોહમય બેડીઓ શી રીતે તોડી નાખી?" આર્દ્રકુમાર મુનિએ કહ્યું કે, "મહાનુભાવ! એ બેડીઓ તોડવામાં કશી મુશ્કેલી નથી.

પરંતુ સૂતરના તાંતણા તોડવા ઘણા મુશ્કેલ હતા." રાજાએ તે હકીકત પૂછી ત્યારે તેમણે પોતાનો બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. આ સાંભળી બન્નેયે તેમને ઓળખ્યા. અને અભયકુમારે પણ દીક્ષા લેવા રજા માગી. પરંતુ શ્રેણિકે ના પાડી કે, "તારા વિના અમારા પ્રાણ ટકશે નહિ. માટે હું જ્યારે જવાનું કહું ત્યારે તારે દીક્ષા લેવી." પછી ત્રણેય પ્રભુના સમવ-સરણમાં સપરિવાર ગયા. ત્યાં ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુને વંદન કરી સારી રીતે સંયમની આરાધનામાં તત્પર થયા અને અંતે મોક્ષે ગયા.

### ૪૯. દૃઢપ્રહારી

જીર્ણદત્ત બ્રાહ્મણનો યજ્ઞદત્ત નામનો ઉદ્ધત પુત્ર મામાના મરણ પછી શિકારમાં હોંશિયાર થયો; અને ચોર લોકોના સહવાસમાં રહી પલ્લીના અપુત્ર ભીમ પલ્લીપતિના પુત્ર તરીકે રહ્યો. તેના ઘા ઘણા જોરદાર હોવાથી, તેનું નામ દૃઢપ્રહારી તરીકે પ્રસિદ્ધ થયું. એક વખતે કૃશસ્થળ ગામમાં તેણે ધાડ પાડી. ત્યાં બનાવ એવો બનેલ કે, દેવશર્મા બ્રાહ્મણે દૂધ ને તંદુલ માંગી લાવી, પોતાની સ્ત્રીને આપી જંગલ ગયો. તેવામાં તેના જ ઘરમાં તેઓએ લૂંટ ચલાવી. આ વાત તેના બાળકે બ્રાહ્મણને કહી. બ્રાહ્મણ લાકડી લઈને સામે આવ્યો. તેને દૃઢપ્રહારીએ મારી નાખ્યો. તેવામાં એક ગાય શીંગડું મારવા આવી. તેને પણ ત્યાં ને ત્યાં જ ચીરી નાખી; પેલા બ્રાહ્મણની સ્ત્રી દોડતી આવી. તે સગર્ભાને પણ ત્યાં ને ત્યાં જ ચીરી નાંખી. ને તેનો ગર્ભ પણ તડફડીને મરી ગયો. આ ચાર હત્યા જોઈ દૃઢપ્રહારીનું મન ડગમગવા લાગ્યું. 'અરે! આ બિચારાના બાળકોનો આધાર શો? મારું શું? આ ઘોર પાપથી મારો નિસ્તાર શી રીતે થશે?" તેના સંસ્કાર જાગ્રત થવા લાગ્યા. ત્યાંથી દોડીને જંગલમાં એક શાંત મુનિ મળ્યા, તેને પ્રણામ કરી પોતાની દશા ગદ્ગદ્ કંઠે કહી સંભળાવી; ને દીક્ષા આપવા માંગણી કરી. મુનિરાજે તેને યોગ્ય જાણી દીક્ષા આપી. તેણે અભિગ્રહ કર્યો કે, "જે દિવસે મને મારું આ પાપ યાદ આવશે તે દિવસે હું ઉપવાસ કરીશ." ત્યાંથી કુશસ્થળ તરફ જ તેણે વિહાર કર્યો. ભિક્ષા માટે જતાં લોકો પેલી વાત યાદ કરી તેને તિરસ્કારે, ને મરવા આવે. ત્યારે આ કેવળ પોતાના આત્માની જ નિંદા કરે. ચારેય દરવાજે કાઉસગ્ગ ધ્યાન ધર્યું ને કર્મ નિર્જરા કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, અંતે મોક્ષમાં ગયા.

### ૫૦. શ્રેયાંસકુમાર

હસ્તિનાગપુરમાં બાહુબલિના પુત્ર સોમયશાના પુત્ર શ્રેયાંસકુમારને એવું સ્વપ્ન આવ્યું કે, "મેલા મેરુને અમૃતથી ધોઈ ઉજ્જવળ કર્યો." સોમયશા રાજાને પણ સ્વપ્ન આવ્યું કે, "શત્રુથી હાર પામતા સુભટને શ્રેયાંસકુમારની મદદથી જય મળ્યો." તે નગરના શેઠને પણ સ્વપ્ન આવ્યું કે, "સૂર્યમંડળમાંથી કિરણો વધ્યાં તે શ્રેયાંસકુમારે

ત્યાં જ પાછા સ્થિર કર્યા." પ્રભાતે મળીને તે સર્વેએ એમ વિચાર્યું કે, "શ્રેયાંસ-કુમારને આજે કંઈક લાભ થશે." તેવામાં વરસીતપનું પારણું કરવા તે યુગાદિદેવ આદીશ્વર પ્રભુ પધાર્યા. કોઈ કન્યા, કોઈ સોનું, મણિ, મોતી વગેરે લઈને આપવા માંડયા. પ્રભુ કાંઈ લે નહીં. શ્રેયાંસકુમાર પ્રભુ સામે જોઈ રહ્યા. તેને વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વભવ જોયો, સંયમની આરાધના સૌ સાથે કરેલી તે સર્વ તેને યાદ આવ્યું. નીચે ઊતરી પ્રભુને વંદન કર્યું. તેવામાં કોઈએ આવીને શ્રેયાંસકુમારને શેરડીના રસના ઘડા ભેટમાં આપ્યા. તે વ્હોરાવી પ્રભુને પારણું કરાવ્યું. દેવતાઓએ સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. શ્રેયાંસકુમાર મોક્ષ યોગ્ય સામગ્રી પ્રાપ્ત કરી, અંતે મોક્ષમાં ગયા.

## ૫૧. કૂરઘટમુનિ

ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ લક્ષ્મીપુરમાં પધાર્યા ત્યારે તેમણે ધર્મદેશના આપી. તે સાંભળીને ધનદત્ત શેઠના નાના પુત્ર કૂરઘટે દીક્ષા લીધી. ક્ષમા એ તેનો મુખ્ય ગુણ હતો. આચાર્ય મહારાજ શ્રીપુર નગરે ગયા. સાધુઓ ચોમાસામાં તપશ્ચર્યા કરે; તેની કૂરઘટ મુનિ ગોચરી લાવીને વૈયાવચ્ચ કરે. પોતે તપશ્ચર્યા કરી શકે નહીં, એટલે તેને ભિક્ષા લાવી વાપરવું પડે. એક દિવસે વૈયાવચ્ચ કર્યા વિના જ ગોચરી લાવીને સવારમાં જ તે વાપરવા બેઠા. તેવામાં માસના ઉપવાસી સાધુ આવીને તેને કહેવા લાગ્યા કે, "મેં તારી પાસે ચૂકવાનું વાસણ માગ્યું, તે આપ્યા વિના ખાવા બેસી ગયો ? તું ક્ષમાવંત શાનો ? તારા ભોજનમાં જ બળખો નાખું છું. ખા. પછી કેવોક ખાય છે ?" એમ કહી સાચોસાચ તેના ભોજનમાં જ બળખો નાખ્યો. મુનિ બોલ્યા: "મહાત્મન, હું બાળક છું. હું ભૂલી ગયો; પરંતુ મારાં ધનભાગ્ય કે આપના જેવા તપસ્વીનો બળખો મારા ભોજનમાં પડયો." એમ કહી તે પોતાના દોષોનો વિચાર કરતાં બળખા સહિત તે ભોજન વાપરતાં કેવળજ્ઞાન પામ્યા. અને દેવોએ આવીને તેના કેવળજ્ઞાનનો મહિમા કર્યો.

## ૫૨. શય્યંભવસૂરિ

મનકકુમારના ચરિત્રમાં ટૂંક હકીકત આવી ગઈ છે. ત્યાંથી જોઈ લેવી.

## ૫૩. મેઘકુમાર

રાજગૃહીના શ્રેણિકની ધારિણી રાણીના મેઘકુમાર નામે પુત્ર આઠ રાજાઓની કન્યાઓને પરણ્યા હતા. એક વખતે પ્રભુ મહાવીર દેવને વંદન કરવા ગયેલા, ત્યાં કુમારે ઉપદેશ સાંભળી ત્યાં જ દીક્ષા લીધી. દીક્ષા આપ્યા પછી ગ્રહણ–આસેવન શિક્ષા શિખવવા તેને પ્રભુએ સ્થવિર મુનિઓને સોંપ્યા. સ્થવિરો બીજે ગામ જઈ રાત રહ્યા.

મેઘકુમારનો સંથારો છેલ્લે બારણા પાસે આવ્યો. રાતમાં માગું કરવા જતાં–આવતાં સાધુઓના પગ પડવાથી ને સંથારામાં ધૂળ પડવાથી, તેને ઊંઘ આવી નહીં. રાજકુમાર કંટાળી ગયા, ને વિચાર કર્યો કે, "આપણે તો સવારે પ્રભુને આ બધું સોંપીને ઘેર જ જઈશું." સ્થવિર ભગવંતો સવારે ગામડેથી પ્રભુને વાંદવા આવ્યા, સાથે મેઘકુમાર હતા. પ્રભુ આ વાત જાણતા તો હતા જ. તેને કહ્યું: "મેઘમુનિ ! તમને જે દુઃખ થયું તે તો તમારા પૂર્વ ભવના દુઃખ આગળ કાંઈ હિસાબમાં જ નથી. સાંભળ, આ ભવથી ત્રીજે ભવે તું વૈરાગ્ય પર્વતમાં છ દંતૂશળવાળો અને હજાર હાથણીના પરિવારવાળો સુમેરુપ્રભ નામનો ધોળો હાથી હતો. તું તરસને લીધે તળાવમાં પાણી પીવા ગયો, ત્યાં તું ખૂંચી ગયો, એટલે તારા શત્રુ હાથીઓએ તને ઘણી પીડા કરી. ત્યાંથી મરીને વિન્ધ્યાટવીમાં તું મેરુપ્રભ નામનો ચાર દંતૂશળવાળો સાતસો હાથણીનો સ્વામી ધોળો હાથી થયો. ત્યાં દાવાનળ જોઈ તને જાતિસ્મરણજ્ઞાન થયું. એટલે તેં તારા પરિવારને માટે વેલા, ઘાસ વગેરે સૂંઢથી ચૂંટી કાઢી. એક યોજન પ્રમાણ ચોખ્ખી જમીનનું માંડલું કર્યું. પાછો દાવાનળ સળગ્યો, ત્યારે તે પરિવાર છોડીને તું પેલા માંડલામાં જઈ ભરાયો. તેવામાં અનેક વનપશુઓ તેને આશ્રયે ભરાઈ ગયાં, તું પણ સાંકડમાં ઊભો રહ્યો, ખરજ ખણવા તેં પગ ઊંચો કર્યો, કે એક સસલું તારા પગને ઠેકાણે સાંકડથી ગભરાઈને બેસી ગયું. જેવો તું ખરજ ખણી પગ મૂકવા જતો હતો તેવામાં તેં પેલું સસલું દેખ્યું. તારો પગ આવે તો સસલું તો ચગદાઈ મરે જ ને ? પણ દયાથી તેં પગ અધ્ધર જ રાખી લીધો. બે દિવસ પછી દાવાનળ શાંત થયો, જનાવર ચાલ્યાં ગયાં, સસલું ચાલ્યું ગયું, એટલે જેવો તું પગ નીચે મૂકવા ગયો તેવો જ અકડાઈ જવાથી તું કડડડ ભૂસ કરતો પડયો, ને દયાની ભાવનામાં ને ભાવનામાં તું મરણ પામ્યો. ત્યાંથી મેઘકુમારપણે ઉત્પન્ન થયો. મેઘકુમાર ! આ પવિત્ર મુનિઓના પગની રજમાં તને વધારે દુઃખ લાગ્યું કે, તેં પૂર્વભવે દુઃખ સહન કર્યાં, તેમાં વધારે દુઃખ હતું ?" આ સાંભળી મેઘકુમારને જાતિસ્મરણજ્ઞાન થયું. પ્રભુ સાક્ષીએ ખમાવીને પોતાના આત્માની નિંદા કરતાં નેત્રો સિવાય શરીર વોસિરાવીને સંયમમાં દૃઢ થયા. લાંબો વખત દીક્ષા પાળી વિજય વિમાનમાં સ્વર્ગે ગયા. ત્યાંથી મોક્ષમાં જશે.

### ૫૩. સ્કન્દકુમાર

તે નામના શ્રાવસ્તીના રાજકુમારે દીક્ષા લીધેલી, ત્યારે તેના પિતાના કહેવા છતાં પણ તેના માથા ઉપર છત્ર ધરાવતા હતા. વિહાર કરતાં કંચનપુરીમાં તેની બહેન સુનંદાના જોવામાં આવ્યા. તે પોતાના ભાઈ જેવા જાણીને તેને ધારી ધારી જોવા લાગી. તેના પતિ પુરુષસિંહ રાજાને વહેમ પડયો. એટલે રાત્રે બહાર મુનિ કાઉસગ્ગમાં હતા, ત્યાં તેને મરાવી નાખ્યા, તેની લોહીથી ખરડાયેલી મુહપત્તિ પક્ષીએ

લાવીને રાજમહેલમાં નાંખી તે ઉપરથી રાણીને ઘણો શોક થયો. તપાસ કરતાં "પોતાના ભાઈ જ હતા." એમ નક્કી થયું. તેના પતિને પણ પછી ઘણો પસ્તાવો થયો, ને દીક્ષા લીધી. જ્ઞાની મુનિને "પૂછતાં સ્કન્દકુમાર ચોથે દેવ લોકે ગયા છે, ત્યાંથી મોક્ષમાં જશે." મુનિના મરણથી બહેને ઉત્સવ કરાવ્યો; હજુ પણ એ દેશમાં ભાઈના મરણથી બહેને ઉત્સવ કરાવવાનો રિવાજ પ્રચલિત છે.

### ૫૪. સ્કન્દાચાર્ય

આ પણ શ્રાવસ્તિના જિતશત્રુ રાજાની ધારિણીના પુત્ર હતા. તેની પુરંદરયશા બહેનને દંડકારણ્યના કુંભકાર રાજા સાથે પરણાવી હતી. કુંભકારનો પાલક મંત્રી નાસ્તિક હતો. તે એક વાર શ્રાવસ્તિમાં આવ્યો, ત્યાં સ્કન્દકુમારે તેના વાદમાં નિરુત્તર કર્યો હતો. શ્રી મુનિસુવ્રત સ્વામીની દેશના સાંભળી પાંચસો રાજકુમારો સાથે સ્કન્દકુમારે દીક્ષા લીધી, ને મહાઆચાર્ય થયા. એક વખત તેઓએ દંડકારણ્ય તરફ વિહાર કર્યો, પ્રભુએ "ત્યાં ઉપસર્ગ થશે, ને તમારા સિવાય બધા આરાધક થશે" એમ કહ્યું. આચાર્ય ગયા, પાલકને ખબર પડી. તે જગ્યાએ છૂપાં શસ્ત્રો છુપાવરાવી રાજાને ખોટું સમજાવ્યું કે, "આ બધા સુભટો તમારું રાજ્ય લેવા કપટથી આવેલા છે." ને શસ્ત્ર બતાવ્યાં. રાજાએ હુકમ આપ્યો કે, "તેઓને તને ફાવે તે શિક્ષા કર." તે ઉપરથી તેણે ગુપ્તપણે ઘાણી રખાવીને દરેકને પીલ્યા. આરાધના કરી. તેઓ તે જ વખતે મોક્ષમાં ગયા. છેલ્લે નાના શિષ્યને પકડીને ઘાણીમાં નાખતાં આચાર્યે ના પાડી કે, "ભાઈ, પહેલાં મને પીલ, મારાથી બાળકનું દુઃખ જોઈ શકાશે નહિ." તો પણ પાલકે તેમ ન કર્યું, આચાર્યે આરાધના કરાવી. બાળ મુનિ મોક્ષમાં ગયા. છેવટે આચાર્યનો વારો આવ્યો. તેને પીલ્યા, પણ તેમણે નિયાણું કર્યું કે, "આ દુષ્ટ રાજાને સપરિવાર શિક્ષા કરું." મરીને અગ્નિકુમાર નિકાયમાં દેવ થયા, તરત જ ઉપયોગ મૂકચો, ને વેર લેવા તૈયાર થયા. હવે, આ તરફ લોહીવાળો રજોહરણ ઉપાડીને ઊડતી સમડીની ચાંચમાંથી રાજમહેલમાં પડ્યો. તેની બહેને ઓળખ્યો, રાજાને ઠપકો આપ્યો, રાજા પસ્તાયો, તેવામાં તો અગ્નિકુમાર દેવે પુરંદરયશાને ઉપાડીને પ્રભુ પાસે મૂકી. અને આખું વન બાળી નાખ્યું. ત્યારથી દંડકારણ્ય કહેવાય છે. પ્રભુએ બહેનનો શોક શાંત કર્યો, ને દીક્ષા આપી. તે સ્વર્ગે ગઈ. અગ્નિકુમાર દેવને પણ ઉપદેશ આપી શાંત કર્યો.

### ૫૫. હરિકેશીબળ મુનિ

મથુરાના શંખરાજાએ દીક્ષા લીધી. તેણે ગજપુરમાં ગોચરી જતાં ગોખમાં બેઠેલા સોમદેવ પુરોહિતને માર્ગ પૂછ્યો. તેણે કૌતુકથી અગ્નિમય માર્ગ બતાવ્યો. પણ તપના પ્રભાવથી મુનિને તે શીતળ થયો. તેથી આશ્ચર્ય પામી, પશ્ચાત્તાપ કરી મુનિ પાસે ક્ષમા માગી, દીક્ષા લીધી, ને સંયમની આરાધના કરી દેવલોકમાં તેજસ્વી દેવ થયો.

ત્યાંથી ચ્યવી ગંગાકિનારે રહેતા બળકોટ ચંડાળની ગૌરી સ્ત્રીને પેટે જન્મ્યો. મુનિપણામાં આરાધના કરેલી, છતાં પ્રથમ જે કુળમદ કરેલો, તેનો વિપાક ભોગવવા તેમને ચંડાળ જાતિમાં ઉત્પન્ન થવું પડ્યું. તેનું નામ હરિકેશીબળ રાખ્યું. લોકોએ સર્પને મારી નાખ્યો, અને અળશીયું બચાવ્યું. એ ઉપરથી બોધ પામી, પોતાનાં તોફાનો છોડી, મુનિરાજ પાસે સુધર્મ સાંભળી દીક્ષા લીધી. તપશ્ચર્યાથી શરીર દુર્બળ થયું. વિહાર કરતાં વારાણસીના તિદુંક વનમાં ધ્યાનમાં રહ્યા હતા. ત્યાંના બે યક્ષો તાપસોથી અસંતોષ પામી તેના ભક્તો થયા. એક વખત રાજકન્યા ભદ્રા તે વનમાં રમવા આવી. યક્ષની પૂજા કરી તેવામાં ધ્યાનમાં રહેલા સાધુને જોઈ તેના ઉપર ઘૃણા કરવા લાગી એટલે યક્ષે તેને ગાંડી કરી મૂકી અને તે જ સાધુને પરણવા ફરજ પાડી. રાજાએ છેવટે પુત્રીનો જીવ બચાવવા ધ્યાનમાં રહેલા મુનિ સાથે પરણાવી, ત્યાં મૂકીને ગયો. રાત્રે યક્ષે તેને બહુ જ હેરાન કરી અને ઠપકો આપ્યો કે, "હવેથી કદી મુનિનું અપમાન કરીશ તો, મારી નાખીશ." ભદ્રા ભય પામી અને મુનિને પતિ તરીકે સ્વીકારી, તેની સેવા કરવા લાગી. મુનિ ધ્યાન પૂર્ણ કરી બોલ્યા કે, "બાળા! અમારે સ્ત્રી સાથે વાતચીત પણ ન હોય. આ બધી ઘટના યક્ષની છે માટે તેમાં અમારે કાંઈ લેવાદેવા નથી." કહી અન્યત્ર ચાલ્યા ગયા. ભદ્રા રાજા પાસે આવી. રાજાએ મંત્રીઓને "ઋષિપત્નીનું શું કરવું?" એમ પૂછી સલાહ લઈ રુદ્રદેવ બ્રાહ્મણને પરણાવી. બ્રાહ્મણે યજ્ઞ શરૂ કર્યો. ફરતા ફરતા એ જ મુનિ ત્યાં ભિક્ષા લેવા આવ્યા. બ્રાહ્મણોએ ત્યાંથી કાઢી મૂકયા, અને "અમારો યજ્ઞ અભડાવ્યો" કહી મારવા દોડયા. "બ્રાહ્મણ માટેનું બીજાને આપી ન શકાય." એમ કહી કંઈ પણ વહોરાવ્યું પણ નહિ. ભદ્રાએ આવીને સમજાવ્યા, પણ બ્રાહ્મણો માન્યા નહીં. પછી યક્ષે બધાને જાતિમદ ન કરવા સમજાવ્યા, છતાં જ્યારે તે ન સમજ્યા અને જ્યારે પૂરા હેરાન કર્યા ત્યારે મુનિને શરણે ગયા. મુનિએ જાતિમદ ન કરવા સમજાવ્યું. બ્રાહ્મણનું આધ્યાત્મિક સ્વરૂપ સમજાવ્યું. પોતે સમભાવમાં રહેલા હતા, તે જોઈ બ્રાહ્મણો તેના સેવક થયા. તેમને આહાર વહોરાવ્યો, યજ્ઞ છોડયો, છેવટે મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૫૬–૫૭. ધનદેવ અને ધનમિત્ર

ધનપુરમાં ધનંજય શેઠની ધનવતી પત્નીથી ધનદેવ અને ધનમિત્ર નામના બે પુત્રો થયા. ધનદેવે ગ્રીષ્મઋતુમાં મુનિરાજને સાકરવાળું દૂધ વહોરાવેલું, તેના પ્રતાપથી તે સિંહલદ્વીપમાં સિંહલેશ્વર રાજાની સિંહલા રાણીથી સિંહલસિંહ નામનો પુત્ર થયો. ધનશેઠની ધનવતી કન્યાને કુમારે હાથીથી બચાવી, તેથી તેના પિતાએ તેની સાથે તેને પરણાવી. રાજકુમારનું રૂપ જોઈ નગરનારીઓ મોહ પામતી હોવાથી પ્રજાજનોની માગણીથી તેને રાજાએ બહાર ન જવા આદેશ કર્યો એટલે તે ધનવતીને લઈ દેશાવર

ચાલ્યો ગયો. રસ્તામાં વહાણ ભાંગવાથી બન્નેય જુદાં પડ્યાં. પાટીયાની મદદથી ધનવતી પ્રિયમેલક તીર્થમાં મૌન રાખીને રાહ જોતી રહી ને કુમાર રત્નપુર જઈ પહોંચ્યો. ત્યાંના રત્નપ્રભ રાજાની રત્નવતી કન્યાના સર્પદંશનું નિવારણ કરી તેને પરણ્યો; પરંતુ ધનવતીના વિયોગથી કેટલાંય કષ્ટો સહન કરી, રાજાની પ્રીતિ સંપાદન કરી, રુદ્ર મંત્રી સાથે સ્વવતન તરફ તે પાછો ફર્યો. રુદ્રે રત્નવતી મેળવવા તેને સમુદ્રમાં નાંખી દીધો. ત્યાં પણ વહાણ ભાંગ્યું. રત્નવતી પ્રિયમેલક તીર્થમાં પાટીયાની મદદથી પહોંચી. કુમારને સમુદ્રમાંથી ઉપાડીને કોઈએ તાપસાશ્રમમાં મૂક્યો. ત્યાં તાપસોએ રૂપવતી કન્યા પરણાવી ને કન્યાદાનમાં સો સોનૈયા આપનારી કંથા અને આકાશગામી ખાટલી આપી. ખાટલીમાં બેસી ધનવતીની શોધમાં રૂપવતી સાથે ચાલ્યો. રસ્તામાં કુસુમપુરે ખાટલી ઉતારી, કૂવામાં પાણી લેવા જતાં સર્પ કરડ્યો; ને કુમારનું રૂપ કુબડું થઈ ગયું. કુબડાના હાથે રૂપવતીએ પાણી ન પીધું અને પોતાના પતિને શોધવા લાગી. તે પણ પ્રિયમેલક તીર્થે ગઈ. ત્રણેય મૌનપણે ધાર્મિક જીવન ગાળે છે. ત્યાંના રાજાએ પડહ વગડાવ્યો કે, " આ ત્રણેયને બોલાવે, તેને કુસુમવતી પરણાવીશ. " કુબડાએ પુસ્તકનાં કોરાં પાનાં લઈ પોતાનો વૃત્તાંત મોઢેથી બોલીને વાંચવાનો ઢોંગ કરી તેમની હકીકત કહેતો ગયો. તેમ તેમ સ્ત્રીઓ આગળ આગળ માટે " પછી શું થયું ?" એમ પૂછીને બોલતી ગઈ. સર્પદંશ પછી શું થયું ? તેનો જવાબ ન આપતાં પુસ્તક વીંટાળી રાજાને કન્યા આપવા ફરજ પાડી. વચનના બંધાણા રાજાને કન્યા પરણાવવી પડી. હસ્તમિલન વખતે રાજાએ માગવા કહ્યું, ત્યારે માગ્યું કે, " પોકાર કરતો સર્પ આપો. " રાજાએ કહ્યું કે, " સર્પ આવો. " તરત સર્પ આવ્યો અને કુમારને કરડ્યો, તે મૂર્છા ખાઈ ઢળી પડ્યો. પેલી ત્રણેય સ્ત્રીઓ તે કુબડાને બચાવવા પ્રયત્ન કરવા લાગી. તેવામાં તે કુમાર પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયો. સર્પે ખુલાસો કર્યો કે, " સિંહલકુમાર ! મુનિરાજને વહોરાવતાં તમારા ભાવ ત્રણ વખત તૂટ્યા. તેથી તમારે આમ ત્રણ વખત વિટંબના ભોગવવી પડી છે. બાકી તો પુણ્યોદયથી દરેક ઠેકાણે તમારો આદર થયો છે; ને પ્રભાવ પડ્યો છે. પરંતુ દરેક વખતે મારે તમારો બચાવ કરવો પડ્યો છે. સર્પરૂપે આવી તમારું રૂપ કુબડું કરવાની મારે જરૂર એ હતી કે તમારો વૈરી રુદ્ર આ નગરમાં હતો, તે તમને ઓળખીને તમારું અનિષ્ટ ન કરે માટે. આ સાંભળી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. રાજાએ રુદ્રને દેશપાર કર્યો. કુમાર ચારેય સ્ત્રીઓ સાથે ખાટલી પર બેસી સાથે સ્વવતન ગયો. કથાના પ્રભાવથી પ્રજાને ઋદ્ધિવાળી કરી અનુક્રમે દીક્ષા લઈ છઠ્ઠે દેવલોકે ગયો.

## ૫૯. ઉત્તમચરિત્રકુમાર

આ કુમારનું ચરિત્ર ઘણું મોટું અને અદ્ભુત રસથી ભરેલું છે. અહીં તો માત્ર

તદ્દન ટૂંકામાં જ આપીશું. સુદત્ત ગામમાં ધનદત્ત કણબીને ચાર સ્ત્રીઓ હતી. સુખી છતાં પાછળથી ગરીબ થયો હતો છતાં માર્ગમાં ચોરોએ વસ્ત્રો લૂંટી લેવાથી ટાઢે ઠરતા ચાર મુનિઓને ચાર ગરમ વસ્ત્રો પોતે તંગી ભોગવીને આપ્યાં હતાં. તેના પ્રભાવથી મરીને કાશીના મકરધ્વજ રાજાની લક્ષ્મીવતી પત્નીથી ઉત્તમચરિત્ર નામનો અનેક ગુણો અને કળાવિભૂષિત પુત્ર થયો. તે દેશાંતરમાં ખૂબ ફર્યો છે. ફરતાં ફરતાં જુદા જુદા પ્રસંગમાં તેની પૂર્વ ભવની ચારે સ્ત્રીઓ મળી છે, ને તેણે તેની સાથે લગ્ન કર્યું છે. તેનાં નામ મદાલસા, ત્રિલોચના, અનંગસેના, સહસકળા, પાંચ દિવ્ય રત્નો મણિ, કનક, ક્ષીરોદક, રત્નકંબળ વિગેરે દિવ્ય સંપત્તિઓ પણ મળી હતી; પરંતુ પૂર્વભવમાં એક વખત મલિન વસ્ત્રવાળા મુનિની દુગંચ્છા કરવાથી મત્સ્યના પેટમાં દાખલ થવું પડયું હતું. વળી એક પોપટને પાંજરામાં પૂર્યો હતો, તેથી પોપટ થવું પડયું હતું. અનંગસેનાએ પૂર્વભવમાં પોતાના દાગીના, ઘરેણાં, નવાં કપડાં પહેરીને આવેલી દાસીને "આહા! ગણિકા આવી." એમ મશ્કરીમાં કહેલું તેથી તેને વેશ્યા કુળમાં જન્મ લેવો પડયો હતો. આ વગેરે હકીકત ઉત્તમચરિત્રકુમારે પોતાના જીવનના પાછલા ભાગમાં પિતાનું અને ભરતખંડના મોટા ભાગનું રાજ્ય મળ્યા બાદ કેવળી ભગવંતને પૂછવાથી જાણ્યું. અને વૈરાગ્ય પામી પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. ત્યાંથી સ્વર્ગમાં ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષ પામશે.

## ૫૯. ક્ષેમંકરમુનિ

વસંતપુરના નિલયશેઠનાં સુદર્શના પત્નીથી ક્ષેમંકર અને દેવદત્ત પુત્રો, તથા લક્ષ્મી નામે પુત્રી થયાં હતાં. એ જ શહેરમાં તિલક શેઠની સુંદરી નામે પત્નીથી ધનદત્ત નામે પુત્ર, અને બંધુમતી નામે પુત્રી હતાં. ક્ષેમંકરે દીક્ષા લીધી. દેવદત્તના બંધુમતી સાથે અને ધનદત્તનાં લક્ષ્મી સાથે લગ્ન થયાં. ધનદત્ત દરિદ્રી થઈ ગયો હતો, અને દેવદત્ત સુખી હતો. એક વખત ક્ષેમંકરમુનિ બહેનને ત્યાં જ વહોરવા ગયા. પરંતુ લક્ષ્મીએ ભાઈને ત્યાંથી તાંદળા આપી ભાત લાવીને વહોરાવ્યા. મુનિ ગયા. બન્ને પુરુષો ઘેર જમવા આવ્યા. ત્યારે એકને તાંદળા અને બીજાને વધેલા ભાત પીરસાયા. આ ફેરફાર થવાથી બન્નેએ પોતાની પત્નીઓને ઠપકો આપી માર માર્યો; ત્યારે બન્નેએ ખુલાસા કર્યા, અને ધનદત્તે કહ્યું કે, "પારકે ઘેરથી લાવીને વહોરવાનું શું પ્રયોજન?" આ ગૃહકલહોની મુનિને રાત્રે ખબર પડી. બન્નેયને બોલાવીને ઉપદેશ આપ્યો અને કહ્યું કે, "જેમાંથી કજિયો થાય, તેવા આહારદિ લેવાની અમને ભગવંતની જ મનાઈ છે. છતાં અમોએ અજાણતાં એ આહાર લીધો છે. બન્નેય શાંત થાઓ." ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, અને કાળક્રમે મોક્ષમાં જશે.

## ૬૦. બે ક્ષુલ્લકમુનિ

પાટલિપુત્રમાં ચંદ્રગુપ્ત મૌર્યનો ચાણક્ય નામે પ્રસિદ્ધ પ્રધાન હતો, તે શહેરમાં વૃદ્ધ સુસ્થિતાચાર્ય હતા. પરંતુ તે દેશમાં દુકાળ પડ્યો એટલે આચાર્યે સમૃદ્ધ નામના શિષ્યને આચાર્ય પદવી સાથે અંજનયોગ આપી સર્વ સમુદાય સાથે સુકાળવાળા પ્રદેશમાં મોકલ્યા. સિદ્ધ અંજનયોગ આપતાં બે બાળ સાધુઓ તે સાંભળી ગયેલા. સમૃદ્ધસૂરિ પરિવાર સાથે ગયા. તેમાંના પેલા બે બાળ સાધુઓ પાછા આવી આચાર્ય સાથે રહેવા લાગ્યા. ગોચરીમાં ત્રણેય વહેંચીને નિર્વાહ કરે. આચાર્યને પૂરી ગોચરી નહિ મળવાથી તે દુર્બળ થવા લાગ્યા. શિષ્યોએ વિચાર કર્યો કે, "આમ આપણે પૂજ્ય આચાર્ય મહારાજને હરકતકર્તા થઈએ છીએ." એમ વિચાર કરી પેલા અંજન-યોગથી અદૃશ્યપણે ચંદ્રગુપ્તની થાળીમાંથી રોજ આહાર કરી જાય. ચંદ્રગુપ્તને દુર્બળ થતો જોઈ ચાણક્યે પૂછ્યું. તેણે કહ્યું કે, "મને ખોરાક પૂરતો મળતો નથી." ચાણક્યે બુદ્ધિ ચલાવી. "ખોરાક પૂરતો પીરસવામાં આવે છે. માટે આમાં જરૂર કાંઈક ભેદ હોવો જોઈએ." તેણે ભોજનશાળામાં ઈંટનો બારીક ભૂકો પથરાવ્યો. આવનારનાં પગલાં પડયાં. બીજે દિવસે ખૂબ ધુમાડો કરાવ્યો. અંજન આંખમાંથી નીકળી પડવાથી બાળ-મુનિઓ ઉઘાડા પડી ગયા. ચંદ્રગુપ્તનો ક્રોધ ભભૂક્યો કે, "અરે, આ સાધુઓએ મને અભડાવ્યો છે." ચાણક્યે કહ્યું કે, "હં હં રાજન્! એ તમારો પુણ્યોદય માનો કે એ બ્રહ્મચારીઓથી તમારો દેહ પવિત્ર થયો." એમ કહી ધન્યવાદ આપ્યો. પરંતુ રાત્રે આચાર્ય મહારાજ પાસે જઈ શિષ્યોનું વર્તન કહી બતાવ્યું અને "આપની અને શાસનની હેલના થાય." એમ કહ્યું. આચાર્ય ભગવંતે શિષ્યોને ઠપકો આપ્યો. પરંતુ ચાણક્યને કહ્યું કે, "તમે એટલું સમજી શકતા નથી કે સાધુઓ આહારપાણી વિના કેટલા દુઃખી થયા હશે ત્યારે તેઓને આમ કરવું પડયું હશે ને? તમારા જેવા જ્યારે સંઘના આગેવાનો બેદરકાર રહો, ત્યારે તેમ બનેને?" વિગેરે. ચાણક્યે પોતાની ભૂલ કબૂલ કરી, અને મુનિઓ તથા સંઘના ખોરાક માટે વિશેષ કાળજી લેવાની શરૂઆત કરી. પેલા બે મુનિઓએ પ્રાયશ્ચિત્ત લઈ તપશ્ચર્યા કરી, અને સ્વર્ગે ગયા. ત્યાંથી મોક્ષમાં જશે.

## ૬૧. ક્ષુલ્લકમુનિ અને સુલોચના

ગિરિપુષ્પ નગરમાં સિંહાચાર્ય પરિવાર સાથે પધાર્યા તે વખતે સેવ કરી ખાવાનો વખત હતો. પૌરુષિ પછી મુનિઓ વાત કરતા હતા તેવામાં ગુણચંદ્ર નામના બાળ સાધુએ કહ્યું કે, "આજે ઘી અને ગોળ સાથે પૂરતી સેવ લાવી આપીશ," મુનિઓ તેને ખીલવવા માંડયા. પરંતુ બાળ સાધુ તો પાત્રા લઈ વહોરવા નીકળી પડયા. એક કણબીના ઘરમાં પેઠા. ઘી–ગોળ ભેળવેલી સેવ તૈયાર હતી, પણ સાધુએ કહેવા છતાં

તેણીએ તે વહોરાવી નહીં. મુનિ કહે : "હું તારી પાસેથી લઈશ જ." પટલાણી સુલોચના બોલી કે, "જો તમે લઈ શકો તો મારે મારું નાક કાપવું." મુનિએ ઘરથી બહાર નીકળી કોઈને પૂછયું કે, "આ કોનું ઘર છે?" "એ તો વિષ્ણુમિત્ર પટેલનું." પોતે ક્યાં હશે? "તે તો ચોરે ડાયરામાં બેઠા હશે." મુનિ પહોંચ્યા ચોરામાં. "અહીં વિષ્ણુમિત્ર કોણ છે?" લોકોએ પૂછયું કે, "શું કામ છે?" "મારે તેની પાસે એક ચીજની માગણી કરવી છે." લોકો હસીને બોલવા લાગ્યા કે, "એ તો પોતાની બહેનને રાખી બેઠા છે ને મહાકૃપણ છે. શું આપવાનો હતો? કદાચ અમે કાંઈક આપીશું." વિષ્ણુમિત્રે પોતાની આબરૂ ન જવા દેવા એક બાજુએ જઈ મુનિને સમજાવવા માંડયાં ને કહ્યું કે, "આપ માગો, શું જોઈએ?" ક્ષુલ્લક મુનિએ કહ્યું કે, "સ્ત્રીને આધીન છ પુરુષોમાંનો એક ન હો, તો માગું." લોકો આ સાંભળીને પૂછવા લાગ્યા કે, "એ છ સ્ત્રીઆધીન પુરુષો કયા?" મુનિએ વાત માંડી. ૧. શ્વેતાંગુલી. ૨. બકો હાથી. ૩. તીર્થસ્નાયી. ૪. કિંકર. ૫. ગૃધ્રરિંખ. ૬. હદનજ્ઞ. આ છ દષ્ટાંતો સાંભળીને લોકો ખડખડાટ હસી પડયા, અને બોલ્યા કે, "મહારાજ! આ ભાઈસાહેબમાં તો એ તમે કહ્યા, તે છએ ગુણો સારા પ્રમાણમાં છે." વિષ્ણુમિત્ર બોલ્યો : "મહારાજ! આ લોકો મશ્કરી કરે છે. હું એવો નથી, તમારે જોઈએ તે માગો." મુનિએ કહ્યું કે, "મારે બીજું કાંઈ ન જોઈએ. મને તો ઘી–ગોળ સાથે પાત્રુ ભરાય તેટલી સેવ તારે ઘેરથી આપ." બન્નેય ઘર તરફ ગયા. મુનિને બહાર રાખી પેલો ઘરમાં જઈ સ્ત્રીને રસોઈ વિષે પૂછયું. ત્યારે બધું તૈયાર જાણી, તેને ગોળ લેવા મેડા ઉપર ચડાવી, નિસરણી લઈ લીધી ને સાધુને બોલાવી સેવ વહોરાવી દીધી. પેલી જ્યાં ગોળ લઈ ઉતરવા આવે તેવામાં નિસરણી ન મળે, ને ઊભી ઊભી, "ના ના" બોલે કે "અરે! એને ન આપો; ન આપો." મુનિ વહોરવા જાય, ને નાક ઉપર આંગળી મૂકતા જાય, ને આહાર લઈને ચાલતા થયા. સ્ત્રી પાસેથી નાક કાપવાની હકીકત જાણી વિષ્ણુમિત્ર ગુરુ પાસે આવ્યો, ઉપદેશ આપ્યો. ને તે સંયમ આરાધી સ્વર્ગમાં ગયો. પછી તે મોક્ષમાં જશે. ક્ષુલ્લક મુનિ પણ ઉમ્મરમાં આવતાં માન તજી સારી રીતે આચાર પાળવા લાગ્યા. સદ્ગતિ મેળવીને મુક્તિ પામશે.

## ૬૨. કૃપણ

ગન્ધ સમૃદ્ધ નગરમાં ધનદેવ નામનો ભિક્ષુઓનો ઉપાસક કૃપણ માણસ રહેતો હતો. તે સાધુઓને પણ કાંઈ આપે નહીં! ત્યારે મુનિઓએ માંહોમાંહે વાત કરી કે, "કોઈ એવો સમર્થ સાધુ છે, કે જે તેની પાસેથી મેળવી શકે?" એક મુનિએ કહ્યું : "જુઓ હું તેની પાસેથી ઈષ્ટ લઈ શકું છું, એમ કહી, ત્યાં જઈ તેના ઘરને મંત્રથી મંત્ર્યું. ધનદેવે આવેલ સાધુને પૂછયું કે, "શાનો ખપ છે?" મુનિએ ગોળ,

ઘી, વસ્ત્ર વિગેરે જેનો ખપ હતો તે જણાવ્યું. તેણે તે આપ્યું. વિદ્યા સંહરી કે, તે ઘરમાં જોવા લાગ્યા. તો પોતાની તે ચીજો ઓછી થએલી જોઈ કલ્પાંત કરવા લાગ્યો. ત્યારે લોકોએ તેને પોતાને હાથે જ મુનિને આપ્યાનું જણાવ્યું ત્યારે તે મૌન થયો. પછી ગુરુ પાસે જઈ ઉપદેશ સાંભળી દીક્ષા લીધી ને તપશ્ચર્યા કરી પાંતે મોક્ષમાં જશે.

## ૬૩. અષાઢાભૂતિ મુનિ

મુનિઃ ધર્મલાભ. ગૃહિણી : પધારો. મહાત્મન્ ! ( પ્રણામ કર્યા. ) મુનિ–ભિક્ષા માટે પાત્ર ધર્યું. ગૃહિણી–પાત્રમાં એક લાડુ વહોરાવ્યો. મુનિ ધર્મલાભ ( કહી ચાલ્યા. બહાર નીકળી મનમાં ) આ એક લાડુ તો આચાર્ય મહારાજને માટે કામ આવશે. લાવ બીજો લાવું. ( રૂપ ફેરવી નાંખ્યું. ) ધર્મલાભ ( કહી પાત્રું ધર્યું. ) ગૃહિણી– ( બીજા મુનિ આવેલા જોઈ પ્રણામ કરી ) પાત્રમાં લાડુ વહોરાવ્યો. મુનિ–ધર્મલાભ. ( કહી બહાર નીકળી ) આ તો ઉપાધ્યાયને અપાશે માટે બીજો માંગી લાવું. ( રૂપ બદલી અંદર આવી ) ધર્મલાભ ( કહી પાત્ર આગળ કર્યું. ) ગૃહિણી–પધારો મહારાજ ! ( પ્રણામ કરી લાડુ વહોરાવ્યો ), મુનિ–ધર્મલાભ ! ( બહાર નીકળી ) આ તો બીજા સાધુઓને અપાશે. ( બાળકનું રૂપ લઈ ફરીથી અંદર આવી ) ધર્મલાભ ( કરી ) પાત્ર આગળ ધર્યું. ગૃહિણી–પધારો મહારાજ ( પ્રણામ કરી પાત્રમાં લાડુ મૂક્યો. ) મુનિ–ધર્મલાભ ! કહી ચાલવા લાગ્યા. વિશ્વકર્મા નટ :– ( મનમાં ) અહો ! આ તો મહા કળાકુશળ પુરુષ છે. મારી બે દીકરીઓ આને પરણે તો મારું ઘર ધનથી ભરાઈ જ જાય. ઠીક છે એમ જ કરું. ( પુત્રીઓ પાસે જઈ ) પેલા મુનિ ગયા, તેને બોલાવીને મોદક વહોરાવો. અને રોજ ભિક્ષા માંગવા આવવા નિમંત્રણ આપો. પુત્રીઓ–બહુ સારું ! ( કહી મુનિની પાછળ દોડી પાછા તેડી લાવી ) પધારો મહારાજ મુનિ–ધર્મલાભ. ( કહી વળી પાત્ર ધર્યું. ) પુત્રીઓ :– ( લાડુ લઈ પાત્રું ભરી દઈ ) મહારાજ ! આપ તપસ્વિની ભક્તિનો લાભ રોજ આપજો. પધારજો મહારાજ ! અવશ્ય પધારજો મહારાજ ! ન ચૂકતા મહારાજ ! ખાસ પધારજો હોં ! મુનિ–વર્તમાન જોગ ( કહીને ગયા. ) વિશ્વકર્મા ( છોકરીઓને ) : એને વશ કરી તમારો પતિ બનાવી લો. મહાકુશળ વિચક્ષણ પુરુષ છે. મેડા ઉપર બેઠા બેઠા તેણે કરેલા રૂપપરિવર્તનથી હું તો ચકિત જ થઈ ગયો છું. અષાઢાભૂતિ–ગુરુ મહારાજ ! મને હવે રજા આપો, મારે ગયા વિના ચાલે તેમ નથી. ધર્મરુચિ આચાર્યઃ મહાનુભાવ ! તારા જેવો કુળવાન, શ્રુતવાન્, કળાવાન્, બુદ્ધિમાન્ ને આ દશા ! વત્સ ! સંયમ માર્ગમાં સ્થિર થા. અષાઢાભૂતિ–હે કૃપાળો ! આપની વાણી સત્ય છે પણ મારા કોઈ પાપનો ઉદય મને ત્યાં ખેંચી ગયા વિના રહેશે નહીં. ધર્મરુચિ આચાર્ય–તારા જેવા સમજુને બીજું વિશેષ શું કહી શકાય ? ( એમ કહી મૌન રહ્યા ) અષાઢાભૂતિ– ( રજોહરણાદિ મૂકી પાછે પગે બહાર નીકળી ગયો. )

વિશ્વકર્મા-( પુત્રીઓને ) એ વિચક્ષણ પુરુષ તમારો પતિ થઈ ચૂકયો છે. પરંતુ તે હજુ વારંવાર ગુરુને યાદ કરે છે. લાગે છે કુળવાન્, માટે તમે કદી અભક્ષ્ય ભક્ષણ કે મદ્યાદિ અપેય પીને તેને કંટાળો આપશો નહીં. નહીંતર એ ક્ષણવારમાં ચાલ્યો જશે. છોકરીઓ-બહુ સારું પિતાજી ! નવા નવા ખેલ કરી પ્રજા રીઝાવી આપણા ઘરમાં ધનના ભંડાર ભરી દીધા હો ! તમારું કહેવું સાચું પડયું. વિશ્વકર્મા-આપણી રાજગૃહીના ખુદ સિંહરથ મહારાજાએ અર્થ નિર્મેહલ નાટક ભજવવાનો ખાસ આદેશ આપ્યો છે. તે ભજવાતાં તો આપણા ઉપર રાજાની કૃપાદષ્ટિ કેટલી ઊતરશે ? તે તો હવે તમે જોશો. આપણી સંપત્તિની મોટા શેઠિયાઓને પણ ઇર્ષ્યા થશે. હા, પણ તમે તમારે હું કહું તેમ વર્ત્યે આવોને દીકરીઓ ! છોકરીઓ-હા, બાપા ! અમો તમારા કહેવાથી રજ માત્ર આડી ચાલીશું નહિ. બસ. રાજા-નટો ! તમારી કળા જોઈ અમે બહુ જ ખુશ થયા છીએ. અને હજુ નટરાજ અષાઢાભૂતિની કળા તો બાકી જ છે. પરંતુ ખેદની વાત છે, કે અમારે એવું કામ આવી પડયું છે જેથી બાકીનું નાટક હવે કોઈ પ્રસંગે જોઈશું. બાકીનું ઇનામ પણ તે વખતે આપીશું. પ્રતિહારી-સભા બરખાસ્ત. અષાઢાભૂતિ-અરે ! કેમ કોઈ દેખાતું નથી ? મારી બન્નેય પત્નીઓ કયાં ગઈ હશે ? ઠીક, મેડા ઉપર જોઉં. ( ઉપર ચડી મનમાં સૂગ અને ચિંતા સાથે પાછો ફરી, મનમાં ) અરે ! મેં ગુરુ મહારાજને છોડી આ પાપ કયાં વહોર્યું. ( નીચે ઊતરી ચાલવા માંડે છે. ) વિશ્વકર્મા-( એકદમ આવીને મેડા ઉપર ચડી ) અરે ! એય ! દુરાત્મિકાઓ ! આમ શું નિર્લજ્જ થઈ નવસ્ત્રી થઈને ઘેનમાં પડી છો ? તમારો પેલો ચાલ્યો જાય છે. જાઓ દોડો ! તેને પાછો લાવો. ન માને તો છેવટે ભરણપોષણ તો માંગજો જ. છોકરીઓ-( વસ્ત્રો સરખાં પહેરી દોડતી દોડતી ) હેં ! શું ચાલ્યા ગયા ? વિશ્વકર્મા-હા. ( આંગળી બતાવી ) એ જાય. તમારી ( ક્રોધથી પગ પછાડી ) મૂર્ખામીનું એ પરિણામ છે, મૂર્ખામીનું, છોકરીઓ. આ અમે તેને પાછા લાવીએ છીએ. ( દોડીને ) પ્રાણનાથ ! અમને છોડીને કયાં જાઓ છો ? એક ભૂલ માફ કરો. અષાઢાભૂતિ-મારે આવવું નથી. બસ બહુ થયું. ( જાય છે. ) છોકરીઓ-( પગે પડી ) પરંતુ નાથ ! જવું હોય, તો સુખેથી જાઓ પણ અમારા નિર્વાહ માટે કાંઈ ? અષાઢાભૂતિ-ઠીક છે. તેનો પ્રબંધ કરી આપું છું. ( કહી પાછો વળી વિશ્વકર્માને ) આર્ય ! મહારાજાને જણાવો કે, “ અષાઢાભૂતિ રાષ્ટ્રપાળ નામે મહા નાટક ભજવી બતાવવાની ઈચ્છા રાખે છે. ” અને તેમાં પાંચસો રાજકુમારો જોઈશે; તેની પણ માંગણી કરી રાખજો. વિશ્વકર્મા-બરાબર છે. એ પ્રમાણે ગોઠવણ કરાવું છું. ( જઈને પાછો આવી ) મહારાજાએ તે પ્રમાણે હા પાડી છે. અષાઢાભૂતિ-ચાલો, ( બન્ને સ્ત્રીઓને ) મારા દાગીના ઘરેણાં જે ઊતરે, તે તમારે આજીવિકા માટે લઈ લેવાનાં છે; સ્ત્રીઓ-બહુ સારું, અમે પણ આપની સાથે આવીશું. રાજા-વાહ ! અષાઢાભૂતિ ! ભરત ચક્રવર્તિનું નાટક અચ્છું

ભજવ્યું. અષાઢાભૂતિ–જુઓ મહારાજ ! છ ખંડ સધાઈ ગયા. ચૌદ રત્નો, નવ મહા નિધાન મળી ચૂકયા છે. હવે અરિસાભુવનનો પ્રવેશ ભજવવાનો બાકી છે. કયાં ગયા પાંચસો રાજપુત્રો ? રાજપુત્રો–આ રહ્યા. હાજર જ છીએ. અષાઢાભૂતિ–જુઓ, હું કરું તેમ તમારે કરવાનું છે. રાજપુત્રો–એમ જ કરીશું. અષાઢાભૂતિ ( અરિસા સામે ઊભા રહી, વીંટી પાડી નાંખી, એક પછી એક દાગીના કાઢી નાંખ્યા ને ભાવવા લાગ્યા. ) ( રાજકુમારો, તે પ્રમાણે કરવા લાગ્યા. ) અષાઢાભૂતિ– ( કેવળજ્ઞાન થયું, ને ચાલવા લાગ્યા. ) રાજકુમારો– ( કેવળી થઈને ચાલવા લાગ્યા. ) રાજા–અરે ! પણ તમે બધા ચાલ્યા કયાં ? અષાઢાભૂતિ–ભરત ચક્રવર્તિ પણ વેષ પહેરીને ચાલ્યા ગયા હતા ને ? પાછા કયાં વળ્યા હતા ? નાટક તો ખરેખરું જ ભજવવું જોઈએ ને ? ( પાંચસો–કેવળી રાજકુમારો સાથે અષાઢાભૂતિ કેવળી ચાલ્યા જાય છે. ) વિશ્વકર્મા–ખરેખર ! આ મહાત્મા પુરુષના સંબંધથી અમારા મનનો પણ મેલ ચાલ્યો ગયો. મહારાજ ! મારી પણ ઇચ્છા આ નાટક કુસુમપુરમાં ભજવવાની છે. રાજા–ભલે, ભજવો, વિશ્વકર્મા–જેવી આજ્ઞા. ( જાય છે. ) દૂત ( આવીને પ્રણામ કરી ) મહારાજા, કુસુમપુરમાંથી પાંચસો ક્ષત્રિયકુમારો સાથે વિશ્વકર્મા નટ પણ અરિસાભુવનમાં કેવળ જ્ઞાન પામી ચાલી નીકળ્યા છે. રાજા–બસ આમ ને આમ પૃથ્વી ક્ષત્રિયો વિનાની થઈ જશે. જાઓ, સુભટો ! તેનું નાટ્યપુસ્તક લાવીને અગ્નિમાં હોમી દો, જેથી તેની પરંપરા જ ન ચાલે. સુભટો–જેવો હુકમ. ( જાય છે )

### ૧. સુલસા

પ્રભુ મહાવીરના સમયના રાજગૃહીના નાગરથિકનાં ધર્મપત્ની આ મહાશ્રાવિકાના દૃઢ સમ્યકત્વની હકીકત પ્રસિદ્ધ છે. નાગરથિકે ગુરુ મહારાજ પાસે એવો નિયમ ગ્રહણ કર્યો હતો કે, "મારે બીજી સ્ત્રી કરવી નહીં," અર્થાત્, બન્નેય પરસ્પર અનુરાગી હતા. નાગરથિક રાજા શ્રેણિકના લશ્કરમાં મુખ્ય રથિક હતા પણ તેને સંતાન નહોતું. બીજાનાં બાળકો રમતાં જોઈ તેને સંતાન માટે બહુ ઇચ્છા થયા કરતી હતી. શાસ્ત્રકારો કહે છે કે, 'પ્રાણીનો સ્વભાવ જ એવો છે કે, તેને અપ્રાપ્તની ઇચ્છા બહુ જ રહ્યા કરે; પછી ભલે તેનું પરિણામ ગમે તે આવે. પરંતુ જયાં સુધી ન મળે, ત્યાં સુધી પ્રાણીનું મન ઠરી ઠામ થતું નથી." નાગને ચિંતાતુર જોઈ સુલસાએ કારણ પૂછયું; ત્યારે તેણે ચિંતાનું કારણ જણાવ્યું. સતીએ કહ્યું, "સ્વામિન ! આપના જેવા સુજ્ઞ આવી ચિંતા કરો, તે વ્યાજબી છે ? પ્રભુનાં વચન પામીને આવો વિચાર કરવો ઉચિત નથી. બ્રહ્મદત્ત, કૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, સગર, એ વિગેરેની પુત્રો છતાં શી દશા થઈ છે ? તે તો વિચારો. ઠીક છે; ગુણવાન પુત્રો થાય, તો ઠીક છે. ન થાય તો સમભાવમાં રહેવું જોઈએ." નાગે કહ્યું: "સુલસા ! તારી વાત સાચી છે, પરંતુ ગૃહસ્થનું મન સંતતિ

ઈચ્છે એ સ્વાભાવિક છે. સુલસાએ કહ્યું—"મને સંતતિ થવાનો સંભવ નથી, તો આપ બીજી સ્ત્રીથી પુત્ર મેળવી પુત્રવાન બનો." નાગ—"એ તો આ જીવનમાં કદી બનનાર છે જ નહીં. પુત્રવાન, થવું તો તારાથી જ. બીજીની વાત કરવી નહીં." આ સાંભળી સતીએ વિચાર્યું. કે, "અહો ! જગતમાં ધર્મ જ સર્વનું મૂળ છે. અજ્ઞાન જીવો એવા ચિંતામણિ રત્નને તજીને બીજી ચીજોમાં આસક્ત થાય છે. ધર્મ વિના કાંઈ પણ મળતું નથી. માટે ધર્મમાં વિશેષ ઉદ્યમ કરવો જોઈએ." એમ વિચાર કરી તેણે વ્રતપાલન— બ્રહ્મચર્યપાલન, સત્પાત્ર દાન, વિગેરે વિશેષ પ્રકારે કરવાની શરૂઆત કરી દીધી. આ તરફ ઇંદ્રના કહેલા સુલસાનાં વખાણ સાંભળી હરિણગમેષી દેવે પરીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો. બે સાધુઓને પોતાને ત્યાં આવેલા જોઈ સુલસાએ ઊભા થઈ તેઓની પ્રતિપત્તિ કરી અને વિનયથી વિજ્ઞપ્તિ કરી કે, "મહારાજ! આપને શાનો ખપ છે?" મુનિઓએ કહ્યું કે, "સુલસે! તારા ઘરમાં લક્ષપાક તેલ હોવાનું સાંભળ્યું છે. અમારા સમુદાયમાં સાધુઓ હાલમાં ઘણા રોગી છે," સુલસા—"અહો ઘણી જ ખુશીથી." કહી જેવો શીશો બહાર લાવે છે, તેવો તે ફૂટી જાય છે. એમ એક પછી એક ચારેય શીશા ફૂટી ગયા, છતાં સુલસાના મનમાં રજ માત્ર પણ ગ્લાનિ આવતી નથી. તે જોઈ દેવે પ્રગટ થઈ ધન્યવાદ આપ્યો: અને "ઈંદ્રે તારા કરેલાં વખાણ સાચાં હતાં, સુલસે! હું હરિણગમેષી દેવ તારા ઉપર પ્રસન્ન છું. તારે જોઈએ તે માગ." સુલસા—"દેવ! તમે ઇંદ્રના સેનાપતિ છો; મારો મનોરથ સમજી શકો તેમ છો." દેવે કહ્યું: "આ બત્રીસ ગોળી આપું છું. તું અનુક્રમે ખાજે; તને બત્રીસ પુત્રો થશે; અને જ્યારે કોઈપણ કામ પડે ત્યારે મને યાદ કરવો. હું તારાં અભિષ્ટ કરીશ."

સુલસા—"એ બત્રીસ પુત્રોની કયાં હું સારસંભાળ કરીશ? મને ધર્મકાર્યમાં અંતરાય થશે. માટે બત્રીસ લક્ષણો એક જ ઉત્તમ પુત્ર થાય તો પણ ઠીક." એમ વિચારી ભાવિ ભાવને લીધે તેણે એકી સાથે ઋતુકાળે બત્રીસેય ગોળીઓ ખાધી. ગર્ભ રહ્યો, પણ પેટમાં પીડા ઊપડી. દેવને યાદ કર્યા; દેવે આવી ઠપકો આપ્યો. "આ શું કર્યું? હવે એકના મરણથી બત્રીસેયનું મરણ થશે." સુલસાએ કહ્યું: જે થવાનું હતું તે થયું. મારી પીડા તમારાથી શાંત કરી શકાતી હોય, તો કરો, નહીંતર હું મારું દુઃખ ભોગવીશ. દેવે પીડા શાન્ત કરી. કાળક્રમે બત્રીસ પુત્રો જન્મ્યા. નાગે તેનો જન્મોત્સવ કરાવ્યો, પરણાવ્યા, અને શ્રેણિક રાજાના અંગરક્ષકો તરીકે નોકરીમાં રખાવ્યા. ચેડા રાજાની સુજ્યેષ્ઠાની છબી રાજગૃહીમાં આવેલી તાપસી પાસે જોઈ તેને પરણવાની શ્રેણિકને ઇચ્છા થઈ. અભયકુમારે વેપારીને વેષે વિશાળામાં જઈ દાસી મારફત સુજેષ્ઠાને શ્રેણિકની છબી બતાવી બન્નેયને પરસ્પર અનુરાગી કર્યા. પછી સુરંગ મારફત શ્રેણિક સુજ્યેષ્ઠાને લેવા બત્રીસ અંગરક્ષકો સાથે આવ્યા. ચિલ્લણા

નાની બહેને પણ સાથે આવવા ઇચ્છા બતાવી. સુજ્યેષ્ઠાને ચિલ્લણાને ત્યાં ઊભી રાખી પોતાનો ભુલાઈ ગયેલ રત્નાભરણનો દાબડો લેવા પાછી ગઈ, તેવામાં શ્રેણિકે આવી રથમાં બેસાડી ચાલવા માંડયું. ચિલ્લણા ચૂપ રહી, પણ સુજ્યેષ્ઠા આવી નિરાશ થઈ, ને ચિલ્લણાના હરણ થયા વિષે બૂમ પાડી ઊઠી. વૈરિસિંહ વિગેરે ચેટકના સુભટો ચડયા. નાગના એક પુત્રને માર્યો. દરેક મરી ગયા. પણ શ્રેણિક તો ચેલ્લણા સાથે રાજગૃહી પહોંચી ગયા. તેને સુજ્યેષ્ઠા સમજી બોલાવી, ત્યારે તેણે ભેદ ભાંગ્યો. પછી રાજાએ પણ સંતોષ માની તેની સાથે લગ્ન કર્યું. આ તરફ સુલસા અને નાગરથિકે પુત્રનો શોક કર્યો. પરંતુ અભયકુમારે તે શોક સમાવ્યો. પ્રથમ શ્રાવક થયેલો અંબક ત્રિદંડ પરિવ્રાજક શત્રુંજયાદિ તીર્થની યાત્રા કરી ચંપામાં પ્રભુ મહાવીર પરમાત્માને વંદન કરીને રાજગૃહી આવતાં નીકળતી વખતે કાંઈ અજ્ઞાની વિનંતિ કરતાં પ્રભુએ સુલસા શ્રાવિકાને "ધર્મ-લાભ" કહેવરાવ્યો. અંબડને વિચાર થયો. આવા પ્રભુ આવા શહેરમાં એક સ્ત્રીને ધર્મ-લાભ કહેવરાવે તે સ્ત્રી કેવી હશે ! આ કુતૂહલથી તેણે પોતાની ઐંદ્રજાલિક શકિતથી શહેરની ચારેય દિશાના ચારેય દરવાજા ઉપર રોજ જુદું જુદું—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને પ્રભુ મહાવીરનું રૂપ, વિકુર્વીને લોકોને આકર્ષ્યા; પરંતુ સુલસા કયાંય પણ તેના જોવામાં ન આવ્યાં. અંબડની ખાત્રી થઈ કે, "ખરેખર દૃઢ સમ્યકત્વવંત શ્રાવિકા છે." પછી એ બધો પ્રપંચ મૂકીને પાંચમે દિવસે શ્રાવકના રૂપમાં અંબડે સુલસાને ઘેર જઈને પ્રભુએ કહેવરાવેલો "ધર્મલાભ" કહ્યો. સુલસાએ ઘણો જ આદર આપ્યો અને ભકિત કરી. પ્રભુના તરફનો "ધર્મલાભ" સાંભળીને તો તેના રોમ રોમ ખડા થઈગયા. પ્રભુની દિશામાં માનપૂર્વક બેસી ચૈત્યવંદન કરી, પ્રભુના ગુણગ્રામથી ભરપુર અનહદ્દ ભાવપૂર્ણ સ્તુતિ કરી અંબડની એક પરમ સાધર્મિક બંધુ તરીકે ઘણી ભકિત કરી. ત્યાંનાં ચૈત્યોને પ્રણામ કરીને અંબડ ગયો. સુલસા એ ધર્મમાં આસક્ત થયાં. અંતસમયે આરાધના કરીને સુલસા સ્વર્ગમાં ગઈ, અને ત્યાંથી ચ્યવીને આવતી ચોવીસીમાં નિર્મમ નામે પહેલા તીર્થંકર થઈ મોક્ષમાં જશે. એ નિર્મમ તીર્થંકર પરમાત્માને નમસ્કાર હો.

## ૨. ચંદનબાળા (૧)

સુભટ–ધારિણી ! તું શા માટે ખેદ કરે છે ? હું તને મારી પત્ની તરીકે સંપૂર્ણ સુખી કરીશ. ધારિણી–દુષ્ટ ! તારા શબ્દો તારા પેટમાં રાખ ! શીલભગ્ન માતાના પર-સ્ત્રીલંપટ પુત્ર ! ચૂપ થા. સુભટ–શાંતિથી સમજાવું છું, સમજતી નથી, પણ જોઈ લે. (બળાત્કાર કરવા તૈયાર થાય છે) ધારિણી–દુષ્ટ ચંપાયતિ દધિવાહનની પત્ની હું ધારિણી પત્ની તારા જેવાથી ડરીને શીયળ વેચીશ ? એમ કે ? મૂર્ખ થા મા, મૂર્ખ. (જીભ કરડી મૃત્યુ પામે છે.), વસુમતિ–(ગળે વળગી પડી.) અરે ! માતા ! તું મને તજીને કયાં ગઈ ? મારું હવે કોણ ? હું શી રીતે જીવીશ ? મારું હૃદય કેમ ફાટી

જતું નથી ? હું કેવી કઠોર ? પાણી વિના કાદવ જેવી વસ્તુ પણ સુકાઈ જાય છે; ને તેમાં ચીરા પડે છે. સ્નેહી વિના મારા દિલમાં કેમ ચીરા પડતા નથી ? હા ! દૈવ ! શું કર્યું ? આંસુને બદલે મારી આંખમાંથી લોહીની ધાર કેમ થતી નથી ? ખરેખર સ્નેહ શી રીતે બતાવું ? માતા ! તારા વિના મારી શી ગતિ ? (મૂર્છા પામે છે.) સુભટ–(ગળગળો થઈ.) બાળે ! શા માટે ખેદ કરે છે ? તારું રુદન હવે મારાથી સહન થતું નથી. શાંત થા. ભાવિ ભાવ આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. બહેન ! તું હવે શાંત રહે. હું તને હેરાન નહિ કરું. મારી બહેન અને પુત્રી તુલ્ય માનીશ. મારી બીક રાખીશ મા (આંખો લૂછે છે) વસુમતી–(માતાને વળગીને) ઓ વહાલી માતા ! (ડુસકે ડુસકે રુએ છે) સુભટ–હવે તું ખસી જા. (મડદું રથમાંથી ઉતારી, દાગીના–ઘરેણાં લઈ રથ હંકારી જાય છે). (૨) સુભટ–જો, આ બાલિકાની સરભરા બરાબર રાખજે. સ્ત્રી–મને ટાઢ ચઢી છે; એને હું ઘરમાં પેસવા નહિ દઉં. ગમે ત્યાં લઈ જાઓ, નહીંતર ચંપા લૂંટીને પરસ્ત્રી લાવ્યા છો, એ રાજાને કહી દઈશ. (કકળાટ કરી મૂકયો) સુભટ (ધ્રૂજતો ધ્રૂજતો)–પરંતુ તું શાંત તો થા. એ તને હરકત નહિ કરે. સ્ત્રી–ના, મારે એ કાંઈ સાંભળવું જ નથી. સુભટ–(વસુમતીને) બહેન, ચાલ ! બજારમાં. વસુમતિ–(રોતી રોતી) ચાલો. (૩) સુભટ – (ધીમેથી) કોઈને આ કન્યારત્ન લેવું છે ? હું વેચું છું. લોકો–(છક થઈને કન્યા સામે જોઈ રહે છે ને અંદર અંદર વાતો કરે છે) ૧લી વેશ્યા–અમારી હાજરીમાં એને ખરીદવાની તાકાત કોની છે ? ગમે તેટલા પૈસા થાય તો યે શું ? આવી રૂપવતી કન્યાના કરોડો પણ કુરબાન છે. ૨જી વેશ્યા–હા મા ! તમારું કહેવું ખરું છે. પૂછોને કિંમત ? ૧લી વેશ્યા–અલ્યા એય ! શું લેવું છે ? સુભટ–(ધીમેથી) પાંચસો સોનામહોરો, ૨જી વેશ્યા–મા ! આપો, ને જલદી ચાલો. ૧લી વેશ્યા–લે, આ પાંચસો સોનામહોરો. છોકરી અમારે હવાલે કરી દે. સુભટ–(ગણી લઈને) બહેન ! આમની સાથે જા. વસુમતિ–અરે ! તમે કોણ છો ? તમારી નાત–જાત શી છે ? ૧લી વેશ્યા–અમારી નાતજાતનું તારે કામ શું છે ? રાજરાણી કરતાં અમારે ત્યાં અનર્ગળ સુખ છે, ચલ થા આગળ. વસુમતિ–હું ઓળખી તમારી જાત, ઓળખી. હું એક ડગલું પણ અહીંથી નહિ ખસું. ૧લી વેશ્યા–ચાલ, ચાલ, ડાહી થઈને. હવે વેચાણ થયા પછી શેખી નકામી છે. (હાથ પકડે છે, ને ખેંચે છે) વસુમતિ–(રડતાં રડતાં). ઓ દેવ ! મારે માથે આ વીજળીનો ઘા ? વેશ્યા–(ખેંચતી ખેંચતી) ચાલ નહીંતર મારવી પડશે. (તેનું નાક તૂટી પડે છે.) હાય રે બાપ ! મારું નાક કપાયું. (નાસી જાય છે.) ૨જી વેશ્યા–ઓય ! બાપ રે ! ભાગો, માનું નાક કપાયું. ને કાળા મેંશ થઈ ગયાં. મારું યે કપાશે. (નાસી જાય છે, લોકો ખડખડાટ હસે છે.) સુભટ–અહીં હવે વાત ઉઘાડી પડશે. (બીજી બજારમાં જાય છે). ધનાવહ–(ટોળામાંથી બહાર આવી) કેમ ભાઈ ! એનું શું મૂલ્ય લેવું છે ? સુભટ–પાંચસો સોનામહોર જ

આપજો, શેઠ ! વસુમતિ–ઊભા રહો, એ બધી વાત પછી. (શેઠ સામે જોઈ) બોલો ભાઈ ! તમે કોણ છો ? તમારો કુળાચાર શો છે ? મારે શાં શાં કામ કરવાં પડશે ? એ જાણ્યા વિના કાંઈ બનશે નહિ. ધનાવહ–"જિનદેવની પૂજા, સાધુસેવા, ધર્મશ્રદ્ધા, જીવદયાપાલન, મહામંત્ર નવકાર સ્મરણ, ત્રણ વખત પાણી ગાળવું, શીયળ સાચવવું, તપશ્ચર્યા કરવી, ભાવના ભાવવી, સાત ક્ષેત્રમાં ધન વાપરવું, પરોપકાર કરવો, સત્-શાસ્ત્રનો અભ્યાસ કરવો, કઠોળ સાથે દહીં ખવાશે નહિ. મધ, માખણ, માંસ, મદ્યનો ઉપયોગ થશે નહિ વિગેરે પાળવું પડશે." વસુમતિ––બસ, ત્યારે હું ત્યાં આવવા તૈયાર છું. (સુભટને) ખુશીથી મને અહીં વેચો. સુભટ–શેઠ લાવો, સોનામહોરો. શેઠ–લે ભાઈ, લે. (ગણી આપે છે) (૩) શેઠ–મૂળા, આ બાળાનું સારી રીતે પાલન કરજે. જો કેવી ચંદન જેવી શીતળ બાળિકા છે ? એને જરાયે દુભવીશ મા હો. આપણે એને ચંદનબાળા કહી બોલાવીશું, મૂળા–બનતું કરીશું. (મનમાં) આ દુષ્ટ શેઠ હાલમાં દીકરી દીકરી કરે છે. પણ મને વૃદ્ધા થઈ જાણીને પોતાની દુષ્ટ ભાવના પૂરી કરવા, સસ્તામાં રાજવંશી છોકરીને બૈરી બનાવવા ઉપાડી લાવ્યા છે. ચંપા લુંટી શતાનિક રાજાએ અને આ છોકરી મને લૂંટવા આવી છે. પણ ઠીક છે. હમણાં તો શેઠને રાજી રાખું પછી રાંડનું માથું ભાંગી નાખીશ, ને મારી નાખીશ. (શેઠને) આપ કશી વાતે ચિંતા ન રાખશો (૪) શેઠ મૂળા ! પાણી લાવો, મારા પગ ધોવા છે. ચંદનબાળા-બાપુજી ! મારી માતા બહાર ગયાં છે. લો હું ધોવરાવું. (પાણી લાવી પગ ધૂવે છે) શેઠ–અરે ! બેટા ! ચંદન ! તારી વેણી નીચે પાણીમાં પડશે (કહી વેણી લઈ પોતાના ખોળામાં રાખે છે). મૂળા–(બહારથી આવીને મનમાં) બસ ! શેઠની દુષ્ટતા હવે પ્રત્યક્ષ થવા લાગી. વેણી ખોળામાં લીધી, કાંઈ શરમ છે ? ઘડપણ ધૂળમાં મેળવ્યું. સાઠે બુદ્ધિ નાઠી, શોકય કરતાં શૂળી સારી. શૂળીથી તો એક વાર જ મોત, પણ શોકયનું દુઃખ તો જન્મથી મરણ સુધી. શોકય બેન કહેવાય, પણ શત્રુથી યે ભૂંડી. બસ ! આ રાંડનો કુટચડો કાઢયે જ છૂટકો. (શેઠને), જરા બહાર ગઈ એમાં આટલી ઉતાવળ શી આવી ગઈ ? શેઠ–મારે ઉતાવળનું કામ હતું, પરંતુ ચંદનાબહેન હતાં, તેથી હરકત ન આવી. (૫) શેઠ–ચંદના ! ઓ ચંદના ! કયાં ગઈ ? કેમ દેખાતી નથી ? મૂળા–એ તો શેરીમાં રખડયાં કરે છે. છોકરાઓ ભેગી રમતી હશે. ઘરમાં ઘડીકેય કયાં ટકે છે ? હું તો કેટલીક સંભાળ રાખું ? હમણાં આવશે. આટલા બધા એના વિના ઘાંઘા થઈ ને આટલું ધાંધલ શું મચાવો છો ? શેઠ–તે બહાર તો જાય નહિ; તપાસ તો કરો; તે કયાં છે ? મૂળા–તપાસ નહીં કરું. ને હું કયાં જઈશ ? મારે તો ધન દેવું પડે છે એટલું જ વ્યાજે મૂકયું હોત તો આજે બમણું થઈ ગયું હોત ! (જાય છે) શેઠ–(ચારે તરફ તપાસ કરે છે) ઘરડી દાસી–શેઠ ! ઓ શેઠ ! આમ શું ગમારની જેમ ફાંફાં મારો છો ? તમારી ચંદના તો પરલોક પહોંચી ગઈ હશે. આજ ત્રણ દિવસ થયા.

પગમાં બેડીઓ ઘાલી, માથું મુંડાવી પેલા ઓરડાના ભોંયરામાં શેઠાણીએ ઘાલી છે. શાની જીવતી હોય હવે! ભાઈસાહેબ! મારું નામ દેશો મા હો. હું ગરીબ માણસ. મેં છેટેથી એ બધો તાલ જોયો છે. શેઠાણીથી તો ત્રાસ પામી ગયાં બા! શેઠ-સારું ભલું થશે બહેન! (દોડીને ઓરડો ઉઘાડી ભોંયરામાં ઊતરી દીવો કરતાં કરતાં) ચંદના! ઓ ચંદના! બેટા! કયાં છો? બેટા! ઓ ચંદના! બોલ તું કયાં છો? (દૂર ખૂણામાં કાંઈ પડેલું જોઈ) અહો! બેટા! તું અહીં બેઠી છો? શી આ તારી દશા! ચંદના-પિતાજી! મને કશું દુઃખ નથી. મારાથી અહીં એકાંતમાં સારી રીતે પ્રભુનું ધ્યાન ધરી શકાયું. રાજપુત્રી, સુભટના હાથે વેચાણ અને મૂંડેલ માથે ભોંયરામાં આ બધા પૂર્વકર્મના વિપાકનો ખૂબ સારી રીતે વિચાર કરી આત્માને પવિત્ર કરવાની મને મારી માતાએ બહુ જ સારી સગવડ આપી છે. તેનો આભાર માનું છું. શેઠ-ધન્ય બેટા! તારા આત્માની પવિત્રતાને! તું ખરેખર કોઈ મહાપુણ્યવતી દેવી છો; પરંતુ બેટા! ચાલ, તું ત્રણ દિવસની ભૂખી છો. કાંઈ ખાઈ લે. હું લુહારને બોલાવી લાવી બેડીઓ ભંગાવું. ચંદના-પિતાજી! મેં તો અઠ્ઠમનું પ્રચ્ચક્ખાણ કર્યું હતું. આજે પારણું છે. સુખેથી પારણું કરીશ. (ઊભી થઈને ચાલવા પ્રયત્ન કરે છે, પણ બેડીને લીધે પડી જાય છે) શેઠ-(ધીમેથી બેડીઓ સહિત ઉપાડીને બારણામાં મૂકે છે) દીકરી! બેસ, હું કંઈ ખાવાનું લાવું, (ઘરમાં જાય છે, દરેક ઠેકાણે તાળાં જોઈ) અરે મૂળા! તાળાં મારીને કયાં ગઈ હશે! ઘરડી દાસી-શેઠ, મારા ઘરમાં આ બાકળા છે, કામ આવે, તો લો. શેઠ-લાવ, લાવ. બાકળા તો બાકળા. (સુપડામાં નાંખીને) બેટા! ચંદના! આ આરોગી થા ત્યાં લુહારને તેડી લાવું. (એકદમ દોડી જાય છે) ચંદના-(ખૂણામાં બાકળા મૂકેલું સુપડું લઈને ઉંબરામાં પગ મૂકી બેઠા બેઠા મનમાં વિચાર કરે છે) અહો! કોઈ તપસ્વી મહાત્મા આવી ચડે તો તેઓને વહોરાવીને પારણું થાય, તો કરેલું તપ સફળ થાય! એવાં ભાગ્ય કયાંથી? ખરેખરાં ભાગ્ય હોય, તો જ એવો જોગ મળી શકે છે. (તપસ્વી આવીને ચંદનબાળા સામે જોઈ, મૌનપણે જ પાછા ચાલ્યા જાય છે.) ચંદનબાળા-(તેજ તેજના ભંડાર સમા તપસ્વીને કાંઈ પણ લીધા વિના પાછા જતા જોઈ, રડી પડે છે.) ઓ....મહાત્મન! પધારો! પાછા વળો! મારા ભાગ્યે અવસરે આવેલા પાછા ન જાઓ, હાય! મારું કેવું મંદભાગ્ય! ચિંતામણિ રત્નનો લાભ ન લઈ શકી? (ચોધાર આંસુથી રડે છે.) ઓ મહાત્મન-(તપસ્વી મહાત્મા પાછા વળી પાસે આવી હાથ પસારે છે) ચંદના-પેલા બાકળા વહોરાવે છે. દેવદુંદુભિનો નાદ થયો, આકાશમાંથી પાંચ દિવ્યની સાડાબાર કરોડ સોનૈયા સાથે વૃષ્ટિ થઈ. ચંદનની બેડીઓ ધડાધડ તૂટી ગઈ, હતી તેવી માથા ઉપર વેણી પથરાઈ ગઈ) તપસ્વી-(તપશ્ચર્યાનું પારણું કરી ચાલ્યા જાય છે), રાજા શતાનિક-(સપરિવાર આવીને) શું બહેન! પરમાત્મા મહાવીર વર્ધમાન સ્વામીને પારણું તમે કરાવ્યું? ધન્ય બહેન!

ધન્ય! (મંત્રીને) આ ધન આ બહેનનું સમજવાનું છે તેમાંથી કોઈને એક કોડી પણ લેવા દેવાની નથી. મૃગાવતી–બહેન નંદા! મેં, તમે તથા શહેરના તમામ સંભાવિત નાગરિકોએ વહોરાવવાના ઘણા પ્રયત્નો કર્યા; પરંતુ પ્રભુએ આજ સુધી કાંઈ પણ વહોર્યું નહીં. આજે છ માસમાં પાંચ દિવસ જ ઓછા છે. પ્રભુનું શરીર કૃશ થયું હતું; પરંતુ બહેન ચંદના! તું ખરેખરી મહાભાગ્યવતી! નંદા–હા! મહારાણી! રાજમંત્રી સુમિત્ર જેવા બુદ્ધિશાળી પણ પ્રભુનો અભિગ્રહ સમજી શક્યા જ નહોતા. પ્રભુના પારણાની અમો રોજ ચિંતા કરતાં હતાં. મૃગાવતી–બહેન ચંદના! તારાં માતા-પિતાનાં નામ તો કહે. ચંદના–ચંપાના દધિવાહન પિતા અને ચેટક રાજપુત્રી ધારિણી મારી માતા થાય. મૃગાવતી–અહો! બહેન! તું તો મારી ભાણે જ થાય. ધારિણી મારી સગી બહેન! તારી આ દશા કેમ થઈ? બહેન? ચંદના–માસીબા! એ વાત ન પૂછો. જે થયું તે થયું. શેઠ–(આવીને આ બધું જોઈ આભા બનીને આંસુ સાથે) બેટા! ચંદના! તારી માતાએ તને બહુ દુઃખ આપ્યું. ચંદના–પિતાજી! આમ ખેદ ન કરો. મારી માતા મૂળાના પ્રતાપે જ મારે સૌ સારાં વાનાં થયાં. ખરેખર! તે મારા મહાન ઉપકારી છે. મારા મનોરથોની જે સફળતા કોઈની નથી કરી શકાઈ તે મારી માતા મૂળાથી થઈ છે. આપ તેને કાંઈ ન કહેશો. મૂળા–(આવીને) બેટા ચંદના! માફ કર. મેં તારો બહુ અપરાધ કર્યો. ચંદના–માતાજી! એમ ન બોલો. તમારો ઉપકાર ભવોભવ નહીં ભૂલું. મૂળા–બહેન, મને માફી આપો. આજથી હવે હું આપની પાસે પરમ શ્રાવિકાનો આચાર શીખીશ, ને મારા આત્માને કૃતાર્થ કરીશ. (૬) મૃગાવતી-સ્વામિની! હવે હું કદી એવું નહીં કરું. મારો પ્રમાદ ક્ષમા કરો, કેવળ જ્ઞાનભાસ્કર પ્રભુને વંદન કરવા મૂળ વિમાનથી આવેલા ભાસ્કર નિશાકરના વ્યાપેલા તેજથી સંધ્યા સમયને અજ્ઞાનથી હું જાણી ન શકી. (ચરણ ચાંપવાં લાગ્યાં.) ક્ષમા કરો પ્રવર્તિની! એ અપરાધ ક્ષમા કરો, ચંદનબાળા–સંયમનિ! આપણે સંયમીઓને પ્રમાદનો લેશ પણ ન હોવો જોઈએ. ગમે તે પરિસ્થિતિમાં અપ્રમત્ત ભાવે સ્વાચારની રક્ષા કરવા સાવધાન રહેવું જોઈએ. (ઊંઘી જાય છે.) મૃગાવતી–(મનમાં) અહો! પ્રમાદને લીધે જ આ આત્મા અનાદિ કાળથી જન્મ જરા મૃત્યુનાં અનંત દુઃખો વેઠે છે; આમ ને આમ પ્રમાદ કરીશ, તો તારા આત્માનો ક્યારે વિસ્તાર થશે? મારાં સર્વ પાપોનું, પ્રમાદોનું, અજ્ઞાનોનું મિથ્યા દુષ્કૃત હો. (એકદમ લોકાલોક જુએ છે, ને આર્યા ચંદનબાળા મહાપ્રવર્તનીના સંથારા પાસેથી કાળો સર્પ પસાર થાય છે તે જોઈ પોતાના પૂજ્ય એ ગુરુણીજીનો હાથ જે સંથારાની બહાર હતો તે લઈને સંથારામાં મૂકે છે.) ચંદન-(જાગ્રત થઈ) કેમ ભદ્રે! મૃગાવતી–સ્વામિની! કાળો સાપ જતો હતો. ચંદનબાળા–આ ગાઢ અંધકારમાં શાથી જાણી શકાયો? મૃગાવતી–આપની કૃપાથી. ચંદનબાળા–શું કેવળજ્ઞાન! અહો! મેં કેવળી ભગવંતની મહા આશાતના કરી! (ઊઠીને મિથ્યા દુષ્કૃત

દે છે.) આ દારુણ વિપાકથી ક્યારે છૂટીશ? ધ્યાનમાં લીન થાય છે. એકદમ લોકાલોકના સર્વ ભાવ જુએ છે.

## ૩. (૩) સતી મનોરમા

સુદર્શન શેઠની કથામાંથી એ કથા જોઈ લેવી.

## ૪. મદનરેખા

મિથિલા નગરીના નમિ રાજર્ષિનાં માતા, તે આ મદનરેખા સતી. નમિ રાજર્ષિના આત્મજ્ઞાન અને સંયમની દૃઢતા વિષે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિ રાજર્ષિ અને ઇંદ્રનો સંવાદ આવે છે. મદનરેખા સતી સુદર્શન નગરના મણિરથ રાજાના નાના ભાઈ યુગબાહુનાં પત્ની હતાં. મણિરથની દાનત મહાસતી ઉપર બગડેલી હતી. તેથી નાના ભાઈને મારી નાંખવા વિચાર કર્યો હતો. શુભ સ્વપ્ન સૂચિત ગર્ભવતી મદનરેખાનો દોહદ પૂર્ણ કરવા યુગબાહુકુમાર વસંતઋતુમાં લતામંડપમાં સૂતો હતો. ત્યાં જઈ મણિરથે તેને તલવારના ઝટકાથી મારી નાંખ્યો. મદનરેખાની ચીસથી રક્ષકો દોડી આવ્યા. તેનો ચંદ્રયશા પુત્ર પણ દોડી આવ્યો. પરંતુ યુગબાહુની મનાઈથી કોઈએ કાંઈ કર્યું નહીં. પરંતુ મહેલમાં જતાં તેને સર્પ કરડયો. પરસ્ત્રીની તથા ભાઈના ઘાતની ભાવનાથી મરીને તે નરકમાં ઉત્પન્ન થયો. આ તરફ રાણી મદનરેખાએ પોતાના પતિને મિત્ર–શત્રુ દરેક ઉપર સમભાવ રાખવાનું કહી અપૂર્વ આરાધના કરાવી, તે મરણ પામ્યો. મદનરેખા મણિરથથી શિયળ બચાવવા ત્યાંથી નાસી છૂટીને એક જંગલમાં કદલી મંડપમાં સૂતી. ત્યાં સાત દિવસ રહી, ને પુત્રનો જન્મ થયો. તેને હાથે યુગ-બાહુના નામની વીંટી પહેરાવી, રત્નકંબળમાં વીંટી, ઝાડના થડ પાસે મૂકી તળાવે કપડાં ધોવા ગઈ, તો ત્યાં એક જળહસ્તિએ સૂંઢમાં પકડીને આકાશમાં ઉછાળી કે– નંદીશ્વર દ્વીપ તરફ જતા વિદ્યાધરે પોતાના વિમાનમાં તેને નીચે પડતાં ઝીલી લીધી, ને તે વિદ્યાધર તેને વૈતાઢ્ય ઉપર લઈ ગયો. સતી રોવા લાગી. કારણ પૂછતાં પુત્રને મળવાની ઇચ્છા બતાવી. વિદ્યાધરે કહ્યું કે, ' પ્રક્ષપ્તિ વિદ્યાની મદદથી તારા પુત્રને મિથિલાનો રાજા પદમરથ ઘોડાથી ખેંચાઈ આવીને લઈ ગયો છે; અને પોતાની પુષ્પ-માળા રાણીને સોંપ્યો છે. તે ત્યાં સુખી છે. તું મારી સાથે લગ્ન કર. મારા પિતાએ દીક્ષા લીધી છે. તેને વંદન કરવા નંદીશ્વરદ્વીપે જતો હતો. વચમાં તું મળી. વૈતાઢ્યની ઉત્તર શ્રેણીમાં રત્નાવહ નગરનો મણિચૂડ વિદ્યાધરનો હું મણિપ્રભ નામે પુત્ર છું. તું "દરેક વિદ્યાધરોની સ્વામિની થા." રાણીએ શિયળરક્ષા કરવા બહાનાં કાઢવાના ઇરાદાથી કહ્યું કે, "હમણાં તો મને શ્રી નંદીશ્વરદ્વીપની યાત્રા કરાવો પછી વાત." આ ઉપરથી વિદ્યાધરે તેમ કર્યું. રાણીએ મજેથી નંદીશ્વરદ્વીપની દુર્લભ યાત્રા કરી અને પછી બન્નેય

મણિચૂડ મુનિશ્વર પાસે ધર્મોપદેશ સાંભળવા ગયા. મુનિરાજે પુત્રનો ભાવ જાણીને એવો ઉપદેશ આપ્યો કે, મણિપ્રભે ઊભા થઈને પોતાની ભૂલ કબૂલ કરી અને મદનરેખાને બહેન ગણીને તેની ક્ષમા માંગી. તેવામાં આકાશમાંથી ( દિવ્ય ) દેદીપ્યમાન વિમાન સાથે ઊતરીને દેવે મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા દઈ મુનિરાજને વંદન કર્યું. મણિપ્રભ વગેરે દેવની આ વિપરીત ક્રિયા જોઈને વિચારમાં પડયા. મુનિરાજે ખુલાસો કર્યો કે, " આ દેવ યુગબાહુકુમારનો જીવ છે, પોતાની પત્ની મદનરેખાએ તેને અંતકાળે મહા આરાધના કરાવી, તેથી તે તેને ધર્માચાર્ય માને છે, તેથી પોતાના ઉપકારીને તેણે પહેલા પ્રણામ કર્યા તે ઉચિત છે." હવે વિદ્યાધરે મદનરેખાને પૂછ્યું : "બહેન, કહો, હવે તમારે શી ઈચ્છા છે ?" મદનરેખાએ પુત્રમુખ જોવાની ઇચ્છા બતાવી. વિદ્યાધર તેને મિથિલા લઈ ગયો. પણ પ્રથમ તો તેણે શહેરનાં ચૈત્યોને વંદન કરી, સાધ્વીજીને વંદન કર્યું. સાધ્વીજીએ તેને અસાર સંસારનો ઉપદેશ આપ્યો. સતીને પુત્રમોહ પણ ન રહ્યો ને ત્યાં જ દીક્ષા લીધી. પદમરથ રાજાને પુત્રના પ્રભાવથી અનેક સંપત્તિઓ મળી. તેથી તેણે નમિકુમારને રાજ્ય આપી દીક્ષા લીધી. નમિરાજનો પ્રધાન હાથી થંભ ભાંગી નાઠો તેને ચંદ્રયશાએ પોતાના રાજ્યમાં રાખ્યો. બન્નેયને યુદ્ધ થયું. સાધ્વીએ આવીને બન્નેયને ભાઈઓ તરીકે ઓળખાવી યુદ્ધ શાંત કર્યું અને પ્રેમથી મેળવ્યા. પછી તો ચંદ્રયશાએ પણ નાના ભાઈને રાજ્ય સોંપીને દીક્ષા લીધી. પરંતુ છ માસ થયા તેવામાં નમિરાજને શરીરે દાહજ્વર ઉત્પન્ન થયો. તેની રાણીઓ ચંદન ઘસી ઘસીને તેને શરીરે લેપ કરતી હતી તેથી ચંદન ઘણું ઘસવું પડતું હતું. એકી સાથે દરેક રાણીઓ ચંદન ઘસે, એટલે હાથમાં પહેરેલા ચૂડલાઓનો અવાજ થાય ને રાજાથી ખમાય નહીં. ત્યારે તેણે એક પછી એક ચૂડલા કઢાવી નાંખ્યા; ત્યારે અવાજ શાંત થયો, ને રાજાને શાંતિ વળી. રાજાએ મંત્રીઓને પૂછ્યું: "હવે કેમ અવાજ આવતો નથી ?" પ્રધાનોએ કહ્યું કે, "હવે તો માત્ર એક એક જ ચૂડલો દરેકને હાથે છે એટલે અવાજ શાનો થાય ?" નમિરાજ વિચારે ચડયા કે, વાહ ! એકમાં કેવી મજા છે ? એમ કરતાં એકત્વભાવના ભાવતાં તેમને જાતિસ્મરણજ્ઞાન થયું તેથી તેણે પદમરથ રાજાને પોતાના પૂર્વભવના ભાઈ તરીકે ઓળખ્યા; ને વૈરાગ્ય થવાથી પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. દેવે વેશ આપ્યો. તે લઈ પ્રત્યકબુદ્ધ થઈ વિચરવા લાગ્યા. ત્યાં ઇંદ્રે બ્રાહ્મણનું રૂપ લઈ તેની પરીક્ષા કરવા માંડી : બ્રાહ્મણ–મહારાજ ! આપ દયાળુ આ સ્ત્રીઓને રોતી કેમ છોડી જાઓ છો ?" નમિ રાજર્ષિ–મારું વ્રત દુઃખનું કારણ નથી, પરંતુ તેઓને દુઃખ થાય છે તે તેમનાં કર્મને લીધે થાય છે. બ્રાહ્મણ-આપનો આ મહેલ સળગે છે તેને ઓલવતા જાઓ. નમિ રાજર્ષિ–મારો આત્મમહેલ સળગતો હતો તે સંયમ જળથી ઓલવાઈ ગયો જ છે. બ્રાહ્મણ—આ કિલ્લા ઉપર યંત્રો ગોઠવાવો, લોકોને

મહેલો બંધાવી આપો. ચોરોને દબાવો. ઉદ્ધત રાજાઓ તમારા પુત્રને હેરાન કરશે માટે બધા ઉપર વિજય મેળવીને સુખેથી દીક્ષા લો. નમિ રાજર્ષિ—મારા સંયમ નગરને સમતાનો કોટ છે, અને તે સુરક્ષિત છે. મારે તો દેહ એ જ મંદિર છે અને રાગાદિ ચોરોને તો મેં ક્યારનાયે હણી નાખ્યા છે. શત્રુ-મિત્ર સમાનતાવાળા મારે પુત્ર અને પુત્રી શું ? મારા આત્માને જીતવાને કયારનોએ મેં સંગ્રામ શરૂ કરી દીધો છે. હવે મારે બીજા સંગ્રામની જરૂર નથી એમ કહીને આગળ ચાલે છે, ત્યાં તો ઇંદ્રે પ્રત્યક્ષ થઈ તેમની અડગતાની સ્તુતિ કરી વંદન કરી સ્વર્ગમાં ગયા. નમિ રાજર્ષિ અનુક્રમે મોક્ષમાં ગયા અને સાધ્વી મદનરેખા પણ મોક્ષ પામ્યાં.

## ૫. દમયંતી

આ કથા બે રીતે અદ્‌ભુત રસવાળી છે. દમયંતી અને નળની વાત જો કે લોકપ્રસિદ્ધ છે છતાં જૈન કથામાં ઘણી વિશેષતાઓ છે અને દમયંતી પછીના ભવમાં કનકવતી અને કૃષ્ણના પિતા જગવલ્લભ બિરુદધારક વસુદેવ દશાર્હનો સંબંધ એવો જ રસિક પ્રસંગ છે. છેવટે કનકવતી ગૃહસ્થપણામાં જ કેવળજ્ઞાન પામી, નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ એકાંતમાં એક માસનું અનશન ગ્રહણ કરી મોક્ષમાં જાય છે. આ અદ્‌ભુત કથા ઘણી મોટી છે છતાં અતિટૂંકમાં અહીં આપવામાં આવી છે. તે બન્નેયના ધર્મપ્રાપ્તિના ભવો આ પ્રમાણે છે : (૧) અષ્ટાપદગિરિ પાસેના સંગર ગામમાં મમ્મણ રાજા અને તેની વીરમતી સ્ત્રી; (૨) સ્વર્ગમાં દેવદેવી, (૩) બહલી દેશના પોતનપુરમાં ધન્યકુમારને, ધમ્મિલ અહિરની રેણુકાથી ઉત્પન્ન થયેલી ધૂસરા તેની સ્ત્રી, (૪) સ્વર્ગમાં ક્ષીરડિંડિર–ક્ષીરડિંડિરા, (૫) કોશલ દેશમાં કોશલ નગરીમાં નિષધ અને સુંદરીના પુત્ર નળ, અને વિદર્ભ દેશના ભીમરથની પુષ્પવતી રાણીની પુત્રી દવદંતી અથવા દમયંતી, (૬) સ્વર્ગમાં કૂબેર દેવ અને તેની દેવી, (૮) ભરત ક્ષેત્રના પેઢાળપુરના હરિશ્ચંદ્ર રાજાની લક્ષ્મીવતી રાણીથી કનકવતી પુત્રી, જે વસુદેવ દશાર્હની પત્ની થઈ દીક્ષા લઈ મોક્ષમાં ગયેલ, (૮) કૂબેર દેવે ચ્યવીને મનુષ્યપણું પામી મોક્ષ પ્રાપ્ત કરેલ છે. આ પ્રમાણે બન્નેય આઠમે ભવે મોક્ષમાં જાય છે. સાત ભવનો સંબંધ આમ આઠમે ભવે છૂટો પડી જાય છે તેનું કારણ એમ લાગે છે કે–દમયંતીનો પુણ્ય પ્રકર્ષ નળ કરતાં વધારે હોવાથી, તેમજ તેને ધર્મપ્રાપ્તિ વહેલી અને અધિક હોવાથી; તથા પ્રકારની પુણ્યશાળી સ્ત્રીને લાયક કુબેર ન હોવાથી અને દેવ છતાં વસુદેવ વધારે પુણ્યશાળી હોવાથી તેની સાથે સંયોગ થાય છે. નળના જીવ તથા વસુદેવના જીવ કરતાં પણ કનકવતીનો મોક્ષ વહેલો થાય છે. છતાં તત્ત્વ તો બહુ શ્રુતગમ્ય જ સમજવું. મમ્મણ અને વીરમતીના ભવમાં તેણે એક મુનિરાજને બાર ઘડી સુધી દુઃખ આપ્યું હતું. તેથી બાર વર્ષ સુધી નળ અને દમયંતીનો વિયોગ રહ્યો હતો. પરંતુ

પાછળથી એ જ મુનિરાજની શરણુ સેવાથી ધર્મપ્રાપ્તિ થઈ. ત્યારથી તેઓનો આત્મ-વિકાસ થતો ગયો છે. વીરમતીએ તો શ્રીઅષ્ટાપદગિરિની યાત્રા કરી, દરેક તીર્થંકર ભક્તિ નિમિત્તે વીશ વીશ આયંબિલનો તપ કર્યો હતો અને દરેક તીર્થંકર પ્રભુની પ્રતિમાજીને સુવર્ણમય તિલક કરાવીને ચોડાવ્યા હતા. તેથી દમયંતીના ભવમાં તેના કપાળમાં સૂર્ય જેવું પ્રકાશમાન કુદરતી તિલક હતું. ધન્યના ભવમાં તેણે ચોમાસામાં વર્ષાદથી પીડાતા મુનિની સેવા કરી. દૂધ વ્હોરાવી પુણ્ય ઉપાર્જિત કર્યું હતું તથા બન્નેયે ચારિત્ર પાળ્યું હતું. તેથી નળના ભવમાં પણ તેનો યશ ખૂબ ફેલાયો હતો. નળના ભવમાં પણ તેના પિતા નિષધદેવના ઉપદેશથી બન્નેયે ચારિત્ર પાળ્યું હતું. પાછળથી નળ મુનિને દમયંતી યાદ આવવાથી તેની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થઈ હતી. આચાર્ય મહારાજે ગચ્છ બહાર કર્યા, પરંતુ પિતા નિષધદેવના પ્રતિબોધથી મન વાળીને અનશન કર્યું હતું. દમયંતીએ પણ એ સાંભળીને અનશન કર્યું. એ પુણ્યથી એ બન્નેય કૂબેર દેવ–દેવી થયા. પરંતુ દમયંતી શુદ્ધ સાધ્વી હોવાથી તેનો પુણ્ય પ્રભાવ વધી ગયેલો અને મોક્ષ નજીક હોવાથી કનકવતીના ભવમાં વસુદેવની પત્ની તરીકે બાકીના ભોગકર્મ ભોગવી મોક્ષમાં ગઈ. નળના જીવનો મોક્ષ પછી થયો છે. કનકવતીના ભવમાં પણ વસુદેવ સાથે કનકવતીને પરણાવવામાં કુબેરદેવે ઘણી જ સહાય કરી હતી. પ્રથમ તો કનકવતીને પોતાની સાથે પરણાવવા માટે માગણી કરવા દૂત તરીકે વસુદેવને જ મોકલ્યા હતા અને વસુદેવે પણ પોતાનો પરસ્પરનો અનુરાગ પ્રથમથી બંધાયા છતાં દૂત તરીકે તટસ્થથી કૂબેરને પરણવા કનકવતીને સમજાવી; પરંતુ "હું માનુષી દેવને ન પરણી શકું. જો કે મારા પૂર્વભવનો પ્રેમ છે, છતાં" એ સંદેશાથી કૂબેરે પણ પોતાનું મન દઢ કરી વસુદેવ સાથે પરણાવવામાં સહાય કરી. કનકવતીનો આ ભવમાં મોક્ષ થવાની વિગેરે વાત તો ઇંદ્ર સાથે મહાવિદેહમાં વિમળનાથ પ્રભુને વંદન કરવા ગયેલ ત્યાંથી કૂબેરે જાણી હતી. છતાં પૂર્વના પ્રેમને લીધે પરીક્ષા માટે વસુદેવને દૂત તરીકે મોકલ્યા હતા.) વિદ્યાભ્યાસ પછી દમયંતીના પુણ્યથી આકર્ષાઈને નિવૃત્તિ દેવીએ સુવર્ણની શાંતિનાથ પ્રભુની પ્રતિમા પૂજા કરવા માટે આપી હતી અને કહ્યું હતું કે, "આથી તારા ભવનો છેડો આવશે." ઘર દેરાસરમાં તેની સ્થાપના કરી. નિષધ રાજા સાથે નળ અને કૂબેર કુમારે આવીને સ્વયંવર મંડપમાં દમયંતી ને નળ પરણ્યાં; ને રાજાઓ સામે થયા તેને પરાક્રમ બતાવી નળે પોતાનો પ્રભાવ સિદ્ધ કર્યો. ત્યાંથી નીકળીને પોતાના દેશ તરફ જતાં રસ્તામાં અટવીમાં રાત પડવાથી ઊંઘી ગયેલી દમયંતીને જગાડી નળ તેના તિલકના તેજથી રસ્તો કાપી આગળ ચાલ્યા. રસ્તામાં પ્રકાશથી કાઉસગ્ગ ધ્યાને રહેલા મુનિરાજને બન્નેયે દીઠા. તેના અંગ સાથે હાથી અંગની ખૂજલી મટાડવા પોતાનાં અંગ ઘસતો હતો. તેને વંદન કરીને સૌ આગળ ચાલ્યા. અને પોતાના કોશલ દેશમાં કોશલા નગરીએ

આવી પહોંચ્યા. દમયંતીએ પ્રથમ તો તે શહેરના દરેક ચૈત્યોને વંદન કર્યું. પછી બન્નેય સુખે રહેવા લાગ્યા. નિષધ રાજાએ દીક્ષા લીધી. નળ રાજા થયા, ને રાજ્ય વધાર્યું. કૂબેર યુવરાજ થયા. તક્ષશિલાના કદંબરાજાને યુદ્ધમાં હરાવ્યો. પરંતુ તેણે તુરત જ દીક્ષા લીધી. એટલે તેના પુત્ર જયશક્તિને પિતાની ગાદીએ બેસાડયો. રાજધાનીમાં આવ્યા બાદ બન્નેય ભાઈઓ જુગટું રમ્યા. તેમાં દમયંતી તથા મંત્રીઓ દરેકની ના છતાં નળરાજા ચડસમાં ને ચડસમાં રમતા ગયા તેમ તેમ સર્વસ્વ હારી બેઠા. કૂબેર રાજ્યનો અધિપતિ થયો. બન્ને પતિ-પત્ની વનમાં નીકળી પડયાં. પ્રજાએ આંસુ સાર્યાં. મંત્રીઓ અને રાજ્યના કર્મચારીઓ ગળગળા થઈ ગયા. શહેરની સ્ત્રીઓ આંસુથી નાહી રહી. મંત્રીઓના આગ્રહથી શહેરમાંથી નીકળતાં એક રથમાં બેસીને નીકળ્યા. દમયંતી આંસુથી રથને ભીંજાવે છે. બજારમાંથી જતાં પાંચસો હાથ ઊંચો. થાંભલો જોઈને નળે તેને ખેંચી કાઢી પાછો બેસાડી દીધો. આ જોઈને લોકો વિચારવા લાગ્યા કે, "નળ નાના હતા ત્યારે એક મુનિએ કહ્યું હતું કે, નળ ભરતાર્ધનો રાજા થશે, પાંચસો હાથનો થાંભલો ઉખેડશે અને તેના જીવતાં કોશલાનો બીજો રાજા થશે નહીં." પરંતુ આ ત્રણ વાતમાં બે તો મળતી આવી. કદાચ ત્રીજી પણ મળતી આવશે. મુનિના વાકય ખોટાં હોય નહીં." વનમાં જઈ દમયંતીના આગ્રહથી રથ વિદર્ભ તરફ હંકારાવ્યો. પરંતુ વનમાં ભિલ્લો સામા થયા. તેને શિક્ષા આપવા નળે તલવાર ખેંચી તેમ કરતાં દમયંતીએ અટકાવ્યા. પણ દમયંતીના હુંકારાથી તેઓ ભાગ્યા. એટલે આ બન્નેય તેઓની પાછળ પડયા. એટલામાં ભિલ્લો રથ લઈ ગયા. પછી પગે રખડતા રખડતા એક ઝાડ નીચે બેઠા. પગમાં કાંટા વાગેલા તેને પટકૂળ ફાડી ફાડી પાટા બાંધ્યા. ત્યાં દમયંતી પરમેષ્ઠિનું સ્મરણ કરી સૂઈ ગઈ, પાંદડાની પથારી કરી આપી, તેના ઉપર પોતાનું અર્ધું વસ્ત્ર પાથર્યું હતું. તે અર્ધું એમ ને એમ રહેવા દઈ, અર્ધું કાપીને છેડે કંઈક લખીને નળરાજા તેને છોડીને ચાલતા થયા. છોડીને જતાં તેનો જીવ ચાલતો નથી. વારંવાર આવીને તેનું મુખ જોઈ જાય છે. સવાર પડતાં સુધી દૂર જતાં પણ જયાં સુધી નજર પહોંચી ત્યાં સુધી તેણે દમયંતી સામે જોયા જ કર્યું. સસરાના ઘેર જવું તેને પસંદ નહોતું. દમયંતી આગ્રહ કરીને લઈ જાત. દમયંતી સતી હોવાથી તેની રક્ષા માટે તેને ખાસ ચિંતા નહોતી, માત્ર સ્નેહથી તેને છોડી શકત નહીં. પરંતુ તેમ કર્યા વિના તેનો ઉપાય નહોતો. એટલે છોડીને ચાલતા થયા. સવાર પડતાં દમયંતીએ નળને જોયા નહીં. ઘણી શોધ કરી. અનેક તર્ક-વિતર્ક કર્યા. આખરે પોતાને આવેલું સ્વપ્ન યાદ આવ્યું અને તેમાં "પોતે ઝાડેથી પડી ગઈ." તેનો ભાવાર્થ એમ સમજી કે, "ખરેખર ! હું નળ રાજાથી વિખૂટી પડી; તેથી હવે મને તેનું દર્શન થશે નહીં." એમ કરતાં વિયોગથી અસહ્ય વેદનાએ વિલાપ કરવા લાગી. પણ ત્યાં કોણ સાંભળે ? વસ્ત્રથી મોં લૂછતાં લોહીથી લખેલું પેલું લખાણ

તેના વાંચવામાં આવ્યું: "વિવેકી નારી! વડની બાજુનો માર્ગ એક તરફ વિદર્ભ તરફ જાય છે; બીજો તરફ કોશલા જાય છે. તને ઠીક પડે ત્યાં જજે. મારે માટે બેમાંથી એકેય માર્ગ ઈષ્ટ નથી." એ વાંચી તેને પતિનો પોતાની તરફનો અનુરાગ પૂરતો જણાયો અને ગુરુની આજ્ઞા હોય, તે પ્રમાણે વર્તવાનો નિર્ણય કરી નળરાજાના અક્ષર જોતી જોતી આગળ ચાલી. વન પશુઓ તેનાથી દૂર ને દૂર રહેતા હતા. આગળ ચાલતાં એક સાર્થનો પડાવ હતો. તેના ઉપર ચોરોએ ધાડ પાડી. પણ દમયંતીના હુંકારાથી ડરીને નાસી ગયા. સાર્થપતિએ તેને પોતાના તંબુમાં લાવી બધી વાત પૂછી. નળપત્નીને પૂજ્ય માનીને તેની સેવા કરી. ચોથ ભકત વિગેરે તપશ્ચર્યા શરૂ કરી. વર્ષાદિ ઘટયે સાર્થ છોડી તે એકલી આગળ ચાલી. રસ્તામાં એક ભયંકર રાક્ષસ મળ્યો. "તું ઠીક મને ભૂખ્યાનું ભોજન મળી." દમયંતીએ કહ્યું: "અર્હત્ ધર્મનિષ્ઠ મને તારી બીક નથી. પણ નળપત્નીને તું અડકીશ તો મારા તેજથી તારી શી દશા, તેનો વિચાર કરી લેજે.' દમયંતીની ધીરજથી તે પ્રસન્ન થયો અને બોલ્યો: "હું તમારી ઉપર પ્રસન્ન થયો છું. માંગો, શું જોઈએ? હું તમને તમારા પિતાને ઘેર હમણાં જ પહોંચાડી દઉં!" "મારે બીજા પુરુષની મદદથી પિતાને ઘેર પહોંચવું નથી. પણ કહે કે–મારા પતિનો યોગ મને ક્યારે થશે?" "પ્રવાસના દિવસથી બાર વર્ષે, તમારા પિતાને ત્યાં આવીને જ તમને નળરાજા મળશે એમ હું મારા અવધિજ્ઞાનથી કહું છું." આ સાંભળી "પતિસંયોગના સમાચાર આપનાર તારું કલ્યાણ થાઓ." કહી તે આગળ ચાલી ને મનમાં અભિગ્રહ ધારણ કર્યો કે, "જયાં સુધી નળ રાજા નહીં મળે, ત્યાં સુધી રંગીન વસ્ત્રો; તાંબુલ, આભૂષણો, વિલેપન અને છ વિષયનો ત્યાગ રાખીશ." આગળ ચાલતાં વળી વરસાદ શરૂ થયો એટલે એક પર્વતની ગુફામાં શાંતિનાથ પ્રભુની માટીની પ્રતિમા બનાવી, તેની પૂજા કરવામાં સમય વીતાવતી હતી. અને તપશ્ચર્યાને પારણે પ્રાસુક ફળાદિથી પારણું કરતી હતી. આ તરફ સાર્થમાં દમયંતીને તેના આગેવાને ન જોઈ, ત્યારે પગલે પગલે આ ગુફામાં આવ્યો. ત્યાં દમયંતીને પ્રતિમા સામે પ્રભુધ્યાનમાં લીન જોઈ, આનંદ પામી, ત્યાં બેઠો. દમયંતીએ પૂજા પૂરી કરી. તેની સાથે આનંદથી વાતચીત શરૂ કરી. તે સાંભળી બાજુમાંથી કેટલાક તાપસો ત્યાં આવ્યા તેવામાં મુશળધાર વર્ષાદ શરૂ થયો. પરંતુ દમયંતીએ પોતાના પ્રભાવથી કુંડાળામાં વરસાદ વિના કોરી જમીન રાખી. વસંત સાર્થવાહને જૈનધર્મનો બોધ આપ્યો. તપસો પણ બોધ પામ્યા. સાર્થવાહે દમયંતીના ઉપકારમાં જ એક શહેર વસાવ્યું. ને તેનું નામ તાપસપુર પાડયું. તેમાં શાંતિનાથ પ્રભુનું દહેરાસર કરાવ્યું. એક વખત દમયંતીએ પોતાની ગુફાવાળા પર્વત ઉપરથી રાત્રે દૂર પ્રકાશ જોયો. વસંત સાર્થવાહ તથા તાપસો સાથે પ્રકાશવાળા પર્વત ઉપર ચઢી તો ત્યાં સિંહકેશરી મુનિને થયેલ કેવળજ્ઞાનનો મહિમા દેવો કરતા હતા. મુનિ પાસે સર્વે બેઠા તેવામાં તે મુનિના

ગુરુ યશોભદ્રસૂરિ પણ આવ્યા અને કેવળી મુનિને વંદન કર્યું. કેવળી ભગવંતે દેશના આપી. તેવામાં એક મહર્ધિક દેવે આવી ભગવંતને વંદના કરી. દમયંતીને કહ્યું : " ભદ્રે ! આ તપોવનના કુલપતિનો કર્પર નામે તાપસ હું શિષ્ય હતો. હું મારા ધર્મમાં નિષ્ઠ હતો, છતાં આ તાપસો મને ગણકારતા નહીં. તેથી હું તપોવનમાંથી નીકળી જઈ ભટકતો હતો; તેવામાં રાત્રિ પડવાથી એક પર્વતની ખાઈમાં પડવાથી મારા દાંત પડી ગયા, ને તેની પીડામાં સાત રાત હું ત્યાં જ પડયો રહ્યો, મારી કોઈએ સંભાળ લીધી નહીં, મને ક્રોધ થયો ને હું એ તાપસાશ્રમમાં જ સર્પ થયો. એક વખત હું તમને કરડવા દોડયો; તેવામાં તમે નવકારમંત્રથી મને થંભાવ્યો; એટલે પાછો વળી મારા બિલમાં ઉંદર-દેડકાંનો આહાર કરતો ભરાઈ બેઠો. એક દિવસ વરસાદ વરસતો હતો ત્યારે આ તાપસોને તમે જીવદયાનો બોધ આપ્યો તે સાંભળી મને થયું કે, "અરે ! મારી શી ગતિ થશે ?" તેથી વિચાર કરતાં મને જાતિ-સ્મરણ થયું. પછી મેં અનશન વ્રત મનથી લીધું. ત્યાંથી મરીને પ્રથમ દેવલોકના કુસુમસમૃદ્ધ વિમાનમાં કુસુમપ્રભ દેવ થયો છું. અવધિજ્ઞાનથી તમને અહીં જાણીને તમારો આભાર માનવા હું અહીં આવ્યો છું. તાપસો ! મેં તમારા ઉપર જે ક્રોધ કરેલો, તેની ક્ષમા માગું છું એમ કહી ક્રોધનું ફળ બતાવવા પેલા સર્પનું મડદું લાવીને ઝાડે લટકાવ્યું. તુરત જ ઊઠીને વિમળપતિ નામના તાપસના કુલપતિએ દીક્ષાની માગણી કરી. ભગવંતે પોતાના ગુરુ પાસે દીક્ષા લેવા આજ્ઞા કરી, ત્યારે કુલપતિએ ભગવંતને તેમની દીક્ષાનું કારણ પૂછયું ત્યારે સિંહકેશરી કેવળી ભગવંત બોલ્યા: "હું કોશલના કુબેર રાજાનો પુત્ર છું, મારી સ્ત્રીનું નામ બંધુમતી છે તે સંગા નગરીના કેશરીની પુત્રી છે. તેને પરણીને આવતાં રસ્તામાં મારા ગુરુને મેં જોયા, તેમણે વંદન કરી ઉપદેશ સાંભળ્યો; મારું આયુષ્ય પૂછ્યું, ત્યારે તેમણે પાંચ દિવસનું આયુષ્ય જણાવ્યું. તેથી હું ભય પામી ગભરાટમાં પડયો. પરંતુ ગુરુ મહારાજે આશ્વાસન આપ્યું કે, "એક દિવસમાં પણ માણસ આત્મકલ્યાણ સાધી શકે છે." તેથી તુરત મેં દીક્ષા લીધી ને મને કેવળ જ્ઞાન થયું." એમ કહી તે યોગ નિરોધના ધ્યાનમાં ચઢ્યા અને મોક્ષમાં ગયા. દેવોએ તેમનો પવિત્ર ક્ષેત્રમાં અગ્નિસંસ્કાર કર્યો. વિમળમતિએ દીક્ષા લીધી. દમયંતીએ પણ દીક્ષા માટે પ્રાર્થના કરી. સૂરિ મહારાજે, "હાલમાં નહીં, કેમકે તમારે ભોગકર્મ બાકી છે." સૂરિ તાપસપુરમાં ગયા. ત્યાં જઈ લોકોને ધર્મમાં દૃઢ કર્યા. દમયંતી પણ તે પર્વતની ગુફામાં ગરીબી અવસ્થામાં સાત વર્ષ રહી. એક વખત કોઈ મુસાફરે બૂમ મારી કે, " દમયંતી ! મેં તારા પતિને જોયો છે. " એ સાંભળી દમયંતી તેને શોધવા નીકળી પડી. તેવામાં તેને રાક્ષસી મળી. તેણે તેને મારવા કહ્યું, ત્યારે દમયંતીએ કહ્યું કે, "હું નળ વિના બીજાને ન ચાહતી હોઉં, અર્હત્ ધર્મ મારા હૃદયમાં વજ્રલેપ જડાયો હોય, ત્યાગી ગુરુ મેં પૂજ્યા હોય, તો તું હતાશ

થઈ જા.” રાક્ષસી શાંત થઈને ચાલી નીકળી. આગળ ચાલતાં સૂકી નદી જોઈ પગ પછાડી પાણીથી વહેતી કરી દીધી, અને તરસ છીપાવી. તાપસપુરનો માર્ગ પૂછવા એક ઝાડ નીચે બેઠી, તેવામાં સાર્થના લોકો આવી તેને ધનદેવના સાર્થમાં માનપૂર્વક લઈ ગયા, ને પૂછવાથી પતિવિયોગની વણિકપુત્રી હોવાનું જણાવ્યું. આગળ ચાલતાં એક ગિરિકુંજમાં પડાવ પડયો. ત્યાં રાત્રે સૂવા જતાં નવકારમંત્ર ગણવાનો અવાજ આવ્યો. તુરત ચમકી, ધનદેવને સાથે લઈ પોતાના સાધર્મિકને મળવા આવી. જે તંબુ-માંથી એ અવાજ આવતો હતો ત્યાં જઈને જોતાં કપડાં ઉપર તીર્થંકર પરમાત્માની મૂર્તિ ચીતરીને એક ગૃહસ્થ ચૈત્યવંદન કરતા હતા; ને દમયંતી આંખમાં અશ્રુ લાવી ઊભી ઊભી અનુમોદના કરતી હતી. ચૈત્યવંદન પૂરું થયે પૂછયું: “ ભાઈ! આ કયા અર્હત્ પરમાત્માનું બિંબ છે?” “એ મલ્લિનાથ પ્રભુનું બિંબ છે. કાંચીના રતિવલ્લભ ઉદ્યાનમાં ધર્મગુપ્ત જ્ઞાની મુનિ સમોસર્યા હતા. તેમણે મને દેવલોકમાંથી આવીને મિથિલાનો પ્રસન્નચંદ્ર રાજા થઈ મલ્લિનાથના તીર્થમાં તું મોક્ષ પામીશ.” એમ સાંભળી પરમાત્માની હું દરરોજ ભક્તિ કરું છું.” આમ કહી તે શ્રાવકે પૂછ્યું, “બહેન! તમે કોણ છો?” ત્યારે સાર્થવાહે પતિ વિયોગનો બધો વૃત્તાંત કહ્યો. શ્રાવક ગળગળા થઈ ગયા ને આશ્વાસન આપ્યું કે, “બહેન, ચિંતા કરશો નહિ. આ ધનદેવ શેઠને પિતા તુલ્ય ગણશો અને મને ભાઈ તુલ્ય ગણશો. તમે અહીં સુખેથી રહો.” આગળ ચાલતા અચલપુરમાં તેને મૂકીને સાર્થ આગળ ચાલ્યો. પાણી પીવા દમયંતી જળદેવતાની માફક એક વાવમાં ઊતરી ત્યાં તેનો પગ એક ચંદન ઘોએ પકડયો. પરંતુ નવકાર મંત્રના સ્મરણથી તે પગ છોડીને નાસી ગઈ. બહાર આવી બેઠી. તે નગરમાં ઋતુપર્ણ રાજાને ચંદ્રયશા રાણી હતી. તે દમયંતીની માસી થતી હતી. તેની દાસીઓ પાણી ભરવા આવેલી, તેણે રાણીને વાત કરી, એટલે તેણે દમયંતીને પોતાની પાસે તેડી મંગાવી, અને સાર્થવાહને કહેલી પોતાની વાત કહી. એટલે રાણીએ ચંદ્રાવતી કુમારીની જેમ રાખવાની તેને ખાત્રી આપી. ચંદ્રાવતીને કહ્યું, “ બેટા ચંદ્રા! મારી બહેનની દીકરી દમયંતી નળરાજાને ત્યાં પરણાવી છે. તેના જેવી જ આ બહેન દેખાય છે પણ તે તો એકસો ચુમાલીસ કોશ છેટે છે એટલે અહીં કયાંથી હોય? તું આને તારી મોટી બહેન જેવું જ માન આપજે.” ચંદ્રયશા રોજ બહાર દાનશાળામાં દાન આપતી હતી. તે કામ દમયંતીએ હાથમાં લીધું. આવનારાઓને પૂછતી કે, “આવો આવો પુરુષ તમે કયાંય જોયો છે?” એક વખત દમયંતી દાનશાળામાં દાન આપતી હતી, તેવામાં એક ચોરને વધસ્થાને લઈ જતા હતા, અને મરણના ભયથી તે રોતો હતો. તેને દમયંતીએ છોડાવ્યો. તેની હકીકત પૂછી ત્યારે તેણે કહ્યું કે, “હું તાપસનગરના વસંત સાર્થવાહનો પિંગળ સેવક છું. ત્યાંથી ચોરી કરીને નાઠો. તેવામાં રસ્તામાં મને

ય ચોરોએ લૂંટી લીધો. અહીં આવી રાજસેવક તરીકે રહી, ચંદ્રાવતી કુમારીના રત્નનો દાગીનાનો દાબડો ચોર્યો તે અપરાધે પકડી મને શિક્ષા કરવા લઈ જતા હતા. તેવામાં તમે મને છોડાવ્યો. "બહેન! તાપસનગરેથી તમારા ગયા પછી વસંત સાર્થવાહે સાત દિવસ સુધી અન્ન ન લીધું. શ્રી યશોભદ્રસૂરિ વિગેરેના સમજાવવાથી આઠમે દિવસે ભોજન લીધું. વસંતશેઠ કુબેરરાજને ભેટણાં સાથે કોશલા નગરીમાં મળ્યા. તેણે તેને તાપસનગરનું રાજ્ય રાજચિહ્નો સાથે આપ્યું અને વસંતશ્રી શેખરની પદવી આપી. શેઠે વાદ્ય સાથે નગરમાં પ્રવેશ કર્યો અને રાજ્ય કરે છે." દમયંતીએ કહ્યું કે, તારાં પાપકર્મથી છૂટવા દીક્ષા લે. ત્યારે તેણે કહ્યું કે, મને યોગ્ય જાણીને ગુરુ મહારાજ આપે, તો હું તે લેવા તૈયાર છું. તેવામાં બે મુનિરાજો ભિક્ષા માટે આવ્યા, અને તેને દમયંતીએ કહ્યું કે, "મહાત્મન્! જો યોગ્ય જણાય, તો આને દીક્ષા આપો." મુનિરાજોએ દીક્ષા આપી. વિદર્ભ દેશમાં ભીમરથ રાજાને નળ-દમયંતીના સમાચાર મળ્યા. તેની ચિંતા કરવા લાગ્યા. અને હરિમિત્ર નામના બ્રાહ્મણને તપાસ કરવા મોકલ્યો. ફરતાં ફરતાં આ નગરની દાનશાળામાં તેણે દમયંતીને ઓળખી કાઢી. ચંદ્રયશા માસીને પણ ઓળખાણ પાડી. ઋતુપર્ણ રાજાને પણ ઓળખાણ પાડી. તેનું તિલક સાફ કરવામાં આવ્યું અને અંધારામાં પ્રકાશ ફેલાઈ ગયો. દમયંતીને બધો વૃત્તાંત પૂછયો, ત્યારે તેણે રોતાં રોતાં કહ્યો. પછી રાજાએ ઉચિત આસન આપ્યું. તેવામાં એક દેવ આકાશમાંથી ઊતરી આવ્યો અને દમયંતીને હાથ જોડી વિનંતિ કરવા લાગ્યો: "બહેન! હું પિંગલક તમારા પ્રતાપથી દેવ થયો છું. તાપસપુરના સ્મશાનમાં ધ્યાનમાં ઊભો હતો, તેવામાં દાવાનળ સળગ્યો, તેથી શુભ ધ્યાને બળી મરીને દેવ થયો છું. ત્યાંથી તમને મારા ઉપકારી સમજીને તમારો ઉપકાર માનવા આવ્યો છું." એમ કહી સાત કરોડ સોનૈયાનો વરસાદ વરસાવીને ચાલ્યો ગયો. આથી ઋતુપર્ણ રાજા જૈન ધર્મ પામી તેમાં દૃઢ થયા. હરિમિત્ર આગ્રહ કરી દમયંતીને પિતાને ત્યાં તેડી ગયો ને તેના પિતાએ નળની શોધ શરૂ રાખી. તે કામ માટે હરિમિત્ર પણ બહાર નીકળી પડયો. આ તરફ નળરાજાએ અરણ્યમાં ભમતાં એક ઠેકાણે ધુમાડો જોયો અને પાસેના કૂવામાંથી રુદન સંભળાયું. નળરાજા પાસે ગયા કે તેને કોઈકે બહાર કાઢવા વિનંતિ કરી. નળે પૂછયું: "તું મારું નામ કયાંથી જાણે?" "હું મનુષ્ય હતો તે અભ્યાસથી માનુષી ભાષા પ્રાપ્ત થઈ છે અને અવધિજ્ઞાનથી તમારું નામ જાણું છું. મને બહાર કાઢો." જેવો નળ કાંઠે બેસીને, વસ્ત્ર વીંટાળીને કાઢવા જાય કે-તે બળતો સર્પ તેને કરડ્યો; તરત જ તેને પછાડીને જમીન પર ફેંકી દીધો. "અરે! તેં આ શું કર્યું?" તેવામાં તો ઝેર ચડીને શરીર તદ્દન કુબડું થઈ ગયું. વાળ પીળા, હોઠ લાંબા, હાથ-

પગ દોરડી, પેટ મોટું વિગેરે થઈ ગયું. "અરે! આ શું? આ રીતે જિવાય શી રીતે?" એમ વિચાર કરે છે. તેવામાં પેલો સર્પ દિવ્યરૂપ ધારણ કરી તેને કહે છે: "હું તારો પિતા નિષધ છું. દીક્ષાના પ્રતાપે હું દેવ થયો છું. તારું દુ:ખ જોઈ તારું ભલું કરવા મેં આ તારું રૂપ ફેરવ્યું છે. તેં જીતેલા રાજાઓ મનથી તારા શત્રુઓ છે. તારી આ દશામાં તને હેરાન કરે; પરંતુ આ રૂપે ફરવાથી તને કોઈ પણ હરકત કરી શકશે નહીં. તારે હાલમાં દીક્ષા પણ લેવાની નથી; કેમકે તારે હજુ ફરીથી તારું રાજ્ય ભોગવવાનું છે. દીક્ષાનો વખત આવ્યે હું તને સૂચના કરીશ. આ શ્રીફળ અને આભરણનો કરંડિયો લે. જ્યારે તારે તારું રૂપ પાછું પ્રાપ્ત કરવું હોય, ત્યારે શ્રીફળમાંથી બે વસ્ત્રો અને આભરણ પહેરીશ, એટલે તારું મૂળ રૂપ પ્રાપ્ત થશે." દમયંતીના સમાચાર નળે પૂછ્યા, એટલે તે પણ તેણે તેના સતીત્વના પ્રભાવ સાથે કહી બતાવ્યા; અને નળને સુસુમાર નગરની નજીક મૂકી દીધો. નળે ત્યાંના વનમાં સિદ્ધાયતનમાં જઈ શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ કરી. શહેરમાં જઈ રાજાના હાથીને વશ કર્યો. રાજા દધિપર્ણ પ્રસન્ન થયો ને પાસે બેસાડયો. પાંચસો ગામો તથા વસ્ત્રાલંકારો આપ્યા. ગામો વિના તેણે બધું લીધું. રાજાએ તેની ગજશિક્ષાની પ્રશંસા કરી. "આ સિવાય બીજી કોઈ કળા જાણે છે?" "હા. હું સૂર્યપાક રસોઈ જાણું છું. નળ રાજાનો હું હુંડિક રસોઈયો છું. તેની પાસેથી શીખ્યો છું. નળ રાજા જુગારમાં હારી જવાથી સ્ત્રી સાથે રખડતા રખડતા મરી ગયા, ને હું નોકરી શોધતો અહીં આવ્યો." "પરંતુ નળ સિવાય બીજો કોઈ સૂર્યપાક જાણતો નથી, તો શું તું નળ છે? ના, ના, તું નળ ક્યાંથી હોય, કેમકે તેનું રૂપ તો દેવ અને વિદ્યાધરોના રૂપને પણ હરાવે તેવું છે. ઠીક, તારે બીજું કાંઈ જોઈએ છે?" "હા, તમારા રાજ્યમાં શિકાર અને મદિરાપાન બંધ કરાવો." રાજાએ તેમ કરાવ્યું; અને નળરાજાના મરણના સમાચારથી શોક પામીને તેની મરણક્રિયા ઊજવી, તે કુબડે મનમાં હસતાં હસતાં જોયા કરી. કોઈ કામપ્રસંગે ભીમરથ રાજા પાસે દધિપર્ણનો દૂત ગયેલો, તેની પાસેથી તેના સૂર્યપાક રસોઈ કરનાર કુબડાની વાત સાંભળવામાં આવતાં દમયંતીના આગ્રહથી કુશળ બ્રાહ્મણને તેની તપાસ કરવા મોકલ્યો. તેણે સુસુમાર નગરમાં આવ્યા પછી બધી બાતમી મેળવી. કુબડાને મળતાં તે નિરાશ થયો, અને નળની નિંદાના દમયંતીને હેરાન કરવા સંબંધના બે શ્લોક બોલ્યો. નળની આંખમાંથી આંસુની ધાર ચાલી, તેના કારણના જવાબમાં "પોતાના ભૂતપૂર્વ માલિકની દશા યાદ આવી" જણાવી, કુશળના મનનું સમાધાન કરી તેનો સત્કાર કર્યો, ને ઇનામમાં મળેલા દાગીના, સોનૈયા વિગેરે દમયંતીના સમાચાર લાવનાર તે કુશળને આપી વિદાય કર્યો. તેણે દમયંતીને વાત કરી. દમયંતીએ પિતાને કહ્યું કે, "પિતાજી! કહો કે ન કહો, પણ તે નળરાજા જ છે. તેના વિના આટલી કળાઓ કોઈ જાણતું નથી. જ્ઞાની મહાત્માનું વચન છે કે, "સૂર્યપાક તો તેના

વિના કોઈ જાણતું જ નથી. તેનું રૂપ બેડોળ થવામાં કાંઈ ગૂઢ કારણ હશે." ભીમરથ રાજાએ નળના ગરણથી દમયંતીનો સ્વયંવર મંડપ ફરી રચવાની તાત્કાલિક કંકોત્રી કાઢી. દધિપર્ણને તે મળી. તે દમયંતીને પહેલાંથી જ ઇચ્છતો હતો; પણ નળને વરી એટલે તેનું કાંઈ ચાલેલું નહીં. હવે તેને મેળવવાની સુલભતાથી તે દમયંતીને મેળવવા અધીરો થયો, પણ છ પહોરમાં પહોંચાય શી રીતે ? આ વાતની જાણ કુબડાને થતાં તેણે હિંમત આપી. ને રથ જોડી ચાલ્યા. રસ્તામાં રાજાનું ઉત્તરીય વસ્ત્ર પડયું. તે લેવાની માગણી કરી, પરંતુ કુબડે જણાવ્યું કે, "ત્યાંથી તો આપણે ૨૫ કોશ દૂર આવી ગયા છીએ. તેવામાં એક બહેડાના ઝાડનાં ફળ અઢાર હજાર હોવાનું રાજાએ જણાવ્યું, ને કહ્યું કે, "વળતાં હું તને ગણીને ખાત્રી કરી આપીશ." કુબડે કહ્યું: "એમ શા માટે ? હું બધાં ફળ મૂઠીથી પાડી દઉં. ગણીને આગળ ચાલીએ. વખતસર પહોંચવાની બાબતમાં ચિંતા કરશો નહીં. આ સેવક જ્યાં સુધી છે, ત્યાં સુધી તમને કશી વાતે હરકત આવવા દઈશ નહીં." તેમ કરતાં બરાબર અઢાર હજાર ફળ થયાં. રસ્તે ચાલતાં કુબડે એ સંખ્યાવિદ્યા તેની પાસેથી લીધી અને તેને અશ્વ-વિદ્યા આપી. સવારે કુંડિનપુર પહોંચી ગયા. ભીમરથ સામા આવ્યા અને પહેલાં માંગણી સૂર્યપાકની કરી. કુબડે સૂર્યપાક બનાવી સૌને જમાડ્યા. દમયંતી પણ થાળી મંગાવી જમીને સંતોષ પામી, પછી પોતાના પિતાને કહ્યું કે, "પિતાજી ! એ જરૂર નળરાજા જ છે. તેની બીજી એક એ પરીક્ષા છે કે–તે તિલક કરવાના બહાનાથી મને સ્પર્શ કરશે, તો જો નળ હશે, તો મને રોમાંચ થશે." ભીમરથ રાજાએ કહ્યું કે, "બેટા ! એ કુબડો ક્યાં ? અને દેવરૂપધારી નળ ક્યાં ? તોપણ તારા કહેવા પ્રમાણે કરી જોઈએ." તેમ કરવામાં આવ્યું. આંગળીનો સહેજ સ્પર્શ થતાં જ દમયંતીને અદ્વૈત આનંદ થયો ને રોમાંચ ખડા થયા કે, તેનો હાથ પકડીને–"પ્રાણેશ ! તે વખતે મૂકીને ચાલ્યા ગયા, પણ હવે નહીં જવા દઉં." કહી એકાંતમાં લઈ ગઈ. કુબડે ઝોળીમાં બાંધી રાખેલા શ્રીફળમાંથી વસ્ત્રો અને કરંડિયામાંથી આભરણો કાઢીને પહેર્યાં કે સાક્ષાત્ નળરાજાને દમયંતી સર્વાંગ આલિંગનથી ભેટી પડી. ભીમરથ રાજાને ખબર પડી ત્યારે પોતાના સિંહાસન ઉપર બેસાડી તેને પોતાના સર્વસ્વના માલિક તરીકે જાહેર કર્યા. હવે પેલા ધનદેવ સાર્થવાહ આવ્યા. તેનો સત્કાર કર્યો. પછી તો ઋતુપર્ણ, ચંદ્રયશા, ચંદ્રાવતી, વસંતશ્રી શેખર, બધાને તેડાવી એક મહિનો રાખ્યા ને આનંદ કર્યો; તેવામાં એક દિવસે એક દેવે આકાશમાંથી ઊતરી દમયંતીને હાથ જોડી કહ્યું: "હે પવિત્રે ! હું વિમળમતિ તાપસ તમારા પ્રતાપથી જૈન ધર્મ પામી, દીક્ષા લઈ તેની આરાધના કરી, પહેલા દેવલોકમાં શ્રી કેશર નામના વિમાનમાં શ્રી કેશર દેવ થયો છું." એમ કહી સાત કરોડ સોનામહોર વરસાવીને ગયો.

દરેક રાજાઓએ મળીને નળનો અભિષેક કર્યો, પછી સૌ અયોધ્યા–કોશલા તરફ ચાલ્યા. કુબેર ગભરાયો, પરંતુ નળરાજાએ લડાઈ ન કરતાં દ્યુતમાં તેને જીતી લીધો. તે દુષ્ટ છતાં તેના ઉપર રોષ ન રાખતાં નાનો ભાઈ જાણી તેને યુવરાજ બનાવ્યો, રાજાઓ સૌ સૌને સ્થાને ગયા. લાંબો વખત રાજ્ય કર્યા પછી નિષધદેવે આવીને તેને દીક્ષા લેવાની ચેતવણી આપી. બન્નેય દંપતીએ દીક્ષા લીધી. પરંતુ નળનું મન એકવાર પાછું દમયંતીમાં ચોંટયું. નિષધદેવના સમજાવવાથી સંયમમાં સ્થિર થઈ વ્રતમાં અશક્ત નળે એક માસનું અનશન કર્યું. તે સાંભળી દમયંતીએ પણ તેમ કર્યું. ત્યાંથી બન્નેય કુબેર દેવ–દેવી થયાં. ને દમયંતી કનકવતીના ભવમાં વસુદેવને પરણી. કુબેરદેવે તેમાં ઘણી મદદ કરી. તેનો વિસ્તાર વસુદેવના ચરિત્રમાંથી જાણવો.

## ૬. નર્મદાસુંદરી

વર્ધમાન નગરના સંપ્રતિ રાજાના રાજ્યકાળે ઋષભસેન શેઠને વીરમતી પત્નીથી સહદેવ અને વીરદાસ નામે પુત્રો અને ઋષિદત્તા નામે પુત્રી હતી. શેઠની ઇચ્છા પુત્રીને જૈન ધર્મ પાળનારને જ આપવાની હતી. છતાં કુબેરદત્ત મિત્રને ત્યાં ઋષિદત્તા મેળવવા કપટ શ્રાવક થઈ રહેલા ચંદ્રનગરના રુદ્રદત્ત યુવાન વેપારીને પરણાવી. બન્નેય પોતાને ઘેર ગયા. ત્યાં ઋષિદત્તા પણ પિતાનો ધર્મ ભૂલી ગઈ. શેઠે બન્નેયની સાથે વ્યવહાર બંધ કર્યો. ઋષિદત્તાના મહેશ્વરદત્ત પુત્રે મોસાળમાં આવી જૈન ધર્મ ખરી રીતે અંગીકાર કરી, સહદેવની નર્મદાસુંદરી પુત્રીને પરણ્યો. નર્મદાસુંદરીના પરિચયથી સાસુ-સસરા વિગેરે ફરીથી જૈન ધર્મમાં દઢ થયાં. એક દિવસે ગોખમાં બેઠા બેઠા પાન ચાવીને થૂંકવા જતાં થૂંક એક મુનિરાજ પર પડયું. મુનિમહારાજે ઊંચે જોઈ કહ્યું કે, "સાધુની આશાતના, પતિ સાથેનો તારો વિયોગ જણાવે છે." નર્મદાસુંદરીએ નીચે ઊતરી પગે પડી માફી માંગી. મુનિરાજે કહ્યું : "અમારે રાગ–દ્વેષ કરવાના હોય નહીં. અને શાપ પણ આપવાનો હોય જ નહીં. માત્ર અમે તો ભાવિ બનાવની સૂચના કરી છે. અને એ બનાવને અનુસરીને તેના બીજરૂપ તારા જેવી ધાર્મિક શ્રાવિકાથી પણ આવું કૃત્ય થઈ ગયું છે; કર્મની ગતિ વિચિત્ર છે." વહાણો ભરી વેપાર માટે વિદેશ જતા પતિ સાથે નર્મદાસુંદરી પણ ગઈ. રસ્તામાં એક વખત એક સુંદર સંગીત સાંભળવામાં આવ્યું. તે ઉપરથી નર્મદાસુંદરીએ પતિને કહ્યું કે, "આ ગાનારનું શરીર શ્યામ, હાથ-પગ અને વાળ જાડા, ચક્ષુ સ્નેહવાળાં, તેના ગુહ્ય સ્થાન ઉપર મસા, પહોળી છાતી ઉપર લાંછન અને ઉંમરે બત્રીસ વર્ષનો સાત્વિક પુરુષ છે." આ સાંભળી મહેશ્વરદત્તને અનાચારની શંકા થઈ; ને તેને મારી નાખવાનો તેણે વિચાર કર્યો. તેવામાં રાક્ષસદ્વીપ આવતાં વહાણ થોભાવી માલમની સૂચનાથી પાણી વિગેરે ભરી લેવા ઉતારુઓ ઊતરી પડ્યા. તેમાં ત્યાં આ દંપતી પણ ઊતરી

એક બાજુ ઠંડકમાં બેઠાં. તેવામાં નર્મદાસુંદરીને નિદ્રા આવી. એટલે "તેને વાઘ ઉપાડી ગયો." કહી વહાણ હંકારીને તે આગળ ચાલ્યો ગયો. નર્મદાસુંદરીએ રુદન કરી કરીને પાંચ દિવસ ત્યાં કાઢયા. તેવામાં તેના કાકા વીરદાસ (ત્યાં) તે બંદરેથી બર્બર દેશ તરફ તેને સાથે લઈ ગયા. બર્બર દેશની વેશ્યાએ વીરદાસને પોતાની પાસે બોલાવી, તેની વીંટી યુક્તિથી કાઢી લઈ નર્મદાસુંદરીને બતાવી. દાસી મારફત પોતાની પાસે બોલાવીને અડગ શ્રાવક વીરદાસને જતો કર્યો. નર્મદાસુંદરીને ભોંયરામાં પૂરી દીધી. વીરદાસની શોધથી તે મળી નહીં. ત્યારે જીનદાસ નામના અંગત માણસને મૂકીને તે ભૃગુપુર ગયો. આ તરફ નર્મદાસુંદરીને મારીને મનાવવા મહેનત કરતાં અચાનક તે વેશ્યા જ મરી ગઈ. મંત્રીઓએ વેશ્યાનું પદ લેવા કહ્યું; ત્યારે તે પાલખીમાં બેસી રાજા પાસે ચાલી. તેવામાં એક ગટરની મોટી ખાઈમાં પડી. વિષ્ટા અને દુર્ગંધીથી ખરડાઈ ગાંડી થઈ ડાકણની જેમ ધૂણતી ધૂણતી ગામમાં ફરવા લાગી. લોકોને એટલી હદ સુધી કંટાળો આપ્યો કે રાજાએ તેને શહેર બહાર રહેવા કહ્યું: એટલે જિનદાસ સાથે પોતાની માતાનો દોહદ પૂરો કરવા નર્મદાનદીને કાંઠે પોતાના પિતાએ નર્મદાનગર વસાવ્યું હતું, ત્યાં પિયરમાં આવી, અને જીનદાસ ભૃગુપુર ગયો. આર્ય સુહસ્તિ નામના આચાર્ય મહારાજને પૂછવાથી "નર્મદાનદીની અધિષ્ઠાયક નર્મદાદેવીએ એક કાઉસગ્ગ ધ્યાને રહેલા મુનિને ઘણા ઉપસર્ગ કરેલા તે દેવી તે તું નર્મદાસુંદરી. તું ગર્ભમાં આવ્યાથી, પૂર્વના પરિચયને લીધે તારી માતાને નર્મદામાં ન્હાવાની ઇચ્છા થયેલી." નર્મદા સુંદરીએ દીક્ષા લીધી, અને અવધિજ્ઞાન પામી પ્રવર્તિની પદ પ્રાપ્ત કર્યું. વિહાર કરતાં ચંદ્રનગર જઈ પોતાના ગૃહસ્થવાસના પતિ વિગેરેને ઓળખાણ આપી, બોધ આપી, ધર્મ પમાડયો મહેશ્વરદત્તે ગુરુ પાસે અને ઋષિદત્તાએ પ્રવર્તિનીજી પાસે દીક્ષા લીધી. અંતે મોક્ષમાં ગયાં.

## ૭. સીતા

આ કથા પ્રસિદ્ધ છે; છતાં જૈન દૃષ્ટિએ જે ખાસ ફરક છે; તે અહીં બતાવ્યો છે. મિથિલા નગરીમાં હરિવંશના વાસુકિ રાજાની વિપુલા રાણીથી જન્મેલા જનક રાજાની વિદેહા નામની પત્નીએ ભામંડળ પુત્ર અને સીતા પુત્રીને જન્મ આપ્યો હતો. પિંગળ નામનો દેવ ભામંડળને ઉપાડી જઈ દયા આવવાથી આભૂષણાદિ પહેરાવી, વૈતાઢ્ય પર્વત ઉપર મૂકી ચાલ્યો ગયો. રથનપુર નગરના અપુત્ર ચંદ્રગતિ વિદ્યાધરને હાથ આવવાથી પુષ્પવતી રાણીને આપ્યો. આ તરફ સીતાએ નારદમુનિનું અપમાન કરેલ હોવાથી તેણે તેનું ચિત્ર ભામંડળને બતાવ્યું ને તે સીતાને પરણવા તૈયાર થયો; પરંતુ ધનુષ્ય ભંગ કરવાથી સીતાનું લગ્ન રામ સાથે થયું. આકાશવાણીથી સીતાને પોતાની બહેન જાણી ભામંડળનું મન શાંત થયું ને બહેનની માફી માંગી.

આ તરફ રામ વનવાસ, રાવણવધ, અયોધ્યામાં રાજશાસન ચલાવવું વિગેરે હકીકતો લગભગ પ્રસિદ્ધ હોવાથી જાણી શકાશે. લોકોની શંકાથી રથમાં બેસાડી સીતાને રામે સેનાપતિ મારફત વનમાં મોકલાવી દીધાં. પુંડરીકપુરનો વજ્રજંઘ રાજા તેને બહેન સમાન ગણી પોતાને ત્યાં લઈ ગયો. સેનાપતિએ રાજાને સીતાના વિલાપની વાત કરી, રાજા ગભરાયા અને ફરી શોધ કરવા આવ્યા. પણ સીતા મળ્યાં નહીં. સીતાના પુત્રોનું નામ લવ અને કુશ પાડયાં. વજ્રજંઘે લવને પોતાની શશિકળા અને બત્રીસ રાજાની કુમારીઓ પરણાવી. કુશ પણ પરાક્રમ બતાવી પૃથુ રાજાની પુત્રીને પરણ્યો. બન્નેયના પરાક્રમથી આશ્ચર્ય પામેલા પૃથુરાજાને લવ-કુશનાં માતા-પિતાની વાત કહી. પછી લવ-કુશે વજ્રજંઘ સાથે આવીને રામ-લક્ષ્મણ સાથે યુદ્ધ કર્યું. લક્ષ્મણે ચક્ર મૂકયું, તે પ્રદક્ષિણા દઈને પાછું ફર્યું. તે ઉપરથી કુટુંબી તરીકે ઓળખીને નારદ પાસેથી વિશેષ ખુલાસો મેળવી સૌ મળ્યા. સુગ્રીવ, વિભીષણ તથા રામે સીતાને નગરમાં આવવા કહ્યું. સીતાએ પાંચ દિવ્ય કરી આવવા જણાવ્યું. અગ્નિથી ભરેલી ખાઈ પાણીથી ભરાઈ ગઈ તે તરીને સીતા સામે કાંઠે ગયાં, અગ્નિ પીધો; ઠંડો થઈ ગયો. તપાવેલા તેલમાંથી કોડી લીધી. તોલ થયો અને જીભથી ફળ લીધું. તેવામાં શ્રી શીલચંદ્ર આચાર્ય ચાર જ્ઞાનધારક આવ્યા. તેમનો ઉપદેશ સાંભળી સીતાએ પોતાની ઉપરના કલંકનું કારણ પૂછયું. "પૂર્વભવે ભરત ક્ષેત્રમાં મૃણાલિની નગરીના શ્રીભૂતિ પુરોહિતની સરસ્વતી સ્ત્રીની પુત્રી વેગવતીના ભવમાં તમે તપસ્વી મુનિને હલકા પાડવા કલંક દીધું હતું. શાસનદેવીએ વેગવતીને શિક્ષા કરી. વેગવતીએ માફી માગી દીક્ષા લઈ, તીવ્ર તપશ્ચર્યા કરી સ્વર્ગે ગઈ; ત્યાંથી ચ્યવી તમે સીતા થયાં." આ સાંભળી સીતા વિગેરે ધર્મકાર્યમાં વિશેષ સાવધાન થયાં. પછી સંયમ આરાધી બારમા દેવલોકમાં ઇંદ્રપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આવી રામને પ્રતિબોધ આપ્યો. અને દીક્ષા લઈ મોક્ષ મેળવ્યો. સીતા પણ અનુક્રમે મોક્ષ પામશે.

**૮. નંદા**

રાજગૃહીના પ્રસેનજિત રાજાના પ્રસિદ્ધ, ભંભાસાર અથવા શ્રેણિક નામના પુત્ર માતાપિતાથી રીસાઈને બેનાતટ નગરે ચાલ્યા ગયા હતા. ત્યાંના ધનપતિની સુનંદા નામની પુત્રીને તે પરણ્યા હતા. તેનાથી મહા બુદ્ધિનિધાન અભયકુમારનો જન્મ થયો હતો. શ્રેણિક તેને સગર્ભા મૂકીને "રાજગૃહ ગોપાળ, ધવળ ભીંતે ઘર" એટલા અક્ષર ભારોટીએ લખીને ગયા. જન્મ પછી ઉમ્મરમાં આવ્યે, તે અક્ષરો ઉપરથી પુત્રે પોતાના પિતાની ઓળખાણ કરી લીધી. માતાને લઈ રાજગૃહ ગયો. કૂવામાં નાંખેલી વીંટી તેણે કાંઠે ઊભા ઊભા પહેરી, અને રાજાના સર્વ મંત્રીઓનો મુખ્ય મંત્રી થયો. રાજાએ માતા-પુત્રને પટ્ટહસ્તી ઉપર બેસાડીને સન્માનથી પ્રવેશ કરાવ્યો. આવા બુદ્ધિનિધાન પુત્રની માતા પરમ સતી અને ભાગ્યવતી હતી. તે સુનંદા તે જ આ નંદા.

## ૯. ભદ્રા

શાલિભદ્રની કથામાં આ કથા છે.

## ૧૦. સુભદ્રા

વસંતપુરના જિતશત્રુ રાજાના રાજ્યમાં જિનદાસ પ્રધાનની તત્ત્વમાલિની પત્નીની સુભદ્રા નામની પુત્રીને ચંપાનગરીનો બૌદ્ધધર્મી બુદ્ધદાસ કપટ શ્રાવક થઈ પરણી સ્વવતન ગયો. સવારમાં ઊઠી સુભદ્રા જિનમંદિરે જઈ દર્શન કરી આવી, કે સાસુએ કહ્યું કે, "વહુ! તમારે ત્યાં ન જવું. આપણો ધર્મ બૌદ્ધ છે માટે બુદ્ધદેવને દહેરે જવું." સુભદ્રાને પોતાના પતિના કપટની જાણ થઈ અને ચેતીને દરેક કુટુંબીઓનો અણગમો વહોરીને પણ તે પોતાના ધાર્મિક આચાર પાળવા લાગી. તેને જુદી રાખી. એક દિવસે માસખમણના ઉપવાસી મુનિરાજ પારણા માટે વહોરવા આવ્યા. તેની આંખમાં કાંઈક પડેલું, તે કાઢવામાં ન આવે તો આંખ જાય તેમ લાગવાથી જીભ ફેરવીને સુભદ્રાએ કણું કાઢી લીધું; પરંતુ જીભથી આંખનું કણું કાઢતાં કપાળના ચાંદલાની છાપ મુનિના કપાળમાં ઊઠી આવી. સાસુએ તથા સંબંધીઓએ આ જોયું; બુદ્ધિદાસને બોલાવી, તેની સ્ત્રીની રીતભાતથી સાવચેત રહેવા કહ્યું: બુદ્ધિદાસે પણ તેના ઉપરથી ભાવ ઉતારી નાંખ્યો. સુભદ્રાએ કાઉસગ્ગ કરી શાસનદેવીની આરાધના કરી અને કલંક દૂર ન થાય, ત્યાં સુધી કાઉસગ્ગ ન પાળવા પ્રતિજ્ઞા કરી. શાસનદેવીએ કહ્યું, "તું કાઉસગ્ગ પાળ, તારું કલંક સવારે દૂર થશે. હું કહું તેમ કરવું." સુભદ્રાએ કાઉસગ્ગ પાળ્યો. સવારમાં શહેરના દરવાજા બંધ, આકાશવાણી થઈ કે, "જે સતી કાચા સુતરના તાંતણાથી ચાળણી વતી સીંચીને કૂવામાંથી પાણી કાઢી છાંટશે, તે દરવાજા ઉઘાડી શકશે." કંઈક સ્ત્રીઓ મથી. પણ કોઈનું કાંઈ ન વળ્યું. રાજા ગભરાયો. લોકો અકળાયા. શહેરમાં પડહ વગડાવ્યા. આ તરફ સુભદ્રાએ પોતાનાં. સાસુને વિજ્ઞપ્તિ કરી: "માતાજી! જો આપની આજ્ઞા હોય, તો હું દરવાજો ઉઘાડું?" સાસુએ કહ્યું કે, "તેં કુળને કલંક તો ચડાવ્યું છે. હવે બધાની નજરે ચડીને તારે ઢોલ પીટવો છે, એમ ને? બેસ, બેસ, ઉઘાડયા દરવાજા." સુભદ્રાએ કહ્યું : માતાજી! "આપનું કહેવું સાચું હશે, પરંતુ હું આકાશને પૂછું અને તે "હા" પાડે, તો જવા દેશો કે?" સાસુએ કહ્યું : "પૂછ આકાશને આકાશ તને બરાબર જવાબ દેશે." સુભદ્રાએ હાથ જોડી આકાશ સામે જોઈ પૂછયું તો "ઉઘાડો" એવો અવાજ આવ્યો, કે તુરત સુભદ્રાએ જઈ પડહને સ્પર્શ કર્યો પછી તો હજારો માણસો અને સ્ત્રીઓ સાથે શીયળ ગુણની અનેરી પ્રભાથી ઓપતાં શ્રીમતી સુભદ્રા સતીએ આવીને ત્રણ બારણાં ઉઘાડયાં. તુરત શાસનદેવીએ કહ્યું કે, કોઈ સતી હોય તો ચોથું બારણું ઉઘાડે." ત્યાર પછી કોઈએ એ બારણું ઉઘાડયું નથી. આ દેશમાં દરેક શહેરનું એક બારણું કાયમ બંધ રહે છે અને આ રિવાજ હજુ ચાલ્યો

આવે છે. શાસનદેવીએ ઘોષણા કરી કે, "જે કોઈ આ મહાસતીથી વિરુદ્ધ ચિંતવશે, તેને શિક્ષા થશે." રાજા વિગેરે આશ્ચર્ય પામ્યા. તેના કુટુંબીઓ જૈનધર્મી થયા, અને અનુક્રમે દીક્ષા લઈ મોક્ષમાં ગયા.

## ૧૧. રાજીમતી

બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને કૃષ્ણ વાસુદેવની રાણીઓએ લગ્ન કરવાને લલચાવ્યા બાદ, તેમણે નિષેધ ન કરવાથી કૃષ્ણે મથુરાના ઉગ્રસેન રાજાની પુત્રી સત્યભામાની બહેન રાજીમતી સાથે સગપણ કર્યું અને શ્રાવણ સુદ છઠ્ઠને દિવસે લગ્ન કરવા જાન મથુરા ગઈ. પરંતુ જાનૈયાઓને જમાડવા માટે માંસની સામગ્રી મેળવવા રસ્તામાં પશુઓને એક વાડામાં પૂરેલા હતા. તે જોઈ પ્રભુનું મન કરુણાવાળું થવાથી ત્યાંથી ફરી આવ્યા. એક વર્ષ રહી વર્ષીદાન આપી દીક્ષા લીધી. આ તરફ રાજીમતીએ પ્રભુને ઘણી વિનવણી કરી. જ્યારે પાછા ન વળ્યા, ત્યારે તેની સખીઓએ, તેને બદલે બીજા વર સાથે પરણાવવાની સૂચના કરી, ત્યારે રાજીમતીએ કાને હાથ દઈ "એ સિવાય બીજાને વારવાની વાત પણ સાંભળવા હું માગતી નથી. મારા હાથ ઉપર તેનો હાથ મેળાપ (હથેવાળો) ન થયો; તો દીક્ષા પ્રસંગે હું મારા મસ્તક ઉપર તેમનો હાથ મુકાવીશ." એમ કહી પ્રભુના ધ્યાનમાં મગ્ન રહી પ્રભુને કેવળજ્ઞાન થયા બાદ પ્રભુ પાસે જઈ દીક્ષા લીધી. અને ચારિત્રની આરાધના શરૂ કરી એક વખત શ્રી ગિરિનગર પર્વત ઉપર પ્રભુને વાંદવા જતાં રસ્તામાં વરસાદ થવાથી એક ગુફામાં જઈ વસ્ત્રો સુકવવા જતાં તેના દિયર રથનેમિ મુનિનો મેળાપ થયો. ત્યાં વસ્ત્રરહિત રાજીમતીને જોઈ પોતાની સાથે પરણવાની તેણે માંગણી કરી. રાજીમતીએ તેને બોધ આપ્યો. રાજીમતીને પગે પડી, પ્રભુ પાસે જઈ આલોયણા લઈ ચારિત્રની આરાધના કરી. આ તરફ રાજીમતી પણ ઉપાશ્રયે ગયાં, આરાધના કરી કર્મોનો ક્ષય કરી પ્રભુજી પહેલાં જ મોક્ષમાં ગયાં.

## ૧૨. ઋષિદત્તા

ભરત ક્ષેત્રના મધ્ય દેશમાં રથમર્દન નગરમાં હેમરથ રાજાની સુદશા રાણીથી જન્મેલો કનકરથ નામે પુત્ર હતો. કાવેરી નગરીમાં સુંદર પાણિની વાસુલા પત્નીથી ઉત્પન્ન થયેલી રુકિમણી નામની પુત્રી હતી. કનકરથ ને રુકિમણીનો સંબંધ બાંધવામાં આવ્યો હતો. તેને પરણવા જતાં રસ્તામાં તદ્ભવ મોક્ષગામી અરિમર્દન રાજાને જીતી રાજ્ય પાછું આપી તેની દીક્ષા લેવાની ભાવનામાં કારણભૂત થયો. આગળ જતાં એક જંગલમાં સરોવર પાસેના શ્રી આદિશ્વર પ્રભુના મંદિરમાં-મિત્રાવતી નગરીના, તાપસ થયેલા હરિષેણ રાજાની, પૂર્વના તાપસ પાસેથી મેળવેલા વિષોપહાર મંત્રથી જિવાડેલી,

સ્વસ્તિમતી નગરીના પ્રિયદર્શન રાજાની વિદ્યુત્પ્રભા રાણીથી જન્મેલી પ્રીતિમતી પત્નીથી, બન્નેય તાપસ થયા પછી જન્મેલી, ઋષિદત્તા નામની, અદૃશ્ય અંજનથી કોઈ કોઈ વાર અદશ્ય થઈ રહેતી પુત્રીને તેના પિતાની ઇચ્છાથી પરણ્યો. તાપસ અગ્નિપ્રવેશ કરી મૃત્યુ પામ્યો. રાજકુમાર ઋષિદત્તા સાથે પાછો સ્વવતન ગયો. (આવ્યો.) રુકિમણીએ, કુમારને પાછો ગયેલો સાંભળી તેનું મન ઋષિદત્તા ઉપરથી પોતાની તરફ આકર્ષવા, એક સુલસા નામની યોગિનીને મોકલી. ઋષિદત્તાને "શહેરના માણસોને મારી નાંખી માંસભક્ષણ કરતી" રાક્ષસી ઠરાવી. કનકરથની ઇચ્છા વિરુદ્ધ રાજાએ હુકમ કરી બહાર કઢાવી મૂકી. પછી દરપાણિ રાજા મારફત રુકિમણીને પરણવા આવવા થયેલી માગણીને વશ થઈ કનકરથ કુમાર પાછો કાવેરી નગરી તરફ ગયો. રસ્તામાં જ્યાં પ્રથમ ઋષિદત્તાનો સમાગમ થયો હતો, ત્યાં આવી ઋષિદત્તાને સંભારી કુમાર બહુ શોકાતુર થયો. તેવામાં એક મુનિ કુમાર તાપસ તેને મળ્યો. તેના ઉપર તેની પ્રીતિ ઉત્પન્ન થઈ. તેને સાથે લઈ આગળ પ્રયાણ કર્યું. ત્યાં ગયા બાદ લગ્ન થયાં. રાત્રે કુમારના ઋષિદત્તા ઉપરના પ્રેમની પ્રશંસા કરી. સુલસા યોગિનીને મોકલી કુમારને પોતે કેવી રીતે પરણી શકી? તે બધી વાત કરી. કુમારને એકદમ ક્રોધ ચડયો અને અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરી. રાજાની ભલામણથી ઋષિકુમારે ઋષિદત્તાને લાવી આપવાનું વચન આપી કુમારને બચાવ્યો. તે પોતે પડદામાં જઈ ઔષધિથી થયેલું પુરુષરૂપ ફેરવી, ઋષિદત્તાના રૂપમાં હાજર ગયો. પેલી સુલસાને રાજ તરફથી ભયંકર શિક્ષા કરવામાં આવી. ઋષિદત્તાને જોઈ કુમાર તેમાં તન્મય બની ગયો. છેવટે ઋષિદત્તાના આગ્રહથી રુકિમણીનો પણ કુમારે સ્વીકાર કર્યો. અનુક્રમે સ્વનગરમાં આવી પિતાએ આપેલું રાજ્ય પાળ્યું. અને હેમરથ રાજા દીક્ષા લઈ કર્મો ખપાવી મોક્ષ પામ્યા. સંધ્યાનાં વાદળાં વેરાતાં જોઈ એક વખત રાજાને વૈરાગ્ય થયો; પરંતુ ઋષિદત્તા સાથે જૈન ધર્મની વાતોથી તે રાત્રી પસાર કરી. સવારમાં શ્રી ભદ્રસૂરિ પધાર્યા. તેમની દેશના સાંભળી દીક્ષાતત્પર થયા. ઋષિદત્તાએ પોતાના ઉપર રાક્ષસીનું કલંક આવવાનું કારણ પૂછવાથી જ્ઞાની ગુરુમહારાજાએ જણાવ્યું કે, "ભરત ક્ષેત્રના ગંગાપુરના ગંગદત્ત રાજાથી ગંગા નામની રાણીની ગંગાસેના નામની પુત્રીએ ચંદ્રયશા સાધ્વી પાસે દીક્ષા લીધી હતી. તેણે જિનસ્તુતિ–વંદન તથા તપશ્ચર્યામાં લીન નિઃસંગા નામનાં સાધ્વીની પ્રવર્તિની પાસે થતી સ્તુતિ ન સાંભળી શકવાથી એવી ખોટી નિંદા કરી કે, એ તો દિવસે તપ કરે છે, પરંતુ રાત્રે તો રાક્ષસીની પેઠે માંસ ખાય છે, એમાં છે શું?" આ કલંક તે સાધ્વીએ સહન કર્યું; પરંતુ આલોચ્યા વિના મરીને તારે ઘણા ભવ ભમવું પડયું. પછી શ્રી મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા લઈ, વ્રત પાળી તે ગંગસેનાનો જીવ ઈશાન ઇન્દ્રની ઇંદ્રાણી થઈ ત્યાંથી ચ્યવીને તું ઋષિદત્તા થઈ છો." આ વાત સાંભળતાં ઋષિદત્તાને જાતિસ્મરણ-જ્ઞાન થયું. અને વૈરાગ્ય થવાથી દીક્ષા લેવાની ભાવનાથી બન્નેએ સિંહરથ પુત્રને રાજ્ય

સોંપી દીક્ષા લીધી. અને શ્રી શીતળનાથ પ્રભુની જન્મનગરીમાં તેઓ તપશ્ચર્યાએ કરી અંતે કર્મ ખપાવી મોક્ષ પામ્યા.

## ૧૩. પદ્માવતી

આ કથા કરકંડૂ રાજાની કથામાં જોવી.

## ૧૪. અંજનાસુંદરી

આદિત્ય નગરના પ્રહ્લાદ વિદ્યાધરની કેતુમતી પત્નીથી ઉત્પન્ન થયેલો પવનંજય નામનો બહુ વિદ્યાસિદ્ધ પુત્ર, માહેન્દ્રપુરના મહેન્દ્ર રાજાની હૃદયસુંદરી રાણીથી ઉત્પન્ન થયેલી અંજનાસુંદરી નામની કન્યાને પરણ્યો હતો. પરંતુ તે ગર્વને લીધે તેને ચાહતો ન હતો. વરુણની સાથે યુદ્ધ કરવા માટે રાવણે તે વિદ્યાધરની મદદ માંગી. પિતાની આજ્ઞા થવાથી કુમાર આકાશમાર્ગે ગયો. પરંતુ પત્ની યાદ આવવાથી એક સરોવર પાસે પડાવ નંખાવી ત્યાંથી રાત્રે પાછો આવ્યો. પતિ આવ્યાની નિશાની માંગવાથી પોતાના નામની વીંટી આપી પાછો ચાલ્યો ગયો. અહીં ગર્ભવૃદ્ધિ પામવાથી વીંટી જોવા છતાં સાસુ–સસરાએ તેને પિયર મોકલી દીધી. ત્યાંથી પણ પુત્રીને પતિત સમજી દાસી સાથે વનમાં મોકલી; પિતાએ પોતાને ઘેર રાખી નહીં. વનમાં એક તપસ્વી મહાત્માએ ધર્મોપદેશ આપી, પૂર્વભવ કહ્યો કે, "કનકરથ નામના રાજાની લક્ષ્મીવતી અને કનકોદરી નામની બે પત્નીઓ હતી. લક્ષ્મીવતી આર્હત પ્રતિમાની પૂજા કરતી હતી. તે કંકોદરીએ સંતાડી દીધી." "તે સંતાડવાથી દોષ લાગે" એવી વાત સાધ્વીજી પાસેથી સાંભળીને તેણે પાછી મૂકી દીધી. પછી દીક્ષા લઈ, વ્રત પાળી દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવીને તું અંજનાસુંદરી થઈ છો. તારાથી દેવલોકથી ચ્યવીને ગર્ભમાં ઉત્પન થયેલો થોડા આ ભવમાં મોક્ષગામી પુત્ર જન્મશે." આ સાંભળી અંજનાસુંદરીનું મન સ્વસ્થ થયું અને ધર્મમાં વધારે ચિત્ત પરોવવા લાગી. ત્યાં વનમાં પર્વતની એક ગુફામાં તેને પુત્ર જન્મ્યો, તે વખતે અંજનાસુંદરીનું રુદન સાંભળી પ્રતિસૂર્ય નામનો વિદ્યાધર તેને બહેન ગણી વિમાનમાં બેસાડી પોતાના હનુરુહ નગરે લઈ ગયો. રસ્તામાં વજ્ર જેવો તે બાળક ખોળામાંથી (તે) પડયો, તે જે પર્વત ઉપર પડયો, જ્યાં પડયો, તે ભાગમાં પર્વતનું ચૂર્ણ કરી નાખ્યું. અનુક્રમે હનુરુહનગરે પહોંચી તેનું હનુમાન એવું નામ પાડયું. આ તરફ પવનંજય આવી અંજનાસુંદરીને મળવા ગયો. પરંતુ તેનો ક્યાંય પત્તો ન લાગવાથી અગ્નિમાં પડીને મરવાની તૈયારી કરી. તેના પિતાએ શોધ કરી પણ પત્તો ન લાગવાથી જેવામાં તે અગ્નિમાં પડવા તૈયાર થયો, તેવામાં પ્રતિસૂર્ય વિદ્યાધર માતા–પુત્રને લઈને હાજર થયો. સૌને હર્ષ થયો. ત્યાંથી સર્વ હનુરુહનગરે ગયાં. ફરીથી વરુણ સાથેની લડાઈમાં

પવનંજયનું પરાક્રમ જોઈ, રાવણ તેના ઉપર પ્રસન્ન થયો હતો. પછી સૌ સ્વનગરે આવ્યા. તે વખતે સીતાનું હરણ થવાથી રામને તે મેળવી આપવા હનુમાનકુમારે ઘણી મદદ કરેલી છે. જે વિસ્તારથી જૈન રામાયણમાંથી વાંચી લેવી. છેવટે હનુમાનને રાજ્ય સોંપી પવનંજય દીક્ષા લઈ કર્મ ખપાવી મોક્ષમાં ગયા. અંજનાસુંદરી પને શ્રી ચંદ્રસૂરિ પાસે દીક્ષા લઈ મોક્ષમાં ગયા. અને હનુમાન પણ પોતાના પુત્રને રાજ્ય આપી શ્રી દેવસૂરિ પાસે દીક્ષા લઈ, શ્રી શત્રુંજયગિરિ ઉપર કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

## ૧૫. શ્રીદેવી

શ્રીપુરના શ્રીધર રાજાની શ્રીદેવી રાણીને પોતાના પતિ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરતાં કમળકેતુ વિદ્યાધર ઉપાડી ગયો. વિદ્યાધરે પોતાની સ્રી થવા તેને ઘણી વીનવી પરંતુ શ્રીદેવીએ પ્રતિબોધ પમાડીને તેને શાંત કર્યો. એટલે તે ઉપકાર માની શ્રીપુર મૂકી ગયો. વળી બીજો દેવ એવી રીતે ઉપાડી ગયો, ત્યાં પણ શ્રીદેવીએ પોતાનું શીયળ ત્રિકરણ શુદ્ધ પાળ્યું. દેવે પ્રસન્ન થઈ "મહાસતી" તરીકે જાહેર કરી સ્વસ્થાને મૂકી ગયો. ત્યાંથી મૃત્યુ પામી રાણી પાંચમે દેવલોકે ઉત્પન્ન થઈ. ત્યાંથી આવી વીરપુર નગરમાં ભદ્રેશ્વર શેઠનો મદન નામે પુત્ર થઈ, ધર્મ સાંભળી દીક્ષા લઈ યોગ્ય રીતે પાળી કર્મ ક્ષીણ થવાથી મોક્ષ પામ્યો.

## ૧૬. જ્યેષ્ઠા

પરમાત્મા મહાવીર દેવના મોટા ભાઈ નંદીવર્ધન રાજાની ચેટક રાજાની પુત્રી જ્યેષ્ઠા પત્નીએ પ્રભુ પાસે બાર વ્રત લીધાં હતાં. તેના અડગ શીયળની શક્રેન્દ્રે સ્તુતિ કરવાથી એક દેવે તેની ઘણી રીતે કદર્થના કરી. પરીક્ષા કરી. પરંતુ જ્યારે તે અણિશુદ્ધ પાર ઊતરી, ત્યારે દેવ પ્રભુએ પ્રસન્ન થઈ "મહાસતી" જાહેર કરી રાજાને ત્યાં મૂકી ગયો. જ્યેષ્ઠાએ પ્રભુ પાસે દીક્ષા લઈ કર્મ ખપાવી મોક્ષ પ્રાપ્ત કર્યો.

## ૧૭. સુજ્યેષ્ઠા

ચેટક રાજાની આ પુત્રીને પરણવા આવેલ શ્રેણિક રાજા તેની બહેન ચેલ્લાને લઈને ગયો અને પરણ્યો તે વાત સુલસા સતીની કથામાં આવી છે. આથી સુજ્યેષ્ઠાએ વૈરાગ્યથી શ્રી ચંદનબાળા પ્રવર્તિની પાસે દીક્ષા લીધી. સુજ્યેષ્ઠા સાધ્વી અગાસીમાં આતપના લઈ તપશ્ચર્યા કરતાં હતાં. તેવામાં વિદ્યાસિદ્ધ પેઢાળ નામે વિદ્યાધરે તેને જોઈ મોહ પામી ભમરાનું રૂપ કરી યોનિ પ્રવેશ કરી પોતાનું શુક્ર તેમાં તેના અજાણતાં જ મૂકવાથી ગર્ભ રહ્યો. લોકોમાં "હાહા"કાર વર્તાઈ ગયો.

પરંતુ જ્ઞાની મહાત્માએ બધી હકીકત કહેવાથી સુજ્યેષ્ઠા ઉપરની શંકા દૂર થઈ. તેના પુત્રનું નામ સત્યકિ પાડયું. તેણે કાળસંદીપન નામના વિદ્યાધરને માર્યો હતો, તેમજ પૂર્વભવથી સિદ્ધ થવી અધૂરી રહેલી રોહિણી વિદ્યાની આ ભવમાં સિદ્ધિ કરી હતી. રોહિણીએ તેના કપાળમાંથી તેના શરીરમાં પ્રવેશ કરેલો. તેથી તેને કપાળમાં તેજસ્વી ત્રીજું નેત્ર થયું. તેથી તે ત્રિનેત્રી કહેવાયો. કાળસંદીપન પોતાનાં ત્રણ શહેરોની વચમાં રક્ષણ મેળવીને રહેલો હતો. તે નગરોનો નાશ કર્યો. ત્યાં સમુદ્રમાંથી નાઠો, તો ત્યાંથી પકડીને માર્યો, તેથી તેનું બીજું નામ ત્રિપુરારિ પણ પડયું. સત્યકિ એટલો બધો વિષયલોલુપ થયો કે, તાપસોની પત્નીઓ અને રાજરાણીઓને પણ છોડતો નહીં. આકાશમાર્ગે નંદી અને નંદીશ્વર વિદ્યાધર મિત્રની મદદથી તે ઘણો જ દુર્દાન્ત થયો. જે તેની સામે થાય, તેને બાળીને ભસ્મ કરી નાંખે. શિવાદેવી સિવાય ઉજ્જયનીના ચંડપ્રદ્યોત રાજાની દરેક રાણીઓને તેણે શિયળથી ભ્રષ્ટ કરી મૂકી. આથી ક્રોધમાં આવીને રાજાએ તેને મારી નાંખનારની શોધ કરવા માંડી, પરંતુ તે કામ ઉમા નામની વેશ્યાએ ઉપાડયું. બારીએ ઊભેલી ઉમાને જોઈ સત્યકિ પોતાના પુષ્પકેતન વિમાનમાં બેસાડીને લઈ ગયો અને તેની સાથે વિષય-સુખ ભોગવ્યું, ને ઉમાપતિ તરીકે જાહેર થયો. ઉમાએ વિશ્વાસમાં લઈ તેના મરણનું કારણ-"વિષય ભોગવતાં વિદ્યાને બાજુમાં તલવારમાં સ્થાપન કરું છું; તે વખતે હું તદ્દન વિદ્યાના બળ વગરનો હોઉં છું'." એ જાણી લીધું. રાજાને કહેવાથી રાજાએ પત્રછેદ કુશળ નોકરને તેને મારવા મૂકયો. સત્યકિએ વિદ્યાને ખડ્ગમાં મૂકી. ઉમા સાથે કામક્રીડા શરૂ કરી, કે પેલાએ ઉમા ન મરે તેમ સત્યકિને ખેંચીને મારી નાંખ્યો. નંદીશ્વરે રાજાને ધમકી આપી કે, "મારા મિત્રને મરાવી નાંખનાર તારું શહેર શિલાથી ચૂર્ણ કરી નાખીશ." રાજાએ કહ્યું કે, "તું શી રીતે પ્રસન્ન થાય?" ત્યારે તેણે કહ્યું કે, "મારા મિત્રને જે સ્થિતિમાં મારવામાં આવ્યો છે, તે જ સ્થિતિમાં ગામેગામ તેની પૂજા કરાવો." આ ઉપરથી ઉજ્જયનીના બ્રાહ્મણ ચંડપ્રદ્યોત રાજાએ ગામેગામ મંદિરો બંધાવી તેમાં તેની પૂજા શરૂ કરાવી. જે આજ પણ ચાલુ છે. અગિયાર સત્યકિ રુદ્રમાંનો છેલ્લો રુદ્ર ગણાય છે.

સુજ્યેષ્ઠા તીવ્ર તપશ્ચર્યા કરી કર્મ ખપાવી મોક્ષ પામ્યાં.

## ૧૮. મૃગાવતી

ચેટક રાજાની આ પુત્રી કૌશામ્બિના શતાનિક રાજાની પત્ની હતી. અને ઉજ્જયનીના ચંડપ્રદ્યોતની વાસવદત્તાને પરણનાર પ્રસિદ્ધ ઉદયનની માતા હતી. એક અંગ ઉપરથી સર્વાંગ સુંદર ચિત્ર ચીતરી શકવાની શક્તિનું યક્ષ પાસેથી વરદાન

પામેલા પરદેશી ચિતારાએ રાજાની ચિત્રશાળામાં, રાણીનો અંગુઠો બારીમાંથી જોયેલો તે ઉપરથી સર્વાંગ રાણીને ચિત્રી કાઢતાં, તેના સાથળ ઉપર તલ ચિતરવાથી રાજાને તે ચિતારા અને રાણી ઉપર શંકા ગઈ અને ક્રોધ ઉત્પન્ન થયો. તેને મારી નાંખવાની તૈયારી કરી. બધા ચિતારાઓના કહેવાથી યક્ષનું વરદાન જાણવા છતાં કુબ્જ દાસીનું મોં બતાવી આખું ચિત્ર ચિતરી આપ્યું. તે જોવા છતાં, તેના ઉપરથી રાજાનો ક્રોધ ન ગયો. ચિતારાએ મનમાં ક્રોધ રાખીને હેરાન કરવા મૃગાવતીનું ચિત્ર ચંડપ્રદ્યોતને બતાવ્યું. ચંડપ્રદ્યોતે રાણીની માગણી કરી. શતાનિકે નકારી. પ્રદ્યોત લશ્કર લઈ કૌશામ્બિ ઉપર ચડી આવ્યો; મોટું લશ્કર જોઈ, શતાનિક અપસ્મારના રોગથી મરી ગયો; રાણીએ કહેવરાવ્યું કે, "હાલમાં પાછા જાઓ. રાજકુમાર બાળક છે, તે મોટો થયે, તમારી ઇચ્છા પાર પાડીશ અને મારા ત્યાં આવ્યા પછી બાળક કુમારને શત્રુઓ હેરાન કરે, માટે તેને એક મજબૂત કિલ્લો બંધાવી દેવાની જરૂર છે, તો જો આપ ઉજ્જયનીથી ઇંટો પૂરી પાડો તો તે કામ પાર પડે, અને પછી આપનો મનોરથ પણ પાર પડે." ચંડપ્રદ્યોત આ સમાચારથી અત્યન્ત ખુશ થયો, અને લશ્કર ઉપાડી પોતાને નગરે ગયો. માણસોની એવી ગોઠવણ કરી કે ઉજ્જયનીની ઇંટો હાથો-હાથ ઠેઠ કૌશામ્બિ પહોંચાડી દીધી. રાણીએ શાંતિથી શહેરને મજબૂત કિલ્લાથી સુરક્ષિત બનાવી દીધું. તેવામાં દૂતે આવીને રાણીને ઉજ્જયની આવવા માંગણી કરી. રાણીએ કહ્યું કે, "તારા રાજાને કહેજે કે, હું મનથી પણ તને ચાહતી નથી, તો કાયાની તો વાત જ શી? માત્ર યુક્તિ કરીને અવસર ટાળવા પૂરતી જ મારી ગોઠવણ હતી. હવે મૂર્ખ થાઓ મા, મારી આશા રાખવી નહીં." આ સાંભળી કાળજાળ પ્રદ્યોત ચડી આવ્યો. પણ કૌશામ્બિ નગરીને કિલ્લાથી સુરક્ષિત જોઈ તેનું તુરત કાંઈ વળ્યું નહીં. તેવામાં પ્રભુ ત્યાં સમોસર્યા. રાણી દરવાજા ઉઘાડી નાંખી પ્રભુની દેશના સાંભળવા ગઈ. પ્રદ્યોત પણ ત્યાં આવ્યો. પ્રભુની દેશના સાંભળી તથા "જે તે-તે તે" ની હકીકત સાંભળી રાણીને વૈરાગ્ય થવાથી ચંડપ્રદ્યોતનો વિરોધ શમી જવાથી દીક્ષા લીધી. ચંડપ્રદ્યોતે ઉદયનને રાજ્ય ઉપર બેસાડી કાયમ કર્યો. પોતાના મૂળ વિમાને પ્રભુને વંદન કરવા બીજી પૌરુષીએ સૂર્ય-ચંદ્ર આવેલા. તેથી પ્રકાશને લીધે રાત્રી થયેલી ન જાણવાથી સૂર્ય-ચંદ્ર ગયા પછી વસતિમાં જતાં આર્યા ચંદનબાળા-એ ઠપકો આપવાથી પશ્ચાત્તાપ કરતાં મૃગાવતીને કેવળજ્ઞાન થયાની વાત શ્રી ચંદનબાળાની કથામાં આવી ગયેલ છે. અનુક્રમે મૃગાવતી સાધ્વી પણ સર્વ કર્મ ખપાવી મોક્ષ પામ્યાં.

### ૧૯. પ્રભાવતી

ચેટક મહારાજાની પુત્રી અને સિંધુ સૌવીરના ઉદયન રાજર્ષિની રાણી હતી. તેની કથા ઉદયન રાજર્ષિની કથાથી જાણવી.

## ૨૦. ચિલ્લણા

ચેટક રાજાની પુત્રી, અને શ્રેણિક રાજાની પટ્ટરાણી હતી. તે શ્રેણિક રાજાની પટ્ટરાણી કેવી રીતે થઈ? તે સુલસાના ચરિત્રમાંથી જાણવું. અભયકુમારના પ્રયાસથી બંધાયેલા એક સ્તંભના રાજમહેલમાં રહેતી હતી. એક વખત ઊંઘમાં તેનાથી બોલાઈ જવાયું કે, "તેને કેમ હશે?" તે ઉપરથી શ્રેણિકને તેના ચારિત્ર વિષે શંકા જવાથી અભયકુમારને અંતઃપુર સળગાવી દેવાનો હુકમ આપી મહાવીર પ્રભુ પાસે જઈને પોતાના અંતઃપુરના સતીત્વ વિષે ખુલાસો પૂછયો. પ્રભુએ કહ્યું: "તારી દરેક સ્ત્રી પવિત્ર છે. ચિલ્લણા માટે તને વહેમ પડયો છે તેનું કારણ–ગઈ કાલે તેણે સાધુને એક નદીકાંઠે કાયોત્સર્ગમાં ઊભા રહેલા જોયેલા. રાતમાં પોતાનો હાથ બહાર રહેવાથી ઠંડીમાં ઠરી ગયો તે ઉપરથી પેલા મુનિ તેને યાદ આવ્યા. તેની તેને ચિંતા થઈ. આ ઉપરથી "તે ધર્માનુરાગી અને સતી છે" એમ ખાત્રી થતાં શંકા દૂર થવાથી અભયકુમારે યુક્તિ કરી ઘાસ વિગેરે સળગાવેલાં જોઈ તેના ઉપર ક્રોધ કરી, "મોં ન બતાવવા" કહ્યું. અભયકુમારે સીધા જઈ પ્રભુ પાસે દીક્ષા લીધી. ચિલ્લણાએ પણ અનુક્રમે પ્રભુ પાસે દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કર્યો.

## ૨૧. ૨૨. બ્રાહ્મી અને સુંદરી

ઋષભદેવ પ્રભુની આ બન્નેય પુત્રીઓ હતી. બ્રાહ્મીને પ્રભુએ અઢાર લિપિ શીખવી હતી. સુંદરીને ગણિત શીખવ્યું હતું. પ્રભુને કેવળ જ્ઞાન થયા પછી અનુક્રમે ભરતના પાંચસો પુત્રોએ અને પૌત્રોએ દીક્ષા લીધી. તે વખતે બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી, પરંતુ ભરતના આગ્રહથી સુંદરીએ દીક્ષા ન લીધી. છતાં સાઠ હજાર વર્ષ સુધી આયંબિલ તપ કરી ઘણાં કર્મો ખપાવી નાખ્યાં. તેવામાં પ્રભુ તે તરફ પધાર્યા. ભરતે સુંદરીની ક્ષમા માંગી. તેને દીક્ષા લેવાની સંમતિ આપી. એ બન્નેય બેનો બાહુબલિજીને પ્રતિબોધ આપવા ગયાં હતાં. અનુક્રમે કેવળજ્ઞાન પામી બન્નેય બહેનો અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષમાં ગયાં.

## ૨૩. આ રુકિમણી

કૃષ્ણનાં પટરાણી ન હોવાં જોઈએ; કેમકે તેમનું નામ આગળ ૧૧મી ગાથામાં આવે છે. તેથી આ રુકિમણી કોઈ બીજાં હોવાં જોઈએ; પરંતુ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિમાં તે વિષે જુદી કથા ન હોવાથી અમે આપી શકયા નથી.

## ૨૪. રેવતી

પ્રભુ મહાવીર પ્રભુ ઉપર શ્રાવસ્તિમાં ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાને લીધે, પ્રભુ

અતિસારથી છ માસ સુધી પીડાયા બાદ મુનિઓની વિજ્ઞપ્તિથી, અને એક વૈદ્યની સૂચનાથી સિંહમુનિએ રેવતી શ્રાવિકાને ત્યાંથી નિર્દોષ કોહળાપાક લાવી પ્રભુને વહોરાવ્યો અને રોગ શાંત થયો. રેવતીનું એ ઔષધ પ્રભુના ઉપયોગમાં આવવાનું હોવાથી તેણે એટલા બધા ભાવપૂર્વક વહોરાવ્યું કે તેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. તેથી આવતી ચોવીસીમાં સત્તરમા સમાધિ નામના તીર્થંકર થઈ મોક્ષમાં જશે.

## ૨૫. કુંતી

આ શૌરીપુરના અંધકવૃષ્ણિ રાજાના દશ દશાર્હ પુત્રોની બહેન હતી. તેને પાંડવોના પિતા પાંડુરાજા પરણ્યા હતા. અનિલગતિ વિદ્યાધરને મદદ કરવાથી તેની પાસેથી મેળવેલી મુદ્રિકા અને કામુકા ઔષધિ વડે, પાંડુરાજાના ચિત્રથી મોહ પામેલી, પાંડુરાજા ન મળવાથી ગળે ફાંસો ખાતી કુંતીને બચાવી, સખીઓના આગ્રહથી ગાંધર્વ વિવાહથી રાજા પરણ્યા, ને ગર્ભ રહ્યો. પુત્રનો જન્મ થયો. તેને છૂપી રીતે પેટીમાં મૂકીને ગંગામાં વહેવડાવ્યો. તે પેટી હસ્તિનાગપુરે ગઈ, ત્યાં સુત નામના સારથિએ લઈ ઘેર લઈ જઈ, કાન પાસે હાથ રાખીને સૂતેલા બાળકને બહાર કાઢી તેની પત્નીને આપ્યું અને તેનું નામ કર્ણ પાડયું. પછી અંધકવૃષ્ણિએ પુત્રીની હકીકત જાણીને પાંડુ સાથે પરણાવી અને મુદ્રક રાજાએ માદ્રી પુત્રી પણ તેની સાથે પરણાવી. સુબલ રાજાએ ગાંધારી વિગેરે આઠ કન્યાઓ ધૃતરાષ્ટ્રને પરણાવી. કુંતીને–યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણ પુત્રો થયા; માદ્રીને નકુલ અને સહદેવ એ બે પુત્રો થયા. ગાંધારીને દુર્યોધન વિગેરે સો પુત્રો થયા. કુંતીએ યુધિષ્ઠિર પાસે નાસિક પાસે ચંદ્રપ્રભસ્વામિનું ચંદ્રરત્નમય દહેરાસર કરાવ્યું. પાંડુરાજા યુધિષ્ઠિરને રાજ્ય આપી દીક્ષા લઈ સ્વર્ગે ગયા. યુધિષ્ઠિરે માતા સહિત શ્રી શત્રુંજયગિરિની યાત્રા કરી અને તીર્થનો ઉદ્ધાર કર્યો. કુંતીએ શ્રી નેમીશ્વર પ્રભુ પાસે ધર્મ શ્રવણ કરી ધર્મમાં દઢ થયાં. પાંડવોનો વનવાસ, કૌરવો સાથે યુદ્ધ, વગેરે પ્રસિદ્ધ હોવાથી લખતા નથી. છેવટે પાંડવોએ પુત્રોને રાજ્ય સોંપી માતા તથા પત્નીઓ સહિત દીક્ષા લીધી ને મોક્ષે ગયા. છેવટે દ્રૌપદી પાંચમે દેવલોક ગઈ.

## ૨૬. શિવા

વિશાળાનગરીના ચેટક રાજાની પુત્રી શિવાનું લગ્ન ઉજ્જયનીના ચંડપ્રદ્યોત સાથે થયું હતું. દેવે આપેલા કષ્ટથી તે પોતાના સતીત્વથી લેશ માત્ર ચલિત થઈ ન હતી. ઉજ્જયનીમાં ઘણી વખત આગ લાગતી હતી. તે શાંત કરવા અભયકુમારની સલાહથી શિવાદેવી સતીના હાથે દરેક ઘેર પાણી છંટકાવ્યું ને અગ્નિ લાગવો બંધ થયો. છેવટે શ્રી વીર પરમાત્મા પાસે દીક્ષા લઈ તપશ્ચર્યા કરી શિવાદેવીએ મોક્ષ પ્રાપ્ત કર્યો.

## ૨૭. જયંતી

સહસાનિક રાજાની પુત્રી,-શતાનિક રાજાની બહેન, મૃગાવતી રાણીની નણંદ અને ઉદયન રાજાની ફૂઈ જયંતી શ્રાવિકા ઘણી વિદુષી અને પ્રભુ મહાવીર દેવની પરમ શ્રાવિકા હતી. તેણે પ્રભુને ઘણા પ્રશ્નો પૂછીને ખુલાસા મેળવ્યા છે અને છેવટે દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. આ પ્રશ્નો શ્રી ભગવતી સૂત્રમાં વિસ્તારથી આવે છે.

## ૨૮. દેવકી

વિદેશમાં ફરતા મૃતિકાવતી નગરીમાં જઈ ચડેલા વસુદેવ સાથે કંસના પિતરાઈ દેવક રાજાએ પોતાની દેવકી પુત્રીને પરણાવી અને નંદ નામનો એક ક્રોડ ગાય સહિત દશ ગોકુળનો નાયક ગોવાળ ભેટ આપ્યો. ચાલતે વિવાહ ઉત્સવે કંસના ભાઈ અતિમુક્તક-મુનિ પારણા માટે આવ્યા. ત્યારે કંસની પત્ની અને જરાસંધની પુત્રી જીવયશા દારૂ પીને મદોન્મત્ત થઈ મુનિને પોતાની સાથે નાચવા આમંત્રણ આપવા લાગી. મુનિએ કહ્યું કે, "આ દેવકીનો છોકરો તારા ધણી અને તારા બાપને મારશે." એ સાંભળતાં જ તેનો મદ ઊતરી ગયો, ને કંસને વાત કરી. કંસે વસુદેવ સાથે મૈત્રી કરી. "ગુપ્તપણે બાળકો ઉછેરવામાં આવે, તો પોતે બચે, એમ દેવે સ્વપ્નમાં કહ્યું છે. માટે મને તમારા બાળકો આપતા રહેજો." વસુદેવ અને દેવકીએ કબૂલ કર્યું; પરંતુ હરિગણમેષી દેવે વચ્ચેથી જ છ બાળકો ઉપાડીને ભદ્રિલપુરના નાગ શેઠને ત્યાં મૂકયા. અને તેની પત્ની સુલસાના છ મૃત પુત્રો કંસના હાથમાં મૂકયા. તે તેઓને પથ્થર ઉપર પછાડીને મારી નાંખતો. દેવકીના છ પુત્રોના નામ :-( ૧ ) અનીકયશ ( ૨ ) નભ:સેગ (૩) વર્જિતસેન ( ૪ ) નિહતારી ( ૫ ) દેવયશા ( ૬ ) શત્રુસેન, સાતમો ગર્ભ ન આપતાં તેને નંદને ત્યાં મૂકયો અને નંદની પત્ની યશોદાથી થયેલો કંસને આપ્યો. વારંવાર બહાના કાઢીને નંદને ત્યાં જઈ દેવકી પુત્રને મળી આવે. અનુક્રમે દેવકીએ પ્રભુ નેમિનાથ પાસે બાર વ્રત લીધાં અને શુદ્ધ શિયળ પાળી સ્વર્ગમાં ગઈ. ત્યાંથી મનુષ્ય ભવ પામી મોક્ષમાં જશે.

## ૨૯. દ્રૌપદી

પાંચાળ દેશમાં કાંપીલ્યપુરના દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીએ રાધાવેધ કરી ચૂકેલા અર્જુનના કંઠમાં વરમાળા પહેરાવી કે બાકીના ચારેય ભાઈઓના ગળામાં વરમાળાઓ જોવામાં આવી. તેવામાં ત્યાં ચારણ શ્રમણ મહાત્મા આવ્યા. દરેક રાજાઓએ પ્રણામ કર્યા અને દ્રુપદે આમ થવાનું કારણ પૂછયું. મહાત્માએ કહ્યું : "ચંપામાં સોમદત્ત, સોમભૂતિ, સોમદેવ નામના ત્રણ ભાઈઓને નાગશ્રી, રતિભૂતિ અને યજ્ઞશ્રી નામે સ્ત્રી હતી. તેઓ વારા પ્રમાણે રસોઈ કરીને જમાડતી હતી. એક વખત નાગશ્રીએ કડવી

તુંબડીનું શાક કુટુંબીઓને ન ખવડાવતાં ધર્મઘોષ મુનિના શિષ્ય માસ ઉપવાસી ધર્મરુચિ મુનિને મુનિ ઉપરના દ્વેષથી વહોરાવ્યું. મુનિએ પરઠવા જતાં એક બિંદુ નીચે પડવાથી ઘણી કીડીઓનો નાશ સમજી પોતે તે વાપરી ગયા અને શુભ ધ્યાને મરીને સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. નાગશ્રી છઠ્ઠે નરકે મત્સ્ય નરકમાં એમ સાત સાત વાર નરક ગમન અને મત્સ્યના ભવ થયા. પછી ચંપામાં સાગરદત્ત શેઠની સુભદ્રાની કુક્ષિએ સુકુમારિકા તરીકે ઉત્પન્ન થઈ. જિનદત્તના સાગર પુત્ર સાથે પરણાવી, પણ તેનો સ્પર્શ અંગારા જેવો લાગવાથી છોડીને ચાલ્યો ગયો; પુત્રી માટે બીજા પણ ગરીબ પુરુષોની ગોઠવણ કરી, પણ કોઈ પણ તેનો સ્પર્શ સહન ન કરવાથી ચાલ્યા ગયા. આખરે દીક્ષા લીધી. ગુરુણીની ઈચ્છા વિરુદ્ધ વનમાં જઈ તપશ્ચર્યા કરવા લાગી, તેવામાં એક વેશ્યાને પાંચ પુરુષોથી સેવાતી જોઈ, પોતે પાંચ પુરુષોથી સેવાવાનું નિયાણું કર્યું. જેથી તે ત્યાંથી ચ્યવી પહેલા દેવલોકમાંથી આવીને અહીં દ્રૌપદીપણે ઉત્પન્ન થઈ છે. નિયાણાના બળે તેને પાંચ પુરુષોને પતિ તરીકે સ્વીકારવા પડયા છે. આ સાંભળી અનેક રાજાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો; પાંડવો વારા પ્રમાણે દ્રૌપદીને પત્ની તરીકે સ્વીકારી રહેવા લાગ્યા. એક દિવસ દ્રૌપદી શરીર પ્રમાણ અરીસામાં પોતાનું અંગ જોતી હતી. નારદ આવ્યા. તેની તેને ખબર ન રહેવાથી તેમનો સત્કાર ન કરી શકી. એટલે નારદ ઘાતકીખંડની અમરકંકા નગરીમાં પદ્મોત્તર રાજાને દ્રૌપદીના સૌંદર્યની વાત કરી, તે તેને હરી લાવ્યો; ને દ્રૌપદીને પોતાની પત્ની તરીકે બનવા આગ્રહ કર્યો. દ્રૌપદી અડગ રહી. નવકાર મંત્રનો જાપ કરતી છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યા કરવા લાગી. પાંડવો કૃષ્ણની મદદથી નારદ પાસેથી સમાચાર સાંભળી સુસ્થિત દેવની આરાધના કરી, ઘાતકીખંડમાં ગયા. ને પાંડવોએ યુદ્ધ કર્યું તેમાં હાર્યા એટલે કૃષ્ણે પદ્મોત્તરને હરાવ્યો. તે કિલ્લામાં પેસી ગયો. કિલ્લા ઉપર ચડી નરસિંહનું રૂપ ધારણ કરી પૃથ્વીને કંપાવી. રાજા ગભરાઈ શરણે આવ્યો અને દ્રૌપદીને સોંપી દીધી ને સૌનો સત્કાર કર્યો. પાછા વળ્યે, જિનેશ્વર પ્રભુ પાસેથી ત્યાંનો કપિલ વાસુદેવ કૃષ્ણ વાસુદેવનું આવવું સાંભળીને મળવા આવ્યો; પરંતુ કૃષ્ણ રવાના થઈ ચૂકયા હતા. એટલે બન્નેયે માત્ર સામસામા શંખ ફૂંકયા. જોકે બે વાસુદેવ કદી મળે નહીં. છતાં આ રીતે મળવા જેવું થયું તે એક આશ્ચર્યકારક ઘટના ગણાય છે. પાંડવો વિગેરે નાવમાં બેસી ગંગા ઊતર્યા. અને કૃષ્ણનું બળ જોવા નાવ ન મોકલી એટલે તે તરીને આવ્યા. પરંતુ પાંડવોને ઠપકો આપ્યો, અને દક્ષિણ મથુરા સિવાયનું બધું રાજ્ય લઈ લીધું. કૃષ્ણ દ્વારિકામાં આવ્યા. એક વખત શ્રી નેમિનાથ પ્રભુને મથુરામાં કુંતી સપરિવાર વંદન કરવા ગઈ ત્યાં પાંચ પાંડવો અને સાસુ–વહુએ બાર વ્રત લીધાં. છેવટે પાંડવો પુત્રોને રાજ્ય સોંપી દીક્ષા લઈ મોક્ષમાં ગયા. દ્રૌપદી અને કુંતીએ પણ દીક્ષા લીધી. દ્રૌપદી બહુ તપ કરી શ્રી શત્રુંજય જઈ આયુઃ ક્ષયે પાંચમે દેવલોકે ગઈ. ત્યાંથી મોક્ષ પામશે.

## ૨૯. ધારિણી

ચંદનબાળાની કથામાં આ કથા આવી ગઈ છે.

બીજી ધારિણી–ઉજ્જયનીના ચંડપ્રદ્યોત ગોપાળ અને પાલક એ બે ભાઈ હતા. ગોપાળે ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લીધી. પાલકને દંતિવર્ધન અને રાષ્ટ્રવર્ધન નામે બે પુત્રો હતા. પાલકે પણ દંતિવર્ધનને રાજ્ય અને રાષ્ટ્રવર્ધનને યૌવરાજ્ય આપી દીક્ષા લીધી. રાષ્ટ્રવર્ધનની સ્રીનું નામ ધારિણી હતું. તેને અવંતીસેન નામનો પુત્ર થયો હતો. તેના ઉપર આસક્ત મોટા ભાઈએ નાના ભાઈને મારી નાંખ્યો. સગર્ભા ધારિણી નાસીને કૌશાંબી ગઈ અને ત્યાં દીક્ષા લીધી. ગર્ભ વધ્યો. ગુરુણીજીએ હાક મારીને કારણ પૂછયું. ત્યારે ધારિણીએ "દીક્ષા આપો નહીં; માટે જ ગર્ભ છુપાવ્યો હતો." પુત્રનો જન્મ થયો, તેને રાજ્યના આંગણામાં મૂકી આવી. ત્યાંના અવંતીસેન રાજાએ પુત્ર તરીકે ઉછેર્યો, ને નામ મણિપ્રભ પાડયું. રાજાના મરણ પછી તે રાજા થયો. આ તરફ ભાઈના ઘાતથી દંતિવર્ધનને પસ્તાવો થયો. અવંતીસેનને ગાદી આપી દીક્ષા લીધી. અવંતીસેને દંડ લેવા કૌશાંમ્બિને ઘેરો ઘાલ્યો, પણ સાધ્વીએ આવી બન્નેય ભાઈઓને ઓળખાવ્યા. બન્નેય ઉજ્જયિની આવ્યા અને ઉપદેશથી બાર વ્રત લીધાં. ધારિણી ચારિત્ર પાળી મોક્ષમાં ગયાં.

## ૩૦. કલાવતી

દેવશાળ નગરના રાજા વિજયસેનની શ્રીમતી પત્નીથી ઉત્પન્ન થયેલ જયસેનની આ બહેન ગજ શેઠના પુત્ર દત્તે બતાવેલા ચિત્ર ઉપરથી મંગળદેશના શંખપૂરના શંખરાજાને "દેવ કોણ? ગુરુ કોણ? તત્ત્વ શું? સત્વ શું?" એ ચાર પ્રશ્નના સરસ્વતીના પ્રભાવથી રાજાએ પૂતળી ઉપર હાથ મૂકવાથી જવાબ મેળવી પરણી હતી. એક વખત સ્વપ્નમાં કલાવતીએ અમૃતકુંભ જોયો. તે ઉપરથી તેને ઉત્તમ પુત્ર થવાથી રાજાએ આગાહી કરી. આઠ માસ ને વીસ દિવસ થયે તેનો ભાઈ તેડવા આવ્યો, પણ રાજાએ મોકલી નહીં. ત્યારે બે બેરખા અને વસ્ત્ર આપીને સ્વદેશ ગયો. ગોખમાં બેઠા બેઠા સખીઓ સાથે બેરખા મોકલનાર પિતાના પ્રેમની વાત નીચે ચાલ્યા જતા રાજાએ સાંભળી. રાણીના ચારિત્ર ઉપર વહેમ પડવાથી તેનાં હાથ કાપવાનો ચંડાળોને હુકમ આપ્યો. ચંડાળોએ વનમાં લઈ જઈ હાથ કાપી નાખ્યા. પતિનો આ હુકમ આનંદથી તેણે માન્ય કર્યો; વનમાં રાણીને પુત્ર પ્રસવ્યો. નદીનું પૂર આવ્યું. શિયળના પ્રભાવથી હાથ નવા ઊગી નીકળ્યા. ત્યાંથી તે તાપસના આશ્રમમાં રહી. આ તરફ કાપેલા હાથ ઉપરના બેરખા ઉપર જયસેન નામ વાંચી, સખીઓથી ખુલાસો મેળવી રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો ને અગ્નિમાં પડવા તૈયાર થયો. પરંતુ ગજશેઠ તથા

અમીતતેજ મુનિરાજના ઉપદેશથી વનમાં જઈ જિનપૂજા કરી મન શાંત કરવા પ્રયત્ન કરવા લાગ્યો અને કલાવતીને શોધવા દત્તને મોકલ્યો. દત્ત તાપસાશ્રમમાંથી પુત્ર સહિત લાવ્યો અને રાજાને સોંપી. રાજાએ ક્ષમા માગી. પછી અવસરે અમીત–તેજ મુનિરાજને હાથ કપાવાનું કારણ પૂછ્યું. મુનિરાજે જણાવ્યું કે, "મહાવિદેહમાં મહેન્દ્રપુરના નરવિક્રમ રાજાની લીલાવતી પત્નીથી સુલોચના પુત્રી જન્મી હતી. તેને કોઈએ આવીને એક વિલક્ષણ પોપટ ભેટ આપ્યો. પોપટ સીમંધર સ્વામિના મંદિરમાં પ્રભુપ્રતિમા જોઈને જાતિસ્મરણ પામ્યો." "પૂર્વભવમાં સાધુપણામાં જ્ઞાન ખૂબ મેળવેલું. પરંતુ આચારની શિથિલતાથી જ્ઞાન છતાં રાજપોપટ તિર્યંચ થયો છું. માટે હવેથી પ્રભુનાં દર્શન કરીને જ ખોરાક લેવો એવો નિયમ કર્યો." સુલોચના સાથે ખોરાક લેતાં પહેલાં તેને આ નિયમ યાદ આવવાથી દર્શન કરવા ઊઠી ગયો. ત્યાંથી પાછો આવીને ઝાડ ઉપર આવી બેઠો. રાજસેવકો સુલોચનાની અધીરાઈથી શોધ કરવા નીકળી પડયા. પોપટને પકડયો ને રાજકુમારીને સોંપ્યો. ફરીથી પોપટનો વિયોગ ન થાય માટે તેની પાંખો કાપી નાખી. પોપટે અનશન કર્યું. ને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયો. સુલોચના પણ તેની દેવી થઈ. ત્યાંથી પોપટ શંખ, અને સુલોચના કલાવતી થઈ. પાંખો કાપવાથી હાથ કપાયા. કર્મવિપાક કોઈને છોડતો નથી." મુનિરાજની આ વાત ઉપરથી બન્નેય જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. પુણ્યકળશ પુત્રને રાજ્ય આપી દીક્ષા લીધી. ચારિત્ર પાળી સ્વર્ગમાં ગયા. ત્યાંથી મનુષ્ય ભવ પામી મોક્ષમાં જશે.

## ૩૧. પુષ્પચૂલા

આર્ણકા પુત્રની કથામાંથી આ કથા જોઈ લેવી.

## ૩૨. ૩૩. પદ્માવતી

રિષ્ટનગરના રુધિર રાજાની શ્રી પત્નીની પુત્રી પદ્માવતી હતી. તેના સ્વયંવર મંડપ વખતે જઈને કૃષ્ણ તેનું અપહરણ કરી લાવી પરણ્યા હતા. પાછળથી તેના પિતાએ પણ સમ્મતિ આપી, દાસીઓ વગેરે મોકલી આપ્યું હતું.

## ૩૪. ગૌરી

સિંધના વીતભવ નગરના મેરુ રાજાની ચંદ્રમતી રાણીથી ગૌરી નામની પુત્રી ઉત્પન્ન થઈ હતી. તેના પિતાએ રાજીખુશીથી પ્રધાન પુરુષો મોકલાવી કૃષ્ણ સાથે પરણાવી હતી.

## ૩૫. ગંધારી

ગંધાર દેશની પુષ્કળાવતી નગરીના ન્યગ્ગતિ રાજાની મરુમતી રાણીને ગંધારી

પુત્રી હતી અમે વિશ્વસેન પુત્ર હતો. તેના ભાઈની સમ્મતિથી બળભદ્ર સાથે જઈને કૃષ્ણ તેને દ્વારકા લાવીને પરણ્યા હતા.

### ૩૬. લક્ષ્મણા

સિંહલ દ્વિપના હિરણ્યસેન રાજાની સુકુમાળા રાણીથી લક્ષ્મણા કન્યા અને દ્રુમસેન જન્મ્યા હતા. કૃષ્ણે દૂત મોકલીને તેની માગણી કરી, પરંતુ તેનો ભાઈ તેને દક્ષિણ સમુદ્ર તરફ લઈ જઈ રક્ષણ કરતો હતો. બળભદ્ર અને કૃષ્ણે ત્યાં જઈ તેની સાથે યુક્તિ કરી, લાવીને કૃષ્ણ લક્ષ્મણાને પરણ્યા.

### ૩૭. સુસીમા

સુરપુરી નગરીના રાષ્ટ્રવર્ધન રાજાની વિનયવતી રાણીથી નમુચિ પુત્ર અને સુસીમા પુત્રી જન્મ્યાં હતાં. તે ભાઈ-બહેન પ્રભાસ તીર્થમાં સ્નાન કરવા ગયાં. તેની કૃષ્ણને જાણ થતાં નમુચિ સાથે લડાઈ કરી સુસીમાને પરણ્યા.

### ૩૮. જંબૂવતી

ગગનનંદન નગરના જંબૂવત વિદ્યાધર રાજાની શ્રીમતી રાણીથી દુષ્પ્રસહકુમાર અને જંબૂવતી કન્યા જન્મ્યાં હતાં. ચારણ મુનિએ કહ્યું કે, "આ કન્યા ભરતાર્ધના સ્વામિની ગૃહિણી થશે." એ ઉપરથી તેના પિતા ગંગાકિનારે રહ્યા. જંબૂવતી ગંગામાં સ્નાન કરે છે તેની કૃષ્ણને જાણ થઈ. અનાધૃષ્ટ સાથે આવીને લડાઈ કરી. પરંતુ પછી કૃષ્ણની ઓળખાણ આપવાથી તેની સાથે પરણાવી. દુષ્પ્રસહ પણ બહેન પાસે દ્વારકા આવીને બહેનને મોટો દાઈજો આપી ગયો.

### ૩૯. સત્યભામા

આ મથુરાના ઉગ્રસેન રાજાની પુત્રી અને રાજુલની મોટી બહેન હતી અને કૃષ્ણ તેને પરણ્યા હતા.

### ૪૦. રુકિમણી

વિદર્ભદેશમાં કુંડિનપુર નગરના ભેષ્ક રાજાની વિદ્યુન્મતી રાણીથી જન્મેલા રુકિમકુમાર અને રુકિમણી કન્યા હતાં. એ વાતની કૃષ્ણને નારદે ખબર આપી અને એ જ રીતે રુકિમણીને કૃષ્ણના ગુણો સંભળાવ્યા. બન્નેયને પરસ્પર અનુરાગી કર્યા. પરંતુ રુકિમણીનું શિશુપાળના દમઘોષ સાથે સગપણ કર્યું. રુકિમણીની ફઈએ કહ્યું કે, "રુકિમણી! બાળપણમાં અતિમુક્તક મુનિએ કહ્યું કે, "રુકિમણી વાસુદેવની મુખ્ય પટ્ટરાણી થશે તે યાદ છે કે? તું ડરીશ નહિ. કૃષ્ણ વાસુદેવ શિશુપાળ અને જરાસંધને

પણ મારશે એવી વાત ચાલે છે અને તને પરણશે, કહે તો બોલાવું ?'' ''ફઈબા ! તમે મારાં હિતસ્વી છો ! તમને ઠીક પડે તેમ કરો.'' કૃષ્ણને કાગળ લખી દ્વારકાથી તેડાવ્યા અને નાગમંદિરમાં પૂજા નિમિત્તે મળવાનો સંકેત ગોઠવ્યો. કૃષ્ણે આવી નાગમંદિરમાંથી રુકિમણીનું હરણ કરી નાગમંદિરના ગભરાયેલા રક્ષકોને જ રુકિમ-કુમારને સમાચાર આપવા મોકલ્યા. રુકિમ લડવા આવ્યો. રુકિમના પરાક્રમથી ભય પામતી રુકિમણીને પોતાના બળની-વજ્ર જેવો હીરો ચપટીમાં ચોળીને અને સાત ઝપાટે વીંધી નાંખીને-કૃષ્ણે ખાત્રી કરાવી. પોતે રુકિમણી સહિત એક બાજુએ રહી બળભદ્રને રુકિમ સામે લડવા ઊભા રાખ્યા. રુકિમણીની વિજ્ઞપ્તિથી રુકિમને અભય આપી લડતાં તેને હરાવ્યો; અને ડાબા હાથનો અંગુઠો કાપ્યો. તે લડતો બંધ પડયો. પરંતુ બહેનને પાછી લાવ્યા વિના શહેરમાં પ્રવેશ ન કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી બીજું ભોજકૃત નામનું નગર વસાવ્યું. રુકિમણીને આ બાબતની ખબર કરવામાં આવી. આગળ ચાલીને દ્વારકામાં જતાં પહેલાં સારી ભૂમિમાં કૃષ્ણ રહ્યા અને ત્યાં વિવાહ કરવાનો વિચાર રાખ્યો. સિદ્ધાર્થ સારથિને આજ્ઞા આપી. પરંતુ નગરવાસીઓના આવ્યા પહેલાં યક્ષોએ આવીને વિવાહ મહોત્સવ પૂરો કર્યો. ત્યાં એક મંદિરમાંથી લક્ષ્મીદેવીની મૂર્તિને ઠેકાણે રુકિમણીની મૂર્તિ બેસાડી અને તેને પટરાણી કરવાનું વચન આપ્યું. મૂર્તિથી સૌ વિસ્મય પામ્યા. છેવટે દ્વારિકામાં જઈ વડીલોની સમ્મતિ મેળવી રુકિમણીને પોતાના ભવનથી વાયવ્ય દિશાના મહેલમાં રાખી. એવામાં સત્યભામાએ નવવધૂને જોવા માગણી કરી એટલે કૃષ્ણે ''લક્ષ્મીના ઉદ્યાનમાં મૂકી આવ્યો છું'' એમ કહ્યું. એટલે પરિવાર સહિત સત્યભામા ત્યાં ગયાં અને લક્ષ્મીને બદલે ગોઠવેલી રુકિમણીને લક્ષ્મી સમજીને તેને પ્રણામ કર્યા ને સર્વ સ્ત્રીઓ કરતાં વધારે સૌભાગ્ય માગ્યું. રુકિમણીએ ''તથાસ્તુ'' કહ્યું. તેવામાં કૃષ્ણે બધો ભેદ ભાંગ્યો અને સત્યભામાને ખોટું લાગ્યું. એમ ચાલ્યા કર્યું. પ્રદ્યુમ્ન ચરિત્રમાં વિશેષ હકીકત જોવી. અનુક્રમે રુકિમણી વિગેરે પટ્ટરાણીઓએ શ્રી નેમિશ્વર પ્રભુ પાસે ધર્મ સાંભળી દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કર્યો.

**૪૧. ૪૨. ૪૩. ૪૪. ૪૫. ૪૬. ૪૭**

યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, રેણુ,-સ્થૂલિભદ્રની આ સાત બહેનો હતી. તેઓને અનુક્રમે એક વાર, બે વાર ત્રણ વાર, એમ સાત વાર સાંભળ-વાથી જે સાંભળે, તે યાદ રહી જતું હતું. પર્યુષણા પર્વમાં પોતાના ભાઈ શ્રીયક મુનિને સમજાવીને ઉપવાસનું પ્રત્યાખ્યાન કરાવવાથી તેનું મૃત્યુ થતાં ખેદ થવાથી કાઉસ્સગ્ગ કરી શાસનદેવની આરાધના કરી. શ્રી સીમંધર સ્વામી પાસે જઈ, શ્રીયકના મરણનો ખુલાસો મેળવી આશ્વાસન મેળવ્યું હતું. તે વખતે પરમાત્માએ ચાર ચૂલિકાઓ આપી હતી. તે આવીને શ્રી સંઘને અર્પણ કરી. સંઘના અગ્રણી પુરુષોએ બે

દશવૈકાલિકને અંતે અને બે આચારાંગને અંતે સ્થાપી સ્થૂલભદ્ર મુનિને વંદન કરવા તે સાતેય બહેનોએ આચાર્ય મહારાજની આજ્ઞા માગી; ત્યાં ગયા ત્યાં સિંહ જોવાથી પાછા આવ્યા. આચાર્યશ્રીએ ફરીથી મોકલ્યા; ત્યારે મૂળ સ્વરૂપમાં સ્થૂલિભદ્ર મુનિને વંદન કરી પાછા વળ્યા વિગેરે હકીકત શ્રી સ્થૂલભદ્ર સ્વામીના ચરિત્રમાંથી જોઈ લેવી.

અનુક્રમે તપશ્ચર્યા કરી સાતેય બહેનો આરાધક થઈ સ્વર્ગમાં ગઈ.

## (૧) શીયળવતી

જંબૂદ્વીપના દક્ષિણ ભરતખંડમાં નંદપુર નગરના અમર્દન રાજાના રાજ્યમાં રત્નાકર નામના શેઠની શ્રી નામની પત્નીથી અજિતસેન નામનો પુત્ર અજિતબાળા નામની દેવીની આરાધનાથી જન્મ્યો હતો. તે મંગળપુરીના જિનદત્ત શેઠની શીયળવતી પુત્રીને પરણ્યો હતો. એક દિવસે રાતનાં ઊઠીને શિયાળનો શબ્દ સાંભળી શીયળવતી ઘડો લઈ નદીએ ગઈ ને થોડી વારે પછી આવી. ઘડો બાજુએ મૂકી સૂઈ ગઈ. સસરો આ જોઈ શંકાશીલ થયો. પોતાની પત્નીને તથા પુત્રને પણ ટૂંકમાં આ વાત સમજાવી. તેના પિતાને ઘેરથી શીયળવતીને બોલાવવાના સમાચારનું બહાનું બતાવીને રથમાં બેસાડી આગળ ચાલ્યા. રસ્તામાં નદી આવી ને પગમાંથી પગરક્ષક ઉતારીને ઉતરવાનું કહ્યું. પણ શીયળવતી તે સહિત ઊતરી. શેઠે વિચાર્યું કે, "કેવી વિવેક વગરની છે ? આવી વહુને શું કરે ?" આગળ ચાલતાં ચાલતાં મગનું ક્ષેત્ર આવ્યું. શેઠે કહ્યું, "વાહ ! ખેતરવાળો ન્યાલ થઈ જશે." વહુએ કહ્યું, "કોઈ ખાઈ જશે નહીં તો, નહીંતર નહીં." "અરે આ વહુ તો અવળચંડી પણ લાગે છે." આગળ ચાલતાં સમૃદ્ધ શહેર આવ્યું, ત્યારે સસરાએ કહ્યું:–"બહુ સરસ નગર." વહુએ કહ્યું કે, "ઉજ્જડ હોત તો વધારે સારું થાત." સસરાએ વિચાર્યું કે, "આ તો મશ્કરીખોર છે." આગળ ચાલતાં એક શસ્ત્ર–પ્રહારોથી પડેલા સુભટને જોઈ તેના પરાક્રમના સસરાએ વખાણ કર્યા. વહુએ કહ્યું, "એ તો બાયલો ને બીકણ છે." આગળ એક વડ આવ્યો. શેઠ તેની નીચે બેઠા. પણ વહુ તો દૂર જઈને બેઠી. આગળ જતાં વળી સુંદર શહેર આવ્યું. તેના શેઠે વખાણ કર્યાં, ત્યારે વહુએ કહ્યું કે, "એ તો ઉજ્જડ ગામડું છે." આગળ ચાલતાં એક ગામડું આવ્યું. શેઠે વિચાર્યું કે, "હું જે કહીશ તેથી આ વિપરીત બોલશે,' એમ વિચારે છે, તેવામાં શીયળવતીને તેના મામા જમવાને નોતરું દઈ તેમને પોતાને ઘેર તેડી ગયો. જમાડયા, ને રહેવા આગ્રહ કર્યો; પણ શેઠ ન રહ્યા, એટલે કરંબાનું ભાતું આપ્યું. આગળ ચાલતાં એક ઝાડ નીચે શેઠ સૂતા ને વહુ કરંબો ખાવા લાગી એટલે એક કાગડો બોલવા લાગ્યો. ત્યારે વહુએ કહ્યું કે, "હું તારી વાત સમજું છું. પણ એકના કહેવાથી મારે પતિ-વિયોગ થયો છે. ને વળી બીજાનું કહ્યું કરું તો માતા–પિતાનો પણ સંયોગ થાય કે

કેમ?" આ સાંભળી આશ્ચર્ય પામી શેઠે પૂછયું: "વહુ! એમ કેમ બોલી છો?" વહુ– "સાચું કહું તો નુકસાન થાય છે. ફળ ખાતર માણસો વનસ્પતિ ખૂંદે છે. મોરની કલગી ખાતર મોરને મારે છે. હું બાલ્યકાળમાં ભાઈઓના આગ્રહથી પશુની ભાષા શીખી, તેનું મારે આજે ફળ ભોગવવું પડે છે." સસરાએ ક્ષમા માંગી, ત્યારે શીયળવતીએ ખુલાસો કર્યો કે, "હું શિયાળનો શબ્દ સાંભળી ઘડો લઈ નદીએ ગઈ. તેનું કારણ એ હતું કે, "શિયાળે એ સૂચના કરી કે, ઘરેણાંથી લદબદતું મડદું તણાય છે." એ સાંભળી દાગીનાનો ઘડો હું ભરી આવી." અત્યારે આ કાગડો કરંબો માંગે છે, ને કહે છે કે, "અરીઠાના ઝાડ નીચે દશ લાખ સોનૈયા છે." પણ મેં કહ્યું કે, "એ વાત કરીને હું અનર્થ પામું." સસરાએ ખાત્રી કરવા ખોદી જોયું. સોનૈયા નીકળ્યા, કાગડાને કરંબો આપ્યો. શેઠ તો વહુનાં વખાણ કરવા લાગ્યા. ને દ્રવ્ય ભરી પાછા વળતાં વહુને પૂછયું. "આ શહેરને તમે ઉજ્જડ કેમ કહ્યું?" વહુ – "ત્યાં આપણું કોઈ સગું નહીં! એટલે શા કામનું?" શેઠ–"ઉજ્જડ ગામને વસતિવાળું કેમ કહ્યું?" વહુ – "ત્યાં મારા મામાનું ઘર હતું. આપણો સત્કાર થયો, માટે." શેઠ–"વડની છાયાથી દૂર કેમ બેઠાં હતાં?" વહુ – "વડ ઉપરનો કાગડો સ્ત્રી ઉપર ચરકે તો છ માસમાં પતિને અનર્થ થાય; તેમજ તેના થડ પાસે સર્પાદિનો સંભવ હોય છે, માટે." શેઠ– "પેલા સુભટને કાયર કેમ કહ્યો?" વહુ – "તેણે ઘા પીઠ ઉપર ખાધા હતા માટે." શેઠ–"મગના ક્ષેત્ર માટે કેમ વિપરીત બોલ્યાં હતાં?" વહુ–"લેણદારો લઈ ન જાય તો તે તાલેવાન થાય, નહીંતર ગરીબ જ રહે. દેણું કરી ખેડૂતો પહેલેથી જ ખેતી ખાઈ જાય છે," શેઠ "તમે વહેતી નદીમાં મોજડી સહિત કેમ ઊતર્યા?" વહુ–"નદીમાં કાંટા કાંકરા ભર્યા હોય, તે મારા કોમળ પગમાં વાગી બેસે, તો મારે હેરાન થવું પડે, માટે." શેઠે ઘેર આવી, સંતોષ પામી, તેને ઘરની તમામ સત્તા સોંપી.

સાસુ–સસરા સ્વર્ગમાં ગયા, તેવામાં પાંચસોમો મંત્રી રાખવા રાજાએ પરીક્ષા કરવા સભામાં એક પ્રશ્ન પૂછયો કે, "મને પાટુ મારે તેને શું આપવું?" દરેકે દંડ કરવાની વાત કરી, પરંતુ શીયળવતીના સાંભળવામાં આવતાં "તેને નૂપુર આપવા," એમ અજિતસેને કહ્યું એટલે રાજાએ તેને મંત્રી નીમ્યો. રાજા સિંહસેનને જીતવા અજિતસેન સાથે લઈ જવાના હતા, ત્યારે અજિતસેનને એકલી પત્નીની ચિંતા થવા લાગી. ત્યારે શીયળવતી-એ, એક માળા ગળામાં પહેરાવીને કહ્યું કે, "આ માળા ન કરમાય ત્યાં સુધી મારું શિયળ અખંડ સમજવું." રસ્તામાં પુષ્પનગરની અટવીમાં આ માળા તાજી જોઈને રાજાને આશ્ચર્ય થયું ને ખુલાસો જાણી લીધો. આ સાંભળી રાજાની અનુમતિ લઈ, તેના ચાર મિત્રો, અશોક, રતિકેલી, કામાંકુર અને લલિતાંગ, એ ચારેય શીયળવતીની પરીક્ષા કરવા ગયા. પરંતુ તે દરેકને બોલાવી, તેનું ધન લઈ મહિનાના આંતરે આવેલાને

એક ખાડામાં પાડી નાખ્યા અને તેમને સરવાળામાં અડધું ખાવાપીવાનું મળતું હતું, ત્યાં જ ઝાડો પેશાબ કરતા, તેથી નારકીના જેવું દુઃખ અનુભવતા. તેઓ કરગરવા લાગ્યા, તેવામાં અજિતસેન આવવાથી, તેને બધી વાત કહી. રાજાને જમવાનું નોતરું આપ્યું. રાજા જમવા આવ્યા, પણ ગુપ્ત રાખેલી રસોઈ તે જોઈ શકયો નહીં, ત્યારે પૂછયું, એટલે અજિતસેને કહ્યું કે, "અમારા ઘરમાં ચાર યક્ષો છે. તે બધું ઝપાટાબંધ પૂરું પાડશે." એમ કહી રાજાને જમાડયા. રાજાએ કહ્યું કે, એ યક્ષો આપણી પાસે હોય, તો પ્રયાણમાં મુશ્કેલ ન પડે. મંત્રીએ કહ્યું : મારી સ્ત્રીને પૂછીને તમને અપાવીશ. શીયળવતીએ કહ્યું કે, હું કહું તેમ નહીં કરો, તો મરી જશો. તેઓ કબૂલ થયા જ હતા. પેટીમાં પૂરી રાજાને સોંપ્યા અને બીજા પ્રયાણ સુધી ખોલવું જ નહીં, એવી ભલામણ કરી. બીજે પ્રયાણે રાજાએ પેટી ઉઘાડી રસોઈ માંગી. ત્યારે ચારે દુઃખીયાઓ બોલી ઊઠયા, કે અમો જ ભૂખ્યા છીએ. તમોને રસોઈ કયાંથી આપીએ? રાજાએ ઓળખ્યા અને શીયળવતીનો મહિમા સાંભળી પાછા આવી તેને બહેન ઠરાવી બહુમાન કર્યું. લક્ષ્મીધર અને ચંદ્રસેન નામના જૈન ધર્મમાં રાગી, બે પુત્રો શીયળવતીને થયા. એક વખત દમઘોષ આચાર્ય મહારાજે કહ્યું કે, કુસુમપુરમાં સુલસ શ્રાવકની સુયશા સ્ત્રીની દુર્ગિલા દાસીએ પોતાની શેઠાણીને જ્ઞાનપંચમીની આરાધના કરતી જોઈ. સાધ્વીજી પાસેથી શીળવ્રતને પાળવાની તેમજ આઠમ અને ચૌદશને ખાસ પાળવાનો નિયમ લીધો. તે સાંભળી તેના પતિએ પણ નિયમ રાખ્યો. બન્નેય મરીને તમે અજિતસેન અને શીયળવતી થયાં છો." આ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું અને વ્રત લઈ પાંચમે દેવલોક ગયાં. ત્યાંથી આવી મનુષ્ય થઈ મોક્ષમાં જશે.

નંદયંતી—પોતનપુરમાં નરવિક્રમના રાજ્યમાં સાગરપોત શેઠની, શ્રી નામની પત્નીથી જન્મેલો સમુદ્રદત્ત નામનો પુત્ર, સોપાનપુરના નાગદત્ત શેઠની નંદયંતી પુત્રી સાથે પરણેલો હતો. પિતાની આજ્ઞાથી રાત્રે ગુપ્ત રીતે પરદેશ જતાં સમુદ્રદત્ત સ્ત્રીની રીતભાત જાણવા ગુપ્ત રહ્યો, પરંતુ નંદયંતીએ જાગીને પતિવિયોગથી ફાંસો ખાવાની તૈયારી કરી, તે જોઈ સમુદ્રદત્ત પત્નીને મળ્યો, અને રજા લઈ સમુદ્રમાર્ગે વિદેશ ચાલ્યો ગયો. અહીં નંદયંતીનો ગર્ભ ત્રણ માસનો થયો, સાસુ-સસરાએ નિષ્કરુણ નામના સેવક સાથે વનમાં મોકલી દીધી. રુદન કરતાં ત્યાં આવી ચડેલો ભૃગુકચ્છ (ભરૂચ)નો પદ્મરાજા બહેન કરીને પોતાને ત્યાં લઈ ગયો, ત્યાં તેને પુત્ર જન્મ્યો. વખત જતાં સમુદ્રદત્ત ઘેર આવ્યો, માતાપિતાને પોતાની પત્ની નિર્દોષ હોવાની ખાત્રી આપી, અને સેવકો તથા પોતે ભાળ માટે બહાર નીકળી અનુક્રમે ભરૂચમાં પહોંચ્યા. દાનશાળા બદલાવેલા વેશવાળી સ્ત્રી તને નંદયંતી જેવી જણાઈ, તેની પરિક્ષા કરવા, તેની પાસે સમજાવવા, બીજી સ્ત્રીને દૂતી તરીકે પોતાની પત્ની થવા મોકલી, અને તે સમજાવવા લાગી,

પછીથી નંદયંતીએ સમુદ્રદત્ત સિવાય અન્યની વાત સાંભળવાની સ્પષ્ટ ના પાડી, તેથી મૂળવેશમાં બન્નેય મળ્યા અને માતા–પિતાને જઈને મળ્યા.

એક વખતે તે નગરે પધારેલા કેવળજ્ઞાની ભગવંતને નંદયંતીએ પોતાના વનવાસનું કારણ પૂછ્યું. ત્યારે પ્રભુએ કહ્યું કે–"ચંદ્રપુરના મુકુંદ બ્રાહ્મણને શ્રીમતી નામની સ્રી હતી. પર્વોત્સવમાં વ્હોરવા પધારેલા મુનિરાજની તેણે મશ્કરી કરેલી, અને તેના સાસુ–સસરા પણ તેમાં સામેલ હતા, તે મુકુંદનો જીવ સમુદ્રદત્ત અને શ્રીમતીનો જીવ તું–નંદયંતી. મુનિરાજના ઉપહાસથી તને પતિ વિયોગ થયો." પછી નંદયંતી વિશેષ વિશેષ ધર્મારાધન કરવા લાગી. આયુ ક્ષયે પહેલા દેવલોકમાં ગઈ, અને અનુક્રમે ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે.

**રોહિણી**–આપણે ત્યાં રોહિણીનો તપ કરવાનો રિવાજ ચાલુ છે. આજે પણ અનેક શ્રાવિકા બહેનો રોહિણી તપ કરે છે. તે તપ સાથે જોડાયેલી રોહિણી–સતીની કથા જાણવી ખાસ ઉપયોગી છે, તે આ કથાથી સમજાશે.

પાટલીપુત્ર નગરમાં નંદ રાજાના રાજ્ય કાળમાં ધનવાહ શેઠને રોહિણી નામની પત્ની હતી. શેઠ પરદેશ ગયા. બહાર જતાં રાજાએ ગોખમાં બેઠેલી રોહિણીને દીઠી. તેને મેળવવા ભેટણા દૂતી મોકલી. રોહિણીએ શિયળ બચાવવાનો નિશ્ચય કરી રાજાને આવવા આમંત્રણ દીધું. તેને રસોઇ તથા ફળો ખવરાવ્યા, અને જ્યારે તેને ઉંઘ આવવા લાગી અને ઉંઘે, જાગે, એવી સ્થિતિમાં રસોઈની સરસતા અને વિરસતાનો ખુલાસો સતીને પૂછ્યો. એટલે રાજાને સ્રીઓની સરસતા અને વિરસતા વિષે બોધ આપ્યો. રાજાએ ક્ષમા માગી, શિયળની પ્રસંશા કરી, બ્હેન કહીને સ્વસ્થાને ગયો. શેઠ આવ્યા, દાસી પાસેથી રાજા આવ્યાની વાત સાંભળી, શેઠને શંકા થઈ, પરંતુ સાત દિવસ ધોધમાર વરસાદ વરસ્યો, અને શહેરમાં પાણી આવવાની તૈયારી થઈ, ત્યારે રાજાએ રોહિણીને બોલાવી પાણી રોકવા વિનંતી કરી. રોહિણી લાખો માણસોની મેદની વચ્ચે દરવાજા ઉપર ચઢી. નમસ્કાર મંત્રનું સ્મરણ કરી હાથમાં અંજલી લઈ જેવું "મારા શિયળનો પ્રભાવ હોય, તો પાણી પાછા વળો." એવું બોલી કે પાણી આગળ વધતું બંધ થયું. શિયળનો પ્રભાવ ગવાયો. શેઠની પણ શંકા ગઈ. રાજા તથા અંતઃપુર અને અનેક લોકોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

એક વખત ગુરૂ પાસે ધર્મ કથા શ્રવણ કરવા જતાં ગુરૂએ રોહિણીતપનો પ્રભાવ કહ્યો, અને રોહિણીના પૂછવાથી, તેનો વિધિ પણ કહ્યો, "શ્રી વાસુપૂજ્ય સ્વામિની પ્રતિમા આગળ રોહિણીનક્ષત્રમાં સાત વર્ષ અને સાત મહિના ઉપવાસ કરવા. એ પછી ઉજ-

મણું કરી, મોદક, પ્રમુખ વસ્તુઓ એકાણું-એકાણું પ્રભુ આગળ ધરવા. તપશ્ચર્યા સર્વ સંપત્તિનું મૂળ છે.'' આ સાંભળી રોહિણીએ મોક્ષ પ્રાપ્ત કરાવનાર એ તપ કર્યો અને પહેલે દેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે.

**રતિસુંદરી**–સાકેતપુરના કેસરી રાજાની કમળસુંદરી ને રતિસુંદરી પુત્રી હતી. પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રીના ઉપદેશથી સમ્યક્ત્વ સાથે શિયળવ્રતને અંગીકાર કર્યું. નંદન નગરના ચન્દ્રરાજા સાથે, રતિસુંદરીના લગ્ન કરવામાં આવ્યા. એક વખત કુરૂદેશના રાજા મહેન્દ્રસિંહે ચન્દ્રરાજાને દૂત મોકલીને કહેવરાવ્યું કે—"આપણા સંબંધને અંગે તમારી નવપરિણીતા રતિસુંદરીને અમને ભેટ તરીકે મોકલી આપજો."

ચન્દ્રરાજાએ જ્યારે પોતાની પત્નીને ન મોકલી એટલે બંને વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધમાં ચન્દ્રરાજાને કેદ પકડી, રતિસુંદરીને લઈ, પછી રાજાને છોડી મુકી, મહેન્દ્ર રાજા સ્વ નગરે ગયો. ત્યાં રાજાને શબ્દોથી અનુરાગ બતાવી ચાર માસ સુધી વાતચિત સિવાય કાંઈપણ સંબંધ ન રાખવાની માંગણી કરી. આયંબિલ તપની શરૂઆત કરી. ચાર માસને અંતે પણ શાસનદેવને પ્રાર્થના કરી. ગળત કોઢીયા જેવું રૂપ કરાવી. મહેન્દ્ર રાજાએ જ કંટાળીને તેને તેના પતિ પાસે મોકલી આપી. એટલે ત્યાં શાસનદેવના પ્રભાવથી તેનું દિવ્યરૂપ થયું અને બન્નેય પ્રીતિથી રહેવા લાગ્યા. રતિસુંદરી અનુક્રમે આયુક્ષયને અંતે સ્વર્ગમાં ગઈ. ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે.

**શ્રીમતી**–રાજપુરી નગરીના જયરથ રાજાના રાજ્યમાં ધનદત શેઠને ધનશ્રી પત્નીથી સાત પુત્રો પછી શ્રીમતી નામની પુત્રી જન્મી હતી.

શત્રુમર્દન પલ્લિપતિએ ધાડ પાડવાથી, તેની ધાવમાતા પારણાસહિત બાળિકાને લઈને વનમાં ગઈ. તરસ લાગવાથી ધાવ પાણી શોધવા જતાં ત્યાં વડના ઝાડે બાંધેલા પારણામાં પક્ષીરૂપે વનદેવતાને તેના હાલરડા ગાતાં જોઈ નોકરોના કહેવાથી રત્નપુરનાં રત્નશેખર રાજાના રાજ્યના જિનદત્ત નામના શેઠે તેને લઈ જઈ પોતાની નવ–પુત્રની માતા–પત્નીને એ બાળા સોંપી પોતાને નગરે ગયો.

એક વખત શ્રીમતીના નુપૂરનો અવાજ સાંભળી રસ્તે જતો તે નગરનો રાજા પાછો વળી શેઠને મળ્યો અને રણત્કારનું કારણ પૂછતાં શ્રીમતીની દેવસાનિધ્યવાળી હકીકત જાણી "પુત્રી" કહી આવાસે ગયો. શ્રીમતીનું લગ્ન સુમતિ શેઠના મદનપુત્રની સાથે કર-કરવામાં આવ્યું "સુશૃંગારા." એવું શ્રીમતીનું બિરૂદ સાંભળી સુમતિ શેઠે રાતમાં તેની પેટી ઉઘાડી તેમાંના દરેક અલંકારો પાણીના કુંડમાં મૂકી આવ્યા. શ્રીમતીએ પેટી ખાલી જોઈ, પરંતુ મચ્છીમારે રાજાને મત્સ્યના પેટમાંથી નીકળેલા દાગીના સોંપ્યા. રાજાએ

જાણ્યું કે-"દેવવાણી ઉપર અશ્રદ્ધા થવાથી સુમતિ શેઠે શ્રીમતીની પરીક્ષા માટે આમ કર્યું જણાય છે." શેઠને બોલાવીને ઠપકો આપ્યો.

શ્રીમતીના પ્રભાવથી મદનનું ખૂન કરવા આવેલા બીજાનું ખૂન કરી ગયા. વિદેશ-યાત્રામાં વહાણ ભાંગતાં પાટીયું હાથ આવતાં મદન બચી ગયો. શ્રીમતીને ઘણા પુત્રો થયા, અને તે દરેક જીવતા રહ્યા હતા. તેની પેલી ધાવમાતા પણ તેને મળી ગઈ.

શ્રીમતીએ ચાર જ્ઞાનના ધણી આચાર્ય મહારાજને પોતાના પૂર્વ ભવનો વૃતાંત પૂછયો. જ્ઞાની ભગવંતે કહ્યું કે-"ગર્જના નગરના જ્વલંત બ્રાહ્મણની રેવતી પત્નીને આઠ પુત્રીઓ થઈ, તેને મુશ્કેલીએ પરણાવી. તેવામાં નવમી અનામિકા પુત્રી થઈ, તેને પણ એક માણવક ભિક્ષુક સાથે પરણાવી. માણવક દેશાંતરમાં ભમીને વહુ સહિત માતા પાસે આવ્યો. માતાના મરણ બાદ મૃતકાર્ય કરવાથી તે પાછો તદ્દન દરિદ્ર થઈ ગયો અને એક ઘાસની ઝુંપડીમાં રહેતો હતો.

અનામિકા વિમળશ્રી સાધ્વીજીને મળીને તપ વિષે ઉપદેશ સાંભળીને અદુ:ખ દર્શન તપ કરવા લાગી. તેની વિધિ સાધ્વીજીએ આ પ્રમાણે કહી—

"ઉદ્યાપનમાં રૂપાનું પાલણું કરાવવું. સોનાની પુતળી કરાવવી, એની આગળ સાકર અને મોટા લાડુનો થાળ ધરવો. તે સર્વ આહાર મુનિરાજને વ્હોરાવવો." આ સાંભળી અનામિકાએ તપ કરી ઉજમણું કર્યું. ત્યાંથી મરીને અનામિકા શ્રીમતી થઈ છે."

આ વાત સાંભળીને શ્રીમતીને જાતિસ્મરણ જ્ઞાન થયું અને વિશેષ તપશ્ચર્યા કરવા લાગી. ઉદ્યાપન પણ કર્યું. અંતે સંયમ લઈ આયુ ક્ષયે દેવલોકમાં ગઈ, ત્યાંથી ચ્યવી રાજપુત્રી થઈ મોક્ષમાં ગઈ.

"જૈન શાસ્ત્રોક્ત-કથાઓ."

અમોએ ભરતેશ્વર બાહુબલી વૃત્તિને આધારે સંક્ષેપીને આ કથાઓ લખી છે. તેમજ નળ-દમયંતીની કથા શલાકા પુરૂષચરિત્રના નવમા પર્વમાં અને શ્રીકૃષ્ણની મહિષીઓની કથાઓ વસુદેવ હિંડીમાંથી સંક્ષેપ કરીને લેવામાં આવી છે.

આ કથાઓમાં કાળક્રમની અસરથી થયેલ કોઈ કોઈ પાઠ-ભેદ સિવાય લગભગ દરેક કથાઓ પ્રામાણિક જૈન ગ્રંથોક્ત કથાઓ છે. તેમાંની કેટલીક તો સર્વમાન્ય ઐતિહાસિક કથાઓ છે. જૈન શાસ્ત્રોમાં કથાનુયોગનું બીજા ત્રણ યોગ પ્રમાણે મહત્ત્વનું સ્થાન છે. મોક્ષની સિદ્ધિ માટે ચરણાનુયોગ પ્રધાન યોગ છે. પરંતુ ચરણાનુયોગનું આચરણ

કરનારા પાત્રોની જીજ્ઞાસા–શાંતિ અને વૈરાગ્યમાં સ્થિરતા માટે તત્ત્વજ્ઞાનનો બોધ દ્રવ્યાનુયોગ મારફત કરાવી શકાય છે. દ્રવ્યાનુયોગના વિચારમાં ગણિત વિના ચોકસાઈ સંભવે જ નહિ. એટલે ગણિતાનુયોગ જૈનશાસ્ત્રોનું પણ પ્રધાન અંગ છે, એટલે જૈનોનો દ્રવ્યાનુયોગ કલ્પિત નથી, પણ ગણિતના હિસાબ પ્રમાણે ગણિતના સિદ્ધાંતોથી ચોક્કસ સ્વરૂપમાં આપવામાં આવેલો છે અને તેવા દ્રવ્યાનુયોગમાંથી ફલિત થતો ચરણાનુયોગ મોક્ષનું પરમ અંગ છે એમ બતાવેલ છે. ચરણાનુયોગમાં સ્થિર રાખવા માટે માર્ગમાં ચાલવાથી લાભ દર્શાવનારી અને તેથી વિપરીત ચાલવાથી નુકસાન દર્શાવનારી કથાઓ ખાસ ઉપયોગી હોવાથી, અનેક પ્રકારની કથાઓ જૈનશાસ્ત્રોમાં કહેવામાં આવી છે. એટલે કથાનુયોગ પણ જૈનશાસ્ત્રોનું એક પ્રધાન અંગ છે. ચારે ય અનુયોગનું ફળ મોક્ષ છે. મોક્ષમાર્ગમાં જીવોને પ્રવર્તાવવાના ઉદ્દેશથી ચારે ય અનુયોગમય જૈનશાસ્ત્રોની રચના કરવામાં આવી છે.

કથાઓ ઘણી ખરી આગમોક્ત છે. વર્તમાનકાળે વિદ્યમાન આગમોમાં જે કથાઓ નથી મળી શકતી તે કથાઓના આગમિક ભાગો લુપ્ત થયા છે. બીજા કથાગ્રંથોમાં જે કથાઓ મળે છે, તેનું પણ મૂળ તો શ્રી આગમ જ છે. જૈનશાસ્ત્રોનો ઇતિહાસ જોતાં બારમા દષ્ટિવાદમાં અંતર્ગત પઢમાનુયોગમાંથી ઘણી કથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. શ્રી હરિભદ્ર સૂરિકૃત આવશ્યક શિષ્યહિતાવૃત્તિ વગેરે ગ્રંથોમાં પઢમાનુયોગના કેટલાક ફકરા ઉદ્ધૃત કરેલા આપણે જોઈ શકીએ છીએ. પૂર્વજન્મ વિષે નિઃસંદેહ અભિપ્રાય ધરાવનારાઓને આ કથાઓમાં કશું અસંભવિત જણાતું નથી. આ કથાઓમાં કશું અસંભવિત જણાતું નથી. આ કથાઓમાં પૂર્વજન્મની અસરોનું પરિણામ ઘણી સુંદર રીતે જાણી શકાય છે. આપણું આ ચાલુ જીવન અકસ્માત્ રૂપ ન હોય, પરંતુ કોઈપણ કારણનું કાર્ય હોય, તો પુનર્જન્મ સિદ્ધ થઈ જાય છે અને પુનર્જન્મ સિદ્ધ થઈ જાય, તો કર્મની વિચિત્ર અસર વિષે શંકા રાખવાને કશું કારણ જ રહેતું નથી.

આ કથાઓમાં ઘણી ચોકસાઈ હોય છે, તેમજ પૂર્વાપરના સંબંધો વિષે પણ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હોય છે. નળ–દમયંતી, વસુદેવ અને કનકવતીના સંબંધો કેવી ખૂબીથી કાળક્રમના બનાવો સાથે મળી જાય છે? તે તરફ ખાસ ધ્યાન આપવા જેવું છે.

કેટલાક જૈનેતર લેખકો અન્ય સાહિત્ય સાથે મળતી આવતી આપણી કથાઓ જોઈ જૈન કથાઓને વૈદિક સાહિત્યમાંથી ઉતારેલી કહી, તે કથાઓના જૈનપણામાં સંદેહ ઉત્પન્ન કરે છે.

પરંતુ એ માન્યતા ભૂલભરેલી છે. રામાયણ–મહાભારતને મળતી કેટલી કથાઓ કેટલીક બાબતમાં મળતી આવે છે, તેમ ઘણી રીતે જુદી પણ પડે છે, એટલું જ નહિ, પરંતુ વૈદિક સાહિત્યમાં આપેલી હકીકતો વિસ્તૃત રૂપમાં આપણને જૈનસાહિત્યમાં મળે છે.

દ્રૌપદીહરણ–સીતાના ભાઈ ભામંડળ વગેરેના સંબંધમાં જે વિશેષ હકીકતો જૈનકથાઓમાં મળે છે તે વૈદિક સાહિત્યમાં જોવામાં આવતી નથી. વળી કથાઓ જો કલ્લીને પાછળથી કોઈએ બનાવી હોય, તો જ્ઞાતાધર્મ કથા જેવા આગમોમાં તે આપવામાં આવેલી છે, તેને કલ્પિત કેમ ગણી શકાય ? અલબત, કથાઓ કોઈ ઠેકાણે સંક્ષેપમાં, તો કોઈ ઠેકાણે વિસ્તારથી હોય છે, એટલે તેમાંની કેટલીક હકીકત છોડી દેવામાં આવી હોય, કેટલીક ઉપદેશક ભાગ પૂરતી લંબાવવામાં આવી હોય, કેટલોક ભાગ જાણવા જેવી હકીકતના કારણે લંબાયો હોય વગેરે અનેક કારણોથી એક સરખા સ્વરૂપમાં જોવામાં ન આવે, એ સ્વભાવિક છે.

ઉપદેશ માટે કેટલીક કલ્પિત કથાઓ પણ હોય છે. પરંતુ દરેક કથાઓ કલ્પિત હોતી નથી, કલ્પિત કથાનું પણ સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું હોય છે. તે સ્વરૂપ પ્રમાણે ન હોય, તેવી ઘણી બનેલી કથાઓને પણ કલ્પિત કહેવાની હિંમત કરવી તે અજ્ઞાનતા અથવા એક જાતનો ઘમંડ છે, અને ઉછરતી પ્રજાના માનસને પોતપોતાના ધર્મ ઉપરની શ્રદ્ધામાંથી ચલિત કરવાનો પણ સ્વરાષ્ટ્રીય હેતુ હોવાનું જણાઈ આવે છે, એવા લેખકોની વાત તરફ લક્ષ્ય ન આપતાં ઉપેક્ષા જ કરવી જોઈએ.

તીર્થંકરો જેવાઓની કથાઓને તદ્દન કલ્પિત કહેવામાં એ લોકો એવી દલીલો આગળ કરે છે કે–"તે કથાઓ માટે ઐતિહાસિક પૂરાવા મળી જ શકે, એ સંભવિત નથી." છતાં ઐતિહાસિક પૂરાવા વિનાના પણ ઘણા બનાવો સાચા હોવાના માનવા જ પડે છે. ઐતિહાસિક પૂરાવા કાળક્રમથી નાબુદ થયા હોય, એટલા ઉપરથી અમુક બનાવ બન્યો જ નથી, એમ માનવું ભૂલભરેલું છે. વળી પરદેશી લેખકો બુદ્ધિના તેવા પ્રકારના વલણને લીધે અને સ્વાર્થને લીધે એનું વલણ ધરાવે તે ઉપેક્ષ્ય છે. પરંતુ આ દેશના લોકો એવું વલણ ધરાવે, તે કેવળ મૂર્ખાઈ જ છે. દાખલા તરીકે પાંચ પેઢીથી આ ઘરમાં મારૂં કુટુંબ રહે છે. તે વાત હું જાણું છું, આજુ બાજુના માણસો જાણે છે તેનો લેખ ખોવાયો છે, બહારનો સત્તાધીશ માણસ એમ કહી શકે, કે–"લેખ બતાવો, તો તમારૂં ઘર માનું. નહીંતર ખાલી કરો." તે વખતે ઘરધણી પણ એમ માને કે–"મારી પાસે લેખ નથી, માટે રખેને આ ઘર મારૂં ન હોય." તો તે તેની ભૂલ જ ગણાય. બહારનો આગંતુક જો સ્વાર્થી હોય, તો આવા બ્હાનાથી લેખ વગરનાઓની માલિકી છોડાવીને જ્યારે તેનો કોઈ માલિક ન રહે, એટલે પોતે માલિક બની બેસે. પરંતુ એ વાત ઘરધણી કબુલ કરે, એ તેની કેટલી ભૂલ ગણાય ? આમ ઐતિહાસિક સત્યને બ્હાને ઘણી ખરી સાચી હકીકતોને પણ કબુલ કરવામાં આવતી નથી અને પોતાને જરૂર જણાય તો, ગમે તેવી ઉડતી–દંતકથા ટાંકીને પણ હકીકતોના મહેલ ચણવામાં આવે છે.

ઐતિહાસિક પૂરાવા વિના પણ આપણા જીવન આપણા જીવનનો ઐતિહાસિક પ્રવાહ, આપણા શાસ્ત્રોની નોંધો, અને આપણી પરંપરાની વાતો, એ સર્વ પણ એક જાતના ઐતિહાસિક પૂરાવા બરાબર જ હોય છે, સંસ્કાર સંપન્ન આ પ્રાચીન કાળની મહાન પ્રજાનું ઘડતર જ પોતાના મહાપુરૂષોનું અસ્તિત્વ કબુલ કરાવવાને બસ છે. એટલે આપણા હિતની ખરી વાત તો એ છે કે–આપણા શાસ્ત્રોમાં કહેલી કથાઓના સંબંધમાં શંકાશીલ ન થતાં, તેમાંથી મેળવવી જોઈતી જીવન વિકાસની પ્રેરણા અવશ્ય મેળવવી.

આચાર્યશ્રીવિજયદાનસૂરિશ્વરેભ્યો નમ: ॥
કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રાચાર્યવિરચિત

# શ્રી વીતરાગ–મહાદેવ–સ્તોત્ર

## ભાષાંતર સહિત

યઃ પરાત્મા પરં જ્યોતિઃ, પરમઃ પમેષ્ઠિનામ્ ।
આદિત્યવર્ણં તમસઃ, પરસ્તાદામનન્તિ યમ્ ॥૧॥

જે પરમાત્મા (સર્વ સંસારી જીવોથી શ્રેષ્ઠ સ્વરૂપવાળા) છે, કેવળજ્ઞાનમય છે, પંચપરમેષ્ઠીમાં પ્રધાન છે, તેમજ જે અજ્ઞાનની પેલે પાર ગયેલા અને સૂર્યના જેવા ઉદ્યોત કરવાવાળા છે એમ પંડિતજનો માને છે. ૧.

સર્વે યેનોદમૂલ્યન્ત, સમૂલાઃ ક્લેશપાદપાઃ ।
મૂર્ધ્ના યસ્મૈ નમસ્યન્તિ, સુરાસુરનરેશ્વરાઃ ॥૨॥

જેણે (સમસ્ત રાગદ્વેષાદિક) ક્લેશકારી વૃક્ષો મૂલ સહિત ઉખેડી નાંખ્યા છે અને જેને સુરપતિ, અસુરપતિ તથા નરપતિઓ મસ્તક વડે નમસ્કાર કરે છે. ૨.

પ્રાવર્ત્તન્ત યતો વિદ્યાઃ, પુરુષાર્થપ્રસાધિકાઃ ।
યસ્ય જ્ઞાનં ભવદ્ભાવિ–ભૂતભાવાવભાસકૃત્ ॥૩॥

જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થને સિદ્ધ કરનારી શબ્દવિદ્યાદિક ૧૪ વિદ્યાઓ પ્રવર્તી છે, અને જેનું જ્ઞાન અતીત, અનાગત અને વર્તમાન વસ્તુ માત્રને પ્રકાશ કરનારું છે. ૩.

યસ્મિન્વિજ્ઞાનમાનન્દં, બ્રહ્મ ચૈકાત્મતાં ગતમ્ ।
સ શ્રદ્ધેયઃ સ ચ ધ્યેયઃ, પ્રપદ્યે શરણં ચ તમ્ ॥૪॥

જેનામાં વિજ્ઞાન (કેવળજ્ઞાન), આનંદ, (અખંડ સુખ) અને બ્રહ્મ (પરમપદ) એ ત્રણે એકતાને પામેલા છે તે (સર્વજ્ઞ–વીતરાગ) શ્રદ્ધા કરવા યોગ્ય છે અને ધ્યાન કરવા યોગ્ય છે. તે પરમાત્માનું શરણ હું અંગીકાર કરું છું. ૪.

તેન સ્યાં નાથવાંસ્તસ્મૈ, સ્પૃહયેયં સમાહિતઃ ।
તતઃ કૃતાર્થો ભૂયાસં, ભવેયં તસ્ય કિઙ્કરઃ ॥૫॥

(સમસ્ત ક્લેશવર્જિત) એ પ્રભુથી હું સનાથ છું. (સુરાસુરવંદિત એ પ્રભુને જ) હું એક મનથી વાંછું છું. તેમનાથી જ હું કૃતકૃત્ય છું અને (ત્રિકાળવેદી એવા) તે પ્રભુનો જ હું કિંકર છું. ૫.

તત્ર સ્તોત્રેણ કુર્યાં ચ, પવિત્રાં સ્વાંસરસ્વતીમ્ ।
ઇદં હિ ભવકાન્તારે, જન્મિનાં જન્મનઃ ફલમ્ ॥૬॥

તે પ્રભુની સ્તુતિ–સ્તોત્ર કરવા વડે હું મ્હારી વાણીને પવિત્ર કરું છું, કારણ કે આ ભવ અટવીમાં પ્રાણીઓને જન્મ પામ્યાનું એ જ ફળ છે. ૬.

क्वाऽहं पशोरपि पशु–र्वीतरागस्तवः क्व च ?
उत्तितीर्षुररण्यानीं,

पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥७॥

પશુથી પણ પશુ જેવો હું ક્યાં ? અને (બૃહસ્પતિને પણ અશક્ય એવી) વીતરાગની સ્તુતિ ક્યાં ? તેથી પગ વડે મહાઅટવીને ઉલ્લંઘન કરવા ઇચ્છતા પાંગળા જેવો હું છું. (એટલે આ મ્હારું આચરણ, મહા સાહસરૂપ હોવાથી હસવા જેવું છે.) ७.

तथापि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यः स्खलन्नपि ।
विश्रृङ्खलापि वाग्वृत्तिः, श्रद्दधानस्य

शोभते ॥८॥

તો પણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું (પ્રભુની સ્તુતિ કરવામાં) સ્ખલના પામું તો પણ ઉપાલંભને યોગ્ય નથી, કેમકે શ્રદ્ધાળુની સંબંધ વગરની વચનરચના પણ શોભા પામે છે. (આથી મ્હારો પ્રસ્તુત પ્રયત્ન સફળ થશે.) ૮.

श्री हेमचन्द्रप्रभवा–द्वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः,प्राप्नोतु फलमीप्सितम् ॥९॥

શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા આ શ્રી વીતરાગસ્તોત્રથી કુમારપાળ ભૂપાળ ઇચ્છિત (શ્રદ્ધા વિશુદ્ધિ અને કર્મક્ષયરૂપ) ફળને પ્રાપ્ત કરો. ૯.

॥ इति प्रथम प्रकाशः ॥

★

## મૂળ ૪ અતિશય વર્ણનરૂપ બીજો પ્રકાશ.

प्रियङ्गुस्फटिकस्वर्ण–पद्मरागांजनप्रभः ।
प्रभो ! तवाधौतशुचिः,

कायः कमिव नाक्षिपेत् ? ॥१॥

હે પ્રભુ ! પ્રિયંગુવત્ (નીલ), સ્ફટિકવત્ (ઉજ્વળ,) સ્વર્ણવત્ (પીત), પદ્મરાગવત્ (રક્ત) અને અંજનવત્ (શ્યામ) વર્ણની કાંતિ સમાન અને ધોયા વિના જ સદા પવિત્ર થએલો આપનો દેહ, દેવ મનુષ્યાદિ કોને ચકિત નથી કરતો ? સર્વને કરે છે. ૧.

मन्दारदामवन्नित्य–मवासितसुगन्धिनि ।
तवाङ्गे भृङ्गतां यान्ति;

नेत्राणि सुरयोषिताम् ॥२॥

કલ્પવૃક્ષની માળાની જેમ સદા સ્વભાવથી જ સુગંધી યુક્ત આપના અંગ ઉપર દેવાંગનાના નેત્રો ભ્રમરપણાને પામે છે. ૨

दिव्यामृतरसास्वाद–पोषप्रतिहता इव ।
समाविशन्ति ते नाथ!,नाङ्गे रोगोरगव्रजाः ॥३॥

હે નાથ ! દિવ્ય અમૃતરસના આસ્વાદની પુષ્ટિથી જાણે પરાભવ પામેલા હોય તેમ કાસ શ્વાસાદિક રોગરૂપી સર્પનો સમૂહ આપના દેહમાં વ્યાપી શકતો નથી, (આપ સદા રોગ રહિત જ છો.) ૩.

त्वय्यादर्शतलालीन–प्रतिमाप्रतिरूपके ।
क्षरत्स्वेदविलीनत्व–कथाऽपि वपुषः कुतः? ॥४॥

આપ દર્પણની અંદર પ્રતિબિંબિત થયેલા રૂપની સમાન નિર્મળ હોવાથી આપનું શરીર ઝરતા પરસેવાથી વ્યાપ્ત થયું છે એવી કથા પણ ક્યાંથી હોય? ૪.

न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।
वपुःस्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ॥५॥

હે વીતરાગ ! કેવળ આપનું મન રાગ રહિત થયેલું છે એમ નથી, પરંતુ આપના શરીરમાં રહેલું રક્ત (રુધિર) દૂધની ધારા જેવું ધોળું છે, એટલે આપના રુધિરમાંથી પણ સ્વાભાવિક રાગ–રંગ–રતાશ જતી રહી છે. ૫.

जगद्विलक्षणं किं वा, तवान्यद्वक्तुमीश्महे ?।
यदविस्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ॥६॥

વળી જગતથી વિલક્ષણ એવું આપનું બીજું વર્ણન અમે શું કરી શકીએ ? કારણ કે હે પ્રભુ ! આપનું માંસ પણ દુર્ગંધ રહિત, (પરમ સુગંધિવાળું) દુગંચ્છા રહિત અને (ગાયના દૂધ જેવું) ધોળું છે. ૬

જલસ્થલસમુદ્ભુતાઃ, સંત્યજ્ય સુમનઃસ્રજઃ ।
તવ નિઃશ્વાસસૌરભ્ય-મનુયાન્તિ મધુવ્રતાઃ ॥૭॥

હે વીતરાગ! ભ્રમરાઓ, જળની અંદર ઉત્પન્ન થએલા અને સ્થલમાં ઉત્પન્ન થએલા પુષ્પોની માળાઓ તજીને આપના નિઃશ્વાસની ખુશબો લેવા (આપના વદન-કમળ પાસે) આવે છે. ૭

લોકોત્તરચમત્કાર-કરી તવ ભવસ્થિતિઃ ।
યતો નાહારનીહારૌ, ગોચરશ્ચર્મચક્ષુષામ્ ॥૮॥

હે પ્રભુ! આપની સંસારસ્થિતિ લોકોત્તર (અપૂર્વ) ચમત્કારને કરવાવાળી છે, કેમકે આપના આહાર અને નીહાર ચર્મચક્ષુવાળા મનુષ્યો જોઈ શકતા નથી. ૮

**: ઇતિ દ્વિતીયપ્રકાશ :**

★

## કર્મક્ષયોત્પન્ન ૧૧ અતિશય વર્ણનરૂપ ત્રીજો પ્રકાશ.

સર્વાભિમુખ્યતો નાથ !, તીર્થકૃન્નામકર્મજાત્ ।
સર્વથા સમ્મુખીનસ્ત્વ-માનન્દયસિ યત્પ્રજાઃ॥૧॥

તીર્થંકરનામકર્મજનિત સર્વાભિમુખ્ય નામના અતિશયથી હે નાથ! આપ કેવળજ્ઞાનના પ્રકાશ વડે સર્વથા સર્વ દિશાએ સન્મુખ છતાં દેવ, મનુષ્યાદિક પ્રજાને પ્રતિક્ષણ (પરમ) આનંદ પમાડો છો. ૧

યદ્યોજનપ્રમાણેઽપિ, ધર્મદેશનસદ્મનિ ।
સંમાન્તિ કોટિશસ્તિર્યગ્નૃદેવાઃ સપરિચ્છદાઃ॥૨॥

એક યોજનપ્રમાણ ધર્મદેશનાના સ્થાનરૂપ સમવસરણમાં પરિવાર સહિત ક્રોડો દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચો આપના પ્રભાવથી સુખપૂર્વક સમાઈ જાય છે. ૨

તેષામેવ સ્વસ્વભાષા-પરિણામમનોહરમ્ ।
અપ્યેકરૂપં વચનં; યત્તે ધર્માવબોધકૃત્ ॥૩॥

આપનું એક સરખું વચન-ઉપદેશ દેવ, મનુષ્ય અને તિર્યંચોને પોતપોતાની ભાષામાં સુખે સમજી શકાય એવો છે અને ધર્મ સંબંધી બોધને કરાવનાર હોય છે. ૩

સાગ્રેઽપિ યોજનશતે, પૂર્વોત્પન્ના ગદામ્બુદાઃ ।
યદંજસા વિલીયન્તે,
ત્વદ્વિહારાનિલોર્મિભિઃ ॥૪॥

આપના વિહારરૂપી પવનની લહેરીઓથી સવાસો (૧૨૫) યોજનમાં પૂર્વે ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળાઓ તત્કાળ અદૃશ્ય થઇ જાય છે. ૪

નાવિર્ભવન્તિ યદ્ભૂમૌ, મૂષકાઃ શલભાઃ શુકાઃ ।
ક્ષણેન ક્ષિતિપક્ષિપ્તા, અનીતય ઇવેતયઃ ॥૫॥

રાજાએ દૂર કરી દીધેલી અનીતિની જેમ ભૂમિ ઉપર ઉંદર, તીડ અને શુકો વિગેરે ધાન્યને નુકસાન કરનારા ઉપદ્રવો જ્યાં આપ વિચરો છો ત્યાંથી તત્કાળ દૂર થઈ જાય છે. ૫

સ્ત્રીક્ષેત્રપદ્રાદિભવો, યદ્વૈરાગ્નિઃ પ્રશામ્યતિ ।
ત્વત્કૃપાપુષ્કરાવર્ત્ત-વર્ષાદિવ ભુવસ્તલે ॥૬॥

આપની કૃપારૂપ પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી જ હોય તેમ જ્યાં આપ ચરણ ધરો છો ત્યાં સ્ત્રી, ક્ષેત્ર અને સીમાડાદિકથી ઉત્પન્ન થયેલો વિરોધરૂપી તમામ અગ્નિ સમી જાય છે. ૬

ત્વત્પ્રભાવે ભુવિ ભ્રામ્ય-ત્યશિવોચ્છેદડિણ્ડિમે ।
સમ્ભવન્તિ ન યન્નાથ!, મારયો ભુવનારયઃ ॥૭॥

હે નાથ! ઉપદ્રવોનો ઉચ્છેદ કરવા ઢોલ વગાડવા જેવો આપનો પ્રભાવ (પ્રતાપ) ભૂમિ ઉપર પ્રસરવાથી (દુષ્ટ વ્યન્તર, શાકિની પ્રમુખથી ઉત્પન્ન થતા) મારી (પ્લેગ) વિગેરે જગતના કાળ જેવા રોગો-ઉપદ્રવો પેદા જ થતા નથી. ૭

કામવર્ષિણિ લોકાનાં, ત્વયિ વિશ્વૈકવત્સલે ।
અતિવૃષ્ટિરવૃષ્ટિર્વા, ભવેદ્યન્નોપતાપકૃત્ ॥૮॥

વિશ્વોપકારી અને લોકોના મનવાંછિતદાયક આપ વિદ્યમાન હોવાથી લોકોને સંતાપ કરનારી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થતી નથી. ૮

સ્વરાષ્ટ્રપરરાષ્ટ્રેભ્યો, યત્ક્ષુદ્રોપદ્રવા દ્રુતમ્ ।
વિદ્રવન્તિ ત્વત્પ્રભાવાત્,
સિંહનાદાદિવ દ્વિપાઃ ॥૯॥

સ્વચક્ર અને પરચક્ર (સ્વરાજ્ય અને પરરાજ્ય) થી થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો સિંહનાદથી જેમ હાથીઓ નાશી જાય છે તેમ આપના પ્રભાવથી તત્કાળ નષ્ટ થઈ જાય છે. ૯

યત્ક્ષીયતે ચ દુર્ભિક્ષં, ક્ષિતૌ વિહરતિ ત્વયિ।
સર્વાદ્ભુતપ્રભાવાઢ્યે, જઙ્ગમે કલ્પપાદપે ॥૧૦॥

સર્વ અદ્ભુત પ્રભાવશાળી અને જંગમ કલ્પ-વૃક્ષ સમાન આપના પૃથ્વી ઉપર વિચરવાથી દુર્ભિક્ષ દુષ્કાળ દૂર થઈ જાય છે. ૧૦

યન્મૂર્ધ્નઃ પશ્ચિમે ભાગે, જિતમાર્ત્તણ્ડમણ્ડલમ્
મા ભૂદ્વપુર્દુરાલોક-મિતીવોત્પિણ્ડિતં
મહઃ ॥૧૧॥

સૂર્યથી પણ અધિક પ્રભાવાળું ભામંડળ આપનું શરીર જોવામાં કોઈને અડચણ (આડ) ન આવે તેટલા જ માટે દેવોએ તે આપના મસ્તકની પાછળ સ્થાપેલું છે. ૧૧

સ એષ યોગસામ્રાજ્ય-મહિમા વિશ્વવિશ્રુતઃ।
કર્મક્ષયોત્થો ભગવન્ !,
કસ્ય નાશ્ચર્યકારણમ્? ॥૧૨॥

હે ભગવન્! ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો, લોક પ્રસિદ્ધ યોગસામ્રાજ્યનો મહિમા કયા સચેતન પ્રાણીને આશ્ચર્ય પમાડતો નથી? અર્થાત્ સર્વ સચેતન પ્રાણી વર્ગને આશ્ચર્યકારી થાય છે. ૧૨

અનન્તકાલપ્રચિત-મનન્તમપિ સર્વથા।
ત્વત્તો નાન્યઃ કર્મકક્ષ-મુન્મૂલયતિ મૂલતઃ॥૧૩॥

અનન્તકાળથી ઉપાર્જન કરેલ અને અન્ત વિનાનું કર્મવન આપ સિવાય બીજો કોઈ સર્વ પ્રકારે મૂળથી ઉચ્છેદી શકતો નથી. ૧૩

તથોપાયે પ્રવૃત્તસ્ત્વં, ક્રિયાસમભિહારતઃ।
યથાનિચ્છન્નુપેયસ્ય, પરાં શ્રિયમશિશ્રિયઃ॥૧૪॥

હે પ્રભુ! ચારિત્રરૂપ ઉપાયમાં પુનઃ પુનઃ અભ્યાસથી આપ એટલા બધા પ્રવૃત્ત થયેલા છો કે પરમપદની શ્રેષ્ઠ સંપદારૂપ તીર્થંકરપદવીને નહિ ઈચ્છતા છતાં પણ આપને પ્રાપ્ત થઈ છે. ૧૪

મૈત્રીપવિત્રપાત્રાય, મુદિતામોદશાલિને।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ॥૧૫॥

મૈત્રી ભાવનાના પવિત્ર સ્થાનરૂપ, પુષ્ટ પ્રમોદ ભાવનાથી શોભિત તેમજ કરુણા અને માધ્યસ્થ (ભાવના) વડે પૂજ્ય એવા યોગસ્વરૂપી આપને અમારો નમસ્કાર થાઓ. ૧૫

॥ઇતિ તૃતીયપ્રકાશઃ॥

*

## દેવકૃત અતિશય વર્ણનરૂપ ચોથો પ્રકાશ.

મિથ્યાદૃશાં યુગાન્તાર્કઃ, સુદૃશામમૃતાંજનમ્।
તિલકં તીર્થકૃલ્લક્ષ્મ્યાઃ, પુરશ્ચક્રં તવૈધતે ॥૧॥

મિથ્યાદૃષ્ટિઓને પ્રલયકાળના સૂર્યની જેમ સંતાપકારી અને સમ્યગ્દૃષ્ટિઓને અમૃતના અંજનની જેમ શાન્તિકારી એવું તીર્થંકરલક્ષ્મીના તિલક સમાન ધર્મચક્ર આપની આગળ દીપી રહ્યું છે. ૧

એકોઽયમેવ જગતિ, સ્વામીત્યાખ્યાતુમુચ્છ્રિતા।
ઉચ્ચૈરિન્દ્રધ્વજવ્યાજા-ત્તર્જની
જંભવિદ્વિષા ॥૨॥

જગતમાં આ વીતરાગ જ એક સ્વામી છે, એમ જણાવવા માટે ઇંદ્રે ઊંચા ઇંદ્રધ્વજના મિષથી પોતાની તર્જની અંગુલી ઊંચી કરી છે, એમ જણાય છે. ૨.

યત્ર પાદૌ પદં ધત્ત-સ્તવ તત્ર સુરાસુરાઃ।
કિરન્તિ પઙ્કજવ્યાજા-ચ્છ્રિયં
પઙ્કજવાસિનીમ્ ॥૩॥

જ્યાં આપના ચરણ પડે છે ત્યાં દેવ અને દાનવો નવ સુવર્ણકમળના વ્યાજથી (બાનાથી) કમળમાં સ્થિતિ કરનારી લક્ષ્મીને વિસ્તારે છે. ૩

દાનશીલતપોભાવ-ભેદાદ્ધર્મં ચતુર્વિધમ્।
મન્યે યુગપદાખ્યાતું, ચતુર્વક્ત્રોઽભવદ્ભવાન્॥૪॥

દાન, શીલ, તપ અને ભાવનારૂપ ચાર પ્રકારના ધર્મને એકી સાથે કહેવા માટે આપ ચતુર્મુખ થયા છો એમ હું માનું છું. ૪

त्वयि दोषत्रयात्त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रु-स्त्रयोऽपि त्रिदिवौकसः ॥५॥

રાગ દ્વેષ અને મોહરૂપ તથા મન, વચન અને કાયા સંબંધી ત્રણ દોષથી ત્રિભુવનને બચાવવાને આપ પ્રવૃત્ત થયેલ હોવાથી ત્રણ પ્રકારના (વૈમાનિક, જ્યોતિષી અને ભુવનપતિ) દેવોએ રત્ન, સુવર્ણ અને રૂપ્યમય ત્રણ ગઢની રચના કરી છે. ૫

अधोमुखाः कण्टकाः स्यु-र्धात्र्यांविहरतस्तव ।
भवेयुः सम्मुखीनाः किं,
तामसास्तिग्मरोचिषः? ॥६॥

પૃથ્વી ઉપર આપ વિચરો છો ત્યારે કાંટા પણ ઉંધા પડી જાય છે. સૂર્ય ઉદય પામે છે ત્યારે ઘૂવડ અથવા અંધકારના સમૂહ શું ટકી શકે ખરા? ૬

केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।
बाह्योऽपियोगमहिमा, नाप्तस्तीर्थंकरैः परैः॥७॥

કેશ, રોમ, નખ અને દાઢી–મૂછ દીક્ષા ગ્રહણ અવસરે જેવાં સમારેલાં હોય તેવાં જ રહે, જરા પણ વધે નહિ એવો આ બાહ્ય (પ્રગટ દેખાતો) યોગ મહિમા પણ અન્ય હરિહરાદિક દેવોએ પ્રાપ્ત કર્યો નથી ત્યારે અંતરંગ (સર્વાભિમુખ્યતાદિ) યોગની વાત તો દૂર જ રહી. ૭

शब्दरूपरसस्पर्श–गन्धाख्याः पंच गोचराः ।
भजन्तिप्रातिकूल्यं न, त्वदग्रेतार्किका इव ॥८॥

હે વીતરાગ! બૌદ્ધ, નૈયાયિકાદિ તર્કવાદીઓની જેમ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પાંચે ઈંદ્રિયોના વિષયો આપની આગળ અનુકૂળતાને ભજે છે–પ્રતિકૂળપણે વર્તતા નથી. ૮

त्वत्पादावृतवः सर्वे, युगपत्पर्युपासते ।
आकालकृतकन्दर्प–साहाय्यकभयादिव ॥९॥

અનાદિકાળથી આપના વિરોધી કામદેવને સહાયક થયાના ભયથી જ હોય તેમ સમકાળે સઘળી ઋતુઓ આવી આપના ચરણકમળને સેવે છે. ૯

सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।
भावित्वत्पादसंस्पर्शां,
पूजयन्ति भुवं सुराः ॥१०॥

જે ભૂમિને આપનો ચરણસ્પર્શ થવાનો છે તે ભૂમિને દેવતાઓ સુગન્ધી જળની વૃષ્ટિ વડે અને દિવ્ય પંચવર્ણવાળા પુષ્પના પુંજ વડે પૂજે છે. ૧૦

जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति,
पक्षिणोऽपि प्रदक्षिणम् ।
का गतिर्महतां तेषां,
त्वयि ये वामवृत्तयः? ॥११॥

હે ત્રૈલોક્યપૂજ્ય! (અજ્ઞાન) પક્ષીઓ પણ આપને પ્રદક્ષિણા દે છે, તો પછી વિવેકી અને બુદ્ધિશાળી હોવા છતાં આપના પ્રતિ પ્રતિકૂળ વર્તે છે એવા માનવીઓની શી ગતિ થશે? ૧૧

पंचेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद्भवदन्तिके? ।
एकेन्द्रियोऽपि यन्मुञ्च–त्यनिलः
प्रतिकूलताम् ॥१२॥

સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્યાદિકનું દુષ્ટપણું આપની પાસે ક્યાં રહે? કેમકે એકેન્દ્રિય એવો પવન પણ પ્રતિકૂળતાને તજી દે છે (તો બીજાનું કહેવું જ શું?) મતલબ કે એ પવન પણ સુખકારી જ વાય છે. ૧૨

मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृता : ।
तत्कृतार्थं शिरस्तेषां,
व्यर्थं मिथ्यादृशां पुनः ।१३।

હે પ્રભુ! વૃક્ષો પણ આપના મહાત્મ્યથી ચમત્કાર પામીને આપને મસ્તક વડે નમસ્કાર કરે છે. (એકેંદ્રિયોને ભય, રાગ વિગેરે સંજ્ઞા હોય છે તેમ ચમત્કાર પણ સંભવે છે, તેથી આપના વિહાર વખતે તે વૃક્ષો આપને જોઈને નમ્ર થાય છે) તેથી તેમના મસ્તક કૃતાર્થ છે, અને મિથ્યાદૃષ્ટિઓ આપને નમતા નથી તેથી તેઓના મસ્તક વ્યર્થ છે. ૧૩

जघन्यतः कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसंभारलभ्येऽर्थे,
न मन्दा अप्युदासते ॥१४॥

હે પ્રભુ ! આપને જઘન્યથી પણ એક કરોડ દેવો અને અસુરો સેવે છે કેમકે પુષ્પના સમૂહથી પામી શકાય તેવા પદાર્થમાં મંદ પ્રાણીઓ પણ ઉદાસીન રહેતા નથી, તો પછી દેવતાઓ કેમ આલસુ થાય ? ૧૪

## ઇતિ ચતુર્થ: પ્રકાશ:. ૪.

★

## અથ પંચમ પ્રકાશ ૫.
## શેષ અતિશયોનું વર્ણન.

ગાયન્નિવાલિવિરુતૈ–ર્નૃત્યન્નિવ ચલૈર્દલૈ: ।
ત્વદ્ગુણૈરિવ રક્તોઽસૌ, મોદતે ચૈત્યપાદપ: ॥૧॥

હે પ્રભુ ! આપના શરીર માનથી બારગુણા આ ચૈત્યવૃક્ષ ભમરાના શબ્દ વડે જાણે ગાયન કરતો હોય, વાયુથી ચલાયમાન થતાં પાંદડાઓ વડે જાણે નૃત્ય કરતો હોય અને આપના ગુણો વડે જાણે રક્ત (રાતો) થયો હોય તેમ હર્ષ પામે છે. ૧

આયોજનં સુમનસો–ઽધસ્તાન્નિક્ષિપ્તબન્ધના: ।
જાનુદઘ્ની: સુમનસો, દેશનોર્વ્યાં કિરન્તિ તે ॥૨॥

હે પ્રભુ ! આપની દેશના ભૂમિ (સમવસરણ) માં દેવતાઓ એક યોજન સુધી નીચા ડીટવાળા જાનુપ્રમાણ પુષ્પોને વિખેરે છે–વરસે છે. ૨

માલવકૈશિકીમુખ્ય–ગ્રામરાગપવિત્રિત: ।
તવ દિવ્યો ધ્વનિ: પીતો, હર્ષોદ્ગ્રીવૈર્મૃગૈરપિ ॥૩॥

હે પ્રભુ ! વૈરાગ્ય દીપન કરનારા માલવ, કૈશિકી વિગેરે ગ્રામ પર્યંત રાગો વડે પવિત્ર થયેલો આપનો દિવ્ય ધ્વનિ હર્ષથી ઊંચી ડોકવાળા મૃગોએ પણ પીધો (સાંભળ્યો) છે. ૩

તવેન્દુધામધવલા, ચકાસ્તિ ચમરાવલી ।
હંસાલિરિવ વક્ત્રાબ્જ–પરિચર્યાપરાયણા ॥૪॥

હે પ્રભુ ! ચંદ્રના કિરણો જેવી ઉજ્વલ ચમરાવલી (ચામરની શ્રેણી) જાણે કે આપના મુખકમળની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણી હોય તેમ શોભે છે. ૪

મૃગેન્દ્રાસનમારૂઢે, ત્વયિ તન્વતિ દેશનામ્ ।
શ્રોતું મૃગા: સમાયાન્તિ,
મૃગેન્દ્રમિવ સેવિતુમ્ ॥૫॥

હે પ્રભુ ! જ્યારે આપ સિંહાસન ઉપર આરૂઢ થઈને દેશના આપો છો ત્યારે આપની દેશના સાંભળવા માટે મૃગલાઓ પણ આવે છે. તે જાણે કે મૃગેન્દ્ર (પોતાના સ્વામી) ની સેવા કરવા આવતા હોય તેમ લાગે છે. ૫

ભાસાં ચયૈ: પરિવૃતો, જ્યોત્સ્નાભિરિવ ચન્દ્રમા: ।
ચકોરાણામિવ દશાં, દદાસિ પરમાં મુદમ્ ॥૬॥

હે પ્રભુ ! જ્યોત્સના વડે પરિવરેલો ચંદ્ર જેમ ચકોર પક્ષીના નેત્રોને આનંદ આપે છે તેમ ભામંડળ વડે પરિવરેલા આપ સજ્જનોના નેત્રોને અત્યંત આનંદ આપો છો. ૬

દુન્દુભિર્વિશ્વવિશ્વેશ !,
પુરો વ્યોમ્નિ પ્રતિધ્વનન્ ।
જગત્યાપ્તેષુ તે પ્રાજ્યં,
સામ્રાજ્યમિવ શંસતિ ॥૭॥

હે સર્વ વિશ્વના (ત્રણ જગતના) સ્વામી ! વિહારમાં આપની આગળ આકાશમાં રહીને શબ્દ કરતો દેવદુંદુભિ જાણે કે જગતમાં આપ્ત પુરૂષોમાં આપનું જ મોટું સામ્રાજ્ય કહેતો હોય તેમ શોભે છે, (સર્વ દેવોમાં આપનું ચક્રવર્તીપણું જણાવે છે.) ૭.

તવોર્ધ્વમૂર્ધ્વં પુણ્યર્દ્ધિ–ક્રમસબ્રહ્મચારિણી ।
છત્રત્રયી ત્રિભુવન–પ્રભુત્વપ્રૌઢિશંસિની ॥૮॥

હે પ્રભુ ! (સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, તીર્થંકરનામકર્મ ઉપાર્જન, સ્વર્ગગમન, પુન: મનુષ્ય ભવમાં સર્વવિરતિ, અપૂર્વકરણ, ક્ષપકશ્રેણિ, શુક્લધ્યાન, ઘાતિકર્મક્ષય, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થંકરની સંપદાનો ભોગ અને છેવટ મોક્ષગમન–આ પ્રમાણે) પૂર્ણ સમૃદ્ધિના અનુક્રમની જેવા આપના મસ્તક ઉપર ઉપરાઉપરી રહેલા ત્રણ છત્રો ત્રણ જગતના પ્રભુપણાની મોટાઈને કહેતા હોય તેમ શોભે છે. ૮.

એતાં ચમત્કારકરીં, પ્રાતિહાર્યશ્રિયં તવ ।
ચિત્રીયન્તે ન કે દૃષ્ટ્વા, નાથ !
મિથ્યાદશોઽપિ હિ ? ॥૯॥

હે નાથ ! ચમત્કારને કરનારી આપની પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઈને કયા મિથ્યાદૃષ્ટિ જનો પણ આશ્ચર્ય નથી પામતા ? સર્વ જનો આશ્ચર્ય પામે છે. (જો કે તીર્થંકરોને અનંત અતિશયો હોય છે તો પણ બાળજનોના બોધને માટે સ્થૂલ દૃષ્ટિથી ચોત્રીશ અતિશયો કહેવામાં આવે છે.) ૯.

ઇતિ પંચમ પ્રકાશ. ૫.

★

### અથ ષષ્ઠપ્રકાશઃ

લાવણ્યપુણ્યવપુષિ, ત્વયિ નેત્રામૃતાઞ્જને ।
માધ્યસ્થ્યમપિ દૌઃસ્થ્યાય,
કિં પુનર્દ્વેષવિપ્લવઃ ? ॥૧॥

હે પ્રભુ ! તમે લાવણ્ય વડે પવિત્ર શરીરવાળા હોવાથી પ્રાણીઓના નેત્રોને અમૃતના અંજન સમાન છો, છતાં તમારે વિષે મધ્યસ્થપણું ધારણ કરવું (એટલે કે બીજા હરિહરાદિક દેવ જેવા આપ પણ દેવ છો એમ જે માનવું) તે પણ મોટા ખેદને માટે છે; તો પછી આપને વિષે દ્વેષભાવ રાખવો તે તો અત્યંત ખેદને માટે હોય તેમાં શું કહેવું ? ૧.

તવાપિ પ્રતિપક્ષોઽસ્તિ, સોઽપિ કોપાદિવિપ્લુતઃ ।
અનયા કિંવદન્ત્યાપિ,
કિં જીવન્તિ વિવેકિનઃ ॥૨॥

હે નાથ ! આપને પણ શત્રુ છે અને તે પણ ક્રોધાદિક કષાયથી વ્યાપ્ત છે. આવી વાર્તાઓ કરીને પણ શું વિવેકી પુરૂષો જીવી શકે ? ન જ જીવે. (નહીં સાંભળવા યોગ્ય વચન સાંભળવા કરતાં મરણ જ શ્રેષ્ઠ છે.) ૨.

વિપક્ષસ્તે વિરક્તશ્ચેત્, સ ત્વમેવાથ રાગવાન્ ।
ન વિપક્ષો વિપક્ષઃ કિં,
ખદ્યોતો દ્યુતિમાલિનઃ ॥૩॥

જો કદાચ આપનો શત્રુ વિરાગી હોય તો તે વિરાગી આપ જ છો (તેથી તેવો શત્રુ હોઈ શકે નહીં મિત્ર જ હોય) અને જો તે આપનો શત્રુ રાગી હોય તો પણ તે અણુઘટતો શત્રુ હોઈ શકે નહીં. શું ખદ્યોત સૂર્યનો શત્રુ હોઈ શકે ? ન જ હોય (કારણ કે સમાન પરાક્રમી જ શત્રુ હોઈ શકે છે) ૩.

સ્પૃહયન્તિ ત્વદ્યોગાય, યત્તેઽપિ લવસત્તમાઃ ।
યોગમુદ્રાદરિદ્રાણાં, પરેષાં તત્કથૈવ કા ? ॥૪॥

હે પ્રભુ ! તે લવસત્તમ (અનુત્તરવિમાનવાસી) દેવો પણ આપના યોગની સ્પૃહા કરે છે. તો યોગમુદ્રાએ (રજોહરણાદિકે) કરીને રહિત અન્યદર્શનીઓને તે યોગમાર્ગની કથા જ શાની હોય ? ન જ હોય ૪.

ત્વાં પ્રપદ્યામહે નાથં, ત્વાં સ્તુમસ્ત્વામુપાસ્મહે ।
ત્વત્તો હિ ન પરસ્ત્રાતા,
કિં બ્રૂમઃ ? કિમુ કુર્મહે ? ॥૫॥

હે નાથ ! અમે આપને અંગીકાર કરીએ છીએ, આપની સ્તુતિ કરીએ છીએ, આપની ઉપાસના (સેવા) કરીએ છીએ, આપનાથી બીજો કોઇ (દેવાદિક) રક્ષણ કરનાર નથી આથી બીજું અમે શું બોલીએ ? અને શું કરીએ ? ૬

સ્વયં મલીમસાચારૈઃ, પ્રતારણપરૈઃ પરૈઃ ।
વંચ્યતે જગદપ્યેતત્, કસ્ય પૂત્કુર્મહે પુરઃ ?॥૬॥

પોતે મલિન આચારવાળા અને બીજાને ઠગવામાં તત્પર એવા અન્ય દેવો આ આખા જગતને ઠગે છે. તો હે નાથ ! અમે કોની પાસે આ પોકાર કરીએ ? (આપ સિવાય બીજા કોઈની પાસે કહીએ તેવું નથી.) ૬

નિત્યમુક્તાન્ જગજ્જન્મ-ક્ષેમક્ષયકૃતોદ્યમાન્ ।
વન્ધ્યાસ્તનન્ધયપ્રાયાન્,
કો દેવાંશ્ચેતનઃ શ્રયેત્ ? ॥૭॥

નિરંતર મુક્ત તથા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવામાં ઉદ્યમવાન એવા વંધ્યા પુત્ર

સમાન દેવોને કોણ ચેતનાવાળો પ્રાણી આશ્રય કરે? (દેવ તરીકે માને?) ૭.

કૃતાર્થા જઠરોપસ્થ–દુઃસ્થિતૈરપિ દૈવતૈઃ ।
ભવાદૃશાન્નિહ્નુવતે,
હાહા ! દેવાસ્તિકાઃ પરે ॥૮॥

હે દેવ! બીજા આસ્તિકો (બ્રાહ્મણાદિ) જઠર અને ઉપસ્થ (ક્ષુધા અને કામવિકાર) થી દુઃખી થયેલા દેવો વડે પણ કૃતાર્થ થઈ આપના જેવા વીતરાગ દેવોને છુપાવે છે–નિષેધ કરે છે, તે અતિ ખેદની વાત છે. ૮.

ખપુષ્પપ્રાયમુત્પ્રેક્ષ્ય, કિઞ્ચિન્માનં પ્રકલ્પ્ય ચ ।
સંમાન્તિ દેહે ગેહે વા, ન ગેહેનર્દિનઃપરે ॥૯॥

હે પ્રભુ! ગેહેનર્દી (ઘરમાં જ શુરવીર) એવા કેટલાક લોકો આકાશ–પુષ્પની જેવી મિથ્યા ઉત્પ્રેક્ષા (તર્ક) કરીને, અને કાંઈક પ્રમાણુની કલ્પના કરીને પોતાના દેહમાં અને ઘરમાં માતા નથી (અમારો જ ધર્મ શ્રેષ્ઠ છે એમ માની મસ્તની જેમ રહે છે.) ૯.

કામરાગસ્નેહરાગા–વીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્,
દુરુચ્છેદઃ સતામપિ ॥૧૦॥

હે પ્રભુ! કામરાગ અને સ્નેહરાગ એ બન્નેનું નિવારણ કરવું સહેલું છે પરન્તુ (મારી માન્યતા જ સત્ય છે એવા પ્રકારનો) દૃષ્ટિરાગ તો અત્યંત પાપી છે. તેને સત્પુરુષો પણ દુઃખે કરીને છેદી શકે છે. ૧૦.

પ્રસન્નમાસ્યં મધ્યસ્થે, દૃશૌ લોકમ્પૃણં વચઃ ।
ઇતિ પ્રીતિપદે બાઢં, મૂઢાસ્ત્વય્યપ્યુદાસતે ॥૧૧॥

હે પ્રભુ! આપનું મુખ પ્રસન્ન છે, બન્ને નેત્રો મધ્યસ્થ (વિકાર રહિત) છે અને આપનું વચન લોકોને પ્રીતિકારક છે. આ પ્રમાણે આપ સર્વને પ્રીતિ કરનાર છતાં પણ મૂઢ લોકો આપના ઉપર ઉદાસીન રહે છે. ૧૧.

તિષ્ઠેદ્વાયુર્દ્રવેદદ્રિ–ર્જ્વલેજ્જલમપિ કવચિત્ ।
તથાપિ ગ્રસ્તો રાગાદ્યૈ–ર્નાપ્તો
ભવિતુમર્હતિ ॥૧૨॥

હે જિનેન્દ્ર! કદાચ વાયુ સ્થિર થઈ જાય, પર્વત ગળી જાય અને પાણી પણ અગ્નિની જેમ જાજ્વલ્યમાન થાય; તો પણ જે (દેવો) રાગદ્વેષાદિકવડે વ્યાપ્ત હોય તે આપ્ત (હિતકારક) થવાને લાયક નથી અર્થાત્ વીતરાગ સિવાય બીજા કોઈ સત્ય દેવ છે જ નહીં. ૧૧.

ઇતિ ષષ્ઠપ્રકાશઃ

★

## અથ સપ્તમપ્રકાશ

હવે જગત્કર્તૃત્વનિરાસ નામનો સાતમો પ્રકાશ કહે છે.

ધર્માધર્મૌ વિના નાઙ્ગં, વિના ઙ્ગેન મુખં કુતઃ? ।
મુખાદ્વિના ન વક્તૃત્વં,
તચ્છાસ્તારઃ પરે કથમ્ ? ॥૧॥

ધર્મ અને અધર્મ (પાપ-પુણ્ય) વિના શરીર હોઈ શકતું નથી. શરીર વિના મુખ ક્યાંથી હોય? અને મુખ વિના વક્તાપણું સંભવતું નથી; તેથી અન્ય દેવો (કે જેઓ નિત્ય મુક્ત માનેલા છે અને શરીરાદિક રહિત છે તેઓ) ઉપદેશદાતા શી રીતે હોઈ શકે? ૧.

અદેહસ્ય જગત્સર્ગે, પ્રવૃત્તિરપિ નોચિતા ।
ન ચ પ્રયોજનં કિંચિત્,
સ્વાતન્ત્ર્યાન્ન પરાજ્ઞયા? ॥૨॥

વળી શરીર રહિત દેવની જગતને ઉત્પન્ન કરવામાં પ્રવૃત્તિ પણ ઉચિત નથી. તેમજ સ્વતંત્રપણુ હોવાથી તેવી પ્રવૃત્તિમાં કાંઈ પણ પ્રયોજન નથી અને તે બીજાની આજ્ઞાથી પ્રવર્તતા પણ નથી. ૨.

ક્રીડયા ચેત્પ્રવર્ત્તેત, રાગવાન્ સ્યાત્ કુમારવત્ ।
કૃપયાઽથ સૃજેત્તર્હિ, સુખ્યેવ સકલં સૃજેત્ ॥૩॥

જો કદાચ તે દેવ ક્રીડાથી જ જગતની સૃષ્ટિ વિગેરેમાં પ્રવર્તે છે એમ કોઈ કહે તો તેને બાળકની જેમ રાગવાન કહેવો જોઈશે, અને જો કૃપાથી સર્જે છે એમ કહેતા હો તો તેણે સમગ્ર જગતને સુખી જ સર્જવું જોઈએ. ૩.

દુઃખદૌર્ગત્યદુર્યોનિ–જન્માદિક્લેશવિહ્વલમ્ ।
જનં તુ સૃજતસ્તસ્ય,
કૃપાલોઃ કા કૃપાલુતા ? ॥૪॥

પરંતુ તે તો ઇષ્ટ વિયોગાદિક દુઃખ, દરિદ્રતા, દુષ્ટ યોનિ અને જન્મમરણાદિક ક્લેશ વડે વ્યાપ્ત એવા જનોને સર્જે છે; તેથી તે કૃપાળુની કઈ કૃપાળુતા સમજવી ? ૪.

કર્માપેક્ષઃ સ ચેત્તર્હિ, ન સ્વતંત્રોઽસ્મદાદિવત્ ।
કર્મજન્યે ચ વૈચિત્ર્યે,
કિમનેન શિખણ્ડિના ? ॥૫॥

જો કદાચ તમે એમ કહેશો કે તે દેવ તો પ્રાણીઓના કર્મને અનુસારે સર્વ કરે છે, તો તે દેવ આપણી જેમ સ્વતંત્ર નથી. જો કર્મથી ઉત્પન્ન થયેલું વિચિત્રપણું માનતા હો તો આ નપુંસક ઇશ્વરને માનવાથી શું ફળ ? ૫.

અથ સ્વભાવતો વૃત્તિ–રવિતર્ક્યા મહેશિતુઃ ।
પરીક્ષકાણાં તર્હ્યેષ, પરીક્ષાક્ષેપડિણ્ડિમઃ ॥૬॥

જો કદાચ "ઇશ્વરનો જગત સૃષ્ટિ સંબંધી સ્વભાવિક પ્રવૃત્તિ બીજા કોઈના તર્કમાં આવી શકે તેવી નથી" એમ કહેશો તો પરીક્ષકોને પરીક્ષાનો નિષેધ કરનાર આ ડિંડિમ (ઢોલ) વગડાવવા જેવું છે. ૬.

સર્વભાવેષુ કર્તૃત્વં, જ્ઞાતૃત્વં યદિ સમ્મતમ્ ।
મતં નઃ સન્તિ સર્વજ્ઞા, મુક્તાઃ
કાયભૃતોઽપિ ચ ॥૭॥

જો "સર્વ પદાર્થોનું જાણવાપણું એ જ કર્તાપણું છે" એમ તમે માનતા હો તો તે વાત અમારે પણ માન્ય જ છે; કેમ કે અમારા જિનશાસનમાં શરીરધારી અરિહંત સર્વજ્ઞ (જીવન મુક્ત) અને શરીર રહિત સિદ્ધ (વિદેહ મુક્ત) એમ બે પ્રકારના સર્વજ્ઞો છે. ૭.

સૃષ્ટિવાદકુહેવાક–મુન્મુચ્યેત્યપ્રમાણકમ્ ।
ત્વચ્છાસને રમન્તે તે, યેષાં નાથ !
પ્રસીદસિ ॥૮॥

હે નાથ ! જેમના ઉપર આપ પ્રસન્ન થયા છો તે પુરુષો ઉપર કહ્યા પ્રમાણે પ્રમાણ રહિત સૃષ્ટિવાદના કદાગ્રહને છોડીને આપના શાસનમાં જ આનંદ પામે છે. ૮.

ઇતિ સપ્તમપ્રકાશ ।

★

## અથ અષ્ટમ પ્રકાશ.

**હવે એકાંતપક્ષનિરાશ નામનો આઠમો પ્રકાશ કહે છે–**

સત્ત્વસ્યૈકાન્તનિત્યત્વે, કૃતનાશાકૃતાગમૌ ।
સ્યાતામેકાન્તનાશેઽપિ, કૃતનાશાકૃતાગમૌ ॥૧॥

હે પ્રભુ ! પદાર્થનું એકાંત નિત્યપણું માનવામાં કૃતનાશ (કરેલાનો નાશ) અને અકૃતાગમ (નહીં કરેલાની પ્રાપ્તિ) નામના બે દોષ લાગે છે, તેમ જ પદાર્થનું એકાંત અનિત્યપણું માનવામાં પણ કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ લાગે છે. ૧.

આત્મન્યેકાન્તનિત્યે સ્યાન્ન ભોગઃ
સુખદુઃખયોઃ ।
એકાન્તાનિત્યરુપેઽપિ, ન ભોગઃ
સુખદુઃખયોઃ ॥૨॥

આત્માને એકાંત નિત્ય માનવાથી સુખદુઃખનો ભોગ ઘટી શકતો નથી અને આત્માને એકાંત અનિત્ય માનવાથી પણ સુખદુઃખનો ભોગ ઘટતો નથી. ૨.

પુણ્યપાપે બન્ધમોક્ષૌ, ન નિત્યૈકાન્તદર્શને ।
પુણ્યપાપે બન્ધમોક્ષૌ, નાનિત્યૈકાન્તદર્શને ॥૩॥

એકાંત નિત્યપક્ષમાં પુણ્ય-પાપ તથા બંધ-મોક્ષ સંભવતા નથી, તેમ જ એકાંત અનિત્ય પક્ષમાં પણ પુણ્ય-પાપ તથા બંધ-મોક્ષ સંભવતા નથી. ૩

**ક્રમાક્રમાભ્યાં નિત્યાનાં, યુજ્યતેડર્થક્રિયા ન હિ ।**
**એકાન્તક્ષણિકત્વેડપિ, યુજ્યતેડર્થક્રિયા**
**ન હિ ॥૪॥**

જીવાજીવાદિક પદાર્થોને એકાંત નિત્ય માનીએ તો ક્રમે અથવા અક્રમે તેમની અર્થ ક્રિયા ઘટી શકશે નહીં. તે જ રીતે એકાંત અનિત્ય માનવામાં પણ અર્થ ક્રિયા થઈ શકશે નહીં. ૪

**યદા તુ નિત્યાનિત્યત્વ-રૂપતા વસ્તુનો ભવેત્ ।**
**યથાત્થ ભગવન્નૈવ, તદા દોષોડસ્તિ કશ્ચન ॥૫॥**

તેથી કરીને હે ભગવન્! જેમ આપે કહ્યું છે તેમ જ્યારે પદાર્થનું નિત્યાનિત્યપણું માનીએ, ત્યારે કોઈ પણ જાતનો દોષ આવતો નથી. ૫

**ગુડો હિ કફહેતુઃ સ્યાન્નાગરં પિત્તકારણમ્ ।**
**દ્વયાત્મનિ ન દોષોડસ્તિ, ગુડનાગરભેષજે ॥૬॥**

જેમકે ગોળ કફનો હેતુ છે અને સુંઠ પિત્તનું કારણ છે. તે બન્ને ગોળ અને સુંઠ રૂપ ઔષધને વિષે કફ કે પિત્ત એ કે દોષ નથી. પરંતુ ઉલટું પુષ્ટિનું કારણ થાય છે. ૬

**દ્વિયં વિરુદ્ધં નૈકત્રાડ-સત્પ્રમાણપ્રસિદ્ધિતઃ ।**
**વિરુદ્ધવર્ણયોગો હિ, દૃષ્ટો મેચકવસ્તુષુ ॥૭॥**

તે જ પ્રમાણે ઘટાદિક કોઈ પણ એક વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા એ બન્ને માનવાથી કોઈ પણ વિરોધ આવતો નથી. કેમકે તેવા વિરોધ (કોઇ પણ પ્રત્યક્ષાદિક) વિદ્યમાન પ્રમાણો વડે સિદ્ધ થઈ શકતી નથી એટલે કે તેવી કોઈ પણ યુક્તિ નથી કે જેનાથી નિત્યાનિત્યને વિષે વિરોધ સાધી શકાય. કારણ કે (કૃષ્ણ અને શ્વેત વગેરે) વિરૂદ્ધ વર્ણનો યોગ પટાદિક શબલં (જુદા જુદા વિચિત્ર વર્ણવાળી) વસ્તુને વિષે પ્રત્યક્ષ જોવામાં આવે છે. ૭

**વિજ્ઞાનસ્યૈકમાકારં, નાનાકારકરમ્બિતમ્ ।**
**ઇચ્છંસ્તથાગતઃ પ્રાજ્ઞો, નાનેકાન્તં**
**પ્રતિક્ષિપેત્ ॥૮॥**

વિજ્ઞાન (જ્ઞાન) નું એક જ સ્વરૂપ છે અને તે ઘટાદિકના વિચિત્ર આકારે કરીને સહિત છે એમ ઈચ્છતા પ્રાજ્ઞ બૌદ્ધ અનેકાંત (સ્યાદ્વાદ) ને ઉત્થાપી શકાતો નથી. એટલે કે એક સ્વરૂપવાળા જ્ઞાનને વિચિત્ર આકારવાળું માનવાથી અનેકાંત મત માન્યો જ કહેવાય છતાં તેને નહીં સ્વીકારતો બૌદ્ધ ખરેખર પ્રાજ્ઞ (પ્ર × અજ્ઞ – મોટો અજ્ઞાની) છે. ૮

**ચિત્રમેકમનેકં ચ, રૂપં પ્રામાણિકં વદન્ ।**
**યોગો વૈશેષિકો વાપિ, નાડનેકાન્તં**
**પ્રતિક્ષિપેત્ ॥૯॥**

એક જ રૂપ (ઘટાદિક) અનેક રૂપ (આકાર) વાળું છે, તે પ્રમાણસિદ્ધ છે. એમ બોલતાં નૈયાયિક અને વૈશેષિક મતવાળા પણ અનેકાંતમતને ઉત્થાપી શકતા નથી ૯

**ઇચ્છન્પ્રધાનં સત્ત્વાદ્યૈ-ર્વિરુદ્ધૈર્ગુમ્ફિતં ગુણૈઃ ।**
**સાઙ્ખ્યઃ સઙ્ખ્યાવતાં, મુખ્યો,**
**નાડનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૧૦॥**

વિદ્વાનોમાં મુખ્ય એવો સાંખ્ય મત સત્ત્વાદિક વિરુદ્ધ ગુણે કરીને સહિત પ્રધાનને (પ્રકૃતિને) ઇચ્છે છે, એટલે કે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રિગુણાત્મક પ્રકૃતિ છે એમ ઇચ્છે છે. તે ત્રણે ગુણો પરસ્પર વિરુદ્ધ છે, તેને એક જ વસ્તુ (પ્રકૃતિ)માં માને છે; તેથી તે અનેકાંત મતને ઉત્થાપી શકતો નથી. ૧૦.

**વિમતિઃ સમ્મતિર્વાપિ, ચાર્વાકસ્ય ન મૃગ્યતે ।**
**પરલોકાત્મમોક્ષેષુ, યસ્ય મુહ્યતિ શેમુષી ॥૧૧॥**

હે પ્રભુ! પરલોક, જીવ અને મોક્ષમાં પણ જેની મતિ મુંઝાયેલી છે તે ચાર્વાક (નાસ્તિક) ની અહીં વિમતિ છે કે સંમતિ છે તે કાંઇ વિચારવાની જરૂર નથી; કેમકે બાળ–ગોપાળ પર્યંત સર્વ કોઈ પરલો-

કાદિકને માને છે. તેને જ જે માનતા નથી એવા ચાર્વાકની વિમતિ કે સંમતિથી શું ફળ? ૧૧.

તેનોત્પાદવ્યયસ્થેમ–સમ્ભિન્નં ગોરસાદિવત્ ।
ત્વદુપજ્ઞં કૃતધિયઃ પ્રપન્ના વસ્તુતસ્તુ સત્ ॥૧૨॥

આથી કરીને હે વીતરાગ! કુશળ બુદ્ધિવાળા (જ્ઞાની) પુરુષોએ ગોરસાદિકની જેમ ઉત્પાત, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપવાળી સત્ વસ્તુ કે જે આપે સૌથી પ્રથમ પ્રરૂપી છે તેને જ અંગીકાર કરી છે. જેમ ગોરસ (દૂધ) દૂધપણા વડે નાશ પામી દહીં પણે ઉત્પન્ન થયું તે પણ ગોરસ જ કહેવાય છે. એટલે કે દૂધરૂપ દ્રવ્યના દહીંરૂપ પર્યાય થયો. તે જ રીતે મૃત્તિકાદિક દ્રવ્યનો ઘટાદિક પર્યાય છે. તે જ રીતે જીવ દ્રવ્યનો મનુષ્યાદિક પર્યાય છે વિગેરે. ૧૨.

ઇત્યષ્ઠમપ્રકાશઃ

★

## અથ નવમ પ્રકાશ. ૯.

યત્રાલ્પેનાપિ કાલેન, ત્વદ્ભક્તેઃ ફલમાપ્યતે ।
કલિકાલઃ સ એકોઽસ્તુ, કૃતં કૃતયુગાદિભિઃ ॥૧॥

આ પ્રમાણે એકાંત મતનો નિરાશ કરીને આ કલિકાલની ઉત્તમતા દેખાડવાપૂર્વક વીતરાગ પ્રભુનું ધર્મચક્રવર્તીપણું બતાવે છે—

જે કલિકાલમાં થોડા કાળ વડે પણ આપના ભક્તો આપની ભક્તિના ફળને પામે છે તે કલિકાલ જ એક હો. કૃતયુગ વગેરે યુગોથી સર્યું. તેનું કાંઈ કામ નથી. કહ્યું છે કે "કૃતયુગમાં હજાર વર્ષ સુધી કરેલી ભક્તિનું જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ ત્રેતાયુગમાં એક વર્ષ વડે, દ્વાપરમાં એક માસ વડે અને કલિયુગમાં એક અહોરાત્ર વડે પ્રાપ્ત થાય છે." ૧.

સુષમાતો દુઃષમાયાં, કૃપા ફલવતી તવ ।
મેરુતો મરુભૂમૌ હિ, શ્લાઘ્યા કલ્પતરોઃ
સ્થિતિઃ ॥૨॥

હે પ્રભુ! સુષમા કાળ કરતાં દુઃષમા (કલિ) કાળમાં આપની કૃપા (હોય તો તે) ફળવાળી ઉત્તમ ફળને આપનારી છે, કેમકે મેરુપર્વત કરતાં મારવાડની ભૂમિમાં કલ્પવૃક્ષની સ્થિતિ વખાણવા લાયક છે. ૨.

શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા, યુજ્યેયાતાં,
યદીશ! તત્ ।
ત્વચ્છાસનસ્ય સામ્રાજ્યમેકચ્છત્રં કલાવપિ ॥૩॥

હે પ્રભુ! શ્રદ્ધાવાન શ્રોતા અને સુધી (આપના આગમના રહસ્યને જાણનાર) વક્તા એ બેનો જો સમાગમ થાય તો આવા કલિયુગમાં પણ આપના શાસનનું એક છત્રવાળું જ સામ્રાજ્ય છે. અહીં કુમારપાલ રાજા શ્રોતા અને પોતે (શ્રી હેમચન્દ્રાચાર્ય) વક્તા એ બેનો યોગ થવાથી શાસનનું સામ્રાજ્ય થયું તેથી આ અનુભવસિદ્ધ કવિનું વચન છે. ૩.

યુગાન્તરેઽપિ ચેન્નાથ! ભવન્ત્યુચ્છૃઙ્ખલાઃ
ખલાઃ ।
વૃથૈવ તર્હિ કુપ્યામઃ, કલયે વામકેલયે ॥૪॥

હે નાથ! જો કૃતયુગ વિગેરે બીજા યુગમાં પણ મંખલિપુત્ર જેવા ઉદ્ધત ખલપુરુષો હોય છે, તો પછી અયોગ્ય ચરિત્રવાળા કલિયુગની ઉપર અમે ફોગટ જ કોપ કરીએ છીએ. ૪.

કલ્યાણસિદ્ધ્યૈ સાધીયાન્, કલિરેવ કષોપલઃ ।
વિનાગ્નિં ગન્ધમહિમા, કાકતુણ્ડસ્ય નૈધતે ॥૫॥

કલ્યાણની સિદ્ધિને માટે કસોટીના પત્થર જેવો કલિયુગ જ ત્યારે સારો છે, કેમકે અગ્નિ વિના અગરુના ગન્ધનો મહિમા વૃદ્ધિ પામતો નથી. ૫.

નિશિ દીપોઽમ્બુધૌ દ્વીપં, મરૌ શાખી
હિમે શીખી ।
કલૌ દુરાપઃ પ્રાપ્તોઽયં, ત્વત્પાદાબ્જરજઃ
કણઃ ॥૬॥

હે પ્રભુ! કળિયુગમાં દુઃખે કરીને પામી શકાય એવી આ આપના ચરણકમળના રજની કણીઓ રાત્રીએ દીવાની જેમ, સમુદ્રમાં દ્વીપની જેમ, મારવાડમાં વૃક્ષની જેમ, અને શિયાળામાં અગ્નિની જેમ અમને પ્રાપ્ત થઈ છે. ૬.

યુગાન્તરેષુ ભ્રાન્તોઽસ્મિ, ત્વદ્દર્શનવિનાકૃતઃ ।
નમોઽસ્તુ કલયે યત્ર, ત્વદ્દર્શનમજાયત ॥૭॥

હે પ્રભુ ! બીજા યુગોમાં હું આપના દર્શન વિનાનો જ આ સંસારરૂપી અરણ્યમાં ભટક્યો છું તેથી આ કલિયુગને જ નમસ્કાર હો કે જેમાં આપનું દર્શન થયું. ૭.

બહુદોષો દોષહીનાત્ત્વત્તઃ કલિરશોભત ।
વિષયુક્તો વિષહરાત્ફણીન્દ્ર ઇવ રત્નતઃ ॥૮॥

હે પ્રભુ ! જેમ વિષને હરણ કરનારા મણિ વડે વિષયુક્ત સર્પ શોભે છે તેમ અઢાર દોષ રહિત આપ વડે ઘણા દોષવાળો કલિયુગ શોભે છે. ૮.

**ઇતિ નવમ પ્રકાશઃ**

★

## અથ દશમ પ્રકાશ ૧૦

મત્પ્રસત્તેસ્ત્વત્પ્રસાદસ્ત્વત્પ્રસાદાદિયં પુનઃ ।
ઇત્યન્યોન્યાશ્રયં ભિન્ધિ, પ્રસીદ ભગવન્ ! મયિ ॥૧॥

હે ભગવન્ ! મારા મનની પ્રસન્નતાથી એટલે (નિર્મળતાને અનુસારે) આપની પ્રસન્નતા (કૃપા) મારા પર થાય છે અને આપના પ્રસાદથી (કૃપાથી) આ મારા મનની પ્રસન્નતા (નિર્મળતા) થાય છે. આ પ્રમાણે ઉત્પન્ન થયેલા અન્યોન્યાશ્રય દોષને આપ ભેદી નાખો અને મારા ઉપર આપ પ્રસન્ન થાઓ. (કૃપા કરો) એટલે કે મારી તુચ્છ પ્રસન્નતાનો અનાદર કરી પ્રથમથી જ આપ મારા પર કૃપા કરો કે જેથી આપની પ્રસન્નતાથી હું અવશ્ય પ્રસન્ન થઈશ. ૧.

નિરીક્ષિતું રૂપલક્ષ્મીં, સહસ્રાક્ષોઽપિ ન ક્ષમઃ ।
સ્વામિન્ ! સહસ્રજિહ્વોઽપિ, શક્તો વક્તું ન તે ગુણાન્ ॥૨॥

હે સ્વામિન્ ! આપની રૂપલક્ષ્મી જોવાને હજાર નેત્રવાળો ઇન્દ્ર પણ સમર્થ નથી અને આપના ગુણ ગાવાને હજાર જિહ્વાવાળો શેષનાગ પણ સમર્થ નથી. ૨.

સંશયાન્ નાથ ! હરસેઽનુત્તરસ્વર્ગિણામપિ ।
અતઃ પરોઽપિ કિં કોઽપિ, ગુણઃ સ્તુત્યોઽસ્તિ વસ્તુતઃ ? ॥૩॥

હે નાથ ! આપ અહીં રહ્યા છતાં જ અનુત્તર વિમાનમાં રહેલા દેવોના પણ સંશયોને હરો છો, તો શું આથી બીજો વસ્તુતઃ (પરમાર્થથી) સ્તુતિ કરવા લાયક કોઈ પણ ગુણ છે ? નથી જ. ૩.

ઇદં વિરુદ્ધં શ્રદ્ધત્તાં, કથમશ્રદ્દધાનકઃ ।
આનન્દસુખસક્તિશ્ચ, વિરક્તિશ્ચ સમં ત્વયિ ॥૪॥

હે પ્રભુ ! અનંત આનંદરૂપ સુખમાં આસક્તિ અને સર્વસંગની વિરક્તિ એ બન્ને એકી સાથે આપનામાં છે. આવી વિરૂદ્ધ બાબત શ્રદ્ધા વિનાનો (આપના લોકોત્તર ચરિત્રને નહિ જાણનાર) પુરુષ શી રીતે શ્રદ્ધા કરે (માને) ? ૪.

નાથેયં ઘટ્યમાનાપિ, દુર્ઘટા ઘટતાં કથમ્ ? ।
ઉપેક્ષા સર્વસત્ત્વેષુ, પરમા ચોપકારિતા ॥૫॥

હે નાથ ! આપની સર્વ પ્રાણીઓને વિષે ઉપેક્ષા (મધ્યસ્થપણું–રાગ દ્વેષ રહિતપણું) અને જ્ઞાનાદિક મોક્ષમાર્ગ દેખાડવા કરીને મહા–ઉપકારીપણું આ બે બાબત આપને વિષે પ્રત્યક્ષ દેખાતી હોવાથી ઘટમાન છતાં અન્યત્ર અઘટમાન હોવાથી શી રીતે ઘટી શકે ? ૫.

દ્વયં વિરુદ્ધં ભગવંસ્તવ નાન્યસ્ય કસ્યચિત્ ।
નિર્ગ્રન્થતા પરા યા ચ, યા ચોચ્ચૈશ્ચક્રવર્તિતા ॥૬॥

હે ભગવન્ ! જે ઉત્કૃષ્ટ નિર્ગ્રંથપણું (નિઃસ્પૃહપણું) અને જે ઉત્કૃષ્ટ ચક્રવર્તીપણું–આ બે વિરુદ્ધ બાબતો કે જે બીજા કોઈ હરિહરાદિકમાં નથી, તે આપનામાં સ્વાભાવિક જ રહેલી છે. ૬.

નારકા અપિ મોદન્તે, યસ્ય કલ્યાણપર્વસુ ।
પવિત્રં તસ્ય ચારિત્રં, કો વા વર્ણયિતું ક્ષમઃ ? ॥૭॥

જેમની પાંચે કલ્યાણક તિથિઓમાં નારકીઓ પણ એક મુહૂર્ત્ત માત્ર આનંદ પામે છે તેમનું (આપનું) પવિત્ર ચારિત્ર વર્ણન કરવા કોણ સમર્થ છે ? ૭.

શમોઽદ્ભુતોઽદ્ભુતં રૂપં, સર્વાત્મસુ કૃપાદ્ભુતા।
સર્વાદ્ભુતનિધીશાય, તુભ્યં ભગવતે નમઃ ॥૮॥

હે વીતરાગ ! આપને વિષે અદ્ભુત સમતા, અદ્ભુત રૂપ અને સર્વ પ્રાણીઓ ઉપર અદ્ભુત દયા છે; તેથી સર્વ અદ્ભુતના મહાનિધાનરૂપ આપ ભગવાનને નમસ્કાર હો ! ૮.

### ઇતિ દશમપ્રકાશઃ

★

## અથ એકાદશ પ્રકાશ. ૧૧.

### અચિંત્ય મહાત્મ્યનું વર્ણન—

નિઘ્નન્પરીષહચમૂમુપસર્ગાન્ પ્રતિક્ષિપન્ ।
પ્રાપ્તોઽસિ શમસૌહિત્યં, મહતાં કાપિ
વૈદુષી ॥૧॥

હે વીતરાગ ! આપ પરીસહોની સેનાને હણતા અને ઉપસર્ગોનો તિરસ્કાર કરતા સમતારૂપ અમૃતની તૃપ્તિને પામ્યા છો, તેથી મોટા પુરુષોની ચતુરાઈ કોઈ અદ્ભુત જ હોય છે. ૧.

અરક્તો ભુક્તવાન્મુક્તિમદ્વિષ્ટો હતવાન્દ્વિષઃ ।
અહો ! મહાત્મનાં કોઽપિ, મહિમા
લોકદુર્લભઃ ॥૨॥

હે વીતરાગ ! આપે રાગ રહિત છતાં મુક્તિ-સ્ત્રીને ભોગવી છે અને દ્વેષ રહિત છતાં કષાયાદિક શત્રુઓને હણ્યા છે. અહો ! લોકમાં દુર્લભ એવો મહાત્માઓનો મહિમા કોઈ અદ્ભુત જ છે. ૨.

સર્વથા નિર્જિગીષેણ, ભીતભીતેન ચાગસઃ ।
ત્વયા જગત્ત્રયં જિગ્યે, મહતાં
કાપિ ચાતુરી ॥૩॥

હે પ્રભુ ! સર્વ પ્રકારે શત્રુને જીતવાની નહી ઇચ્છાવાળા અને પાપથી અત્યંત ભય પામેલા છતાં પણ આપે ત્રણ જગતને જીતી લીધા છે, તો મહા-પુરુષોની ચતુરાઈ કોઈ અદ્ભુત જ છે. ૩.

દત્તં ન કિઞ્ચિત્કસ્મૈચિન્નાત્તં કિઞ્ચિત્કુતશ્ચન ।
પ્રભુત્વં તે તથાપ્યેતત્કલા કાપિ
વિપશ્ચિતામ્ ॥૪॥

હે પ્રભુ ! આપે કોઈને કોઈ ગામ વિગેરે આપ્યું નથી તેમ જ કોઈની પાસેથી કાંઈ દંડાદિક લીધું નથી, તો પણ આપનું આ (સમવસરણાદિક લક્ષ્મીરૂપ) ઐશ્વર્ય છે તો વિદ્વાનોની કળા કોઈક અપૂર્વ છે. ૪.

યદ્દેહસ્યાપિ દાનેન, સુકૃતં નાર્જિતં પરૈઃ ।
ઉદાસીનસ્ય તન્નાથ !, પાદપીઠે તવાલુઠત્ ॥૫॥

હે નાથ ! બીજા બૌદ્ધાદિકે પોતાના દેહને આપવા વડે પણ જે સુકૃત ઉપાર્જન કર્યું નથી તે (ઉપકારીપણારૂપ સુકૃત) ઉદાસીનભાવે રહેલા આપના પાદપીઠમાં આલોટયું છે. ૫.

રાગાદિષુ નૃશંસેન, સર્વાત્મસુ કૃપાલુના ।
ભીમકાન્તગુણેનોચ્ચૈઃ, સામ્રાજ્યં સાધિતં
ત્વયા ॥૬॥

હે પ્રભુ ! રાગાદિકને વિષે દયા રહિત અને સર્વ પ્રાણીઓ ઉપર દયાવાળા આપે પ્રતાપાદિક ભયંકર અને સમતાદિક મનોહર ગુણે કરીને મોટું સામ્રાજ્ય સાધ્યું છે. ૬.

સર્વે સર્વાત્મનાઽન્યેષુ, દોષાસ્ત્વયિ પુનર્ગુણાઃ ।
સ્તુતિસ્તવેયા ચેન્મિથ્યા, તત્પ્રમાણં
સભાસદઃ ॥૭॥

હે નાથ ! હરિહરાદિક અન્ય દેવોમાં સર્વ દોષો સર્વ પ્રકારે રહેલા છે અને આપને વિષે સર્વથા સર્વ ગુણો રહેલા છે. આ આપની સ્તુતિ જો મિથ્યા હોય તો સભાસદો પ્રમાણભૂત છે. તેઓ જે કહે તે સાચું. ૭.

મહીયસામપિ મહાન્, મહનીયો મહાત્મનામ્ ।
અહો ! મે સ્તુવતઃ સ્વામી,
સ્તુતેર્ગોચરમાગતઃ ॥૮॥

મોટામાં મોટા અને મહાત્માઓના પણ પૂજ્ય એવા સ્વામી આજે સ્તુતિ કરતા એવા મારી સ્તુતિના વિષયને પામ્યા છે. ૮.

ઇતિ એકાદશ પ્રકાશ—૧૧.

★

## અથ દ્વાદશ પ્રકાશ. ૧૨.

**પ્રભુને આટલી બધી સંપત્તિની પ્રાપ્તિ થઈ તેનો ઉપાયરૂપ વૈરાગ્ય બતાવે છે—**

પટ્વભ્યાસાદરૈઃ પૂર્વં, તથા વૈરાગ્યમાહરઃ ।
યથેહ જન્મન્યાજન્મ,
તત્સાત્મીભાવમાગમત્ ॥૧॥

હે વીતરાગ! આપે પૂર્વ ભવમાં સુંદર અભ્યાસના આદરે કરીને એવો વૈરાગ્ય પ્રાપ્ત કર્યો હતો કે જેથી આ (તીર્થંકરના) ભવમાં તે વૈરાગ્ય જન્મથી જ સહજ ભાવને પામેલ છે અર્થાત્ જન્મથી જ આપનો આત્મા વૈરાગ્યથી રંગાયેલો છે. ૧.

દુઃખહેતુષુ વૈરાગ્યં, ન તથા નાથ! નિસ્તુષમ્ ।
મોક્ષોપાયપ્રવીણસ્ય, યથા તે સુખહેતુષુ ॥૨॥

હે નાથ! મોક્ષના ઉપાય (જ્ઞાનાદિક)માં પ્રવીણ એવા આપને સુખના હેતુને વિષે જેવો નિર્મળ વૈરાગ્ય હોય છે. તેવો દુઃખના હેતુને વિષે નથી હોતો. એટલે જે દુઃખહેતુક વૈરાગ્ય હોય તે ક્ષણિક હોય છે અને સુખહેતુક વૈરાગ્ય હોય તે નિશ્ચલ હોવાથી મોક્ષનું સાધન અવશ્ય થાય છે. ૨.

વિવેકશાણૈર્વૈરાગ્યશસ્ત્રં શાતં ત્વયા તથા ।
યથા મોક્ષેઽપિ તત્સાક્ષાદકુણ્ઠિતપરાક્રમમ્ ॥૩॥

હે પ્રભુ! વિવેકરૂપી શાણ (શરાણ) ઉપર વૈરાગ્યરૂપી શસ્ત્રને આપે તેવી રીતે ઘસીને તીક્ષ્ણ કર્યું છે કે જેથી મોક્ષને વિષે પણ તે (વૈરાગ્યરૂપી શસ્ત્ર)નું પરાક્રમ જરા પણ હણાયું નથી. ૩.

યદા મરુન્નરેન્દ્રશ્રીસ્ત્વયા નાથોપભુજ્યતે ।
યત્ર તત્ર રતિર્નામ વિરક્તત્વં તદાપિ તે ॥૪॥

હે નાથ! જ્યારે આપ પૂર્વભવમાં દેવની ઋદ્ધિને અને તે પછીના તીર્થંકરના ભવમાં રાજ્યલક્ષ્મીને ભોગવો છો ત્યારે પણ તમારો વૈરાગ્ય જ છે; કેમકે જ્યાં ત્યાં પણ તમારે રતિ (સમાધિ) જ છે એટલે કે દેવ અને રાજ્યની લક્ષ્મી ભોગવતાં છતાં પણ આપ ભોગ ફળવાળું કર્મ ભોગવ્યા વિના ક્ષય પામશે નહીં એમ વિચારીને અનાસક્તપણે ભોગવો છો તેથી તે કર્મની નિર્જરા જ થાય છે. ૪.

નિત્યં વિરક્તઃ કામેભ્યો, યદા યોગં પ્રપદ્યસે ।
અલમેભિરિતિ પ્રાજ્યં, તદા
વૈરાગ્યમસ્તિ તે ॥૫॥

હે વીતરાગ! સર્વદા એટલે દીક્ષા ગ્રહણ કર્યા પહેલાં પણ વિષયોથી વિરક્ત થયેલા આપ જ્યારે યોગ (જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ દીક્ષા)ને અંગીકાર કરો છો ત્યારે આ વિષયોથી સર્યું એમ વિચારતાં આપને મોટો વૈરાગ્ય જ છે. ૫.

સુખે દુઃખે ભવે મોક્ષે, યદૌદાસીન્યમીશિષે ।
તદા વૈરાગ્યમેવેતિ; કુત્ર નાસિ
વિરાગવાન્? ॥૬॥

સુખમાં, દુઃખમાં, સંસારમાં, મોક્ષમાં સર્વત્ર આપ જ્યારે ઉદાસીનતા (મધ્યસ્થતા) કરો છો ત્યારે પણ આપને વૈરાગ્ય જ છે, તેથી આપ ક્યાં અને ક્યારે વૈરાગ્યવાળા નથી? સર્વત્ર વૈરાગ્યવાળા જ છો. ૬

દુઃખગર્ભે મોહગર્ભે, વૈરાગ્યે નિષ્ઠિતાઃ પરે ।
જ્ઞાનગર્ભે તુ વૈરાગ્યં, ત્વય્યેકાયનતાં ગતમ્ ॥૭॥

બીજા (પરતીર્થિકો) દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં રહેલા છે, પરંતુ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો આપને વિષે એકીભાવને (તન્મયપણાને) પામ્યો છે. (ઇષ્ટના વિયોગથી અને અનિષ્ટના સંયોગથી થયેલો વૈરાગ્ય દુઃખગર્ભિત કહેવાય છે. કુશાસ્ત્રમાં કહેલાં અધ્યાત્મના લેશને સાંભળવાથી જે વૈરાગ્ય થાય તે મોહગર્ભિત અને યથાસ્થિત સંસારનું સ્વરૂપ

જોઈને જે વૈરાગ્ય થાય તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.) ૭.

**ઔદાસીન્યેઽપિ સતતં, વિશ્વવિશ્વોપકારિણે ।**
**નમો વૈરાગ્યનિઘ્નાય, તાયિને પરમાત્મને ॥૮॥**

હે વીતરાગ! ઉદાસીનતા (મધ્યસ્થપણા) ને વિષે પણ નિરંતર સર્વ વિશ્વને ઉપકાર કરનાર, વૈરાગ્યમાં તત્પર, સર્વના રક્ષક પરબ્રહ્મસ્વરૂપ એવા આપને અમારો નમસ્કાર હો. ૮.

**ઇતિ દ્વાદશ પ્રકાશઃ ૧૨.**

★

## અથ ત્રયોદશ પ્રકાશઃ ૧૩.

પ્રભુ સર્વત્ર હેતુ વિના જ સ્વેચ્છાએ પ્રવર્તે છે, તે બતાવે છે.

**અનાહૂતસહાયસ્ત્વં, ત્વમકારણવત્સલઃ ।**
**અનભ્યર્થિતસાધુસ્ત્વં,**
**ત્વમસમ્બન્ધબાન્ધવઃ ॥૧॥**

હે વીતરાગ! મુક્તિપુરીના માર્ગમાં જનારા પ્રાણીઓને આપ બોલાવ્યા વિના જ સહાયકારક છો, આપ કારણ (સ્વાર્થ) વિના જ હિતકારક છો, આપ પ્રાર્થના કર્યા વિના જ સાધુ એટલે પરનું કાર્ય કરનારા છો તથા આપ સંબંધ વિના જ બાંધવ છો. ૧.

**અનક્તસ્નિગ્ધમનસમમૃજોજ્જ્વલવાક્પથમ્ ।**
**અધૌતામલશીલં ત્વાં, શરણ્યં શરણં શ્રયે ॥૨॥**

મમતારુપી સ્નેહવડે નહીં ચોપડાયા છતાં સ્નિગ્ધ મનવાળા, માર્જન કર્યા વિના જ ઉજ્વળ વાણીને બોલનારા, ધોયા વિના જ નિર્મળ શીલવાળા અને તેથી કરીને જ શરણ કરવા લાયક એવા આપનું હું શરણ લઉં છું. ૨

**અચણ્ડવીરવ્રતિના, શમિના શમવર્ત્તિના ।**
**ત્વયા કામમકુટ્યન્ત, કુટિલાઃ કર્મકણ્ટકાઃ ॥૩॥**

ક્રોધ વિના જ વીરવ્રતવાળા (સુભટની વૃત્તિવાળા), શમતાવાળા અને શમતામાં વર્તનારા આપે કુટિલ કર્મરૂપી કાંટાઓનો અત્યંત નાશ કર્યો છે. ૩.

**અભવાય મહેશાયાઽગદાય નરકચ્છિદે ।**
**અરાજસાય બ્રહ્મણે, કસ્મૈચિદ્ભવતે નમઃ ॥૪॥**

ભવ (મહાદેવ) રહિત મહેશ્વરરૂપ, ગદા રહિત નરકચ્છિદ (વિષ્ણુ) રુપ અને રજોગુણ રહિત બ્રહ્મારુપ એવા કોઈ (ન કહી શકાય તેવા) આપને નમસ્કાર હો. (અહીં કહેલા છએ શબ્દો પરસ્પર વિરુદ્ધ છે એટલે કે જે ભવ (મહાદેવ) ન હોય તે મહેશ્વર પણ ન હોય, જે ગદા રહિત હોય તે વિષ્ણુ ન હોય અને જે રજોગુણ રહિત હોય તે બ્રહ્મા ન હોય કેમકે ભવ જ મહેશ્વર છે, વિષ્ણુ ગદા સહિત જ છે અને બ્રહ્મા રજોગુણ સહિત જ છે. આ વિરોધને દૂર કરવા માટે આવો અર્થ કરવો-શ્રી વીતરાગ પ્રભુ અભવ એટલે સંસાર રહિત છે, મહેશ એટલે તીર્થંકર સંબંધી પરમ ઐશ્વર્ય સહિત છે; અગદ એટલે રાગ રહિત છે, નરકચ્છિદ એટલે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવાથી ભવ્ય પ્રાણીઓની નરકગતિને છેદનાર છે. અરાજસ એટલે કર્મરૂપી રજ રહિત છે અને બ્રહ્મા એટલે પરબ્રહ્મ (મોક્ષ) ને વિષે લય પામેલા હોવાથી બ્રહ્મારૂપ છે.) ૪.

**અનુક્ષિતફલોદગ્રાદનિપાતગરીયસઃ ।**
**અસઙ્કલ્પિતકલ્પદ્રોસ્ત્વત્તઃ ફલમવાપ્નુયામ્ ॥૫॥**

(સર્વ વૃક્ષો નિરંતર જલસિંચન કરવાથી જ અમુક સમયે જ માત્ર ફળને આપે છે, વળી પડવાએ કરીને જ મોટા ભારવાળા હોય છે અને પ્રાર્થના કરવાથી જ ઇચ્છિત વસ્તુને આપનાર હોય છે. પરંતુ) આપ તો સિંચન કર્યા વિના જ ઉભયલોકના સુખરુપી ફળોએ કરીને પરિપૂર્ણ છો, પડ્યા વિના જ એટલે સ્વસ્વરૂપમાં રહેવાથી જ ગૌરવતાવાળા છો અને પ્રાર્થના કર્યા વિના જ ઇચ્છિત વસ્તુને આપનારા છો. તેથી આવા પ્રકારના કલ્પવૃક્ષરૂપ આપનાથી હું ફળને પામું છું. ૫

**અસઙ્ગસ્ય જનેશસ્ય, નિર્મમસ્ય કૃપાત્મનઃ ।**
**મધ્યસ્થસ્ય જગત્ત્રાતુરનઙ્કસ્તેઽસ્મિ**
**કિઙ્કરઃ ॥૬॥**

( આ શ્લોકમાં પણ પરસ્પર વિરુદ્ધ છ વિશેષણો આ રીતે છે-જે સંગ રહિત હોય તે જનેશ-લોકના સ્વામી હોઈ શકે નહીં, મમતા રહિત હોય તે કોઈના પર કૃપા કરે નહીં, અને મધ્યસ્થ ઉદાસીન હોય તે બીજાનું રક્ષણ કરે નહીં, તો પણ ) આપ તો સર્વ સંગનો ત્યાગ કરી તીર્થંકરપદના પ્રભાવથી ઇચ્છા રહિત છતાં પણ ત્રણ જગના લોકોને સેવ્ય હોવાથી જનેશ છો, તથા વીતરાગપણાથકી જ મમતા રહિત છતાં પણ દુષ્કર્મથી પીડાતા ત્રણ જગતના પ્રાણીઓ ઉપર કૃપાળુ છો, તથા રાગદ્વેષ રહિતપણાને લીધે મધ્યસ્થ એટલે ઉદાસીન છતાં પણ એકાંત હિતકારક ધર્મોપદેશ દેવાથી આભ્યંતર શત્રુથી ત્રાસ પામેલા જગતના જીવોના રક્ષક છો; આવા વિશેષણવાલા આપનો હું અંક ( ચિહ્ન ) રહિત કિંકર છું. જે કિંકર હોય તે ખડ્ગાદિક ચિહ્નવાળો હોય છે, પણ હું તો દ્વિપદાદિ પરિગ્રહ રહિત એવા આપનો કદાગ્રહરૂપી કલંક રહિત જ સેવક છું. ૬.

અગોપિતે રત્નનિધાવવૃતે કલ્પપાદપે ।
અચિન્ત્યે ચિન્તારત્ને ચ, ત્વય્યાત્માઽયં
મયાર્પિતઃ ॥૭॥

( આ શ્લોકમાં પણ છ શબ્દો પરસ્પર વિરુદ્ધ આ રીતે છે. રત્નનો નિધિ ગોપવ્યા વિના રહી શકે નહીં. કલ્પવૃક્ષ વાડ વિના રહી શકે નહીં અને ચિંતામણિ રત્ન પ્રાર્થના કર્યા વિના કાંઈ પણ આપે નહીં તો પણ ) આપ તો નહીં ગુપ્ત કરેલા-પ્રગટ રત્નના નિધિ સમાન, કર્મરૂપી વાડ વિનાના કલ્પવૃક્ષ સમાન અને અચિંત્ય ચિંતામણિ સમાન આપને વિષે મેં મારો આ આત્મા અર્પણ કર્યો છે. ૭.

( પહેલેથી આ સાતમા શ્લોક સુધીમાં અનુક્રમે પહેલેથી સાતે વિભક્તિઓ લીધેલી છે. )

ફલાનુધ્યાનવન્ધ્યોઽહં, ફલમાત્રતનુર્ભવાન્ ।
પ્રસીદ યત્કૃત્યવિધૌ, કિંકર્તવ્યજડે મયિ ॥૮॥

આપ સિદ્ધસ્વરૂપ ફળ માત્ર શરીરવાળા છો અને હું ફળરૂપ આપના ધ્યાન રહિત છું, તેથી મારે શું કરવું ? એ બાબતમાં જડ-મૂઢ થયેલા મારા ઉપર મારે જે કરવા લાયક હોય તે વિધિ દેખાડવામાં કૃપા કરો. ૮.

## ઇતિ ત્રયોદશ પ્રકાશઃ ૧૩.

★

## અથ ચતુર્દશ પ્રકાશ. ૧૪.

હવે યોગની શુદ્ધિ બતાવે છે.—

મનોવચઃકાયચેષ્ટાઃ, કષ્ટાઃ સંહૃત્ય સર્વથા ।
શ્લથત્વેનૈવ ભવતા, મનઃશલ્યં
વિયોજિતમ્ ॥૧॥

હે ભગવન્ ! કષ્ટકારક એટલે પાપવાળી મન, વચન અને કાયાની ચેષ્ટાને સર્વથા તજીને શિથિલપણાવડે જ આપે મનના શલ્યને દૂર કર્યું છે. ( શરીરમાં કોઈ ઠેકાણે શલ્ય ( કાંટો ) લાગ્યો હોય તો બાહ્ય ચેષ્ટાનો નિરોધ કરી શરીરને શિથિલ કરવાથી ( ઢીલું મૂકવાથી ) તરત જ તે શલ્ય ચીપીયા વિગેરેથી નીકળી શકે છે. તે જ રીતે સર્વ ચેષ્ટાઓને રૂંધી મનને શિથિલ ( મોકળું ) મૂકવાથી તે મન પોતાની મેળે જ શાંત થઈ જાય છે; કેમકે વિપરીત શિક્ષાવાળા અશ્વની જેમ મનનું નિયંત્રણ કરવાથી તે ઉલટું વધારે પ્રસરે છે-ચપળ થાય છે અને શિથિલ મૂકવાથી પોતાની મેળે જ સ્થિર થાય છે. ) ૧.

સંયતાનિ ન ચાક્ષાણિ, નૈવોચ્છૃઙ્ખલિતાનિ ચ ।
ઇતિ સમ્યક્પ્રતિપદા, ત્વયેન્દ્રિયજયઃ કૃતઃ ॥૨॥

હે વીતરાગ ! આપે ઇંદ્રિયોને બળાત્કારે નિયંત્રિત કરી નથી, તેમ જ લોલુપતાથી છૂટી પણ મૂકી નથી. આ રીતે સમ્યક્ પ્રકારે વસ્તુતત્ત્વને અંગીકાર કરનારા આપે ઇંદ્રિયોનો જય કર્યો છે. ( ઇન્દ્રિયોને બળાત્કારે બાંધવાથી તે કૌતુકવાળી થઇને બંધનમાં રહેતી નથી અને જો કેટલોક કાળ તેને છૂટી મૂકવામાં આવે તો વિષયના સ્વરૂપને જાણી, અનુભવી, કૌતુક રહિત થઈ પોતાની જાતે જ નિવૃત્તિ પામે છે અને ફરીથી તે કદાપિ વિકાર પામતી નથી. આ હકીકત જ્ઞાની મહાત્મા માટે છે, અન્ય જનોએ

તો ઇન્દ્રિયોનો જય કરવા સર્વથા શક્તિ ફોરવવી જોઈએ.) ૨.

યોગસ્યાડષ્ટાઙ્ગતા નૂનં, પ્રપઞ્ચઃ કથમન્યથા ।
આબાલ્યભાવતોડપ્યેષ, તવ
સાત્મ્યમુપેયિવાન્ ॥૩॥

હે પ્રભુ ! અન્ય શાસ્ત્રોમાં યમ ૧, નિયમ ૨, આસન ૩, પ્રાણાયામ ૪, પ્રત્યાહાર ૫, ધારણા ૬, ધ્યાન ૭ અને સમાધિ ૮ આ આઠ અંગ યોગના (સમાધિના) કહ્યા છે તે માત્ર પ્રપંચ (આડંબર–વિસ્તાર) હોય તેમ ભાસે છે. કારણ કે તેમ ન હોય તો આપને બાલ્યાવસ્થાથી જ આ યોગ સહજપણાને શી રીતે પામે? (આસનાદિક બાહ્ય વિસ્તાર વિના જ પરમ જ્ઞાન–વૈરાગ્યાદિકરૂપ યોગ આપને સ્વાભાવિક જ પ્રાપ્ત થયો છે.) ૩.

વિષયેષુ વિરાગસ્તે, ચિરં સહચરેષ્વપિ ।
યોગે સાત્મ્યમદૃષ્ટેડપિ,
સ્વામિન્નિદમલૌકિકમ્ ॥૪॥

હે સ્વામી ! ઘણા કાળના પરિચયવાલા વિષયો ઉપર પણ આપનો વૈરાગ્ય છે અને જન્મ પર્યંત નહીં જોયેલા એવા પણ યોગને વિષે એકપણું–તન્મયપણું છે. આ આપનું ચરિત્ર અલૌકિક છે. ૪.

તથા પરે ન રજ્યન્ત, ઉપકારપરે પરે ।
યથાડપકારિણી ભવાનહો! સર્વમલૌકિકમ્ ॥૫॥

હે વીતરાગ ! અપકાર કરનારા કમઠ, ગૌશાલક વિગેરે ઉપર પણ આપ જે પ્રમાણે રાગી (ખુશી) થાઓ છો તે પ્રમાણે અન્ય દેવો ઉપકાર કરનારા સેવક ઉપર પણ રાગી થતા નથી. અહો ! આપનું સર્વ ચરિત્ર અલૌકિક છે. (કર્મક્ષય કરવામાં પ્રવર્તેલા મને કમઠ ઠીક સહાયભૂત થયો છે એમ ધારી આપ તેના પર ખુશી થાઓ છો.) ૫.

હિંસકા અપ્યુપકૃતા, આશ્રિતા અપ્યુપેક્ષિતાઃ ।
ઈદં ચિત્રં ચરિત્રં તે, કે વા
પર્યનુયુઞ્જતામ્ ? ॥૬॥

હે પ્રભુ ! ચંડકૌશિક વિગેરે હિંસકોને પણ સદ્ગતિ પમાડવા વડે આપે ઉપકાર કર્યો છે, અને સર્વાનુભૂતિ તથા સુનક્ષત્ર વિગેરે આશ્રિતોની પણ આપે ઉપેક્ષા કરી છે એટલે કે આ ભવ સંબંધી આપત્તિથી તેમનું રક્ષણ કર્યું નથી. આવા આશ્ચર્યકારક આપના ચરિત્રને કોણ પૂછવાને પણ ઉત્સાહ ધારણ કરે? આપ આવું ચરિત્ર કેમ કરો છો? એમ કોઈ પૂછી પણ શકે તેમ નથી. ૬

તથા સમાધૌ પરમે, ત્વયાત્મા વિનિવેશિતઃ ।
સુખી દુઃખ્યસ્મિ નાસ્મીતિ, યથા ન
પ્રતિપન્નવાન્ ॥૭॥

હે ભગવાન્! આપે આપના આત્માને એવી રીતે ઉત્તમ સમાધિમાં સ્થાપન કર્યો છે કે જેથી હું સુખી છું ? કે દુઃખી છું ? કે નથી? એમ જરા પણ આપે સ્વીકાર્યું નથી. અર્થાત્ આપ સંકલ્પ રહિત છો. ૭.

ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં, ત્રયમેકાત્મતાં ગતમ્ ।
ઇતિ તે યોગમાહાત્મ્યં, કથં શ્રદ્ધીયતાં
પરૈઃ ? ॥૮॥

હે પ્રભુ ! ધ્યાતા, ધ્યેય અને ધ્યાન આ ત્રણે આપને વિષે એકપણાને (અભેદને) પામેલા છે. આવા પ્રકારના આપના યોગમહાત્મ્યને અન્ય જનો (સૂક્ષ્મમાર્ગને નહીં જાણનારા લોકો) શી રીતે શ્રદ્ધા કરે–માને ? ૮.

ઈતિ ચતુર્દશપ્રકાશઃ

★

## અથ પંચદશ પ્રકાશઃ ૧૫.

હવે ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે.—

જગજ્જૈત્રા ગુણાસ્ત્રાતરન્યે તાવત્તવાસતામ્ ।
ઉદાત્તશાન્તયા જિગ્યે, મુદ્રયૈવ જગત્ત્રયી ॥૧॥

હે રક્ષક ! પ્રથમ તો જગતને જીતનારા બીજા આપના ગુણો દૂર રહો, પરંતુ ઉદાત્ત (પરાભવ ન પમાડી શકાય એવી) અને શાંત (સૌમ્ય) એવી આપની મુદ્રાએ જ ત્રણ જગતને જીતી લીધા છે. ૧.

**મેરુસ્તૃણીકૃતો મોહાત્, પયોધિર્ગોષ્પદીકૃતઃ ।**
**ગરિષ્ઠેભ્યો ગરિષ્ઠો યૈઃ,**

**પાપ્મભિસ્ત્વમપોદિતઃ ॥૨॥**

હે નાથ! જે પાપીઓએ મોટાથી પણ મોટા એટલે ઇંદ્રાદિકથી પણ મોટા એવા આપનો અનાદર કર્યો છે, તેઓએ અજ્ઞાનથી મેરુપર્વતને તૃણ જેવડો ગણ્યો છે અને સમુદ્રને ગોષ્પદ (ગાયની ખરી) જેવડો ગણ્યો છે. ૨.

**ચ્યુતશ્ચિન્તામણિઃ પાણેસ્તેષાં લબ્ધા સુધા મુધા।**
**યૈસ્તે શાસનસર્વસ્વમજ્ઞાનૈર્નાત્મસાત્કૃતમ્ ॥૩॥**

જે અજ્ઞાનીઓએ આપનું શાસનરુપી સર્વસ્વ (ધન) પોતાને આધીન કર્યું નથી તેઓ (નિર્ભાગીઆ) ના હાથથી ચિંતામણિ રત્ન પડી ગયું છે અને પ્રાપ્ત થયેલું અમૃત નિષ્ફળ થયું છે. ૩.

**યસ્ત્વય્યપિ દધૌ દૃષ્ટિમુલ્મુકાકારધારિણીમ્ ।**
**તમાશુશુક્ષણિઃ સાક્ષાદાલપ્યાલમિંદ હિવા ॥૪॥**

હે પ્રભુ! જે (નિર્ભાગી) મનુષ્ય નિષ્કારણ-વત્સલ આપના ઉપર પણ બળતા ઉંબાડીયાની જેવી ઇર્ષ્યાવાળી દૃષ્ટિને ધારણ કરે છે, તેને સાક્ષાત્ અગ્નિ (બાળી નાંખો) અથવા તો આવું વચન બોલવાથી સર્યું (ન બોલવું જ સારું છે.) ૪.

**ત્વચ્છાસનસ્ય સામ્યં યે, મન્યન્તે શાસનાન્તરૈઃ।**
**વિષેણ તુલ્યં પીયૂષં, તેષાં હન્ત!**

**હતાત્મનામ્ ॥૫॥**

હે પ્રભુ! ખેદની વાત છે કે જે લોકો આપના શાસનને બીજા દર્શનોની સાથે તુલ્ય માને છે, તે અજ્ઞાનથી હણાયેલા જનોને અમૃત પણ વિષ તુલ્ય છે. (તેઓ અમૃતને વિષ સમાન ગણે છે એમ જાણવું.) ૫

**અનેડમૂકા ભૂયાસુસ્તે યેષાં ત્વયિ મત્સરઃ ।**
**શુભોદર્કાય વૈકલ્યમપિ પાપેષુ કર્મસુ ॥૬॥**

હે પ્રભુ! જેઓને આપના ઉપર ઇર્ષ્યા છે, તે લોકો બહેરા ને મુંગા જ હો (કાન અને વચન રહિત જ હો), કેમકે પરનિંદાદિક પાપવ્યાપારમાં ઇન્દ્રિયોનું વિકળપણું (રહિતપણું) પણ શુભ પરિણામને માટે જ છે અર્થાત્ વિકળપણાથકી આપની નિંદાદિક ન કરી શકવાથી તેઓ દુર્ગતિમાં જશે નહીં, એ જ તેઓને માટે મોટો લાભ છે. ૬.

**તેભ્યો નમોઽઞ્જલિરયં, તેષાં તાન્ સમુપાસ્મહે।**
**ત્વચ્છાસનામૃતરસૈર્યૈરાત્માઽસિચ્યતાન્વહમ્ ॥૭॥**

જેઓએ આપના શાસનરૂપી અમૃતરસ વડે નિરંતર પોતાના આત્માને સિંચ્યો છે, તેમને અમારો નમસ્કાર થાઓ, તેમને અમે બે હાથ જોડીએ છીએ અને તેમને અમે સેવીએ છીએ. ૭.

**ભુવે તસ્યૈ નમો યસ્યાં, તવ પાદનખાંશવઃ ।**
**ચિરં ચૂડામણીયન્તે, બ્રૂમહે કિમતઃ પરમ્? ॥૮॥**

હે પ્રભુ! જે ભૂમિ પર આપના પગના નખના કિરણો ચિરકાલ સુધી ચૂડામણિની જેવા શોભે છે, તે ભૂમિને નમસ્કાર હો. આથી વધારે અમે શું કહીએ? આથી વધારે ભક્તિનું વચન અમારી પાસે છે જ નહીં. ૮.

**જન્મવાનસ્મિ ધન્યોઽસ્મિ, કૃતકૃત્યોઽસ્મિ**

**યન્મુહુઃ ।**

**જાતોઽસ્મિ ત્વદ્ગુણગ્રામરામણીયકલમ્પટઃ ॥૯॥**

હે વીતરાગ! આપના ગુણસમૂહરૂપી રમણીકતામાં હું વારંવાર લંપટ (મગ્ન) થયો છું, તેથી મારો જન્મ-સફળ છે, મને ધન્ય છે, અને હું કૃતકૃત્ય (કૃતાર્થ) થયો છું. ૯.

**ઇતિ પંચદશપ્રકાશઃ**

★

## અથ ષોડશ પ્રકાશ : ૧૬.

હવે પ્રભુ પાસે સ્તુતિકાર પોતાની ફરીયાદ કરે છે.

**ત્વન્મતામૃતપાનોત્થા, ઇતઃ શમરસોર્મયઃ ।**
**પરાણયન્તિ માં નાથ!, પરમાનન્દસમ્પદમ્ ॥૧॥**

હે નાથ! એક બાજુએ આપના મતરૂપી

(આગમરૂપી) અમૃતના પાનથી ઉત્પન્ન થયેલા શમતા રસના તરંગો મને પરમાનંદની લક્ષ્મી પ્રાપ્ત કરાવે છે. ૧.

ઇતશ્ચાનાદિસંસ્કારમૂર્ચ્છિતો મૂર્ચ્છયત્યલમ્ ।
રાગોરગવિષાવેગો, હતાશઃ કરવાણિ
કિમ્ ? ॥૨॥

તથા બીજી બાજુએ અનાદિ કાળના ભવભ્રમણના સંસ્કારથી ઉત્પન્ન થયેલો રાગરૂપી સર્પના વિષનો વેગ મને અતિ મૂર્છા પમાડે છે (સત્યજ્ઞાન રહિત કરી દે છે.) તો હણાયેલી આશાવાળો હું શું કરું ? ૨

રાગાહિગરલાઘ્રાતોઽકાર્ષં યત્કર્મવૈશસમ્ ।
તદ્વક્તુમપ્યશક્તોઽસ્મિ, ધિગ્મે
પ્રચ્છન્નપાપતામ્ ! ॥૩॥

હે પ્રભુ ! રાગરૂપી સર્પના વિષથી વ્યાપ્ત થએલા મેં જે અયોગ્ય કૃત્ય કર્યું છે તે આપની પાસે કહેવાને પણ હું અશક્ત છુ. તેથી મારા ગુપ્ત પાપ કરવાપણાને ધિક્કાર છે. ૩.

ક્ષણં સક્તઃ ક્ષણં મુક્તઃ,
ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં ક્ષમી ।
મોહાદ્યૈઃ ક્રીડયૈવાહં,
કારિતઃ કપિચાપલમ્ ॥૪॥

હે પ્રભુ ! હું કોઇવાર સંસારના સુખમાં આસક્ત થયો છું તો કોઇવાર તેનાથી મુક્ત (નિર્લોભ) થયો છું. કોઈવાર ક્રોધ પામ્યો છું, તો કોઈવાર ક્ષમાવાળો થયો છું. આવી રીતે મોહાદિકે મને વાંદરા જેવી ચપલતા કરાવી છે–વાંદરાના જેમ નચાવ્યો છે. ૪.

પ્રાપ્યાપિ તવ સમ્બોધિં, મનોવાક્કાયકર્મજૈઃ ।
દુશ્ચેષ્ટિતૈર્મયા નાથ !,
શિરસિ જ્વાલિતોઽનલઃ ॥૫॥

હે નાથ ! આપનો ધર્મ પામ્યા છતાં પણ મન, વચન અને કાયાના કર્મથી ઉત્પન્ન થયેલી દુષ્ટ ચેષ્ટાઓ વડે મેં મારા મસ્તક પર અગ્નિ સળગાવ્યો છે એટલે કે દુર્ગતિનું દુઃખ ઉપાર્જન કર્યું છે. ૫.

ત્વય્યપિ ત્રાતરિ ત્રાતર્યન્મોહાદિમલિમ્લુચઃ ।
રત્નત્રયં મે હ્રિયતે, હતાશો હા !
હતોઽસ્મિ તત્ ॥૬॥

હે રક્ષક ! આપ રક્ષણ કરનાર છતાં પણ મોહાદિક શત્રુઓ મારાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નો હરણ કરે છે, તેથી હણાયેલી આશાવાળો હું હણાયો છું. ૬.

ભ્રાન્તસ્તીર્થાનિ દૃષ્ટસ્ત્વં, મયૈકસ્તેષુ તારકઃ ।
તત્તવાઙ્ઘ્રૌ વિલગ્નોઽસ્મિ, નાથ !
તારય તારય ॥૭॥

હે ! નાથ હું ઘણાં તીર્થોમાં ભમ્યો છું, તે સર્વમાં મેં આપને જ એક તારક જોયા. તેથી હું આપના ચરણમાં લાગેલો છું. માટે મને તારો તારો. ૭.

ભવત્પ્રસાદેનૈવાહમિયતીં પ્રાપિતો ભુવમ્ ।
ઔદાસીન્યેન નેદાનીં,
તવ યુક્તમુપેક્ષિતુમ્ ॥૮॥

હે પ્રભુ ! આપની કૃપાથી જ હું આટલી ભૂમિકાને (આપની સેવાની યોગ્યતાને) પામ્યો છું. તો હવે આપને ઉદાસીનપણાએ કરીને મારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી. ૮

જ્ઞાતા તાત ! ત્વમેવૈકસ્ત્વત્તો નાન્યઃ કૃપાપરઃ ।
નાન્યો મત્તઃ કૃપાપાત્રમેધિ યત્કૃત્યકર્મઠઃ ॥૯॥

હે પિતા ! આપ જ એક જ્ઞાતા છો, આપનાથી બીજો કોઈ કૃપાળુ નથી અને મારા વિના બીજો કોઈ કૃપાનું પાત્ર (સ્થાન) પણ નથી. તેથી આપ જ કરવા લાયક કાર્યમાં તત્પર થાઓ (જે કરવાનું હોય તે કરો). ૯.

**ઈતિ ષોડશઃ પ્રકાશઃ ૧૬.**

★

## અથ સપ્તદશઃ પ્રકાશઃ ૧૭.

હવે ભગવાનને જ શરણરૂપે ગ્રહણ કરે છે.–

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાઽનુમોદયન્ ।

નાથ! ત્વચ્ચરણૌ યામિ, શરણં

શરણોજ્ઝિતઃ ॥૧॥

હે નાથ ! પોતે ( મેં ) કરેલા દુષ્કર્મની ગર્હા (નિંદા) કરતો અને સુકૃતની અનુમોદના કરતો શરણ રહિત હું આપના ચરણનું શરણ કરું છું. ૧.

મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ ।
મિથ્યા તે દુષ્કૃતં

ભૂયાદપુનઃક્રિયયાન્વિતમ્ ॥૨॥

કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ વડે મન, વચન અને કાયાથી ઉત્પન્ન થયેલા પાપને વિષે જે મને દુષ્કૃત લાગ્યું હોય તે ફરીથી નહીં કરવા-પૂર્વક મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૨.

યત્કૃતં સુકૃતં કિંચિદ્, રત્નત્રિતયગોચરમ્ ।
તત્સર્વમનુમન્યેઽહં, માર્ગમાત્રાનુસાર્યપિ ॥૩॥

હે પ્રભુ ! માત્ર આપના માર્ગને જે અનુસરનારું જ હોય એવું પણ જે કાંઇ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયના વિષયવાળું મારું સુકૃત હોય તે સર્વની હું અનુમોદના કરૂં છું. ૩.

સર્વેષામર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણઃ ।
અનુમોદયામિ તં તં,

સર્વં તેષાં મહાત્મનામ્ ॥૪॥

સર્વે તીર્થંકરાદિકના (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના) અરિહંતપણું વિગેરે જે જે ગુણ હોય, તે સર્વે મહાત્માઓના તે તે સર્વ ગુણની હું અનુમોદના કરૂં છું. ૪.

ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાંસ્ત્વચ્છાસનરતાન્

મુનીન્ ।

ત્વચ્છાસનં ચ શરણં,

પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥૫॥

હે વીતરાગ ! હું આપનું, આપના ફલભૂત એટલે આપની બતાવેલી ક્રિયા કરવાના ફળરૂપ સિદ્ધોનું, આપના શાસનમાં રક્ત થયેલા મુનિઓનું અને આપના શાસનનું ભાવથી (હૃદયની શુદ્ધિથી) શરણ પામ્યો છું. ૫.

ક્ષમયામિ સર્વાન્ સત્ત્વાન્,

સર્વે ક્ષામ્યન્તુ તે મયિ ।

મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ, ત્વદેકશરણસ્ય મે ॥૬॥

હે વીતરાગ ! હું સર્વ (ચોરાશી લાખ જીવા-યોનિમાં રહેલા) જીવોને ખમાવું છું, અને તે સર્વ જીવો મારે વિષે ક્ષમા કરો. આપના જ એક શરણમાં રહેલા મારે તે સર્વ જીવોને વિષે મૈત્રી હો. ૬.

એકોઽહં નાસ્તિ મે કશ્ચિન્ન

ચાહમપિ કસ્યચિત્ ।

ત્વદઙ્ઘ્રિશરણસ્થસ્ય,

મમ દૈન્યં ન કિઞ્ચન ॥૭॥

હે વીતરાગ ! હું એકલો જ છું (પિતા, પુત્ર, શિષ્યાદિક ઉપર મોહ રહિત હોવાથી એકલો છું). મારૂં કોઈ નથી, હું પણ કોઇનો નથી. આપના ચરણના શરણમાં રહેલા મારે કાંઇ પણ દીનતા નથી. ૭

યાવન્નાપ્નોમિ પદવીં, પરાં ત્વદનુભાવજામ્ ।
તાવન્મયિ શરણ્યત્વં,

મા મુઞ્ચ શરણં શ્રિતે ॥૮॥

હે પ્રભુ ! આપના પ્રસાદથી ઉત્પન્ન થયેલી ઉત્કૃષ્ટ પદવી (મુક્તિ) ને હું જ્યાં સુધી ન પામું, ત્યાં સુધી (આપના) શરણને પામેલા મારા ઉપર શરણ્યપણાને (શરણે આવેલાની ઉપરના વાત્સલ્યને) મૂકશો નહીં. ૮.

ઈતિ સપ્તદશપ્રકાશઃ

★

## અથ અષ્ટાદશઃ પ્રકાશઃ ૧૮.

હવે કઠોર વચન વડે પ્રભુની સ્તુતિ કરે છે.—

ન પરં નામ મૃદ્વેવ, કઠોરમપિ કિઞ્ચન ।
વિશેષજ્ઞાય વિજ્ઞપ્યં,

સ્વામિને સ્વાન્તશુદ્ધયે ॥૧॥

કેવળ કોમળ વચનથી જ નહીં પરંતુ વિશેષ

જાણનારા સ્વામીને પોતાના મનની શુદ્ધિને માટે કાંઈક કઠોર વચનથી પણ વિનંતિ કરાય છે. ૧

**ન પક્ષિપશુસિંહાદિવાહનાસીનવિગ્રહઃ ।**
**ન નેત્રગાત્રવક્ત્રાદિવિકારવિકૃતાકૃતિઃ ॥૨॥**

હે પ્રભુ! આપે હંસ, ગરુડ વિગેરે પક્ષી, બકરો, બળદ વિગેરે પશુઓ અને સિંહ વિગેરે વાહનો ઉપર શરીરને આરૂઢ કર્યું નથી; તેમજ નેત્ર, અવયવ અને મુખ વિગેરેના વિકાર વડે આપની આકૃતિ વિકારવાળી નથી. ૨.

**ન શૂલચાપચક્રાદિશસ્ત્રાઙ્કકરપલ્લવઃ ।**
**નાઙ્ગનાકમનીયાઙ્ગપરિષ્વઙ્ગપરાયણઃ ॥૩॥**

આપના હસ્તપલ્લવની મધ્યે ત્રિશૂળ, ધનુષ્ય અને ચક્રાદિક શસ્ત્રો નથી, આપ સ્ત્રીના મનોહર અંગનું આલિંગન કરવામાં તત્પર નથી. ૩.

**ન ગર્હણીયચરિતપ્રકમ્પિતમહાજનઃ ।**
**ન પ્રકોપપ્રસાદાદિવિડમ્બિતનરામરઃ ॥૪॥**

નિંદા કરવા લાયક ચરિત્ર વડે આપે મહાપુરુષોને કંપાવ્યા નથી, તેમજ કોપ અને કૃપાદિક વડે મનુષ્યોને અને દેવોને વિડંબના પમાડ્યા નથી. ૪.

**ન જગજ્જનનસ્થેમવિનાશવિહિતાદરઃ ।**
**ન લાસ્યહાસ્યગીતાદિવિપ્લવોપપ્લુતસ્થિતિઃ ॥૫॥**

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (નાશ) કરવામાં આપે ઉદ્યમ કર્યો નથી તેમજ નટ-વિટને ઉચિત એવા નૃત્ય, હાસ્ય અને ગીતાદિક વિલાસો વડે આપે આપની સ્થિતિને ઉપદ્રવવાળી કરી નથી. ૫.

**તદેવં સર્વદેવેભ્યઃ, સર્વથા ત્વં વિલક્ષણઃ ।**
**દેવત્વેન પ્રતિષ્ઠાપ્યઃ,**
**કથં નામ પરીક્ષકૈઃ? ॥૬॥**

તેથી કરીને આ ઉપર કહ્યા પ્રમાણે સર્વ દેવોથકી સર્વથા આપ વિલક્ષણ છો તેથી પરીક્ષક લોકો આપને શી રીતે દેવ તરીકે સ્થાપન કરી શકે? ૬.

**અનુશ્રોતઃ સરત્પર્ણતૃણકાષ્ઠાદિ યુક્તિમત્ ॥**
**પ્રતિશ્રોતઃ શ્રયદ્વસ્તુ, કયા યુક્ત્યા**
**પ્રતીયતામ્? ॥૭॥**

હે પ્રભુ! પાંદડાં, ઘાસ, કાષ્ટ વિગેરે વસ્તુ જળના પ્રવાહને અનુસરીને ચાલે તે તો યુક્તિવાળું છે, પરન્તુ તેવી વસ્તુ સામે પ્રવાહે ચાલે તે કઇ યુક્તિ વડે લોકો માની શકે? ૭.

**અથવાઽલં મન્દબુદ્ધિપરીક્ષકપરીક્ષણૈઃ ।**
**મમાપિ કૃતમેતેન, વૈયાત્યેન જગત્પ્રભો! ॥૮॥**

અથવા તો હે જગત્પ્રભુ! મંદ બુદ્ધિવાળા પરીક્ષકોની પરીક્ષા વડે સર્યું, તેમજ મારે પણ આ પરીક્ષા કરવાના કદાગ્રહથી સર્યું. ૮.

**યદેવ સર્વસંસારિજન્તુરૂપવિલક્ષણમ્ ।**
**પરીક્ષન્તાં કૃતધિયસ્તદેવ તવ લક્ષણમ્ ॥૯॥**

હે પ્રભુ! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઈ પણ વિલક્ષણ હોય, તે જ આપનું દેવપણાનું લક્ષણ છે એમ વિદ્વાન જનો વિચારો. ૯.

**ક્રોધલોભભયાક્રાન્તં, જગદસ્માદ્વિલક્ષણઃ ।**
**ન ગોચરો મૃદુધિયાં, વીતરાગ! કથઞ્ચન ॥૧૦॥**

હે વીતરાગ! (સુર, અસુર અને મનુષ્યાદિક રૂપ) આ સર્વ જગત્ ક્રોધ, લોભ અને ભયથી વ્યાપ્ત છે અને આપ તેનાથી વિલક્ષણ છો; તેથી જિનશાસનને નહીં જાણનારા અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓને આપ કોઈ પણ પ્રકારે ગોચર (પ્રત્યક્ષ) નથી. ૧૦.

**ઇતિ અષ્ટાદશઃ પ્રકાશઃ ૧૮.**

★

## અથ એકોનવિંશતિતમઃ પ્રકાશઃ ૧૯.

---

ભગવાનની આજ્ઞા આરાધવાથી જ ભગવાનની આરાધના થાય છે, તેથી આજ્ઞાસ્તવને સ્તુતિકાર કહે છે.—

**તવ ચેતસિ વર્તેઽહમિતિ વાર્ત્તાઽપિ દુર્લભા ।**
**મચ્ચિત્તે વર્તસે ચેત્ત્વમલમન્યેન કેનચિત્ ॥૧॥**

હે વીતરાગ ! હું આપના ચિત્તમાં વર્તું (રહું) એ વાત જ દુર્લભ (અસંભવિત) છે, પરંતુ જો આપ મારા ચિત્તમાં વર્તો (રહો) તો બીજા કોઈ પણ (પ્રભુતાદિક આપવા) વડે સર્યું (આપ સિવાય મારે કોઈની જરૂર નથી.) ૧.

નિગૃહ્ય કોપતઃ કાંશ્ચિત્
કાંશ્ચિત્તુષ્ટ્યાઽનુગૃહ્ય ચ ।
પ્રતાર્યન્તે મૃદુધિયઃ, પ્રલમ્ભનપરૈઃ પરૈઃ ॥૨॥

લોકોને છેતરવામાં તત્પર એવા હરિહરાદિક અન્ય દેવો કેટલાક (પોતાથી પ્રતિકૂલ રહેનાર જનો) ને ક્રોધથી શાપ-બધાદિકવડે નિગ્રહ કરીને અને કેટલાક (પોતાના ભક્તજનો) ને પ્રસન્નતા વડે વરદાન વિગેરે આપવાથી અનુગ્રહ કરીને મુગ્ધબુદ્ધિવાળા જનોને છેતરે છે, તેથી આપ જેના ચિત્તમાં વર્તતા હો તે મનુષ્યો તે દેવોથી છેતરાતા નથી, અને તેથી કરીને જ આપ મારા ચિત્તમાં વર્તતા હો તો હું કૃતકૃત્ય જ છું. ૨.

અપ્રસન્નાત્ કથં પ્રાપ્યં, ફલમેતદસઙ્ગતમ્ ? ।
ચિન્તામણ્યાદયઃ કિં ન,
ફલન્ત્યપિ વિચેતનાઃ ? ॥૩॥

રાગ-દ્વેષાદિકનો અભાવ હોવાથી કદાપિ પ્રસન્ન નહીં થનારા વીતરાગ દેવથી શી રીતે ફળ (મોક્ષાદિ) પામી શકાય ? આ પ્રમાણે કોઈ શંકા કરે તો તે તેનું કહેવું અયોગ્ય છે; કેમકે ચિંતામણિરત્ન વિગેરે વિશિષ્ટ ચેતના રહિત પદાર્થો શું ફલીભૂત નથી થતા ? અર્થાત્ ચેતના રહિત પદાર્થો કોઈના પર પ્રસન્ન થતા જ નથી, તો પણ તેમનું વિધિ પ્રમાણે આરાધન કરવાથી તેનું ફળ પ્રાપ્ત થાય છે, એવી જ રીતે વીતરાગ પણ તેનું ફળ આપનાર કહેવાય છે. ૩.

વીતરાગ ! સપર્યાતસ્તવાજ્ઞાપાલનં પરમ્ ।
આજ્ઞાઽઽરાદ્ધા વિરાદ્ધા ચ,
શિવાય ચ ભવાય ચ ॥૪॥

હે વીતરાગ ! આપની સેવા કરવા કરતાં આજ્ઞાનું પાલન કરવું, તે ભાવસ્તવરૂપ હોવાથી ઉત્કૃષ્ટ ફળને આપનાર છે, કેમકે આપની આજ્ઞાનું આરાધન મોક્ષને માટે છે અને આપની આજ્ઞાની વિરાધના સંસારને માટે છે. ૪.

આકાલમિયમાજ્ઞા તે, હેયોપાદેયગોચરા ।
આશ્રવઃ સર્વથા હેય, ઉપાદેયશ્ચ સંવરઃ ॥૫॥

હે પ્રભુ ! હેય અને ઉપાદેય સ્વરૂપવાલી આપની આ આજ્ઞા સદાકાળ એક સરખી જ છે, તે આ પ્રમાણે-કષાય, વિષય, પ્રમાદ, વિગેરે સ્વરૂપવાળો આશ્રવ સર્વ પ્રકારે હેય (ત્યાગ કરવા લાયક) છે. અને સત્ય, શૌચ, ક્ષમા વિગેરે સ્વરૂપવાળો સંવર સર્વ પ્રકારે ઉપાદેય (ગ્રહણ કરવા લાયક છે.) ૫.

આશ્રવો ભવહેતુઃ સ્યાત્, સંવરો મોક્ષકારણમ્ ।
ઇતીયમાર્હતી મુષ્ટિરન્યદસ્યાઃ પ્રપઞ્ચનમ્ ॥૬॥

કારણ કે આશ્રવ તે સંસારનું કારણ છે અને સંવર તે મોક્ષનું કારણ છે. આ પ્રમાણે આ અર્હત્ સંબંધી મુષ્ટિ એટલે સર્વ ઉપદેશના સારરૂપ મૂળ ગ્રંથ છે. બીજું અંગ-ઉપાંગ વિગેરે સર્વ આનો જ વિસ્તાર છે. ૬.

ઇત્યાજ્ઞારાધનપરા, અનન્તાઃ પરિનિર્વૃતાઃ ।
નિર્વાન્તિ ચાન્યે કેચન,
નિર્વાસ્યન્તિ તથાઽપરે ॥૭॥

આ પ્રમાણે આપની આજ્ઞાની આરાધનામાં તત્પર થયેલા અનંતા જીવો પૂર્વકાળે મોક્ષ પામ્યા છે, બીજા કેટલાક જીવો વર્તમાન સમયે કોઇક ઠેકાણે એટલે મહાવિદેહાદિકમાં મોક્ષ પામે છે અને ભવિષ્ય કાળે પણ (અનંત જીવો) મોક્ષ પામશે. ૭.

હિત્વા પ્રસાદનાદૈન્યમેકયૈવ ત્વદાજ્ઞયા ।
સર્વથૈવ વિમુચ્યન્તે,
જન્મિનઃ કર્મપંજરાત્ ॥૮॥

હે વીતરાગ ! આપની પ્રસન્નતાને માટે જે દીનતા કરવી તેનો ત્યાગ કરીને માત્ર એક આપની આજ્ઞા વડે જ (આજ્ઞા આરાધવા વડે જ) પ્રાણીઓ સર્વથા કર્મરૂપી પંજરથકી મુક્ત થાય છે. ૮.

**ઇતિ એકોનવિંશતિતમઃ પ્રકાશઃ ૧૯.**

★

## અથ વિંશતિતમઃ પ્રકાશઃ ૨૦

હવે આશીઃ સ્તવ કહે છે એટલે ઇચ્છિત વસ્તુની પ્રાર્થના કરે છે.—

પાદપીઠલુઠન્ મૂર્ધ્નિ, મયિ પાદરજસ્તવ ।
ચિરં નિવસતાં પુણ્યપરમાણુકણોપમમ્ ॥૧॥

હે વીતરાગ ! આપના પાદપીઠમાં મસ્તકને નમાવતાં મારા લલાટને વિષે પુણ્યના પરમાણુના કણીયા જેવી આપની પાદરજ ચિરકાળ (સંસારમાં હું રહું ત્યાં સુધી) રહો. ૧.

મદ્દૃશૌ ત્વન્મુખાસક્તે, હર્ષબાષ્પજલોર્મિભિઃ ।
અપ્રેક્ષ્યપ્રેક્ષણોદ્ભૂતં, ક્ષણાત્ક્ષાલયતાં
મલમ્ ॥૧॥

હે પ્રભુ ! પૂર્વે નહીં જોવા લાયક પરસ્ત્રી, કુદેવ વિગેરેને જોવાથી ઉત્પન્ન થયેલા પાપરૂપ મળને અત્યારે આપના મુખમાં આસક્ત થયેલાં મારાં આ નેત્રો હર્ષાશ્રુના જલતરંગો વડે ક્ષણવારમાં ધોઈ નાંખો. ૨.

ત્વત્પુરો લુઠનૈર્ભૂયાન્મદ્ભાલસ્ય તપસ્વિનઃ ।
કૃતાસેવ્યપ્રણામસ્ય,
પ્રાયશ્ચિત્તં કિણાવલિઃ ॥૩॥

હે પ્રભુ ! પ્રથમ હરિહરાદિક અસેવ્યને પ્રણામ કરનારા આ બિચારા (કૃપાના સ્થાનરૂપ) મારા લલાટને આપની પાસે આળોટવાથી (નમવાથી) પડેલી ક્ષેત્રની શ્રેણિ જ પ્રાયશ્ચિતરૂપ થાઓ. ૩.

મમ ત્વદ્દર્શનોદ્ભૂતાશ્ચિરં રોમાઞ્ચકણ્ટકાઃ ।
નુદન્તાં ચિરકાલોત્થામસદ્દર્શનવાસનામ્ ॥૪॥

હે વીતરાગ ! મને આપના દર્શનથી ઉત્પન્ન થયેલા રોમાંચરૂપી કંટકો ચિરકાળથી એટલે અનાદિ કાળના ભવભ્રમણથી ઉત્પન્ન થયેલી કુશાસનની દુર્વાસનાને અત્યન્ત પીડા કરો. (કાંટા વડે પીડા પામવાથી બહાર નીકળી જાઓ). ૪.

ત્વદ્વક્ત્રકાન્તિજ્યોત્સ્નાસુ,
નિપીતાસુ સુધાસ્વિવ ।
મદીયૈર્લોચનામ્ભોજૈઃ, પ્રાપ્યતાં
નિર્નિમેષતા ॥૫॥

હે પ્રભુ ! અમૃતના જેવી આપના મુખની કાંતિરુપી ચંદ્રજ્યોત્સના (ચાંદની)નું પાન કરવાથી મારા લોચનરૂપી કમળો નિર્નિમેષપણાને પામો. (ચંદ્રજ્યોત્સનાનું પાન કરવાથી કમલો વિકસ્વરપણાને પામે છે અને અમૃતનું પાન કરવાથી નેત્રો નિમેષ (મટકા) રહિતપણાને પામે છે.) ૬.

ત્વદાસ્યલાસિની નેત્રે, ત્વદુપાસ્તિકરૌ કરૌ ।
ત્વદ્ગુણશ્રોતૃણી શ્રોત્રે,
ભૂયાસ્તાં સર્વદા મમ ॥૬॥

હે પ્રભુ ! મારાં નેત્રો સર્વદા આપના મુખને જોવામાં લાલાસાવાળા થાઓ. મારા બે હાથ આપની પૂજા કરનારા થાઓ અને મારા બે કાન આપના ગુણ શ્રવણ કરનારા થાઓ.

કુણ્ઠાઽપિ યદિ સોત્કણ્ઠા, ત્વદ્ગુણગ્રહણં પ્રતિ ।
મમૈષા ભારતી તર્હિ,
સ્વસ્ત્યેતસ્યૈ કિમન્યયા ? ॥૭॥

હે પ્રભુ ! જો આ મારી વાણી સૂક્ષ્મ અર્થવાળા આગમમાં સ્ખલના પામ્યા, છતાં પણ આપના ગુણ ગ્રહણ કરવામાં ઉત્કંઠાવાળી હોય તો આ જ વાણીનું કલ્યાણ હો. બીજી વાણી વડે શું કામ છે ? કાંઈ જ નહીં. ૭.

તવ પ્રેષ્યોઽસ્મિ દાસોઽસ્મિ,
સેવકોઽસ્મ્યસ્મિ કિઙ્કરઃ ।
ઓમિતિ પ્રતિપદ્યસ્વ, નાથ !
નાતઃ પરં બ્રુવે ॥૮॥

હે નાથ ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું અને કિંકર છું, તેથી આપ 'ઓમ્' (આ મારો છે) એ અક્ષરને જ માત્ર અંગીકાર કરો, આથી વધારે ધન-સુવર્ણ-રાજ્યાદિક કાંઈ પણ હું માંગતો નથી. આપનો થવાથી મને સર્વ સુખની પ્રાપ્તિ છે. (અહીં પ્રેષ્ય એટલે સ્વામી જેને પોતાના કાર્ય માટે ગમે ત્યાં મોકલે તે, દાસ એટલે વેચાતો

લીધેલો અને ત્રિશૂળાદિકના ચિહ્નવાળા કરેલો હોય તે, સેવક એટલે સ્વામીને સેવા કરવામાં નિપુણ તથા કિંકર એટલે મને આજ્ઞા આપો. હું શું કામ કરું ? એમ બોલવામાં કુશળ હોય તે. ) ૮.

શ્રીહેમચન્દ્રપ્રભવાદ્, વીતરાગસ્તવાદિતઃ ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ॥૯॥

શ્રીહેમચન્દ્રસૂરિએ રચેલા આ વીતરાગના સ્તવ (સ્તોત્ર)થી શ્રીકુમારપાલ રાજા ઈચ્છિત ફલને પામો. ૯.

## ઇતિ વિંશતિતમઃ પ્રકાશઃ ૨૦.

## ઇતિ શ્રીવીતરાગ સ્તોત્રમ્.
## (સમાપ્તમ્)

★

## અથ શ્રી મહાદેવસ્તોત્રમ્

---

પ્રશાન્તં દર્શનં યસ્ય, સર્વભૂતાભયપ્રદમ્ ।
માઙ્ગલ્યં ચ પ્રશસ્તં ચ,
શિવસ્તેન વિભાવ્યતે ॥૧॥

જેનું દર્શન શાંત છે, સર્વ પ્રાણીઓને અભય આપનારું છે, માંગલિક છે અને પ્રશંસાપાત્ર છે, તેથી તે શિવ કહેવાય છે. ૧.

મહત્ત્વાદીશ્વરત્વાચ્ચ, યો મહેશ્વરતાં ગતઃ ।
રાગ-દ્વેષવિનિર્મુક્તં,
વન્દેઽહં તં મહેશ્વરમ્ ॥૨॥

મોટાઈને લીધે અને ઐશ્વર્યને લીધે જે મહેશ્વરપણાને પામેલા છે, તે રાગ-દ્વેષથી રહિત મહેશ્વરને હું વાંદુ છું. ૨.

મહાજ્ઞાનં ભવેદ્ યસ્ય, લોકાલોકપ્રકાશકમ્ ।
મહાદયા દમો ધ્યાનં, મહાદેવઃ સ ઉચ્યતે ॥૩॥

જેને લોકાલોકને પ્રકાશ કરનારું મોટું (કેવલ) જ્ઞાન હોય, તથા જેને મોટી દયા, ઇંદ્રિયોનું દમન અને શુભ ધ્યાન હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૩.

મહાન્તસ્તસ્કરા યે તુ, તિષ્ઠન્તઃ સ્વશરીરકે ।
નિર્જિતા યેન દેવેન, મહાદેવઃ સ ઉચ્યતે ॥૪॥

પોતાના શરીરને વિષે જે મોટા ચોરો રહેલા છે તેમને જે દેવે જીત્યા હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૪.

રાગદ્વેષૌ મહામલ્લૌ, દુર્જયૌ યેન નિર્જિતૌ ।
મહાદેવં તુ તં મન્યે, શેષા વૈ નામધારકાઃ ॥૫॥

દુઃખે કરીને જીતી શકાય તેવા મલ્લરૂપ રાગ-દ્વેષને જેણે જીત્યા હોય, તેને જ હું મહાદેવ માનું છું. બીજા તો માત્ર મહાદેવ એવા નામને જ ધારણ કરનારા છે. ૫.

શબ્દમાત્રો મહાદેવો, લૌકિકાનાં મતે મતઃ ।
શબ્દતો ગુણતશ્ચૈવાઽર્થતોઽપિ
જિનશાસને ॥૬॥

લૌકિક મત (શાસ્ત્ર)માં માત્ર શબ્દ (નામ)થી જ મહાદેવ માનેલા છે, અને જિનશાસનમાં શબ્દથી, ગુણથી અને અર્થથી પણ મહાદેવ માનેલા છે. ૬.

શક્તિતો વ્યક્તિતશ્ચૈવ, વિજ્ઞાનં લક્ષણં તથા ।
મોહજાલં હતં યેન, મહાદેવઃ સ ઉચ્યતે ॥૭॥

જેને પોતાની શક્તિથી વિજ્ઞાન થયું હોય અને વ્યક્તિથી (પ્રગટપણે) જેનું લક્ષણ જોવામાં આવતું હોય, તથા જેણે મોહજાલને હણી હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૭.

નમોઽસ્તુ તે મહાદેવ !, મહામદવિવર્જિત !
મહાલોભવિનિર્મુક્ત !,
મહાગુણસમન્વિત ! ॥૮॥

મોટા મદથી રહિત, મોટા લોભથી મુક્ત થયેલા અને મહાન ગુણોએ કરીને યુક્ત હે મહાદેવ ! તમને નમસ્કાર હો. ૮.

મહારાગો મહાદ્વેષો, મહામોહસ્તથૈવ ચ ।
કષાયશ્ચ હતો યેન, મહાદેવઃ સ ઉચ્યતે ॥૯॥

જેણે મોટો રાગ, મોટો દ્વેષ, મોટો મોહ અને કષાયો હણ્યા હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૯.

મહાકામો હતો યેન, મહાભયવિવર્જિતઃ ।
મહાવ્રતોપદેશી ચ, મહાદેવઃ સ ઉચ્યતે ॥૧૦॥

જેણે મોટા કામદેવને હણ્યા હોય, જે મહાભય રહિત હોય અને જે મહાવ્રતોનો ઉપદેશ કરનારા હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૧૦.

મહાક્રોધો મહામાનો, મહામાયા મહામદઃ ।
મહાલોભો હતો યેન,
મહાદેવઃ સ ઉચ્યતે ॥૧૧॥

જેણે મહાક્રોધ, મહામાન, મહામાયા, મહામદ (ગર્વ) અને મહાલોભને હણ્યા હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૧૧.

મહાનન્દો દયા યસ્ય, મહાજ્ઞાની મહાતપાઃ ।
મહાયોગી મહામૌની,
મહાદેવઃ સ ઉચ્યતે ॥૧૨॥

જેને મહાનંદ અને દયા હોય, જે મહાજ્ઞાની, મહાતપસ્વી, મહાયોગી અને મહામૌનધારી હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૧૨.

મહાવીર્યં મહાધૈર્યં, મહાશીલં મહાગુણઃ ।
મહામઞ્જુક્ષમા યસ્ય,
મહાદેવઃ સ ઉચ્યતે ॥૧૩॥

જેને મહાવીર્ય, મહાધૈર્ય મહાશીલ, મહાગુણો અને મોટી સુન્દર ક્ષમા હોય, તે જ મહાદેવ કહેવાય છે. ૧૩.

સ્વયમ્ભૂતં યતો જ્ઞાનં, લોકાલોકપ્રકાશકમ્ ।
અનન્તવીર્યચારિત્રં,
સ્વયમ્ભૂઃ, સોઽભિધીયતે ॥૧૪॥

જેનાથી લોકાલોકને પ્રકાશ કરનાર કેવલજ્ઞાન, અનંતવીર્ય અને અનંતચારિત્ર પોતાની મેળે ઉત્પન્ન થયું હોય, તે જ સ્વયંભૂ કહેવાય છે. ૧૪.

શિવો યસ્માજ્જિનઃ પ્રોક્તઃ શઙ્કરશ્ચપ્રકીર્તિતઃ ।
કાયોત્સર્ગી ચ પર્યઙ્કી,
સ્ત્રીશસ્ત્રાદિવિવર્જિતઃ ॥૧૫॥

જેથી કરીને જિનેશ્વર કાયોત્સર્ગે રહેલા, પર્યંકાસને રહેલા અને સ્ત્રી-શસ્ત્ર વિગેરેથી રહિત છે, તેથી કરીને તેને શિવ અને શંકર કહ્યા છે. ૧૫.

સાકારોઽપિ હ્યનાકારો, મૂર્ત્તામૂર્ત્તસ્તથૈવ ચ ।
પરમાત્મા ચ બાહ્યાત્મા,
અન્તરાત્મા તથૈવ ચ ॥૧૬॥

જિનેશ્વર સાકાર છતાં પણ અનાકાર છે, મૂર્તિમાન છતાં પણ અમૂર્ત્ત છે, તેમજ પરમાત્મા, બાહ્યાત્મા અને અંતરાત્મારૂપે પણ છે. ૧૬.

દર્શન-જ્ઞાનયોગેન, પરમાત્માઽયમવ્યય! ।
પરા ક્ષાન્તિરહિંસા ચ,
પરમાત્મા સ ઉચ્યતે ॥૧૭॥

દર્શન અને જ્ઞાનના સંયોગ વડે કરીને આ પરમાત્મા અવ્યય (નાશ રહિત) છે, તેને ઉત્કૃષ્ટ ક્ષમા અને અહિંસા છે, તેથી તે પરમાત્મા કહેવાય છે. ૧૭.

પરમાત્મા સિદ્ધિસમ્પ્રાપ્તૌ,
બાહ્યાત્મા તુ ભવાન્તરે ।
અન્તરાત્મા ભવેદ્ દેહ,
ઈત્યેષસ્ત્રિવિધઃ શિવઃ ॥૧૮॥

સિદ્ધિની પ્રાપ્તિ થાય ત્યારે પરમાત્મા કહેવાય છે, ભવાંતરને વિષે બાહ્યાત્મા કહેવાય છે અને શરીરને વિષે અન્તરાત્મા કહેવાય છે. આ પ્રમાણે ત્રણ પ્રકારે શિવ કહેવાય છે. ૧૮.

સકલો દોષસમ્પૂર્ણો, નિષ્કલો દોષવર્જિતઃ ।
પઞ્ચદેહવિનિર્મુક્તઃ સમ્પ્રાપ્તઃ
પરમં પદમ્ ॥૧૯॥

જે કલા સહિત હોય તે દોષથી ભરેલો હોય છે, અને જે કલા રહિત હોય તે દોષ રહિત હોય છે; પરંતુ આ જિનેશ્વર તો પાંચે શરીરથી મુક્ત થઈને સિદ્ધિપદને પામેલા છે. ૧૯.

એકમૂર્ત્તિસ્ત્રયો ભાગા, બ્રહ્મ-વિષ્ણુ-મહેશ્વરાઃ ।
તાન્યેવ પુનરુક્તાનિ,
જ્ઞાન-ચારિત્ર-દર્શનાત્ ॥૨૦॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ એક મૂર્તિના ત્રણ વિભાગ છે. તેને જ જ્ઞાન, ચારિત્ર અને દર્શન કહ્યાં છે. ૨૦

**એકમૂર્તિસ્ત્રયો ભાગા, બ્રહ્મા–વિષ્ણુ–મહેશ્વરાઃ ।**
**પરસ્પરં વિભિન્નાનામેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૧॥**

જો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ એક મૂર્તિના ત્રણ વિભાગ છે, તો પરસ્પર જૂદાની એક મૂર્તિ શી રીતે હોઈ શકે ? ૨૧.

**કાર્યં વિષ્ણુઃ ક્રિયા બ્રહ્મા, કારણં તુ મહેશ્વરઃ ।**
**કાર્ય–કારણસમ્પન્ના,**
**એકમૂર્ત્તિઃ કથં ભવેત્ ? ॥૨૨॥**

જો વિષ્ણુ કાર્ય હોય, બ્રહ્મા ક્રિયા હોય અને મહેશ્વર કારણ હોય, તો કાર્ય અને કારણથી બનેલી એક જ મૂર્તિ કેમ સંભવે ? ૨૨.

**પ્રજાપતિસુતો બ્રહ્મા, માતા પદ્માવતી સ્મૃતા ।**
**અભિજિજ્જન્મનક્ષત્રમેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૩॥**

બ્રહ્મા પ્રજાપતિનો પુત્ર છે અને તેની (બ્રહ્માની) માતા પદ્માવતી કહેલી છે, તથા તેનું જન્મ નક્ષત્ર અભિજીત્ છે, તો તેઓની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૩

**વસુદેવસુતો વિષ્ણુર્માતા ચ દેવકી સ્મૃતા ।**
**રોહિણી જન્મનક્ષત્રમેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૪॥**

વિષ્ણુ વસુદેવનો પુત્ર છે, તેની માતા દેવકી કહેલી છે, અને તેનું જન્મ નક્ષત્ર રોહિણી છે, તો તેઓની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૪.

**પેઢાલસ્ય સુતો રુદ્રો, માતા ચ સત્યકી સ્મૃતા ।**
**મૂલં ચ જન્મનક્ષત્રમેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૫॥**

રુદ્ર ( મહાદેવ ) પેઢાલનો પુત્ર છે, તેની માતા સત્યકી છે, અને તેનું જન્મ નક્ષત્ર મૂલ છે, તો તેઓની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૫.

**રક્તવર્ણો ભવેદ્ બ્રહ્મા, શ્વેતવર્ણો મહેશ્વરઃ ।**
**કૃષ્ણવર્ણો ભવેદ્ વિષ્ણુરેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૬॥**

બ્રહ્માનો રક્ત વર્ણ છે, મહેશ્વરનો શ્વેત છે અને વિષ્ણુનો કૃષ્ણ વર્ણ છે, તો તેઓની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૬.

**અક્ષસૂત્રી ભવેદ્ બ્રહ્મા, દ્વિતીયઃ શૂલધારકઃ ।**
**તૃતીયઃ શઙ્ખચક્રાઙ્ક, એકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૭॥**

બ્રહ્મા અક્ષસૂત્ર(માલા)ને ધારણ કરનાર છે, બીજા ( મહેશ્વર ) ત્રિશૂલને ધારણ કરે છે, અને ત્રીજા ( વિષ્ણુ ) શંખ–ચક્રને ધારણ કરે છે, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૭.

**ચતુર્મુખો ભવેદ્ બ્રહ્મા, ત્રિનેત્રોઽથ મહેશ્વરઃ ।**
**ચતુર્ભુજો ભવેદ્ વિષ્ણુરેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૮॥**

બ્રહ્માને ચાર મુખ છે, મહેશ્વરને ત્રણ નેત્ર છે અને વિષ્ણુને ચાર ભુજા છે, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૮.

**મથુરાયાં જાતો બ્રહ્મા, રાજગૃહે મહેશ્વરઃ ।**
**દ્વારામત્યામભૂદ્ વિષ્ણુરેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૨૯॥**

બ્રહ્માનો મથુરા નગરીમાં જન્મ થયો, રાજગૃહમાં મહેશ્વરનો જન્મ થયો અને વિષ્ણુનો જન્મ દ્વારકામાં થયો, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૨૯

**હંસયાનો ભવેદ્ બ્રહ્મા, વૃષયાનો મહેશ્વરઃ ।**
**ગરુડયાનો ભવેદ્ વિષ્ણુરેકમૂર્ત્તિઃ**
**કથં ભવેત્ ? ॥૩૦॥**

બ્રહ્માનું વાહન હંસ છે, મહેશ્વરનું વાહન વૃષભ છે. અને વિષ્ણુનું વાહન ગરુડ છે, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૩૦,

**પદ્મહસ્તો ભવેદ્ બ્રહ્મા, શૂલપાણિર્મહેશ્વરઃ ।**
**ચક્રપાણિર્ભવેદ્ વિષ્ણુરેકમૂર્ત્તિઃ**
**કંથ ભવેત્ ? ॥૩૧॥**

બ્રહ્માના હાથમાં પદ્મ છે, મહેશ્વરના હાથમાં ત્રિશૂલ છે અને વિષ્ણુના હાથમાં ચક્ર છે, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૩૧.

કૃતે જાતો ભવેદ્ બ્રહ્મા, ત્રેતાયાં ચ મહેશ્વરઃ ।
દ્વાપરે જનિતો વિષ્ણુરેકમૂર્ત્તિઃ
કથં ભવેત્ ? ॥૩૨॥

બ્રહ્માનો જન્મ કૃતયુગમાં છે. મહેશ્વરનો જન્મ ત્રેતાયુગમાં છે અને વિષ્ણુનો જન્મ દ્વાપર યુગમાં છે, તો તેમની એક મૂર્તિ કેમ સંભવે ? ૩૨.

જ્ઞાનં વિષ્ણુઃ સદા પ્રોક્તં, ચારિત્રં બ્રહ્મ ઉચ્યતે ।
સમ્યક્ત્વં તુ શિવં પ્રોક્ત-
મર્હન્મૂર્ત્તિસ્ત્ર્યાત્મિકા ॥૩૩॥

સદા જ્ઞાન તે વિષ્ણુ, ચારિત્ર તે બ્રહ્મા અને સમ્યકત્વ તે શિવ એમ કહ્યું છે, તેથી અરિહંતની મૂર્તિ જ ત્રણ પ્રકારની ( બ્રહ્મા, મહેશ્વર અને વિષ્ણુ રૂપ ) કહી શકાય છે. ૩૩.

ક્ષિતિ-જલ-પવન-હુતાશન-
યજમાના-ઽઽકાશ-સોમ-સૂર્યાખ્યાઃ ।
ઇત્યેતેઽષ્ટૌ ભગવતિ,
વીતરાગે ગુણા મતાઃ ॥૩૪॥

પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય આ આઠ ગુણો વીતરાગ ભગવાનને વિષે માનેલા છે. ૩૪.

ક્ષિતિરિત્યુચ્યતે ક્ષાન્તિર્જલં યા ચ પ્રસન્નતા ।
નિઃસઙ્ગતા ભવેદ્ વાયુ
હુંતાશો યોગ ઉચ્યતે ॥૩૫॥

પૃથ્વી એટલે ક્ષમા કહેવાય છે, જલ એ પ્રસન્નતા કહેવાય છે. વાયુ એ નિઃસંગપણું છે અને અગ્નિ એ યોગ કહેવાય છે. ૩૫.

યજમાનો ભવેદાત્મા, તપોદાનદયાદિભિઃ ।
અલેપકત્વાદાકાશસઙ્કાશઃ સોઽભિધીયતે ॥૩૬॥

તપ, દાન અને દયાદિક વડે આત્મા જ યજમાન કહેવાય છે, અલેપપણું હોવાથી તે આત્મા જ ( જિનેશ્વર ) આકાશ જેવા કહેવાય છે. ૩૬.

સૌમ્યમૂર્ત્તિરુચિશ્ચન્દ્રો, વીતરાગઃ સમીક્ષ્યતે ।
જ્ઞાનપ્રકાશકત્વેન,
આદિત્યઃ સોઽભિધીયતે ॥૩૭॥

વીતરાગ ભગવાન્ સૌમ્ય મૂર્તિની કાંતિવાળા હોવાથી ચન્દ્ર જેવા દેખાય છે અને જ્ઞાનનો પ્રકાશ કરનાર હોવાથી તે જ સૂર્ય જેવા કહેવાય છે. ૩૭.

પુણ્યપાપવિનિર્મુક્તો, રાગદ્વેષવિવર્જિતઃ
શ્રીઅર્હદ્ભ્યો નમસ્કારઃ,
કર્તવ્યઃ શિવમિચ્છતા ॥૩૮॥

મોક્ષની ઇચ્છાવાલા પ્રાણીએ પુણ્ય-પાપથી મુક્ત થયેલા અને રાગ-દ્વેષથી રહિત થયેલા શ્રી જિનેશ્વરોને જ નમસ્કાર કરવા લાયક છે. ૩૮.

અકારેણ ભવેદ્ વિષ્ણુ રેફે બ્રહ્મા વ્યવસ્થિતઃ ।
હકારેણ હરઃ પ્રોક્તસ્તસ્યાન્તે પરમં પદમ્ ॥૩૯॥

અકારે કરીને વિષ્ણુ કહેલા છે, રેફને વિષે બ્રહ્મા રહેલ છે અને હકાર વડે હર (મહેશ્વર) કહેલા છે, તથા તેને અંતે અનુસ્વાર છે તે મોક્ષપદ છે. ( અર્હં ) ૩૯.

અકાર આદિધર્મસ્ય, આદિમોક્ષપ્રદેશકઃ ।
સ્વરૂપં પરમં જ્ઞાનમકારસ્તેન ઉચ્યતે ॥૪૦॥

અકાર અક્ષર આદિ ધર્મને કહેનાર છે, આદિ મોક્ષને દેખાડનાર છે અને આત્મસ્વરુપને વિષે કેવલ-જ્ઞાનને ઉત્પન્ન કરનાર છે, તેથી તે અકાર (અ) કહેવાય છે. ૪૦.

રૂપિદ્રવ્યસ્વરૂપં વા, દૃષ્ટ્વા જ્ઞાનેન ચક્ષુષા ।
દૃષ્ટં લોકમલોકં વા, રકારસ્તેન ઉચ્યતે ॥૪૧॥

જ્ઞાનચક્ષુવડે રૂપી દ્રવ્યનું સ્વરૂપ જોયું છે, તથા લોક અને અલોકને જોયા છે, તેથી તે રકાર (ર) કહેવાય છે. ૪૧.

હતા રાગાશ્ચ દ્વેષાશ્ચ, હતા મોહપરીષહાઃ ।
હતાનિ યેન કર્માણિ,
હકારસ્તેન ઉચ્યતે ॥૪૨॥

જેથી કરીને રાગ-દ્વેષ હણ્યા છે, મોહ અને પરીષહો હણ્યા છે તથા આઠે કર્મોને હણ્યા છે; તેથી કરીને હકાર (હ) કહેવાય છે. ૪૨.

સન્તોષેણાભિસમ્પૂર્ણઃ, પ્રાતિહાર્યાષ્ટકેન ચ ।
જ્ઞાત્વા પુણ્યં ચ પાપં ચ,
નકારસ્તેન ઉચ્યતે ॥૪૩॥

પુણ્ય-પાપને જાણીને સંતોષ વડે અને આઠ પ્રાતિહાર્યો વડે સંપૂર્ણ થયા છે તેથી કરીને નકાર (ન્) કહેવાય છે. (અર્હન્) ૪૩.

ભવબીજાંકુરજનના,
રાગાદ્યાઃ ક્ષયમુપાગતા યસ્ય ।
બ્રહ્મા વા વિષ્ણુર્વા,
હરો જિનો વા નમસ્તસ્મૈ ॥૪૪॥

સંસારરૂપી બીજના અંકુરને ઉત્પન્ન કરનારા રાગાદિક જેના ક્ષય પામ્યા હોય, તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહેશ્વર હોય કે જિનેશ્વરો હોય ગમે તે હોય તેને જ નમસ્કાર થાઓ. ૪૪.

॥ ઇતિ શ્રી મહાદેવસ્તોત્રમ્ ॥

★

**વીતરાગ** શબ્દ જ આલ્હાદક અને અનેક ચમત્કારોથી ભરપૂર છે. એ એક જ શબ્દનો વિસ્તાર ૨૦ પ્રકાશમાં ગુંથી, કલિકાલ સર્વજ્ઞ આ. ભ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ, તે શુદ્ધ તાત્ત્વિક શબ્દમાં રહેલ ઊંડા સામર્થ્યને સાદૃશ પ્રગટ કર્યું છે.

**મહાદેવ** વીતરાગ જ હોય. **વીતરાગ** જ મહાદેવ થઈ શકે. એવા મહાન દેવ જ્યાં પણ હોય, જે પણ કાળમાં હોય, ગમે તે શુદ્ધ સાર્થક નામથી ઓળખાતા હોય, તેમને હૈયાભાવથી નમસ્કાર કરીને ખરેખર પૂ. આચાર્ય ભગવંતે, શ્રી જૈનશાસનની વિશાળતા, સૂક્ષ્મતા અને ગંભીરતાને વિશ્વ સમક્ષ રજુ કરવામાં કમાલ કરી છે. ધન્ય કલમ!

આ બે સ્તોત્રોની પહેલા આલેખાયેલ-**ભરહેસર કથાસંગ્રહ**, વિશાળ વિશ્વમાં રહેલ માનવ-ગણના જુદા જુદા સ્વભાવોનું ચિત્ર તો દોરે જ છે. તે સાથે જ સાત્ત્વિકતા-શીલ અને શીયળ તથા શ્રદ્ધાબળ સાથેની વીતરાગ ધર્મમાં રક્તતા, આર્યાવર્તના અંતિમ ધ્યેય મોક્ષને પ્રાપ્ત કરાવે છે જ; એ વાતને પણ વિશદ રીતે સ્પષ્ટ કરે છે.

॥ ॐ ॥

## શ્રીમદ્‌–રત્નાકરસૂરિ–વિરચિત

# શ્રી રત્નાકર–પચ્ચીશી

**શ્રીમદ્‌ રત્નાકરસૂરિ** વિરચિત આ **રત્નાકર પચ્ચિશી** જૈન સંઘમાં સારી રીતે પ્રચલિત છે. તેની અંદર જે ભાવો દર્શાવ્યા છે, જે આત્મનિંદા કરી છે, જિંદગીમાં કરાતાં કાર્યોનું જે વિવેચન કર્યું છે, તે બધું લગભગ દરેકને લાગુ પડે તેવું, લગભગ જીવનના અનેક પ્રસંગોમાં દરેક મનુષ્યોથી કરાતાં કૃત્યોનું જ જાણે કે સવિસ્તર વર્ણન હોય–તેવું જ વર્ણવ્યું છે. તે પચ્ચિશી ભાવપૂર્વક, અર્થ–સમજણ સહિત પ્રભુ પાસે શાંતચિત્તે બોલતાં પ્રત્યેક મનુષ્યનું હૃદય દ્રવે છે, નેત્ર સ્નિગ્ધ થાય છે અને તે વખતે તો મનમાં એવો નિર્ણય પણ થઈ જાય છે કે "હવે પછીના જીવનપ્રવાહમાં એવાં અકાર્યો નહિ કરૂં." તે સ્તુતિના કર્તા **શ્રીમદ્‌ રત્નાકરસૂરિના** નીચે આપેલા અસરકારક જીવનવૃત્તાન્તથી સમજાશે.

### ચરિત્ર

**ગુર્જરદેશમાં રાયખંડવડલી** નગરીમાં **વૃદ્ધશાખામાં રત્નાકરસૂરિ** થયા હતા. તેઓને મોતીનો પરિગ્રહ હતો. એક વખત **ધોલકાનગરનો** રહેવાસી **પોરવાડ રૂ** નામનો શ્રાવક વેપારને માટે તે નગરીમાં આવ્યો. ત્યાં **ચિંતામણિ પાર્શ્વનાથને** વંદન કરી, શાળામાં જઈ **રત્નાકરસૂરિને** વાંદ્યા. પરિગ્રહ દીઠા, તો પણ સૂરિને ઉત્તમ જાણીને તે શ્રાવક કહેવા લાગ્યો કે "સ્વામી! મને છ મહિનાનો નિયમ આપો." સૂરિએ કહ્યું: "શેનો નિયમ?" રૂ નામના શ્રાવકે કહ્યું કે–"આપને વાંદ્યા સિવાય ભોજન લેવું નહિ." ગુરુએ એવો નિયમ આપ્યો, એટલે તે શ્રાવક છ મહિનાનો અભિગ્રહી થયો. નિરંતર સૂર્યોદયે ગુરુ પાસે આવીને ત્રણ પ્રદક્ષિણા દઈ, મુખના અગ્રભાગે ઊભો રહી, બે હાથ જોડી "**ગૌતમસ્વામી** વિગેરે મહાપુરુષોની ઉપમા આપી, **પંચિંદિઅસંવરણો, પંચમહવ્વયજુત્તો,**" કહી સૂરિને વાંદે છે, અને બેઠા પછી મીઠાં વાક્યોએ કરીને એક અર્થ પૂછે છે:—

**दोससयमूलजालं पुव्वरिसिविवज्जियं जइवंतं;**
**अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ?**

સૂરિ તેને આ ગાથાનો અર્થ સમજાવે છે.—

**અર્થ**–"સેંકડો દોષોનું મૂળ કારણ–મત્સ્યને બંધનભૂત જાળ જેવું–કર્મબંધનું હેતભૂત હોવાથી જાળ; પૂર્વ મુનિઓએ વિશેષ પ્રકારે વર્જેલું, દીક્ષા ગ્રહણ કરતી વખતે વમેલું–તજેલું, નરકપાતાદિ અનર્થનું કારણ હોવાથી અનર્થરૂપ, એવું અર્થ જે દ્રવ્ય, તેને વહન કરે છે, રાખે છે, તો પછી શા

માટે ફોગટ તપ વગેરે કષ્ટ કરે છે? માટે સાધુઓને તો પરિગ્રહનો સર્વથા ત્યાગ એજ શ્રેષ્ઠ છે." અહીં પૂર્વ મુનિરાજોએ-**વજ્રસ્વામ્યાદિકે** વર્જેલું-તજેલું કહ્યું, એટલા ઉપરથી આધુનિક સમયના કાળાદિક દોષથી અર્થનું વહન કરવામાં તત્પર થયેલાઓનું વિવેકીઓએ આલંબન ન લેવું. આલંબન તો પૂર્વ પુરુષોનું જ લેવું."

ગાથાનો અર્થ સ્ફુટ કહ્યા છતાં, પણ અંતે તે રૂ નામનો શ્રાવક કહે છે કે-"હું સમજ્યો નહીં" તેથી સૂરિ બીજે દિવસે ગાથાનો નવો અર્થ કહી સમજાવે, પરંતુ રૂ નામનો શ્રાવક કહે કે "હું સમજ્યો નહિ." આવા પ્રકારે છ માસ વ્યતીત થયા. ત્યારે રૂ નામનો શ્રાવક કહેવા લાગ્યો કે "હે નિર્ગ્રન્થ સ્વામિ! મને જેવો હોય તેવો અર્થ કહો" તે વારે સૂરિએ મનમાં વિચાર્યું કે "ઘણો ઉદ્યમી આ ગૃહસ્થ મારા હિતને માટે તલસ્યા કરે છે." તેથી ગુરુએ કહ્યું કે "હે ગૃહસ્થ! તમે પ્રભાતે આવજો, કેમકે હમણા સત્યાર્થ કહેવાનો સમય નથી." તેથી રૂ તો ત્યાંથી તે વખતે ગયા. હવે ગુરુએ પરિગ્રહભૂત મોતીનો ચૂરો કરાવી નાંખી ફેંકી દીધો. તે વખતે પોતાના શિષ્ય **રત્નપ્રભસૂરિ** કહેવા લાગ્યા કે-'ગુરુમહારાજ આ શું?' તે વખતે **રત્નાકરસૂરિએ** કહ્યું કે-"મને પ્રતિબોધનાર રૂ નામના શ્રાવકને ગાથાનો સત્યાર્થ કહેવો છે, તેથી-કહેણી અને રહેણીમાં ફેરફાર રહેવો જોઈએ નહિ. તેથી મોતીનો ચૂરો કરાવી ફેંકી દીધો." હવે પ્રભાતે રૂ નામનો શ્રાવક આવી પહોંચ્યો. દરરોજ મુજબ ગુરુમહારાજને વાંદ્યા એને ગાથાનો સત્યાર્થ કહેવાની માંગણી કરી. તે વખતે આચાર્ય ઓઘો મુહપત્તિ વગેરે સાધુનાં ઉપકરણો સંભાળી, ગાથાનો અર્થ કરવા લાગ્યા. તે સાંભળી રૂ નામનો શ્રાવક કહેવા લાગ્યો કે "આજ-ઘણા દહાડે આપના મ્હોડાથકી સત્યાર્થ સાંભળી મારૂં દિલ બહુ રાજી થયું, અને હું સંસાર નિસ્તર્યો. આજ તમારાં દર્શનથકી મારો જન્મ કૃતાર્થ થયો. હવે આપ શાસનને શોભાવો". આવા પ્રકારે સૂરિની ઘણી સ્તુતિ કરી. પછી રૂ નામનો શ્રાવક અનુક્રમે પોતાના **ધોળકા** નગરે ગયો. હવે **રત્નાકરસૂરિ** પોતાના શિષ્યને ગચ્છ ભળાવી સંઘની આજ્ઞા લઈ નિઃસ્પૃહ થઈ, વિહાર કરવા લાગ્યા. અનુક્રમે **ચિતોડ** આવ્યા. ત્યાં **ઓસવાળ કુકુંટ ચોપડા** ગોત્રીય **સમરાશાને** તીર્થયાત્રાનો ઉપદેશ આપ્યો. તે ધર્મોપદેશ પામી **સમરાશાએ** સં. ૧૩૭૧ માં **સિદ્ધાચળનો** બે લાખ મનુષ્યોનો સંઘ કહાડ્યો. તેમાં **સોમપ્રભસૂરિ** તથા **રત્નાકરસૂરિ** વગેરે સાધુઓ હતા. સંઘ **શત્રુંજય** પહોંચ્યો, પ્રભાવનાનાં અનેક કાર્યો કર્યાં અને **સમરાશાએ પંદરમો** ઉદ્ધાર કર્યો અને **શ્રીઋષભબિંબને** સ્થાપ્યાં. ત્યાં સંઘ સમક્ષ ઋષભદેવની પ્રતિમા પાસે જ **રત્નાકરસૂરિએ** પોતાના ચારિત્રખંડનની આલોયણરૂપે આ **રત્નાકર-પચ્ચિશી** બનાવી. બાદ શુદ્ધ ચારિત્ર પાળી અનેક જીવોનો ઉપકાર કરી સં. ૧૩૮૪ માં **રત્નાકરસૂરિ** સ્વર્ગવાસ પામ્યા.

મૂળ કૃતિ સંસ્કૃતમાં છે. અહીં તેનો ગુજરાતીમાં પદ્યાનુવાદ અને તેનો અર્થ આપવામાં આવેલ છે.

★

# શ્રી રત્નાકર પચ્ચીશી

### મઙ્ગળાચરણ હરિગીત.

મંદિર છો મુક્તિતણી માંગલ્ય ક્રીડાના પ્રભુ!
ને ઇંદ્ર નર ને દેવના સેવા, કરે તારી વિભુ!
સર્વજ્ઞ છો, સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર! જ્ઞાનકળા તણા. ॥૧॥

**અર્થ** :—મોક્ષ રૂપી લક્ષ્મીને આનંદ કરવાના મંગળમય ઘરરૂપ! રાજાઓ અને ઇંદ્રોએ નમસ્કાર કરાયેલા ચરણ કમળ યુક્ત! સર્વ અતિશયો વડે કરીને પ્રધાનપણે શોભાયમાન! જ્ઞાન રૂપી કળાના ભંડાર રૂપ! હે સર્વજ્ઞ પ્રભો! આપ લાંબા વખત સુધી વિજય પામો! વિજય પામો!! ॥૧॥

### અભિધેય સૂચન

ત્રણ જગતના આધાર! ને અવતાર! હે! કરુણાતણા,
વળી વૈદ્ય! હે! દુર્વાર આ સંસારનાં દુઃખોતણા;
વીતરાગ! વલ્લભ! વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું. ॥૨॥

**અર્થ** :—ત્રણ જગતના આધાર રૂપ! દયાના અવતાર! ન મટી શકે તેવા સંસાર રૂપી રોગ મટાડવા વૈદ્યરૂપ! હે વિજ્ઞ! વીતરાગ પ્રભો! તદ્દન ભોળા ભાવે–સરળ હૃદયથી આપને કાંઈક વિજ્ઞપ્તિ કરવા ધારું છું. ॥૨॥

### બાળક જેવા નિખાલસપણાથી વિનંતિ કરવાનો નિર્ણય

શું બાળકો માબાપ પાસે બાળક્રીડા નવ કરે?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે?
તેમજ તમારી પાસ તારક! આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ॥૩॥

**અર્થ** :—રમતીયાળ લાડકવાયો બાળક શું માબાપ આગળ જેવું હોય તેવું નથી બોલી જતો? તે જ પ્રમાણે હે નાથ! હું આપની આગળ પશ્ચાત્તાપ પૂર્વક મારા મનની બધી વાત કહી દેવાને તૈયાર થયો છું. ॥૩॥

### દાન, શિયળ, તપ અને ભાવના વિનાનું મારૂં વ્યર્થ ભવભ્રમણ.

મેં દાન તો દીધું નહિ, ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઇ પણ પ્રભુ? નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું! નિષ્ફળ ગયું! ॥૪॥

**અર્થ** :—મેં દાન આપ્યું નથી, ઉત્તમ શીયળ પાળ્યું નથી, તપશ્ચર્યા કરી નથી, મારા દિલમાં કોઇ શુભ ભાવ પણ ઉત્પન્ન થયો નથી. હે વિભુ! આ સંસારમાં હું કેવળ ફોગટ જ ભમ્યો છું. ॥૪॥

## કષાયના બંધનથી પ્રભુ ભજવાની અશકિત.

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો-હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ॥૫॥

**અર્થ** :—ક્રોધ રૂપી અગ્નિથી હું બળી ચૂકયો છું. લોભરૂપી દુષ્ટ મહા-સર્પ મને કરડી ચૂકયો છે. અભિમાન રૂપી અજગરે મને ગળી લીધો છે અને માયાની જાળમાં હું બંધાઈ ગયો છું. તો હે નાથ ! આવી વિષમ સ્થિતિમાં હું આપને શી રીતે ભજી શકું ? ।૫।

## સત્કર્મને અભાવે મારા ભવોની નિષ્ફળતા.

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ! ભવપૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ॥૬॥

**અર્થ** :—હે જગન્નાથ ! આ ભવ માટેનું તેમ જ પરભવ માટેનું કાંઇપણ હિતકારી કાર્ય મેં કર્યું નથી. તેથી મને બન્ને ઠેકાણા-માંથી કયાંય સુખ મળી શકયું નથી.

હે જિનેશ્વર ! અમારા જેવાનો નિષ્ફળ જન્મ કેવળ ભવોની સંખ્યા પૂરી કરવા માટે જ થાય છે ! ॥૬॥

## મારા મનની પાષાણથી પણ વિશેષ કઠોરતા.

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ !
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું ? હું તો વિભુ !
પત્થર થકી પણ કઠણ મારું મન ખરે ! કયાંથી દ્રવે ?
મરકટસમા આ મનથકી હું તો પ્રભુ ! હાર્યો હવે. ॥૭॥

**અર્થ** :—હે ઉત્તમ ચરિત્રશીલ ! પ્રભો ! આપના મુખરૂપી ચંદ્રના દર્શનથી પણ મારા હૃદયમાંથી મહા આનંદનો રસ ન ઝર્યો, તેથી ચોકસ ખાત્રી થાય છે, કે અમારા જેવાનું હૃદય પત્થરથી પણ કઠોર જ છે. ॥૭॥

## અરે ! પ્રમાદથી મેં દુષ્પ્રાપ્ય ત્રણેય રત્નો ગુમાવ્યા.

ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા,
તે પણ ગયા પરમાદના વશથી, પ્રભુ ! કહું છું ખરું,
કોની કને કિરતાર ! આ પોકાર હું જઈને કરું ? ॥૮॥

**અર્થ** :—કદી ન મળી શકે એવા ત્રણ રત્નો, સંસારમાં ભમતાં ભમતાં જો કે મેં આપની સહાયથી મેળવ્યા ખરા, પરંતુ પ્રમાદ અને નિદ્રાને વશ પડવાથી હું તે ગુમાવી બેઠો છું. અરેરે ! ઓ ! નાયક ! ! હવે હું કોની આગળ જઇ પોકાર કરું. ॥૮॥

## વૈરાગ્ય, ધર્મ વિદ્યાદિકનો મેં કેવો દુરુપયોગ કર્યો છે ?

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,

ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બ્હારથી, દાંભિક અંદરથી રહું. ॥૯॥

**અર્થ** :—હે ઈશ ! બીજાને ઠગવા મેં વૈરાગ્યનો રંગ ચડાવી રાખ્યો !

લોકોને રાજી કરવા ધર્મનો ઉપદેશ પણ છટાથી આપ્યો ! અને વાદવિવાદ કરવા ખૂબ ભણ્યો !

હું તે હવે આપને મારૂં હાસ્યપાત્ર ચરિત્ર કેટલુંક ઉઘાડું કરીને કહું ? ॥૯॥

## મુખ, ચક્ષુ તથા મનનો મેં કેવો દુરુપયોગ કર્યો ?

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારું પરતણું;
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું. ॥૧૦॥

**અર્થ** :—બીજાની નિંદાઓ કરી કરીને મોઢું, પરસ્ત્રીની સામે જોઈ જોઈને આંખો, અને બીજાનું ભુંડું ઈચ્છી ઈચ્છીને મનઃ એ ત્રણેયને મેં પાપીએ કલંકિત કર્યાં છે. હે નાથ ! હવે ભવિષ્યમાં મારી શી દશા થશે ? ॥૧૦॥

## કામાંધ થઈ મેં મારી જાતને કેવી વગોવી છે ?

કરે કાળજાની કતલ પીડા કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ-તણી કને,
જાણો સહુ, તેથી કહું, કર માફ મારા વાંકને. ॥૧૧॥

**અર્થ** :—ભયંકર રીતે ખાઈ જનારા કામદેવરૂપી રાક્ષસ તરફની પીડાઓની દુર્દશામાં પડેલા વિષયાન્ધ એવા મેં, જાતે જ મારી જાતની વગોવણી કરી છે. ઓ ! સર્વજ્ઞ ! પિતા ! આપની આગળ આ બધું કહેતાં જો કે હું શરમાઉં છું, પરંતુ આપ તો બધું જાણો છો, એટલે આપનાથી કેમ છુપાવી શકાય ? ॥૧૧॥

## મતિભ્રમથી મેં કરેલા અકાર્યો.

નવકારમંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને,
કુદેવની સંગતથકી કર્મો ખપાવા ચિન્તવ્યા,
મતિભ્રમથકી રત્નો ગુમાવી કાચકટકા મેં ગ્રહ્યા. ॥૧૨॥

**અર્થ** :—ઓ નાથ ! મારી દુષ્ટ બુદ્ધિના પાપ તે કેટલાક કહું ? બીજા મંત્રોનો આદર કરીને પરમ પવિત્ર એવા **પરમેષ્ઠિ મન્ત્રનું** મેં અપમાન કર્યું. ખોટે ખોટાં શાસ્ત્રોના વાક્યોના આધાર ઉપરથી પવિત્ર **આગમના** મહાન સિદ્ધાન્તોને ખોટા પાડવા બુદ્ધિ કરી, અને કુદેવોનો આશ્રય લઈ પૂર્વના કઠિન કર્મો ખપાવવાની ધારણા રાખી ! અહો ! કેવી મારી પાપબુદ્ધિ ? ॥૧૨॥

## કેટલું બધું વિલાસી મારું હૃદય ?

આવેલ દષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર ! આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો, ને પયોધર, નાભિ, ને સુંદર કટી,
શણગાર, સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ ॥૧૩॥

**અર્થ** :—હે પ્રભો ! આપ જાતે મારી નજરે ચડ્યા, છતાં આપના ધ્યાનને બદલે

આપની તરફ દુર્લક્ષ્ય રાખી મેં મૂર્ખાએ મૂઢ બુદ્ધિથી મારા હૃદયની અંદર સ્ત્રીઓના કટાક્ષ, સ્તન, નાભિ અને કેડની કોરઃ વિગેરેના જુદા જુદા વિલાસોનું સતત ધ્યાન જ કર્યા કર્યું છે ॥૧૩॥

## દિલમાં ચોંટી ગયેલા રાગના ડાઘ !

**મૃગનયણીપ્રિય નારીતણા મુખચંદ્ર નીરખવા વતી,**
**મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગાઢો અતિ,**
**તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,**
**તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ? ॥૧૪॥**

**અર્થ** :—ચંચળ મૃગાક્ષિઓના મુખરૂપી ચંદ્રને હમ્મેશ જોઈ રહેવાથી મારા દિલમાં રાગનો એક જાતનો એવો તો સજ્જડ પટ બેસી ગયો છે, કે—તે શુદ્ધઆગમ રૂપી અગાધ સમુદ્રમાં ધોવા છતાં કેમ નહીં ગયો હોય ? સંસાર સાગરથી તારક ! ઓ ! પ્રભો ! તેનું શું કારણ હશે ? ॥૧૪॥

## દારિદ્રય છતાં મારું અભિમાન !

**સુંદર નથી આ શરીર, કે સમુદાય ગુણતણો નથી,**
**ઉત્તમ વિલાસ કળાતણો, દેદિપ્યમાન પ્રભા નથી,**
**પ્રભુતા નથી, તો પણ પ્રભુ ! અભિમાનથી અક્કડ ફરું,**
**ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરું. ॥૧૫॥**

**અર્થ** :—અરે રે ! મારું શરીર એટલું બધું કાંઈ રૂપાળું નથી, એટલા બધા કાંઈ ગુણો મારામાં ભર્યા નથી, કોઈ ઉત્તમ કળાનો એકડો ય જાણતો નથી. તેમજ એવો ઠાઠમાઠ ભર્યો વૈભવ પણ મારે નથી. તો પણ અહંકારનો માર્યો જુઓ તો ખરા, કેટલો બધો અક્કડ થઈ હું ફરું છું ? ॥૧૫॥

## મહામોહથી ગ્રસ્ત થયેલ મારી અવદશા.

**આયુષ્ય ઘટતું જાય, તોપણ પાપબુદ્ધિ નવઘટે,**
**આશા જીવનની જાય, પણ વિષયાભિલાષા નવ મટે,**
**ઔષધ વિષે કરૂં યત્ન, પણ હું ધર્મને તો નવ ગણું,**
**બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું. ॥૧૬॥**

**અર્થ** :—ઓ સ્વામિન્ ! જુઓ તો મોહરાજાનો નચાવ્યો હું કેવો નાચું છું ! મારું આયુષ્ય ક્ષણે ક્ષણે ગળતું જાય છે, પણ મારી પાપબુદ્ધિ લગારે ય ગળતી નથી. ઉમ્મર તો આ ચાલી જાય, પણ ભોગવિલાસની ઇચ્છાઓ તો દિવસે ને દિવસે વધતી જાય છે. ઔષધો અને ઉપચારો માટે મોટા મોટા પ્રયત્નો ચાલે છે, પરંતુ ધર્મ વિષે તો હું લેશ માત્ર પ્રયત્ન કરતો જ નથી ! ! ॥૧૬॥

## જગતની આપની હાજરી છતાં હું નાસ્તિક.

**આત્મા નથી, પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,**
**મિથ્યાત્વિની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;**
**રવિસમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રી, તો પણ અરે !**
**દીવો લઈ કૂવે પડયો. ધિક્કાર છે મુજને ખરે. ॥૧૭॥**

**અર્થ** :—ઓ જિનેશ્વર દેવ ! સૂર્ય દેવ સમાન ઝાકઝમાળ આપ ચારે ય તરફ ખુલ્લે ખુલ્લી રીતે જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી રહ્યા છો, છતાં "આત્મા નથી, પુણ્ય નથી, સંસાર નથી, પાપ નથી" એવી જાતની કડવી ઝેર જેવી

મુખ ઓની વાણી હું મારા કાન દ્વારા સાંભળી રહ્યો. અરે ! ખરેખર, મને ધિક્કર છે, ધિક્કાર છે. ॥૧૭॥

## હું મારો માનવભવ સાવ હાર્યો.

**મેં ચિત્તથી નહિ દેવની, કે પાત્રની પૂજા ચહી,**
**ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,**
**પામ્યો પ્રભુ ! નરભવ, છતાં રણમાં રડયા જેવું થયું,**
**ધોબીતણા કુત્તાસમું મમ જીવન સહુ એળે ગયું. ॥ ૮॥**

**અર્થ** :—અરે રે ! મેં કદી શ્રી જિનેશ્વર દેવની પૂજા યે ન કરી, કોઈ ઉત્તમપાત્રની સેવા ચાકરી પણ ન કરી, શ્રાવકધર્મ કે સાધુધર્મ પણ ન સેવ્યો. ખરેખર ! મને માનવભવ તો મળ્યો, છતાં મેં તો કેવળ જંગલમાં એકલા એકલા રુદન જ કરવા જેવો તેને નિષ્ફળ કર્યો છે. ॥૧૮॥

## મારી લાલસાઓ !

**હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં ખોટાં છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં.**
**જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ, તે સેવ્યો નહિ.**
**મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ ! કર કરુણા કંઈ. ॥૧૯॥**

**અર્થ** :—આખર તો નાશવંત એવા છતાં કામધેનુ ગાય, કલ્પવૃક્ષ, અને ચિંતામણિ રત્ન વિગેરે મેળવવાને અનેક જાતના મેં ફાંફાં માર્યાં. પરંતુ સીધી રીતે આનંદસાગરનો અનુભવ કરાવનાર **શ્રી જૈન ધર્મ** તરફ જરા યે ધ્યાન ન આપ્યું. ઓ ! જિનેશ્વર ! પ્રભો ! મારી મૂર્ખતાનો આ પણ એક નમુનો જોઈ લેજો ॥૧૯॥

## મારી અવળીગતિનો નમુનો.

**મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહિ,**
**આગમન ઈચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહિ;**
**નહિ ચિંતવ્યું મેં નર્કના કારાગ્રહ સમી છે નારીઓ;**
**મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો. ॥૨૦॥**

**અર્થ** :—મેં અધમ પાપીએ ઊંચા પ્રકારના ભોગ વિલાસોના આનંદોના ખૂબ ખૂબ વિચારો કર્યા, પરંતુ તેથી રોગોના ખીલા ભોંકાશે, તેનો તો વિચાર સરખો યે ન કર્યો ! પૈસા મેળવવાના અનેક ઉપાયો વિચાર્યા, ને ઉધામા કર્યા, પરંતુ પછવાડે જ મોત આવી લાગ્યું છે, તેનો તો વિચાર સરખો યે ન આવ્યો ! સ્ત્રી સાથેના ભોગવિલાસના વિચારો મને બહુયે આવ્યા, પણ નરકરૂપી જેલમાં પડવું પડશે, તેનો તો સ્વપ્ને ય પણ ખ્યાલ ન જ રહ્યો ? ॥૨૦॥

## મારા જન્મની નિષ્ફળતા.

**હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,**
**કરી કામ પરોપકારનાં યશ પણ ઉપાર્જન નવ કર્યો,**
**વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યાં,**
**ફોગટ અરે ! આ લક્ષ ચોરાશીતણા ફેરા ફર્યા. ॥૨૧॥**

**અર્થ** :—ઉત્તમ આચાર-વિચારસેવીને સાધુપુરુષોના હૃદયો જરા યે આકર્ષ્યા નહિં. પરોપકાર કરી યશ પ્રાપ્ત કર્યો નહિં, તીર્થોના ઉદ્ધાર વિગેરે ઉત્તમ કામો પણ કર્યા નહિં. કહો ભગવન્ ! હું મારો જન્મ તો ફોગટ જ હારી બેઠો છું ને ? ॥૨૧॥

## અરે ! હું સંસારસમુદ્રથી શી રીતે પાર ઉતરીશ ?

**ગુરુવાણીમાં વૈરાગ્યકેરો રંગ લાગ્યો નહિ,**
**અને દુર્જનતણાં વાકયોમહીં શાંતિ મળે કયાંથી મને ?**
**તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,**
**તૂટેલ તળિયાંનો ઘડો જળથી ભરાયે કેમ કરી ? ॥૨૨॥**

**અર્થ** :—ગુરુ મહારાજના ઉપદેશથી મને વૈરાગ્યનો રંગ જ ચડયો નહીં, તેમજ દુર્જનોના વચનોથી પણ મને શાંતિ તો મળી શકી નહીં. અહો ! દેવ ! મારામાં લેશમાત્ર જ્યારે આધ્યાત્મિક—આત્મકલ્યાણની ભાવના નથી, તો હવે, આ ભયંકર—સંસારરૂપી સમુદ્ર શી રીતે તરી શકીશ ? ॥૨૨॥

## ભૂત, વર્તમાન તથા ભવિષ્યના ત્રણે જન્મ હું તો હાર્યો.

**મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,**
**તો આવતા ભવમાં કહો કયાંથી થશે ? હે નાથજી !**
**ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે ભવ નાથ ! હું હારી ગયો,**
**સ્વામિ ! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ॥૨૩॥**

**અર્થ**:—પૂર્વે ભવે મેં પુણ્ય કર્યું નથી. તેથી આ ભવમાં મને ઉત્તમ સામગ્રી મળી નથી, એટલે હું હવે પછીના ભવમાં પણ નહીં કરી શકું. આ મારી અત્યારની દશા છે, તેથી મને ચોક્કસ ખાત્રી થઈ છે, કે હે ઈશ્વર ! મારા ભૂત, વર્તમાન અને ભાવિઃ—એ ત્રણે ય જન્મો ખરેખર બગડયા જ છે ॥૨૩॥

## પ્રભુના સર્વજ્ઞત્વનું સૂચન.

**અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?**
**હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું.**
**જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો મ્હારું શું માત્ર આ ?**
**જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત કયાં ? ॥૨૪॥**

**અર્થ** :—હે દેવાધિ દેવ ! પ્રભો ! મારા અનેક પ્રકારના લાંબા લાંબા રોદણાંનો આપ જેવાની આગળ નકામો કેટલોક બકવાદ કરું ? કેમકે આપ ત્રણ જગતનું સાક્ષાત્ સ્વરૂપ જાણો છો, પછી આ મારા રોદણાં શા હિસાબમાં છે ? ॥૨૪॥

## છેલ્લી આંતરિક વિજ્ઞપ્તિ.

**તારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ,**
**મારાથી નહીં અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ !**
**મુક્તિ મંગળસ્થાન ! તોય મુજને ઇચ્છા ન લક્ષ્મીતણી,**
**આપો સમ્યગ્ રત્ન શ્યામ ! જીવને તો તૃપ્તિ થાયે ઘણી ॥૨૫॥**

**અર્થ** :—હે જિનેશ્વર પ્રભો ! દીનોનો ઉદ્ધાર કરવાવાળા આપ જેવા કોઈ પણ સમર્થ સ્વામી મને જડશે જ નહીં. તેમજ મારા જેવો કૃપા બતાવવાને કોઈ પણ યોગ્ય પાત્ર આપને પણ જડશે જ નહીં હો ! અને ઓ ! પ્રભો ! મારે આ દુનિયામાં પ્રસિદ્ધ લક્ષ્મી તો જરા યે જોઈતી નથી. પરંતુ, ત્રૈલોકય પૂજ્ય ! હે મંગલમય પ્રભો ! હે શ્રીકાર રત્નોના ભંડાર ! મને તો ફક્ત મોક્ષ આપનાર અને કલ્યાણ-કારી સમ્યક્ત્વરૂપી એક જ રત્ન આપોને ! એટલે બસ છે. ॥૨૫॥

ઇતિશમ્ ।

સિદ્ધગિરિ સ્વામી આદિ જિણંદ, કાપો હમારા ભવના ફંદ

શ્રી

# ભક્તામર સૌરભ

[ ભક્તામર મહિમા કથાઓ ]

—મુનિશ્રી જિનેન્દ્રવિજયજી

## 卐 શ્રી ભક્તામર સ્તોત્ર સ્તુતિ 卐

(વસન્તતિલકા–વૃત્ત)

ભક્તામર સ્તવ તણો મહિમા ઘણેરો,
જેનો પ્રભાવ જગમાં ઝળકે અનેરો;
જેના પદે પ્રથમ દેવ તણા ગુણો છે,
તે સ્તોત્રના સ્મરણથી દિલ ઉલ્લસે છે.

—મુનિશ્રી જિનેન્દ્રવિજયજી

રાજા ભોજે આજે હેમરાજ શેઠને બોલાવ્યા હતા. હેમરાજ શેઠ પણ રાજ્યનું તેડું આવતાં રાજસભા યોગ્ય વસ્ત્રોથી વિભૂષિત બન્યા હતા અને એક ગુમાસ્તા સાથે એ રાજસભામાં આવી પહોંચ્યા.

ઉજ્જયિની નગરીની રાજસભા એટલે પંડિતોની સભા. રાજા ભોજને પંડિતોની વિદ્વદ્‌ગોષ્ઠિમાં ભારે આનંદ. એમની સભામાં દૂર દૂર દેશથી પંડિતો આવીને બેસતા, રાજા ભોજ તેમનું સન્માન કરતા.

હેમરાજ શેઠ આવ્યા અને રાજા ભોજને ભેટણું ધરી યોગ્ય આસને બેઠા.

સૂર્યભકત મહાપંડિત મયૂર અને ચંડિકા સેવક મહાપંડિત બાણ એ સભામાં ખાસ ધ્યાન ખેંચતા. સેંકડો પંડિતોમાં દૃષ્ટા એ પંડિતોને પારખી લેતો હતો. હેમરાજ શેઠ આવ્યા એ કંઈ પંડિત ન હતા. છતાં તેમના તરફ સૌનું લક્ષ્ય ખેંચાયું.

રાજા ભોજે શેઠનું સન્માન કર્યું. સારૂં આસન આપ્યું. હેમરાજ શેઠ રાજાના આદેશની પ્રતીક્ષા કરી રહ્યા. રાજા ભોજનું તેડું આવ્યું હતું પરંતુ તેના સંદર્ભમાં શાનો સંદેશ છે, એનાથી હેમરાજ શેઠ અજાણ હતા.

વાત એમ હતી કે, મહાકવિ મયૂરના મહાકવિ બાણ જમાઈ થતા હતા. બંને પંડિતોનું રાજસભામાં માન; પરંતુ એક બીજાનો ઉત્કર્ષ સહવામાં બંને કાયર હતા, છતાં એક બીજા વિના બંનેને ચાલતું નહિ. કહ્યું છે કે —

> न सहंति इक्कमिक्कं, न विणा
> चिट्ठंति इक्कमिक्केण ।
> रासहवसहतुरंगा, जूयारी पंडिया
> डिंभा ॥

ગધેડાં, બળદ, અશ્વ, જુગારી પંડિત અને બાળકો એક બીજાને સહન કરતા નથી, તેમ એક બીજા વિના રહી પણ શકતા નથી.

એકવાર બાણ અને તેમના પત્ની વચ્ચે કલહ થયો. બાણ પત્નીને સમજાવીને થાકયા, પગે પણ પડયા, પત્નીએ તો પ્રાદપ્રહાર કર્યો. માનિનીએ માન ન છોડયું, રાત ચાલી ગઈ હતી. સવાર થવા આવી હતી. મહાકવિ મયૂર ત્યાંથી નીકળ્યા ઊભા રહી તેમણે આ સ્થિતિ જાણી તેમને દુઃખ થયું. ત્યાં બાણ–કવિએ કાવ્ય બનાવ્યું :—

> गतप्राया रात्रिः कृशतनुशशो शीर्यत एव
> प्रदीपोऽयं निद्रावशमुपगतो घूर्णित इव ।
> प्रणमान्तो मानस्तदपि न जहासि ध्रुवमहो,
> कुचप्रत्यासत्या हृदयमपि ते सुभ्रु ! कठिनम् ॥

રાત્રિ પૂર્ણ થવા આવી છે. ચંદ્ર ક્ષીણ થયો છે. દીવો બૂઝાઈ ગયો છે, માનનો નમસ્કારથી અંત છે. અહો છતાં તું માન છોડતી નથી? ખરે જ સ્તનના સંબંધથી હે સુભ્રુ ! તારૂં હૃદય પણ કઠીન બની ગયું છે.

બાણકવિનું પદ્ય સાંભળી મયૂરથી બોલાઈ ગયું, 'સુભ્ર શબ્દ ન કહો. કેમકે ક્રોધથી બળી રહેલી નારી માટે સુભ્ર શબ્દ શબ્દ બરાબર નથી. ત્યાં ચન્ડિ! શબ્દ વાપરો.

મયૂરપુત્રી એ સાંભળીને બારી પાસે આવી. તાંબૂલની પીચકારી નાખીને પુત્રીના ચરિત્રને પ્રગટ કરનાર પિતાને તેણે કહ્યું તમને કોઢ થાવ!'

મયૂરને સાચે જ કોઢ થયો.

પ્રાતઃકાલે રાજસભામાં બાણકવિએ આવો કોઢીયા પંડિત, સંબોધનથી આવકાર્યા. રાજાએ હકીકત જાણી અને મયૂરકવિને કહ્યું કે કોઢ દૂર કરી તમારે સભામાં આવવું.

સભામાં આવવાનો નિષેધ થયો. કવિ ગયા સૂર્યમંદિરે, અને સૂર્યસ્તુતિથી સૂર્યને પ્રત્યક્ષ કરી કોઢ દૂર કરાવ્યો. મયૂરની પ્રશંસા થઈ. રાજા અને પ્રજા સૌ આશ્ચર્ય સાથે આનંદ પામી, મયૂરને ધન્યવાદ આપી રહ્યા.

મયૂરની પ્રશંસાથી બાણનો દ્વેષ વધ્યો. તેમણે પોતાના હાથ-પગ કાપી નાખીને ચંડિકાની સ્તુતિથી તેણે પ્રસન્ન કરી, પુનઃ હાથ-પગ પ્રાપ્ત કર્યા. આમ બંનેએ પોતાની શક્તિ-ભક્તિનો પરિચય કરાવી રાજ્ય અને પ્રજામાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું.

એકવાર રાજા ભોજે કહ્યું, 'શિવ-દર્શનમાં આવી પ્રભાવક શક્તિ-ભક્તિ છે, તેવી બીજે કયાંય જોઈ છે?'

રાજમંત્રીએ કહ્યું: 'મહારાજા! શાંતિ સ્તવના કર્તા શ્રી માનદેવસૂરિને તો આપ ઓળખો છો, તેમના પટ્ટપ્રભાવક શ્રી માનતુંગ આચાર્ય છે. જેઓ ભયહર ભકિત સ્તોત્રો આદિ બનાવવામાં વિખ્યાત છે.'

ભોજને તો એટલું જોઈતું હતું. માન સહિત સૂરિદેવને સભામાં તેડાવ્યા, રાજાએ નમસ્કાર કરી સુઆસન પર બિરાજમાન કર્યા.

'ગુરુદેવ! આપ કાવ્યકલાના મહિમાને જાણો છો?'

સૂરિદેવ રાજાના આશયથી વાકેફ હતા. પ્રવચન પ્રભાવનાનો અવસર એમને દેખાયો. એ બોલ્યા:

'રાજન્! સાંકળના બંધનથી મુકત બનું તો તમારે આદિદેવનો સ્તવમહિમા જાણવો.'

'ઘણો ઉપકાર! હું એ મહિમા જાણવા આતુર છું.'

શ્રી માનતુંગાચાર્યને બેંતાલીશ સાંકળોથી બાંધ્યા અને બેંતાલીશ તાળાં લગાવી એક ઓરડામાં પૂરી દીધા. ઉપર ચોકી પણ લાગી ગઈ.

આચાર્યશ્રી એકાગ્રચિત્ત બન્યા. પ્રભુ ઋષભદેવના ધ્યાનમાં મન પરોવ્યું અને ધીમે ધીમે મધુર ધ્વનિ શરૂ થયો. ભકતામર સ્તોત્રની રચના થવા લાગી. એક એક કાવ્ય બોલાતું ગયું અને એક એક સાંકળ તાળાં સાથે છુટી થતી ગઈ. સ્તોત્ર પૂર્ણ થયું, સઘળી સાંકળો તાળાં સાથે છુટી ગઈ.

આચાર્યશ્રી બહાર આવ્યા. રાજા ભોજ તેમના ચરણમાં પડયા, અને સ્તુતિનો મહિમા પૂછયો.

આચાર્યશ્રીએ ભકતામર સ્તવની રચના અને એનો મહિમા કહી સંભળાવ્યો.

રાજાભોજ અને પર્ષદા સૂરિદેવને ઝૂકી રહી. જૈન પ્રવચનની પ્રભાવના સર્વત્ર પ્રસરી રહી.

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. રાજા ભોજ માનતુંગસૂરીશ્વરીજીનો ભક્ત બનતો જતો હતો, પરંતુ 'તુંડે તુંડે મતિ-ર્ભિન્ના' કેટલાક પંડિત અને સભ્યોને એ રૂચતું ન હતું. અવસર મળે ત્યારે એઓ આચાર્યશ્રીનું ઓછું બોલવામાં ઓછા ન ઉતરતા.

રાજાભોજ કહેતા "સૂરિદેવે સ્તવનો મહિમા બરાબર બતાવ્યો છે.'

'મહારાજા સુરિજી તો મંત્ર-તંત્રના વેત્તા છે, એના પ્રયોગથી નિગડ બંધનથી એ મુક્ત થયા હોય અને આપ માનો છો તેમ સ્તોત્રનો જ મહિમા જો હોય તો એ મહિમા બીજા પુરૂષ દ્વારા જોવા મળે તો સત્ય કહી શકાય.'

મહારાજ કહે, "એ વાત સાચી. તપાસ કરો, નગરીમાં ભકતામર સ્તવનો સ્મારક કોણ છે?'

કોઈએ કહ્યું. "મહારાજ, હેમરાજ શેઠ એ સ્તવના જ્ઞાતા અને સ્મારક છે. વર્ણ-ઉચ્ચારની શુદ્ધિપૂર્વક તેઓ એ સ્તવનું સ્મરણ કરે.'

બસ! રાજા ભોજને શી વાર! ખબર પડી અને સુભટોને મોકલ્યા. "આવતી કાલે રાજસભામાં તમારે પધારવાનું છે." હેમરાજ શેઠ પણ રાજ્યના તેડાને માથે ચઢાવી બીજે દિવસે રાજસભામાં આવી પહોંચ્યા હતા.

રાજાભોજે સન્માન આપ્યું. સુસ્થાને બેસાડયા. થોડીવારે હેમરાજ શેઠ કર જોડીને બોલ્યા, 'મહારાજ શી આજ્ઞા છે?'

હેમરાજ શેઠ! તમે ભકતામર સ્તવનું સ્મરણ કરો છો?

'હા મહારાજ! નિત્ય વર્ણ-માત્રાની શુદ્ધિપૂર્વક કરૂં છું.'

'સારું તમારે તેનો મહિમા બતાવવાનો છે.

'અહોભાગ્ય મારાં.'

'જાઓ ત્યારે, તમને બાંધીને રાજ સભાની પાછળ ઉદ્યાનના અંધારા કુવામાં ઉતારવામાં આવશે. તમારે સ્તવનના પ્રભાવથી સ્વયં બહાર નીકળી જવું, એ માટે ત્રણ દિવસની અવધિ આપું છું.'

'જેવી આપની ઇચ્છા.'

હેમરાજ શેઠને દોરડાથી બાંધીને અંધારા કુવામાં ઉતારવામાં આવ્યા. ચોકી-પહેરો ચારેકોર લાગી ગયો.

હેમરાજ શેઠને મન પોતાનો મનોહર પ્રાસાદ અને આ અંધારા કુવામાં કંઈ ભેદ ન જણાયો. તેમનું સ્વસ્થ ચિત્ત વિકારહીન જ રહ્યું હતું. તેમનું મન આદિદેવના ભકતા-મર સ્તવમાં પરોવાયું. એમણે આસન લગાવ્યું, આંખો બંધ કરી. આમેય ખુલી

**આંખે અંધારામાં કંઈ કળાતું તો ન હતું. એક ધ્યાને મધુર ધ્વનિથી ભકતામર સ્તવ બોલવા લાગ્યા.** ઈન્દ્ર-ઉપેન્દ્ર, નાગેન્દ્ર, **અને નરેન્દ્રોથી** સેવાતા આદિદેવ દેખાયા આઠ પ્રાતિહાર્યની અજબ શોભા ખડી થઈ. હેમરાજ શેઠના ઉલ્લાસનો પાર નથી. એ ભકતામર સ્તોત્ર વર્ણ-માત્રાની શુદ્ધિપૂર્વક ગંભીર નાદથી સ્મરી રહ્યા છે.

*** भक्तामरप्रणतमौलिमणिप्रभाणा,**
**मुद्योतकं दलितपापतमोवितानाम् ।**
**सम्यक् प्रणम्य जिनपादयुग युगादा**
**वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥**
**यः संस्तुतः सकलवाङ्मयत्त्वबोधा-**
**दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।**
**स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः**
**स्तोष्ये किलाहमपि तं प्रथम जिनेन्द्रम् ॥२॥***

રાત્રિનો પ્રથમ પ્રહર થયો.

સ્તવના પ્રથમ બે પદ્યોના જાપથી ચક્રેશ્વરીદેવી પ્રત્યક્ષ થયા. અંધારા કુવામાં અજવાળાં ફેલાયાં. દેવી બોલ્યા--

'વત્સ ! પ્રાતઃકાલે રાજા સમક્ષ તને લઈ જઈશ. સ્તવનાં આદ્ય બે પદ્યના જાપથી **પાણી છાંટી તારે રાજાને નાગપાશના બંધનથી મુકત કરવો.'**

દેવી ચાલ્યા ગયા. હેમરાજ શેઠ સ્તવનાં આદ્ય બે પદ્યનાં સ્મરણમાં મગ્ન રહ્યા. રાત્રી પૂર્ણ થઈ.

રાજાભોજ પ્રાતઃકાલે શય્યામાંથી ઉઠવા જાય છે પણ ત્યાં તો ચારે બાજુ બંધન ! બંધન !! એ બોલી ઉઠયા--

'અરે અરે ! કોણ છે : કોણે આ બંધન બાંધ્યાં છે, છોડો, છોડો.'

આકાશમાંથી દેવી બોલ્યા, 'હે રાજન્ ! હેમરાજ શેઠને તેડાવ, એના મંત્રેલા જળથી તારાં બંધન તૂટશે.'

રાજાએ અવાજ કર્યો, 'અરે સેવકો ! જલ્દી જાઓ, હેમરાજ શેઠને લાવો. કુવામાંથી કાઢી, બંધન છોડી, શેઠને શીઘ્ર અહિ લાવો.'

સેવકો દોડયા હેમરાજ શેઠને લેવા. રાજપરિવાર એકઠો થઇ ગયો. રાજા ઉંચે જુએ છે ત્યાં હેમરાજ શેઠ આકાશમાંથી ઉતરતા દેખાયા. સૌ આશ્ચર્યચકિત બની ગયા.

રાજાભોજ બોલ્યા, 'આવો, શ્રાવકશિરોમણિ ! સ્તવના પ્રભાવથી મને બંધનમુકત કરો. સ્તવનો પ્રભાવ મેં જાણી લીધો, બરાબર જાણી લીધો.

હેમરાજ શેઠ બાજુમાં આવ્યા. ભકતામર સ્તવનાં પદ્યોથી મંત્રીને જલ છાટયું,

---

***અર્થ:**—ભકિતમંત દેવતાઓના નમેલા મુકુટને વિષે રહેલા મણિઓની કાંતિઓને પ્રકાશ કરનાર, દલન કર્યો છે પાપરૂપ અંધકારનો સમૂહ જેણે એવા, અને ભવસમુદ્રમાં પડતા ભવ્યજનોને યુગની આદિમાં આધારભૂત એવા (પ્રથમ) તીર્થંકરના ચરણયુગલને રૂડે પ્રકારે નમસ્કાર કરીને; જે ભગવંત સમસ્ત શાસ્ત્રના રહસ્યના જ્ઞાનથકી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી કુશળ એવા ઇન્દ્રો વડે, ત્રણ જગતના ચિત્તને હરણ કરનારાં અને ઉદાર સ્તોત્રો વડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલ છે, તે પ્રથમ જિનેંદ્રને હું પણ નિશ્ચે સ્તવીશ. ૧-૨

બંધન તુટી ગયાં. મહારાજા ઉભા થયા, દેવી અને હેમરાજ શેઠને નમ્યા અને કહ્યું.

"મારી આ અજ્ઞાન ચેષ્ટા માટે ક્ષમા કરો."

દેવીએ આશીર્વાદ આપ્યો અને અદૃશ્ય થયા.

હેમરાજ શેઠ સ્તોત્રના સુમહિમાથી પ્રસન્ન થયા હતા. રાજા ભોજે હેમરાજ શેઠને બંધુતુલ્ય માન્યા, પોતાના સિંહાસન પર બેસાડયા. સ્તવચિંતામણિને હૃદયને વિષે ધારણ કર્યો. માનતુંગસૂરિદેવ, સ્તવમહિમા અને હેમરાજ શેઠના યોગે રાજાભોજ પરમ-ધર્મને પામ્યા, અને નિત્ય ધર્મની સાધનામાં એકાગ્રચિત્ત બન્યા.

પ્રજામાં ધર્મની અજબ શાસનપ્રભાવના થઈ. સૌ કોઈ જૈનશાસનની ભૂરી ભૂરી પ્રશંસા કરી રહ્યા.

આ છે ભકતામર સ્તોત્રની ઉત્પત્તિ અને તેનો પ્રભાવ.

કાળ જુની ઉજ્જૈની નગરી, એણે કંઈક રાજાઓ નિહાળ્યા છે. એને અનેક સંતપુરૂષોએ પોતાના પવિત્ર પદન્યાસથી પવિત્ર કરી છે. વ્યાપાર વણજમાં એ નગરી મુખ્ય મથક બની રહી છે, ધર્મના વ્યાપાર માટે પણ ઉજ્જૈનીને અનેરી કીર્તિ પ્રાપ્ત થઈ છે.

એ નગરીમાં એક વણિક રહેતો હતો, તેનું નામ સુમતિ. સુમતિ સુમતિ જ હતો. તેનું પુણ્ય પૂર્વભવનું ઓછું હતું, છતાં ભદ્રક પ્રકૃતિવાળો સુમતિ ધનના અભાવે પણ કંઈક શાંતિથી રહી શકતો હતો. બીજા ધનવાનોને જોઈ તેને પણ ધન મેળવાની ગુદગુદી તો થઈ આવતી પણ પુણ્ય ન હતું. સારો અને સાચો માર્ગ તેને હાથ ન આવતો. દીન અને ધનહીન અવસ્થા તેને અપ્રિય હતી છતાં નભાવી લીધા વિના ચાલે તેમ ન હતું.

ઉજ્જૈની નગરી જૈનધર્મના ઠેઠ જુના ઈતિહાસથી જ પ્રસિદ્ધ છે. એણે અનેક ધર્મવીરો જૈનશાસનને ચરણે ધર્યા છે. એની કાળ જુની કીર્તિ આજે પણ સાદ આપી રહી છે. શ્રીપાળ અને મયણાએ આરાધેલ સિદ્ધચક્રના મહાત્મ્યની સાથે એ નગરી પણ સદા ધર્મહૃદયથી આત્માઓના દિલમાં વસેલી છે.

અનેક મહાસંતો ત્યાં પધારતા અને નગરીને અવનવા આધ્યાત્મિક રંગે રંગી એ અનોખા ચિતારા પાણીના રેલાની જેમ વહી જતા.

એકવાર મહામુનિ પધાર્યા. ધર્મપ્રેમી લોકને મન તો મોદક મલ્યા. સૌ મુનિવરના મંગલ મુખથી ઉપદેશ સાંભળવા નીકળી પડયા. જિનમંદિર અને જૈન ઉપાશ્રયના માર્ગો પર ધર્મીજનોની આવ-જા વધી રહી.

સુમતિ પોતાની આજીવિકાના કામ માટે અટવાયો હતો. આમ તેમ કાર્ય મેળવવા તે ફરી રહ્યો હતો. એક પ્રવાહ ઉપાશ્રય ભણી જોઈ તેણે એક ભાઈને પૂછયું, 'કેમ ભાઈ! ઉપાશ્રય ભણી?'

'હા,' જનારે કહ્યું, 'ત્યાં એક મહામુનિ પધાર્યા છે. જ્ઞાન-ધ્યાન અને તપના એ ભંડાર છે. તેમના ઉપદેશનું પાન કરનારનું જીવન ધન્ય બની જાય.'

'એ ખરૂં, પણ!' સુમતિ અટકયો.

'કેમ? પણ?' જનારે કહ્યું.

'પણ એમ છે ને! કે અમારા જેવાને ખાવાનાં સાંસા હોય ત્યાં ઉપદેશ શ્રવણનો લાભ કયાં મળે?'

'ભાઈ! ધનહીન દશામાં પડેલા એવી જ દલીલો કરતા હોય છે પણ એ ઠીક નથી.'

'કેમ?' સુમતિ તાકીને જોઈ રહ્યો.

'કેમકે નિર્ધન દશામાં ધર્મ ન થાય તેમ નથી. નિર્ધનદશા તો ધર્મને ખાસ યાદ કરાવે છે. જ્ઞાનીઓ કહે છે કે જો તમે સમજો તો अदत्तस्य फलमिदं તમે દાન નથી આપ્યું તેનું આ ફલ છે. હવે ધર્મથી દૂર રહ્યા તો ભાવિમાં કયાંય પટકાઇ જશો.'

'ભાઈ ખરૂં છે. મને ઘણીવાર એમ થાય છે કે ધર્મ કરૂં પણ પ્રમાદમાં પડી જઉં છું' સુમતિ નમ્ર બની બોલ્યો.

'ઠીક, હવે આજે તો ચાલો'

'જરૂર, આ આવ્યો.' સુમતિ શીઘ્ર પોતાનું કાર્ય પતાવી ઉપાશ્રય તરફ વળ્યો.

ઉપદેશદાનનો સમય થઈ ગયો હતો. પ્રવચન ખંડ શ્રોતાજનોથી ઉભરાઈ રહ્યો હતો, સુમતિ પહોંચ્યો. તેણે પ્રવેશ મેળવ્યો અને એક બાજુ થોડી જગ્યા હતી ત્યાં મુનિવરના મુખ સામે નજર માંડી બેસી ગયો.

મુનિવરશ્રીએ પ્રભુસ્મરણ કર્યું અને ગંભીર શાન્ત નાદે ઉપદેશ દેવાનું ચાલુ કર્યું.

'ભાગ્યવાનો! ધર્મ અમૂલ્ય વસ્તુ છે. ધન, કામ, સ્વર્ગ અને અપવર્ગ એ ધર્મના પ્રતાપે પ્રાપ્ત થાય છે. ધર્મહીન આત્માઓ સુખ પામે નહિ, પરઘર પાણી ભરે, ઈંધણુ લાવે, ખાંડે, દળે અને છાશ ફેરવે તો પણુ ભોજન જેટલુંય મેળવી શકતા નથી. પાપના પ્રભાવે અધમ કુલ, અનિષ્ટ પ્રાપ્તિ, પ્રિયનો વિયોગ, દરિદ્રતા, અપયશ અને લોકમાં પરાભવ આ બધી વસ્તુઓ જીવને પ્રાપ્ત થાય છે, પુણ્ય અને પાપનું ફલ પ્રત્યક્ષ છે. મૂર્ખને પણ ઋદ્ધિ મલી છે ત્યાં સમજવું કે તે પુણ્યનું ફળ છે. ગુણવાન પણ ભીખ માગીને પુરૂં કરે છે ત્યાં સમજવું કે પાપનું ફલ છે. સુજ્ઞજનો પુણ્ય-પાપ, ધર્મઅધર્મને ઓળખીને ધર્મમાં ઉદ્યમશીલ બને છે.'

મુનિવરે બોધનો ધોધ વરસાવ્યો. અનેક આત્માઓ ઉપદેશધારા વડે આર્દ્ર બન્યા અને ધર્મવડે ચિત્તને વાસિત કર્યું.

સુમતિને થયું, 'આ મહર્ષિએ સારૂં કહ્યું. ખરે જ મારા માટે આ ઉપદેશ યોગ્ય જ છે. તેમની પાસેથી ધર્મ જાણું અને જીવન ધન્ય બનાવું.'

સૌ ચાલ્યા ગયા, સુમતિ ગુરૂદેવ પાસે ગયો, વંદન કરી ધર્મનું સ્વરૂપ જાણ્યું અને જિનધર્મની પ્રાપ્તિથી પોતાને ધન્ય માનવા લાગ્યો. વંદન કરી સ્વસ્થાને ગયો.

હવે તેનો ક્રમ ફરી ગયો હતો. ધંધો કરતો પણ ધર્મ એ ચૂકતો નહિ, ધર્મતત્ત્વનું અધ્યયન પણ એણે કર્યું. ભક્તામર સ્તોત્ર વાંચતાં તેને ઘણો જ આનંદ થયો અને નિત્ય પ્રભુપૂજન આદિ સમયે કે અન્ય સમયે પણ એ સ્મરણ કરવા લાગ્યો. ધીમે ધીમે સ્તોત્રમાં એનું મન ચોંટવા લાગ્યું અને પછી તો નિત્ય ત્રિસંધ્યાએ એ સ્તોત્ર જપવા લાગ્યો.

એક વાર એને થયું, અહિં વ્યાપાર આદિનું સાધન નથી. પરદેશ જવાથી ભાગ્ય ખીલશે. પ્રયાણની તૈયારી કરીને પરદેશ જતા એક વહાણમાં તેણે પણ પ્રયાણ આરંભ્યું.

ભાવિ જુદું જ હતું. વહાણ હંકારાયું, એક પછી એક દિવસ-રાત્રિ પસાર થવા લાગ્યા. એક દિવસ ઘનઘોર મેઘ ઘટા છવાઈ

ગઈ. સાગરનાં મોજાં શિખરની જેમ ઉછળી રહ્યાં, જહાજ હાલકડોલક થવા લાગ્યું, તોફાન વધી રહ્યું, ખલાસી અને ખારવા શઢ અને સ્થંભને સંભાળી રહ્યા, માલમે સુકાન પર કાબુ જમાવવા પ્રયત્ન કર્યો, પણ બધું નિષ્ફળ ગયું. વહાણમાં પાણી ભરાયું. અંદર રહેલાઓની ગભરામણમાં વધારો થયો. કડાકા કરતી વિજળી તેમાં પરાકાષ્ટા પહોંચાડી રહી. સૌને લાગ્યું-હવે મરણ સિવાય બીજું કંઈ શરણ નથી. સૌ ઈષ્ટદેવને યાદ કરવા લાગ્યા. સુમતિએ ભક્તામર સ્તોત્ર સ્મરણ કરવા માંડ્યું. સાયંત્રિકોના પ્રયત્ન વિફળ થતા હતા. વહાણ તૂટ્યું, કોઈ ડુબી ગયા, કોઈને પાટીયાં અને વાંસ હાથમાં આવ્યા તેને વળગી પડયા. સઢ અને કુપકસ્તમ્ભ સાથે જહાજ જળમાં સમાઈ ગયું

સુમતિને એક પાટીયું હાથ ચઢી ગયું. તેનું ચિત્ત તો ભક્તામરમાં લયલીન બની ગયું છે.

'भक्तामर प्रणत मौलिमणि प्रभाणा....'

એક પછી એક સ્તોત્રના કાવ્યો મુખમાંથી સરકી રહ્યાં છે, यः संस्तुतः......

बुद्धया विनाऽपि विबुधार्चितपादपीठ !
स्तोतुं समुद्यतमति-र्विगतत्रपोऽहम् ॥
बालम विहाय जलसंस्थितमिन्दुबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥३॥

સુમતિના મુખમાંથી કાવ્ય પછી કાવ્ય આગળ વધતું હતું.

वक्तुं गुणान् गुणसमुद्र शशाङ्ककान्तान्,
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुध्या ।
कल्पान्त-कालपवनोद्धत-नक्रचक्रं,
को वा तरीतुमलमम्बुनिंधिं भुजाभ्याम् ॥४॥*

વિજળીનો વધુ ભયંકર એક કડાકો થયો. સુમતિની આંખ ખુલી ગઈ. જોયું તો સાગરને તીરે સ્વયં છે અને સામે ચક્રેશ્વરી દેવી છે, સુમતિએ હાથ જોડયા. દેવીએ આશિષ આપી. પ્રભાવશાળી પાંચ રત્નો આપ્યાં અને ક્ષણમાં ઉજ્જૈનીમાં મૂકી દીધો.

સુમતિ ધનિક થયો. ધર્મ હતો. ધર્મના પ્રભાવે ધન આવ્યું. તેણે એ ધન ધર્મને ચરણે ધરી દીધું. અનેક પ્રકારની ધર્મ-સાધના સાથે એ ધનને પણ એ સત્ ક્ષેત્રે અનુકંપા આદિમાં વેરી રહ્યો.

સુમતિ પરમ શ્રાવક બન્યો અને જીવન ધન્ય બનાવ્યું.

---

**અર્થ**—હે વિબુધાર્ચિતપાદપીઠ (દેવતાઓએ અથવા પંડિતોએ અર્ચન કર્યું છે, પાદાસન જેનું એવા)! બુદ્ધિ (પ્રબલ પ્રજ્ઞા) વિના પણ સ્તુતિ કરવાને રૂડે પ્રકારે ઉદ્યમવાળી મતિ છે જેની એવો અને વિશેષે ગઈ છે લજ્જા વિનાનો ધીઠો) હું છું. પાણીને વિષે રૂડે પ્રકારે રહેલ (પ્રતિબિંબિત થયેલ) ચંદ્રમાંના બિંબને, બાળકને મૂકીને (બાળક સિવાય) બીજો કયો મનુષ્ય તત્કાળ ગ્રહણ કરવાને ઇચ્છે? અર્થાત્ બાળક વિના બીજો કોઈ બુદ્ધિવાન જળપ્રતિબિંબિત ચંદ્રને ગ્રહણ કરવા ઇચ્છતો નથી તેમ હું પણ બાળકની પેઠે અશક્ત છતાં સ્તુતિ કરવાને ઇચ્છું છું. ૩

*__અર્થ__—હે ગુણસમુદ્ર (વીર્ય ગાંભીર્યાદિ ગુણનાં સ્થાન)! ચંદ્રમા સરખા મનોહર-ઉજ્જવળ એવા તમારા ગુણોને બુદ્ધિ વડે કરીને બૃહસ્પતિ સમાન એવો પણ કયો પુરુષ કહેવાને સમર્થ થાય? અર્થાત્ કોઈ સમર્થ થતો નથી. અથવા તો પ્રલયકાળના પવન વડે ઉદ્ધત થયેલ ઉછળી રહ્યો છે મગરમત્સ સમૂહ જેને વિષે એવા સમુદ્રને કયો પુરુષ બે ભુજા-વડે તરવાને સમર્થ થાય? ૪.

' સુધન શ્રેષ્ઠી ! હું મારા જીવનને ધન્ય માનું છું. પાટલીપુર નગર આવું વિશાળ હોવા છતાં તેમાં તમારા જેવા સજ્જન દુર્લભ છે.'

' મહારાજા ! આપ તો ગુણગ્રાહી અને કૃતજ્ઞી છો જેથી મેં કંઇ જ કર્યું નથી છતાં આપ મને એ બધી સુસંગતિના કારણરૂપ માનો છો.'

' ધર્મબંધુ ! તમે ઠીક કહો છો, પરંતુ વિશાળ રાજ્યવૈભવથી લદાયેલા અમારા રાજવીઓના જીવનમાં આવી ઉચ્ચ પ્રકારની સૌરભ દુર્લભ છે. રાજજીવનમાં વૈભવ-વિલાસ, મદ કઠોરતા અને ક્રુરતા સામાન્યપણે વધારે નજરે પડે.'

પાટલીપુરના રાજવી અને નગરના ધનવાન ધર્મનિષ્ઠ શેઠ સુધન બંને રાજમહેલમાં વાતચીત કરી રહ્યા હતા. સુધન ખૂબ ધર્મ-રાગી, તેના પરિચયમાં રાજવી ભીમને આવવાનું થયું. સત્સંગનો મનોહર રંગ લાગ્યો. સુધનના સત્સંગે તે રાજવીને ધર્મરંગ લગાડી દીધો.

એ વારે વારે કહેતાં કે, મારાં અહોભાગ્ય કે તમારો સંગ મળી ગયો. સત્ય તત્ત્વ હાથ લાગ્યું.' સુધનની પ્રશંસા કહી કૃતજ્ઞતા પ્રગટ કરતા.

રાજવી અને સુધનશેઠ બંને રોજ મળતા, ધર્મક્રિયા કરતા, તત્ત્વ ભણતા, સદ્દગુરૂની ઉપાસના કરતા, અનુપ્રેક્ષા આદિ કરીને કર્મનિર્જરાના નિર્મળ માર્ગને સેવી ધન્ય બનતા.

એકવાર પાટલીપુરમાં ધુલીપા નામનો સંન્યાસી આવ્યો. જંતર-મંતર જાણે, છુમંતર બોલી, લોકોને ખેંચે, અનેક રખડુ-ઓને પોતાના સેવક બનાવી તેણે સંન્યાસીનું ટોળું ભેગું કર્યું હતું.

પાટલીપુરમાં તેણે કલા જમાવી થોડા દિવસમાં લોકોને તેણે વશ કર્યા. ગાંડા-ઘેલા બનાવી દીધા. મનમાં ને મનમાં એ ફુલ્યો સમાતો નથી, પોતાની કલાના કમાલની ખુમારી પણ એને બરાબર ચઢી છે.

એકવાર સંન્યાસીએ એક સેવકને પૂછ્યું, 'આ શહેરમાં મારી પાસે ન આવનાર કોઈ બાકી છે ?'

સેવકે કહ્યું, 'આપના પ્રભાવે સૌ ખેંચાયા છે, માત્ર રાજવી ભીમ અને સુધન શેઠ બે જ માનવી નથી આવ્યા. તેઓ જૈનધર્મના રાગી છે, અને એ એમ માને છે કે, સત્ય તત્ત્વ તેમની પાસે છે.'

ધુલીપાને ગુસ્સો ચઢયો. રાત્રિના સમયે તેણે મંત્ર-તંત્રની શક્તિ વડે જિન-

મંદિર, રાજમહેલ અને શેઠની હવેલી ઉપર ધૂળનો વરસાદ વરસાવ્યો.

સુધને સવારે એ રજ-પુંજ જોયો, ધૂળની ડમરીઓ ઉડતી જોઈ, અંધકારનો આટોપ જોયો. ઉપદ્રવ જાણી એણે શ્રી ભક્તામર સ્તોત્રનું સ્મરણ આદર્યું. સૂત્ર-અર્થ અને તદુભયમાં એનું મન પરોવાઈ ગયું. વચન ભાવપૂર્ણ સ્પષ્ટ અને શુદ્ધ સૂત્રોચ્ચારમાં વિચરી રહ્યું, કાયાએ અડગ-અઠંગ આસન દ્વારા સૂત્રનું પ્રભુત્વ પ્રગટ કરવા માંડયું. એક પદ્ય શેઠના મુખમાંથી સરકી રહ્યું. ચાર પદ્ય બોલાયા અને પાંચમું પદ્ય મુખમાં આવ્યું.

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्र,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥५॥
अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति,
तच्चारुचूतकलिका निकरैकहेतुः ॥ ६ ॥*

સુધનનું મન સ્તોત્ર સાથે સઘન બની ગયું હતું. આસપાસનું તેને ભાન નથી.

*અર્થ—હે મુનીશ (તત્ત્વને જાણનારા મહર્ષિઓના સ્વામી) એવો (સ્તોત્ર કરવાને અસમર્થ) હું છું, તો પણ તમારી ભક્તિના વશ થકી (ભક્તિના આગ્રહથી) વિશેષે ગઇ શક્તિ જેની (શક્તિ રહિત) એવો છતો પણ સ્તવન કરવાને હું પ્રવૃત્ત થયો છું. હરિણ, સ્નેહ વડે પોતાના બાળકના રક્ષણને માટે પોતાનું બળ નહિ વિચારીને સિંહની સામે શું નથી થતો (લડવાને શું સન્મુખ નથી જતો)? ૫.

त्वत्संस्तवेन भवसंततिसंनिबद्धं,
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु,
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥*

સુધનનું ધ્યાન મજબૂત થયું. ચક્રેશ્વરી દેખાયા. તત્ક્ષણ ત્યાં હાજર થયા. જિન-શાસનની પ્રભાવનાની ભાવનાથી ભાવિત દેવીએ ઉપસર્ગ દૂર કરવા સાથે એ ધૂળવૃષ્ટિ ધૂલીપાના આશ્રમ ઉપર કરી અને આશ્રમ આખું ધૂળ-ધૂળ થઈ ગયું. જોગીની વિદ્યાઓ પણ વણસી ગઇ. એ વિલખો બની ગયો. ગજરાજની ગર્જના કેશરીનો ડણકાર ન સાંભળે ત્યાં સુધી જ ને!

દેવીએ ધૂલીપાની તર્જના કરી. સુધન શેઠને કષ્ટ આપવા માટે તેને ઠબકો આપ્યો. ધૂલીપાને થયું સુધન સિવાય અન્ય શરણ નથી.

એ આશ્રમમાંથી શીઘ્ર નીકળી સુધનને ઘેર ગયો. નમસ્કાર કરી ક્ષમા માગી. શેઠ રાજા પાસે તેને લઈ ગયા, ત્યાં અપરાધની ક્ષમા માંગી.

અલ્પ શાસ્ત્રના બોધવાળા અને બહુશ્રુત (ઘણા શાસ્ત્રને જાણનારા પંડિતો) ને હાસ્યનું સ્થાન એવા મને તમારી ભક્તિ જ બળાત્કારથી વાચાળ કરે છે. જે કારણ માટે કોયલ નિશ્ચે ચૈત્ર માસ (વસંત ઋતુ) માં મધુર શબ્દ બોલે છે, તેનો મનોહર આમ્રલિકાનો સમૂહ તે જ એક (કારણ) છે. અર્થાત્ જેમ આંબાનો મોર ખાવાથી કોયલ મધુર સ્વરે બોલે છે, તેમ હું તમારી ભક્તિ રૂપ શક્તિ વડે સ્તોત્ર કરીશ. ૬.

સુધને તેને શુદ્ધ ધર્મનો ઉપદેશ આપ્યો. તેનું હૃદય પીગળ્યું, જિનકથિત, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગૃહતા વિગેરે ધર્મ તેને રુચ્યો. સુધને કહ્યું—

' ભાઇ આવો કલ્યાણકારી ધર્મ પાપપંકથી ખરડાયેલાને ન રુચે તેથી જૈનધર્મનો દોષ નથી. પ્રમેહનો રોગી ઘી ન ખાય એટલે કંઈ ઘીને દૂષિત કહેવાય ? દેવોમાં વીતરાગ દેવ, મુનિઓમાં વ્રતવાન નિર્ગ્રન્થ મુનિ અને વીતરાગ પ્રણીત ક્ષમાદયા વિગેરેથી અંકિત વિશાળ ધર્મ એનાથી ઉત્તમ ધર્મ કયાંય નહિ મળે. '

ધૂલીપા ધર્મ પામ્યો. સુધનને તેણે ધર્મદાતા ગુરૂ માન્યા. સુધને ભક્તામર સ્તોત્રની ભાવપૂર્વક સ્તવના કરી જિનશાસનનો પ્રતાપ પ્રસાર્યો.

ધૂલીપાએ દેવાધિદેવના દર્શન જિનાલયમાં જઈને કર્યા અને તેણે ભાવથી સ્તવન કરતાં કહ્યું–

જિનેન્દ્રચન્દ્રપ્રણિપાતલાલસં,
મયા શિરોઽન્યસ્ય ન નામ નામ્યતે;
ગજેન્દ્રગલ્લસ્થલપાનલમ્પટં,
શુનીમુખે નાલિકુલં નિલીયતે.

જિનેન્દ્રપ્રભુને નમવાની લાલસાવાળું અમારૂં મસ્તક બીજે નમતું નથી, કેમકે હાથીના મદને સેવનાર ભ્રમરગણ કુતરીના મુખને સેવતું નથી.

લોકગણ જિનધર્મ પ્રતિ રાગવાન અને સ્તોત્ર સ્મરણમાં આદરવાળો બન્યો. સુધનશેઠ પણ મોટાઇને પામી ધર્મની વિશેષ પ્રભાવાના કરી રહ્યા.

---

* અર્થ—હે ભગવંત ! તમારા રૂડા સ્તોત્રવડે ગુણવર્ણન વડે ) દેહધારીઓ (પ્રાણીઓ) નું સંસારની પરંપરા વડે બંધાયેલ પાપ ( અશુભ કર્મ ) જેમ વ્યાપ્ત થયેલ છે લોક જેનાથી એવો (લોકમાં વ્યાપી રહેલો ) અને ભ્રમર જેવો કાળો, કૃષ્ણપક્ષનો રાત્રિ સંબંધી સમસ્ત અંધકાર, શીઘ્ર સૂર્યના કિરણોવડે નાશ પામે છે, તેમ ક્ષણવારમાં ક્ષયને પામે છે. ) ૭

વસન્તપુર નામનું નગર છે. ધન–ધાન્યથી એ ભરપુર છે. એ નગરમાં કેશવદત્ત નામે વાણિયો રહે છે. ગરીબ તેની દશા છે. ઘણાં પ્રયત્ન કરવા છતાં તેની ધનની કામના અધૂરી જ રહે છે.

વસંતપુરમાં ત્યાગી મુનિ–મહાત્મા–ઓનું અવાર–નવાર આગમન થતું. કેશવને તે ત્યાગીઓના દર્શનને અને કોઈવાર ઉપદેશ શ્રવણને યોગ થઈ જતો. એકવાર એક જ્ઞાની આચાર્ય પધાર્યા, લોક ઉમટી પડયું. કેશવ પણ ગયો. આચાર્યશ્રીએ ઉપદેશ આપ્યો—

"ધર્મ ઉત્તમ મંગલ છે. સુરનરના સુખો તેમાંથી સાંપડે છે, અનંત સુખમય માતા મોક્ષ પણ એ ધર્મ જ આપે છે. પિતાની જેમ ધર્મ રક્ષણ–પોષણ કરે છે. ધર્મ ગુણદાયક ગુરુ છે, ધર્મ રાજ્યદાયક સ્વામી છે, ધર્મ સ્નેહાળ બંધુ છે, ધર્મ વાંછિતદાયક કલ્પવૃક્ષ છે. એ ધર્મ દયામય છે. દયા કલ્યાણકારી છે, દયા દુરિત નાશ કરનારી છે, દયા સંસાર સાગરથી તારનારી છે."

ગુરૂદેવનો ઉપદેશ સાંભળી અનેક ધર્મમાં જોડાયા. કેશવે સ્થુલથી હિંસાનો ત્યાગ કરી અહિંસાવ્રત લીધું.

હિંસા-અહિંસાનો વિવેક આર્યતાનું લક્ષણ છે, જન્મ અને ભૂમિથી આર્યતાને વરેલામાં એ લક્ષણ સ્હેજે હોય. હિંસાની પ્રવૃત્તિને એ સારી ન માને, હિંસાના આરંભ સમારંભને એ ઉત્તેજન ન આપે. આવી આર્યતા જ્યાં છે, ત્યાં ગુણથી પણ આર્યતા છે. સિવાય હિંસાના તાંડવ મચાવતા હોય તે દેશ આર્ય હોવાછતાં અનાર્ય જેવો છે, તે મનુષ્યો જન્મથી આર્ય હોવા છતાં કાર્યથી અનાર્ય બની જાય છે.

કેશવ ધર્મમાં ઉદ્યમશીલ બન્યો. જૈનધર્મના તત્ત્વો પ્રત્યે તે ઊંડો ઉતરવા લાગ્યો. અનેક સૂત્રો સ્તોત્ર તેણે શીખ્યા, અર્થને વિચાર્યા. શ્રી ભક્તામર સ્તોત્ર પણ તે શીખ્યો. એની પ્રતિભા પણ તેણે જાણી.

કેશવ ધર્મપ્રેમી બન્યો પરંતુ તેની નિર્ધન દશાથી દારિદ્રય ખસતું ન હતું. આમ એ ધન માટે અનેક સંકલ્પો કરવા લાગ્યો. લોકમાં ધનવાન હોય તે કુલીન, પંડિત, જ્ઞાની, ગુણી, વકતા, દર્શનીય ગણાય છે, ધનહીન ગુણવાન હોય તો પણ ગુણહીન ગણાય છે.

કેશવ ધન માટે પરદેશ જવા નીકળ્યો. સાર્થની સાથે તે મુસાફરી આગળ ચલાવી રહયો હતો. એકવાર એવું બન્યું. એ કોઈ ગામમાં ગયો અને સાર્થ ચાલ્યો

ગયો. દિશાનો ખ્યાલ ન રહ્યો. તેણે પણ ચાલવા માંડયુ. માર્ગમાં એક સિંહ સામે મળ્યો. કેશવને થયું મારૂં આવી બન્યું હવે મને કોણ બચાવનાર છે? એને ભકતામર સ્તોત્ર યાદ આવ્યું.

બસ. તેને મન એ જ તારક લાગ્યું. સ્મરણ ચાલું કર્યું. સામે આવતો સિંહ ત્યાં જ થોભી ગયો. એક દૃષ્ટિ કેશવ ઉપર ફેંકી એણે જુદી દિશા પકડી પ્રયાણ કર્યું.

કેશવ આબાદ બચી ગયો. તે આગળ ચાલ્યો. એક કાપાલિકનો ભેટો થયો. કેશવને થયું-યોગી છે, કોઇ જડીબુટ્ટી આપે તો મારૂં દાળદર ફીટી જાય.

કેશવ તેની સેવા કરવા લાગ્યો. યોગીએ એકવાર કહયું "કેશવ! એક રસકૂપિકા છે, તેમાંથી જે રસ મલે તે રસ લોખંડને લગાડવાથી લોખંડ સુવર્ણ બની જાય. એ મેળવી તને સુખી બનાવી દઉં."

કેશવને આનંદ આનંદ થઈ ગયો. બંને કૂપિકા પાસે આવ્યા. દોરડાથી કેશવ અંદર ઉતર્યો. તુંબડું ભરી ઉપર આવ્યો યોગી કહે, "તુંબડુ મને આપ! કાંઠા ઉપર આવતાં ક્યાંય નમી જશે અગર પડી જશે."

કેશવે સરલ ભાવથી તુંબડું આપી દીધું. યોગીએ તુંબડું લઇ દોરડું છુટું મૂકી દીધું, કેશવ કૂપિકામાં જઈ પડયો. સદ્ભાગ્યે કંઈ લાગ્યું નહિ.

કેશવને ભારે કષ્ટ આવી પડયું. અહિં કોણ બચાવે? તેણે ભકતામર સ્મરવા માંડયું. એકાગ્રતા પણ અજબ. દેવી ચક્રા ત્યાં આવ્યા તેને બહાર મૂકી આઠ રત્ન આપી એ ચાલ્યા ગયા.

કેશવને ધન મળ્યું. કામના પૂર્ણ થઈ. રત્નો સાથે કોઈ સાર્થમાં ભળી ગયો. સાર્થ કોઈ જંગલ ઓળંગી રહ્યો હતો. ત્યાં ધાડ પડી. કોઈ લૂંટાયા, કોઈ નાશી છૂટ્યા, કેશવ રત્નો સાથે નાશી છૂટયો.

નિર્જન જંગલમાં ભટકતો એ થાકી ગયો. તૃષા લાગી. પ્રાણ કંઠે આવી રહ્યા. ચાલતું કઠીન થઇ પડયું. એ ત્યાં જ બેસી ગયો. ભક્તામરનો મહિમા એ જાણતો હતો, બોલવા લાગ્યો પણ ગળું કામ આપતું નથી. એક પછી એક પદ્ય મહામહેનતે તે બોલવા લાગ્યો; આઠમું પદ્ય આવ્યું તેનું ગળું રુંધાવા લાગ્યું. પણ તેણે બોલવાનું ચાલુ રાખ્યું.

मत्वेति नाथ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात्।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु,
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

માંડ માંડ એ પદ્ય બોલાયું જરા થંભી ગયો. પુનઃ સ્તવ આગળ લંબાવ્યું—

आस्तां तव स्तवनमस्तसमस्त दोषं;
त्वत्संकथापि जगतां दूरितानि हन्ति।
दूरे सहस्त्रकिरणः कुरुते प्रभैव,
पद्माकरेषु जलजानि विकाशभांजि ॥९॥*

---

*અર્થ—હે નાથ! આપના પ્રભાવથી આ સ્તોત્રનો અલ્પબુદ્ધિવાળો છતાં હું આરંભ કરૂં છું. નલિનીપત્રને વિષે રહેલ જલબિંદુ શું મોતીની કાન્તિ ધારણ નથી કરતું? ૮

હે પ્રભુ! આપનું નિર્દોષ સ્તવન તો દૂર રહો પરંતુ આપની કથા પણ જગતજંતુના પાપને હણે છે. સૂર્ય દૂર હોવા છતાં તેની કાંતિ સરોવરોમાં કમળોને વિકસિત કરે જ છે. ૯

પદ્ય પૂર્ણ કરતાંની સાથે કેશવ ઢળી પડયો અને તેજ સમયે દેવીએ પ્રગટ થઈ કેશવને પાણી આપી તાજો બનાવ્યો. માર્ગે ચઢાવી દેવી ચાલી ગઈ.

કેશવ પણ સઘળા કષ્ટોથી મુક્ત બની એ સ્તવને સવિશેષ દિલમાં ધારણ કરતો વસંતપુરમાં આવી પહોંચ્યો.

રત્નો પાસે જ હતા, વૈભવનો વિકાસ થયો. ધર્મનો મહિમા લોકોને તેણે બતાવ્યો. ધર્મની દૃઢતાથી દિવસે દિવસે તેના દ્વારા અનેક લોકો ધર્મમાં જોડાવા લાગ્યા.

એક વાર લોકોને ચમત્કાર દેખાડવા શ્રી ચક્રેશ્વરીદેવીને કહ્યું, "આપ એક જ દિવસમાં આ નગરના મધ્યભાગમાં ભવ્ય જિનમંદિર બનાવી દો." દેવીએ પણ તેમ કર્યું. ધર્મની ઘણી પ્રભાવના થઈ.

કેશવ સુખપૂર્વક રહે છે, ધર્મ તેને મન ધન કરતાં ય અધિક છે. સદા જિનકથિત ધર્મની સાધનામાં એ અપ્રમત્ત બન્યો અને આ ભવને તથા ભાવિભવને ઉજ્જવળ બનાવી રહ્યો.

## (૫) કપર્દીની કામધેનુ

ગુજરાતની ગરવી ભૂમિ ઉપર બારમા સૈકામાં અણહિલપુર પાટણ ધિકતું અને ખ્યાતનામ પાટનગર હતું. ચૌલુકય વંશના રાજવી કુમારપાળ ત્યાં રાજ્ય કરતા હતા. તેમને ભોપાલદેવી રાણી હતી. વાગ્ભટ્ટ મહામંત્રી હતા.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજનો સદુપદેશ તેમને લાગ્યો. રાજવી કુમારપાલ પરમાર્હત્ બન્યા. પોતાના વિશાળ રાજ્યમાં એમણે અહિંસાદેવીની અનુપમ આરાધના કરાવી, પ્રવચનની અનુપમ પ્રભાવના કરાવી હતી.

અણહિલ્લપુરમાં કપર્દી નામનો શ્રાવક રહેતો હતો. ધર્મનો પુરો પ્રેમી પણ પૂર્વના અશુભના ઉદયે દારિદ્રતાએ તેને ઘેર વાસ કર્યો હતો.

કપર્દી ધર્મસાધનામાં અપ્રમાદી હતો. અનેક અનુષ્ઠાન પ્રણિધાન સાથે એ શ્રી ભક્તામર સ્તોત્ર પણ સ્મરણ કરતો. ઉચ્ચારની પુરેપુરી શુદ્ધિ જાળવતો. દરેક પદ્યના ભાવને હૃદયસ્થ બનાવતો બોલતો. સ્મરણમાં એકાગ્રતા રહેતી. સ્તોત્ર બોલતાં તે એકમેક બની જતો.

એક દિવસની વાત છે. નિત્યક્રમ પ્રમાણે સ્તોત્ર ગણવાનું શરૂ કર્યું. ભાવ અને ઉચ્ચારની શુદ્ધિ બરાબર તેણે જાળવી હતી. સ્તોત્રનું દશમું પદ્ય આવ્યું.

**नात्यद्भुतं भुवनभूषणभूत ! नाथ !**
**भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।**
**तुल्या भवन्ति भवतो ननु तेन किंवा,**
**भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥**

કપર્દીનું મન સ્તોત્રમાં ઓતપ્રોત બની ગયું હતું. નિત્ય અભ્યાસે એકાગ્રતા આવી ગઈ હતી. અગ્યારમું પદ્ય શરૂ થયું.

**दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं,**
**नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।**
**पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिन्धोः,**
**क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ॥११॥***

***અર્થ**—હે ત્રિભુવનભૂષણ! આપના સદ્‌ગુણોથી આપની સ્તુતી કરનારા આપ સમાન બને છે એ કંઈ અતિ આશ્ચર્ય નથી. જે સ્વામી સેવકને આ લોકમાં પોતાના તુલ્ય ન કરે તે સ્વામીથી શું ? ૧૦

અનિમેષ જોવા યોગ્ય આપને જોઈ મનુષ્યની ચક્ષુ બીજે સંતોષાતી નથી. કેમકે ચંદ્રપ્રભા સમાન ક્ષીરસમુદ્રનું પાણી પીને લવણસમુદ્રનું ખારૂં પાણી પીવા કોણ અભિલાષે ? ૧૧

આ પદ્યનું ધ્યાન કરતાં શ્રી આદિપ્રભુના યક્ષિણી સાક્ષાત્ થયા. ધનના અર્થી કપર્દીને તેમણે વચન આપ્યું, "હે કપર્દી! હું દરરોજ સાંજે તારે ઘેર નન્દિની કામધેનુ બનીને આવીશ. તારે કુંભમાં એ ગાયને દોહવી, એ ઘડામાં રહેલું દૂધ સુવર્ણ બની જશે.

દેવી અંતર્ધ્યાન થયા. કપર્દી નિત્ય કામમાં પરોવાયો. સાંજનો સમય થયો, અદ્‌ભુત કામધેનુ તેને આંગણે આવી, પૂજન કરી ગાયને પોતાના મકાનમાં લઈ જઈ દોહન કર્યું. બસ દરરોજ સાંજે કપર્દી કામધેનુને દૂહે છે અને દૂધથી ભરેલો ઘડો સુવર્ણથી ભરપૂર બની જાય છે. આમ એકત્રીશ દિવસ ચાલ્યું. એકત્રીશ ઘડા સુવર્ણના ભરાઈ ગયા.

એકત્રીશમા દિને દેવી રજા લેવા આવી ત્યારે કપર્દીએ કહ્યું, "હે દેવી! આપે મને બહુ ધન દઈને ધનવાન બનાવ્યો છે, પરંતુ હે ભગવતિ! એક દિવસ ગાય બનીને આવો અને દૂધ આપો જેથી તેની ખીર બનાવી રાજા આદિને જમાડું."

દેવી બોલ્યા, "ભલે તારી એ ઇચ્છા પણ પૂર્ણ કર."

બીજે દિવસે સવારે કુમારપાળ પાસે કપર્દી ગયો અને અંતઃપુર વિગેરે પરિવાર સહિત સાંજના ભોજન માટે આમંત્રણ આપ્યું. શ્રી હેમાચાર્યજીને વિનંતિ કરી.

દિવસનો ચોથો પહોર થયો. કુમારપાળ સપરિવાર પધાર્યા. ગુરૂદેવ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજને સપરિવાર વિનંતી કરી લાવ્યા.

રસોઈ તો કંઈ બનાવી ન હતી. ગાયને દોહીને ખીર બનાવીને ભરેલો એક ઘડો કપર્દી લાવ્યો. ગુરુદેવને ભકિતપૂર્વક ખીર વહોરાવી, પાત્રા પરિપૂર્ણ ભરી દીધા ગુરુદેવ ધર્મલાભ આપીને ગયા.

કુમારપાલને સપરિવાર આસનાદિ આપી ભક્તિપૂર્વક ખીરનું ભોજન પીરસ્યું. રાજા વિગેરે સર્વે આવી ખીર જોઈને આશ્ચર્ય પામી ગયા.

કેવું માધુર્ય? કેવી સુરભિતા? કેવો સુંદર રસ? જાણે અમૃત!

બધાએ આકંઠ ખીર ખાધી. સૌ કહેવા લાગ્યા, આવી ખીર કોઈ દિ' ખાધી તો નથી પણ નીરખીયે નથી.

સૌ જવા પરવાર્યા. કપર્દી કુમારપાલ પાસે આવ્યો. વિનંતિપૂર્વક જુદા ખંડમાં સર્વને લઇ ગયો. ત્યાં સુવર્ણથી ભરેલા એકત્રીશ ઘડા સર્વને દેખાડ્યા.

રાજા કહે–આ બધું કયાંથી?

કપર્દી કહે હે સ્વામી! શ્રી ભક્તામર સ્તોત્રનો આ મહિમા છે.

કપર્દીએ સર્વ બીના કહી. કુમારપાળ ખૂબ પ્રસન્ન થઈ મસ્તક ધૂણાવવા લાગ્યા, "અહો! કેવો મહામહિમા એ સ્તોત્ર સ્મરણનો! કપર્દી! આ ધન તારૂં છે તું સ્વેચ્છાએ તેનો ઉપયોગ કર."

હેમાચાર્યજીને ખબર પડી, વાગ્ભટ્ટને જાણ થઈ એ સૌ ખુશ થયા અને કપર્દીની પ્રશંસા કરી.

કપર્દી સુખી થયો. જિનધર્મની એકમના થઈ આરાધના કરવા સાથે શાસનની પ્રભાવના કરી એણે જીવન ધન્ય બનાવ્યું.

## [૬] બહુરૂપીને બોધ

અંગ દેશની તિલકમણિ સમાન ચંપાપુરીની રાજસભા આજે ખીચોખીચ ભરાઈ ગઈ હતી. રાજા કર્ણ અને મંત્રી સુબુદ્ધિ ઊંચ્ચ સ્થાને બિરાજ્યા હતા.

અગાઉથી ઉદ્‌ઘોષણા થયા મુજબ વિદેશથી આવેલો બહુરૂપી જાદૂગર નવનવા રૂપો કરી પોતાની કલા દેખાડવાનો હતો. તમાસાને તેડું ન હોય, એ કથન મુજબ સમય પહેલાં પણ રાજસભા ભરાઈ ચૂકી હતી.

બહુરૂપીએ રાજા પ્રધાન આદિને નમસ્કાર કર્યા. સમય થતાં પોતાની કલા દેખાડવા તેણે જુદા જુદા રૂપ દેખાડવાનું શરૂ કર્યું. અનેક રાજા મહારાજાઓ, દેવ દેવીઓના તેણે રૂપ

બતાવ્યા. એક પછી એક રૂપ પરાવર્તન કરી તેણે સભાને ડોલાવી નાખી.

કલાની પરાકાષ્ટા બતાવવા તે આગળ વધ્યો. સાક્ષાત્ વિષ્ણુ જાણે સામે આવ્યા. કાળા ભુજંગ જેવો વર્ણ, શંખ, ચક્ર, ગદા અને પદ્મથી શોભતી ચારે ભુજા, ગરુડ પર બિરાજેલા.

સભા વારી ગઈ. શાબાસના પોકાર ઉઠયા.

બહુરૂપીએ શંકરનું રૂપ બનાવ્યું. જાણે સાક્ષાત્ મહાદેવી બાજુમાં પોઠીઓ, મસ્તકે ચન્દ્ર અને ઉપર ગંગા, વિશાળ જટાનો સમૂહ અને ગળે વિંટેલો ભયંકર કાળો નાગ. ભસ્મથી ચોળેલું આખું ય શરીર.

સભા અને રાજા પણ મસ્તક ધૂનન કરી રહ્યા.

જાદૂગરે બ્રહ્માનું રૂપ બતાવ્યું, ચાર મુખવાળા મંજુલ વાણી ઉચ્ચારતા અને રાજહંસ ઉપર બીરાજેલા.

બહુરૂપી એકેક રૂપ બતાવતો જાય છે. એ રૂપો દ્વારા સભાને રમુજ કરાવે છે,

કાર્તિક, બુધ્ધ, ગણપતિ વિગેરેના રૂપ બનાવી સભાને ચકિત કરી દીધી.

સુબુધ્ધિ મંત્રી તો જેવાના તેવા બેઠા છે. પરંતુ આ દેવોના રૂપો દ્વારા હાંસી મશ્કરી નાચ વિગેરે એને ન ગમ્યા. સુબુધ્ધિ તેની નિર્લજ્જતાનો વિચાર કરે છે ત્યાં બહુરૂપીએ સુબુધ્ધિને કહ્યું "હે મંત્રીશ્વર! તમારા દેવ જિનેશ્વરને પણ હમણાં મોક્ષમાંથી લાવું છું.' એમ બોલતો બહુરૂપી તીર્થંકરનું રૂપ બનાવવામાં પડયો.

સુબુદ્ધિને થયું. ભગવાન તીર્થંકર જેવું રૂપ તીર્થંકર સિવાય બીજા કોઇનું ન હોય. ભક્તામર સ્તવમાં યૈઃ શાન્તરાગરુચિભિઃ ગાથા એ ભાવને સૂચવે છે, સુબુદ્ધિ એ તરત જ એ એ પદ્ય મનોમન ભાવથી બોલવાનું શરૂ કર્યું. તેના મનમાં વર્ણોની મધુરમાળા રમી રહી.

**यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं**
**निर्मापितस्त्रिभुवनैकललामभूत !**
**तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां,**
**यत्ते समानमपरं न हि रूपमस्ति ॥१२॥***

*હે ત્રિલોકતિલક! શાન્તરસની છાયાવાળા જે પરમાણુઓ વડે આપનો દેહ નિમિત્ત થયેલ છે, તેવા પરમાણુ વિશ્વમાં ખરેખર તેટલા જ છે કેમકે તેથી વિશ્વમાં આપના સમાન કોઇનું રૂપ નથી. ૧૨

એકાએક ચક્રેશ્વરીદેવી પ્રગટ થયા. તીર્થંકરદેવના રૂપ માટે પ્રયત્ન કરતાં બહુરુપીને એક તમાચો માર્યો, બહુરુપી ભસ દઇને નીચે પડયો તેની કલા પણ નાશ પામી ગઈ.

દેવી બોલ્યા, "હે મૂર્ખશેખર! દુર્બુદ્ધિ! નિરંજન, અગમચારિત્ર અગોચરસ્વરૂપી દેવાધિદેવ શ્રી જિનનું રૂપ બતાવવા તૈયાર થયો? મૂર્ખ! જીવવાની આશા હોય તો સુબુદ્ધિ મંત્રીને સેવ."

બહુરૂપી મંત્રીના ચરણમાં પડયો. રાજા કર્ણ કર્મચારીઓ અને પ્રજાજનો ખુશ થયા.

રાજાએ સુબુદ્ધિને પૂછ્યું, "આ બધો ચમત્કાર શાનો?"

સુબુદ્ધિએ કહ્યું "મહારાજા! આવા મહાપુરૂષની નકલ એ દુર્ગતિ માટે છે. મહાપુરૂષની અશાતના માટે છે, આપ પણ તેની કલાથી પ્રસન્ન હતા. નિષેધ કઈ રીતે કરવો? મેં શ્રી ભકતામરસ્તોત્રનું બારમું પદ્ય સ્મર્યું અને તેથી એ સ્તોત્રના પ્રભાવે આ ચમત્કાર સર્જાયો. હે સ્વામી! બહુરૂપીની કલાની કિંમત શી? કહ્યું છે કે—

विद्या विवादाय धनं मदाय,
प्रज्ञाप्रकर्ष परवञ्चनाय ।
अत्युन्नतिर्लोकपराभवाय,
येषां प्रकाशस्तिमिराय तेषाम् ॥१॥

જેવોને વિદ્યા વિવાદને માટે છે ધન મદને માટે છે, પ્રાજ્ઞતા ઠગવા માટે છે ઉંચ-અધિકાર પીરપીડા માટે અને છે તેઓને પ્રકાશ પણ અંધકાર માટે છે.

હે મહારાજા! ધર્મમાં માયા કપટ કે વાગ્જાળ નથી. તે ધર્મ તો સ્પષ્ટ પ્રગટ સરળતા પૂર્વકના ઋજુ વચનોમાં છે એ સાથે અહિંસા સત્યાદિનું સેવન કરવું જોઈએ."

બહુરૂપીએ જૈન ધર્મ સ્વીકાર્યો રાજા વિગેરે ધર્મના પ્રેમી બન્યા. અને સમાજનો પરમમંત્રની જેમ ભકતામર સ્તોત્રને ભણવા લાગ્યા.

સુબુદ્ધિ સદ્બુદ્ધિથી સકલજનમાન્ય અને સુખના ભાજન રૂપ બન્યા.

## [૭] ડાહીનું ડહાપણ

અણહિલપુર પાટણ ધર્મનું નગર હતું, ધર્માત્માઓથી એ ભરેલું હતું. આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ અનેક પ્રકારે પ્રવચન પ્રભાવના કરીને રાજાથી માંડી રંક સુધી સૌને જૈનધર્મથી પ્રભાવિત બનાવ્યા હતા.

નગરમાં સત્ય નામે એક શેઠ રહેતા. શ્રી જિનશાસનના ભકત, શ્રી હેમાચાર્યજીના ઉપાસક. શ્રાવક જીવનની શ્રદ્ધા અને ચર્યાથી એ ભર્યા ભર્યા રહેતા.

સત્યશેઠને એકની એક પુત્રી. નામ તેનું ડાહી. જેવા નામ તેવા જ તેનામાં ગુણ હતા. પિતાના પવિત્ર સંસ્કાર તેને પનોતા પારણામાંથી મળેલા. ડાહી આઠ વર્ષ થઈ. હમેશાં પંચાસરા પાર્શ્વનાથજીના દર્શન તો કરવાના. તે હંમેશાં પંચાસરા પાર્શ્વનાથના દર્શન કરી, ગુરુને વંદન કરીને પછી જ ભોજન લેતી.

સત્યશેઠ હમેશાં પ્રભુભકિત આદિ કરતા અને પ્રભુ સ્તવના વખતે શ્રી ભકતામર સ્તોત્ર પણ હંમેશા ગણતા. ડાહીને પણ એ સંસ્કાર મલ્યા. તે હંમેશાં ત્રણે સંધ્યા એક ધ્યાને ભકતામર ગણતી.

ડાહી મોટી થઈ. ભરૂચ તેનું વેવિશાળ થયું. શુભ મુહૂર્તે લગ્ન થયા. જાન પાટણથી નીકળી ભરૂચને માર્ગે આગળ વધી. ભોજનનો સમય થયો. ડાહી તો પ્રભુદર્શન વિના ભોજન કરતી નથી. સૌ ચિંતામાં પડી ગયા. પ્રતિમા તો સાથે હતી નહિ.

ડાહીના સસરે કહ્યું, "પુત્રી, ખાઈ લે, બધાને ચિંતા ન કરાવ."

ડાહી તો કંઈ બોલતી જ નથી. મૌન ધારીને એ રહી. કહ્યું છે કે—

**कलाकलापसंपन्ना, जल्पन्ति समये परम् ।**
**घनागमविपर्यासे, केकायन्ते न केकिनः ॥**

કલાકુશળ સમયે જ બોલે છે, મયૂરો મેઘના અભાવસૂચક સ્થિતિમાં કેકારવ કરતા નથી.

ડાહીએ ભોજન તો ન જ કર્યું. સર્વેએ માન્યું કે પિતાનું ઘર છોડયું તેથી તેને વિરહનું દુઃખ થયું છે. બીજા સર્વે પણ ભોજન કર્યા વિનાના રહ્યા. રાત્રિ આવી જતાં જાન પડાવ નાખીને રહી. સૌ સૂઈ ગયા. ડાહી ભક્તામર સ્તોત્ર ગણવા લાગી. ચૌદમું પદ્ય આવ્યું, ડાહીના મધુર કંઠમાંથી મંદ છતાં મંજુલ સ્વરશ્રેણી નીકળી રહી હતી—

**वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि,**
**निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ।**
**बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य,**
**यद्वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१३॥**

**અર્થ**— સુર અને નાગદેવોના નેત્રને લલચાવનાર તથા ત્રણ જગતમાં અનુપમ એવું આપનું વદન કયાં? અને કલંકથી કલંકિત, દિવસે ખાખરાના પીળા પાન જેવું થતું ચંદ્રનું બિંબ કયાં? ૧૩

એક પછી એક સંલગ્ન પદ્ય પ્રકટ થતું હતું—

**संपूर्णमण्डलशशाङ्ककलाकलाप-**
**शुभ्र गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।**
**ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं,**
**कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥१४॥***

**અર્થ**–હે જગદીશ્વર ! પૂર્ણિમાના ચાંદનીના સમૂહ શા ઉજળા આપના ગુણો ત્રણ ભુવનને ઉલંઘી જાય છે. એક સ્વામીના સાનિધ્યમાં રહેલાને સ્વેચ્છાએ વિહરવા કોણ રોકી શકે છે? ૧૪

રાત્રિનો પ્રથમ પ્રહર વ્યતીત થયો હતો ઉપરના પદ્યો બોલતી સમયે ચક્રેશ્વરી પ્રગટ થયા. ડાહીને તે કહેવા લાગ્યા, 'ભદ્ર ! ખાઈ લેજે, તારે શું ખામી છે? બોલ, હું આદિજિનની સેવિકા ચક્રા છું.'

ડાહી કહે, 'હે દેવી ! મારું વ્રત પૂર્ણ કરો.'

દેવીએ તેજ સમયે નિર્મળ ઉજ્વળ હાર આપ્યો, અમ્લાન પુષ્પમાલા અને ગુરુપાદુકા આપી–દેવીએ કહ્યું, 'હે પુત્રી, આ માળા ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામીને આરોપવી સદા ખીલેલી રહેશે. મુનિસુવ્રતસ્વામીને વંદન પૂજન કર્યે પાર્શ્વનાથજીને વંદન પૂજન થયા જાણજે, કેમકે જિનેશ્વરો સમાન ગુણવાળા અને સમાન ફલ દેનારા હોય છે. આ ગુરુપાદુકા વાંદવાથી શ્રી હેમાચાર્યજીને વાંદ્યા જાણજે. આ હાર સ્વકંઠે આરોપવો. સવારે આ હારના મધ્ય મણિમાંથી મહિમાશાળી શ્રી પાર્શ્વનાથ બિંબ સર્વસમક્ષ પ્રગટ થશે. તેને વંદન કરીને તારે ભોજન લેવું.'

ડાહીએ હાથ જોડી નમસ્કાર કર્યો. દેવી અદ્રશ્ય થયા.

પ્રભાત કાલ થયો. સૌ ભેળા થયા. ડાહીને કહે 'ભોજન લે' ડાહી તો કંઈ જ બોલતી નથી. ભકતામર ગણે છે ત્યાં હારના મધ્ય મણિમાંથી પ્રકાશ વેરાયો અને સૌના

આશ્ચર્ય વચ્ચે પાર્શ્વજિનબિંબ પ્રગટ થયું. સૌ ઝૂકી પડયા. ડાહીએ ભાવપૂર્વક સ્તવના કરી.

સસરાએ ડાહીને કહ્યું, 'આ શો ચમત્કાર?' ડાહીએ ભક્તામરસ્તવ મહિમા ગાયો. સૌ ધર્માભિમુખ બન્યા. ડાહીએ અવસર પામી ધર્મની પ્રભાવના કરી.

કહ્યું છે કે–

**यत्र स्ववचनोत्कर्षो भाषन्ते तत्र साधवः ।**
**कलकण्ठः सदा मौनी वसन्ते वदति स्फुटम् ॥**

સજ્જનો સ્વવચનનો જ્યાં ઉત્કર્ષ થાય છે ત્યાં બોલે છે અન્યથા મૌન રહે છે. જુઓને કોકિલ સદા મૌન રહે છે અને વસંત ઋતુમાં મધુર ટહૂકાર કરે છે.

સૌ ભરૂચ પહોંચ્યા. ડાહીએ પુષ્પમાળા શ્રી મુનિસુવ્રત સ્વામીને કંઠે પહેરાવી જે સદા અમ્લાન રહેતી. ગુરુપાદુકાને તે નિત્ય નમતી. હારના પ્રભાવે અનેકના વિષાપહાર કર્યા. શ્વસુર આદિ ધર્મમાં દઢ બન્યા.

ડાહી સુશ્રાવિકા કર્મને સાધતી સદા સુખી બની રહી.

## [૮] સુલ્લ મુનીન્દ્ર

'મત્થેણ વંદામિ'
'ધર્મલાભ'

અયોધ્યા નગરીના ધર્માયતનમાં આચાર્ય ભગવાન ગુણસેનસૂરિજી બિરાજમાન હતા. ગીતાર્થ અને જ્ઞાની ગુરૂની પ્રતિભાથી રાજ્યના અધિકારીઓ પણ તેમના તરફ ખેંચાયેલા રહેતા.

આજે અયોધ્ય નગરીના નૃપતિના એક મંત્રી આચાર્યશ્રી પાસે આવ્યા હતા. વસતિ સ્થાનમાં પ્રવેશી આચાર્યશ્રીના દર્શન થતાં તેમણે 'મત્થેણ વંદામિ' શબ્દનો ઉચ્ચાર નતમસ્તકે કર્યો. આચાર્ય ભગવાને પણ શુભ ધર્મલાભની આશીષ આપી.

મંત્રીશ્વર નમસ્કાર કરી આચાર્યશ્રીની સામે નીચે બેઠા.

'ગુરૂદેવ! સુખશાતા વર્તે છે ને?'
'મંત્રીશ્વર! દેવ ગુરૂની કૃપાથી'

'પ્રભુ! શ્રી જૈન ધર્મ એ અનુપમ ધર્મ છે એ આપના સુસંગથી અમને જણાયું છે.'

"મંત્રીશ્વર! એ ધર્મના પ્રણેતા સર્વજ્ઞ છે, વીતરાગ છે, નિરંજન છે, પછી તેમની આ અનુપમ આત્મ ઉત્થાનની પ્રક્રિયામાં શી કમિના હોય?"

"ગુરૂદેવ! રાજવી સજ્જનને એ કલ્યાણકારી ધર્મથી પ્રભાવિત કરવાની જરૂર છે."

"વાત ઠીક છે, પરંતુ વૈભવ વિલાસમાં આળોટતા રાજવીઓને આ ત્યાગ વૈરાગ્યની વાતો શે રુચે? તેમાંય આ તો પંચમ કાળ! જિનકુળમાં જન્મેલાને પણ ઉચ્ચતામાં ટકાવવા કઠીન છે. ધર્મવિમુખતા અને ભોગલોલુપતા તેમના જૈનકુળને પણ ઝાંખી પાડી રહી છે."

"ગુરૂદેવ! આપ કહો છો તે યથાર્થ છે. કિંતુ આપશ્રી જેવા સમર્થ પુરૂષો અવસર પામી પ્રતિબોધ કર્યા વિના ન રહે."

"મંત્રીશ્વર! શાસન પ્રભાવના થાય તેમાં કોઈ ગીતાર્થ નિષેધ ન જ કરે!"

"પ્રભો ! રાજવી સજ્જન હાલ કોઈ દુષ્ટ દૈવી દોષથી પીડાઈ રહ્યા છે. કોઈ રીતે દોષમુક્ત થતા નથી અને એનો પ્રતિકાર જો ધર્મમંત્રથી થાય તો જરૂર રાજવી ધર્માભિમુખ બને ?" મંત્રીને આચાર્યશ્રીના ધર્મજ્ઞપણામાં ઘણો વિશ્વાસ હતો. તેણે આચાર્યશ્રી પાસે પોતાના મનનો મનોરથ આ રીતે રજુ કરી દીધો.

"મંત્રીશ્વર ! ઠીક છે. જોઈશું !"

મંત્રી ધર્મગોષ્ઠી કરીને વંદન કરી સ્વસ્થાને ગયા.

મંત્રીની વિદાય પછી આચાર્યશ્રી તેમની વિનંતિ ઉપર વધારે વિચારવા લાગ્યા. મંત્રીની ધર્મમંત્ર સંબંધી વાત ઉપર તેમનું લક્ષ કેન્દ્રિય થયું. ભક્તામર ધર્મમંત્ર છે. એના સ્મરણથી રાજાને પણ લાભ થશે.

રાતે પ્રતિક્રમણ પછી એમણે શ્રી ભક્તામર સ્તોત્ર ભણવા માંડયું એક પછી એક શ્લોક ચિંતન મનનપૂર્વક તેઓશ્રીના શ્રીમુખેથી પ્રવાહિત થવા લાગ્યો. અનુક્રમે પંદરમો શ્લોક તેમના વરદ મુખેથી સરી રહ્યો.

**चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-**
**र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।**
**कल्पान्तकालमरुता चलिताचलेन,**
**किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ॥१५॥**

**અર્થ**—હે સ્વામી ! દેવાંગનાઓ પણ આપના મનને જરા પણ વિકૃત ન કરી શકી તેમાં આશ્ચર્ય શું છે ? શું અન્ય પર્વતને કંપાવનાર કલ્પાન્તકાલના પવને મેરુને કદિયે કંપાવ્યો છે ? ૧૫

આચાર્યશ્રીએ ઉપાંશુ જાપે આ શ્લોક પૂર્ણ કર્યો. એ સમયેજ કોઈ દેવી પ્રગટ થઈ. આચાર્યશ્રી સન્મુખ આવી તેણે કહ્યું, 'મહર્ષિ ! આપના ચિત્તમાં સજ્જનરાજાની નિર્દોષતાનો વિચાર છે તેનો ઉપાય મલ્લર્ષિના ચરણાભિષેકનું જલ છે. એ જળથી સીંચાયેલ રાજા સાજો થશે.' દેવી અદૃશ્ય થઈ ગઈ. આચાર્યશ્રીએ એના વચનનું અવધારણ કરી લીધું.

સવાર થઈ. મંત્રી આચાર્યશ્રીને નમસ્કાર કરવા આવ્યા. આચાર્યશ્રીએ એ સમયે કહ્યું.' મંત્રીશ્વર ગુજરાતમાં મલ્લ નામના આચાર્ય વિચરી રહ્યા છે. તેઓ રાત્રે સદા કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે, તેમના તપ જપ ધ્યાનનો મહિમા મોટો છે. તેમના ચરણ અભિષેકના જળ વડે રાજાને સીંચતા રાજા સાજા થશે. માટે એ મુનીન્દ્રને અત્રે સબહુમાન લાવો.'

મંત્રીશ્વર આચાર્યશ્રીના વચનથી પ્રસન્ન થયા. પ્રધાન પુરૂષોને મંત્રી ગુજરાત ભણી ચાલી નીકળ્યા. મહામુનિ મહલ્લનો યોગ થયો. વંદનાદિપૂર્વક શ્રી મુનીન્દ્રનું સન્માન કર્યું અને અયોધ્યા પધારવા વિનંતિ કરી. મુનીન્દ્ર વિહરતા અનુક્રમે અયોધ્યા પધાર્યા. સજ્જને સન્માન કર્યું. મલ્લ મુનીન્દ્રના ચરણ જલથી રાજા દોષ રહિત બનતાં સર્વત્ર ધર્મ પ્રભાવ પ્રસરી રહ્યો. મુનીંદ્રે પણ ઉપદેશ આપ્યો.

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते,**
**निर्घषणच्छेदनतापताडनैः ।**
**तथैव धर्मो विदुषाः परीक्ष्यते,**
**श्रुतेन शीलेन तपोदयागुणैः ॥**

ઘસવું, કાપવું, તપાવવું, તાડન કરવું એમ ચાર પ્રકારે જેમ સુવર્ણની પરીક્ષા થાય છે તેમ સુજ્ઞજન પણ જ્ઞાન, આચાર, તપ અને દયા આ ચા ચાર ગુણ વડે ધર્મની પરીક્ષા કરે છે એ રીતે નિર્મળ નિઃશંક નિઃશ્રેયસ ધર્મની પ્રાપ્તિ થાય છે. જે સ્વર્ગ અપવર્ગ દેનાર છે.

આચાર્યશ્રીના ઉપદેશ અમૃતથી સીંચાયેલા રાજવીએ દયામય ધર્મ સ્વીકાર્યો. ધર્મરૂચિ રાજા અનુક્રમે પરમ જૈન બન્યો. રાજમંત્રીઓ આ અનુપમ ધર્મને વિષે તત્પર બન્યા. પ્રજા પણ આર્હતધર્મને વિષે ઉદ્યમશીલ બની.

આચાર્યશ્રી ગુણસેનસૂરિજી, આચાર્યશ્રી મલ્લર્ષિ આદિ એ ધર્મઅંકુરાઓને ઉપદેશના મેઘ વડે પલ્લવિત બનાવી રહ્યા.

## [૯] કેલિપ્રિય કેલિપ્રિય

સંગરપુર નામનું નગર હતું, ત્યાં સંગર નામના રાજા રાજ્ય કરતા હતા. સંગર સત્ય અને પ્રતિજ્ઞાપાલક હતો. તેનને ધર્મદેવસૂરિજીનો સુયોગ મલ્યો. સૂરિજીના સુબોધથી એ સુધર્મને પામ્યો. અને શ્રાવકજીવનના પાલન સાથે જીંદગીને સફલ બનાવવા લાગ્યો.

સંગરને એક પુત્ર થયો, તેનું નામ રાખ્યું કેલિપ્રિય. કેલિપ્રિયમાં નામ તેવાજ ગુણ હતા. તે મજા—આનંદ માણવામાં, રમત ગમતમાં હરવા—ફરવામાં થાકતો નહિ.

કેલિપ્રિય હોવા છતાં એ કલાપ્રિય પણ હતો. કલાગ્રહણમાં કુશાગ્રબુદ્ધિથી તેણે સર્વ કલાઓમાં પ્રવીણતા પ્રાપ્ત કરી.

કલા અને કેલિ કુશળ કલાપ્રિય ધર્મથી વિમુખ હતો. રાજવી સંગરને એ ન ગમતું.

વ્યસન વ્યગ્ર, ભક્ષ્ય અભક્ષ્યના વિવેકહીન, ગમ્ય અગમ્યના વિચાર વિહીન રાજપુત્રને જોઈ રાજવી સંગર તેના વિપાકના વિચારથી કરૂણાર્દ્ર બની જતો. પુત્રને ધર્મ પમાડવા માટે એ આતુર રહેતો. આચાર્યશ્રી ધર્મદેવને તેણે વિનવણી કરી.

ધર્મદેવસૂરિજી ભવ્યજીવોને પ્રતિબોધ કરવામાં પ્રયત્નશીલ હતા. કેલિપ્રિય તેમની પાસે આવ્યો. આચાર્યશ્રી તેમને ઉપદેશ દેવા લાગ્યા—

હે કુમાર! મનુષ્ય જન્મ દુર્લભ છે. દુર્લભ જન્મ પામીને મૂઢ જ ધર્મથી દૂર રહી શકે આ જગતમાં હિંસા, વ્યસન, અનાચાર વિગેરે કરવાથી આત્મા મહાકાષ્ટને પામે છે. શાસ્ત્ર કહે છે કે—

**महारंभयाए महापरिग्गहियाए कुणिमहारेणं पंचिंदियवहेणं जीवा निरयाज्यं कम्मं पगरेंति ॥**

મહાઆરંભ, મહાપરિગ્રહ અનંતકાય ભક્ષણ અને પંચેન્દ્રિયવધ વડે જીવો નરકના આયુષ્ય બાંધે તેવું કર્મ કરે છે.

આચાર્યશ્રીએ અનેક યુક્તિ—પ્રયુક્તિપૂર્વક ઉપદેશ આપ્યો. મૌનપણે ઉપદેશ સાંભળી કેલિપ્રિય કહેવા લાગ્યો— "હે મહાત્મા! પહેલાં તો ધર્મ જ નથી કેમકે જીવ હોય તો ધર્મ સાધેને? મૂળમાં ધર્મસાધક જીવ જ નથી પછી ધર્મની વાત કયાં રહી? મેઘઘટા જામી ન હોય મેહ વરસ્યો ન હોય પછી

નદીના પૂરની શી વાત? શરીરમાં પાંચ ભૂત થકી ઉત્પન્ન થતી ચેતના સિવાય બીજો કોઈ આત્મા નથી. અને બીજો કોઇ આત્મા નથી માટે નરક-સ્વર્ગ વિગેરે પણ નથી કેમકે ગામ વિના સીમાડો શાને હોય?

કેલિપ્રિય પોતાના કુતર્કોનો પ્રવાહ વહાવી રહ્યો. ગુરૂદેવે જાણ્યું-આ ભાઈ વાચાળ છે, શ્રદ્ધાનો અંશ નથી, વિચાર કર્યા વિના તર્ક-વિતર્ક કરે છે એને આમ સમજાવવો શકય નથી આની પાસે જે જ્ઞાનકળા આવેલ છે તે જ તેની અશ્રદ્ધા અને અહંકારની પુષ્ટિ કરે છે. કહ્યું છે કે—

**विद्ययैव मदो येषां, कार्पण्णं विभवेष्वहो ।**
**तेषां दैवाभिभूताना सलिलादग्निरुत्थितः ॥**

વિદ્યાથી જેમને અહંકાર ઉપજે, વૈભવોમાં પણ કૃપણતા રહે તે અભાગીયાઓને ખરે જ પાણીમાંથી અગ્નિ ઉઠયો છે.

આચાર્યશ્રી પુનઃ કહેવા લાગ્યા, "હે કુમાર! ધર્મ અધર્મનું ફલ પ્રત્યક્ષ છે, ધર્મથી ધન, માન, સુખ, સંપત્તિ, ભોગ-સામગ્રી આદિ મળે છે, અધર્મથી દુઃખ, દારિદ્રય, રોગ પરાધીનતા અપયશ આદિ મળે છે"

આચાર્યશ્રીના વેધક વચનો પણ તેના હૃદયનો ભેદ ન કરી શકયા. મગલેશ પત્થરની જેમ તેના હૃદયને જાણી છેવટે આચાર્યશ્રીએ મૌનને પકડયું

વાણી ત્યાં વાપરવી જયાં ફલ આવે. શ્વેત વસ્ત્રમાં રંગ પૂરાય તો દીપે પણ મલિન શ્યામમાં રંગનું શું ફલ આવે?

દિવસ પર દિવસ જવા લાગ્યા. કરૂણાલુ આચાર્યશ્રી કેલિપ્રિયને પ્રતિબોધવાનો ઉપાય હંમેશાં ચિંતવે છે, એકવાર રાત્રી સમયે આચાર્યશ્રી કુમાર પ્રતિબોધના વિચાર સાથે શ્રી ભકતામર સ્તોત્ર સ્મરી રહ્યા હતા. તેમાં અનુક્રમે સોળ-સત્તરમાં કાવ્યો તેમનાં મુખમાં ચાલી રહ્યાં હતાં.

**निर्धूमवर्तिरपवर्जिततैलपूरः,**
**कृत्स्नं जगतत्त्रयमिदं प्रकटीकरोषि ।**
**गम्यो न जातु मरूतां चलिताचलानां,**
**दीपोऽपरस्त्वमसि नाथ! जगत्प्रकाशः ॥१६॥**
**नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,**
**स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।**
**नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः,**
**सूर्यातिशायमहिमाऽसि मुनिन्द्र! लोके ॥१७॥**

**અર્થ**—હે વહાલા! દ્વેષ રૂપ ધુમાડો અને કામરૂપ દીવેટ તથા સ્નેહ રૂપ દીવેલ વિનાના પણ આપ સ્વયં દીપક રૂપ બની સંપૂર્ણ વિશ્વને કેવલજ્ઞાનથી પ્રકટ કરો છો ગિરિને અસ્થિર કરનારા વાયુઓને હાથમાં આવે તેમ નથી એવા આપ ખરેખર અપૂર્વ દીપક છો. ૧૬.

હે મુનીન્દ્ર! આપ કદિ અસ્ત પામતા નથી. રાહુગ્રસ્ત થતા નથી, સમકાળે સત્વર વિશ્વને પ્રકાશ કરો છો, મેઘઘટાથી આચ્છાદિત થતા નથી એવા હે સ્વામી! વિશ્વમાં આપ સૂર્ય કરતાં પણ અધિક મહિમાશાળી છો. ૧૭.

એ શ્લોક પૂર્ણ થયા ને દેવી ચક્રા પ્રગટ થયા. તેમણે કહ્યું, નરકને દેખવાથી તે કેલિપ્રિય પ્રતિબોધ પામશે.'

આચાર્યશ્રીએ કહ્યું, 'હે દેવી ! તમે તેમ કરો કે મારી સાથે કેલિપ્રય નરકને જુએ.'

દેવી અદૃશ્ય થયા. એક દિવસ તેમણે ગુરૂદેવ સહિત રાજકુમારને નરકમાં લઇ જઈ નરકો દેખાડી. કેલિપ્રય નરકની એ કારમી વેદનાઓ જોઇ અવાક્ બની ગયો. કયાંક શીત વેદના, કયાંક ઉષ્ણુ વેદના, પરમાધામીઓ નારકીઓને ભયંકર રીતે છેદન કરી રહ્યા છે, કોઈ જગ્યાએ, ધગતું સીસું પાય છે, કોઈ જગ્યાએ જલતી પુતલી સાથે નારકીને ભેટાવી પીડે છે, પૂર્વભવના પાપકર્મોને યાદ કરાવી કરાવીને પરમાધામીઓ જીવોને પીડી રહ્યા છે, નારકીઓ દીન વદને કરગરે છે, અસહ્ય પીડાથી દુઃખી દુઃખી થાય છે.

રાજકુમાર આ બધું જોઈને ભય પામી ગયો દેવીએ બંનેને સંગરપુરમાં મુકી દીધા. આચાર્યશ્રીએ કુમારને કહ્યું, 'કેમ કેલિપ્રિય ! પાપનું ફલ જોયું કે નહિ ?'

કેલિપ્રયે કહ્યું, 'ગુરૂદેવ ! પાપનું ફલ બરાબર જોયું. આપે અજ્ઞાન અંધકાર દૂર કરી મને જ્ઞાનથી પ્રકાશિત કર્યો છે. આપની કેવી ભવ્ય અનુગ્રહ બુદ્ધિ ! પ્રભુ ! આપે મારી તુચ્છતા, ધીટ્ટાઇ અને મદાન્ધતા સામે ન જોતાં મારા આત્માને અધોગતિમાં જતા અટકાવવા જ ઉપાય યોજ્યા. ગુરૂદેવ ! હું આપનો સદાને માટે ઋણી છું. ધન્ય શ્રી જિનશાસનને. જેમાં આપના જેવા નિઃસ્પૃહ શિરોમણી પરોપકારી સંતરત્નો પ્રકાશી રહ્યા છે.'

કાચો ઘડો જળથી ભેદ પામે તેમ ધર્મતત્વરૂપ જળ વડે કાચા ઘડા જેવું કેલિપ્રિયનું હૃદય ભીનું થઈ ગયું. તેણે ગુરુદેવ પાસે સમ્યક્ત્વમૂલ બાર વ્રતનો સ્વીકાર કર્યો.. વ્યઘ્રથી બકરા ભય પામે તેમ પાપથી ભય પામી કેલિપ્રિય લાંબા કાળ સુધી ધર્મ અને રાજ્યનું પાલન કરી સુખી થયો.

## (૧૦) મંત્રીશ્વર અમ્બડ

મહારાજા કુમારપાલે ઉદયનપુત્ર અમ્બડને લાટના દંડનાયક તરીકે નીમ્યા હતા. પિતાના પગલે ચાલનાર અબ્બડ ધર્મમાર્ગને ઉજાળી રહ્યા હતા, જિનભકિત આદિ કરવામાં તે નિયમિત હતા શ્રી ભકતામર સ્તોત્ર નિત્ય સ્મરણ કરતા.

એક વાર ભરૂચથી તેમણે પ્રયાણ કર્યું, પલ્લીવનના વિજય માટે એ પ્રયાણ હતું. માર્ગમાં એક જંગલમાં છાવણી પડી, રાત્રે મહામંત્રી અંબડ ભકતામરનું ભાવથી સ્મરણ કરવા લાગ્યા. રાત્રિ નિરવ હતી, વાતાવરણ શાંત અને આહ્લાદક હતું. મંત્રીશ્વરના મુખથી સ્તોત્રની પદ્યશ્રેણી વહી રહી હતી. અનુક્રમે અઢારમું પદ્ય આવ્યું.

**नित्योदयं दलित मोहमहान्धकारं,**
**गम्यं न राहुवदनस्य न वारिदानम् ।**
**विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति,**
**विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥**

**અર્થ**–નિત્ય પ્રકાશિત, મોહ મહા અંધકારના નાશક, સહુથી અગ્રાહ્ય, વાદળથી આચ્છાદિત ન થનાર, એવું અત્યંત પ્રભાપૂર્ણ આપનું વદનકમલ, વિશ્વને જ્યોતિમય કરતું કોઈ અનેરા ચંદ્રબિંબની જેમ શોભે છે. ૧૮

આ સમયે ચક્રાદેવી પ્રગટ થઈ બોલ્યા, 'હે વત્સ ! પવિત્રતા અને એકાગ્રતાપૂર્વક તારી સ્તવભક્તિથી હું સંતોષ પામી છું, વિષ અને વિઘ્ન નાશક ચંદ્રકાંત મણિમય આ શ્રી ચન્દ્રપ્રભુજીનું બિંબ લે અને બીજું કોઈ વચન માગ.'

અમ્બડ નિસ્પૃહી હતા, છતાં દેવી વચનથી પોતાને પ્રિય એવા નાગરવેલના પાન માંગ્યા. ચન્દ્રપ્રભુજીનું બિંબ લઈ એ નિત્ય પૂજા કરતા, પલ્લીવન જઈ તે કબજે કર્યું.

કુમારપાલને માન્ય અને વિશ્વાસપાત્ર મંત્રી તરીકે શ્રી અમ્બડ આગળ આવ્યા. કુમારપાળે એક વાર મલ્લિકાર્જુનના વિજય માટે અમ્બડને મોકલ્યા. તેમણે જાળ બિછાવી મલ્લિકાર્જુનનો નાશ કર્યો. મલ્લિકાર્જુનની શ્રેષ્ટ વસ્તુઓ કુમારપાળને અર્પણ કરી. શુંગાર કોટિશાળી, વિષહર સિપ્રા, ઉજ્વળ હાથી, એક સો આઠ પાત્ર, બત્રીશ મૂઢા મોતી, સો ઘટી સુવર્ણકલશ, અગ્નિધૌત ઉત્તરપટ્ટ. આ શ્રેષ્ઠ વસ્તુઓથી પ્રસન્ન થયેલ મહારાજાએ અમ્બડને 'શૂક' 'વીર' 'રાજ-પિતામહ' એ બિરુદોથી વિભૂષિત કર્યા.

અમ્બડ ઘેર આવ્યા માતાને નમસ્કાર કર્યા પણ માતા પ્રસન્ન ન થયા. અમ્બડ કહે, મા, હું મહાવિજય મેળવી, સારાય રાજ્યનું માન મેળવીને આવ્યો છું છતાં કેમ પ્રસન્ન થતા નથી.'

'વાહરે બેટા !' માએ કહ્યું, 'યુદ્ધ કર્યું', તેમાં શું ખુશ થાઉં જો તું ભરૂચ જઈને શકુનિકાવિહારનો ઉદ્ધાર કરે તો.'

અમ્બડે માતાનું વચન મસ્તકે ગ્રહણ કર્યું. આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સાનિધ્યથી શકુનિકાવિહારનો તેમણે ઉદ્ધાર કરાવ્યો. પ્રતિષ્ઠા એવી કરી કે તે સમયે તેમણે કરેલું દાન તેની શ્રી હેમ-ચંદ્રસૂરિજીએ મુકતે કંઠે પ્રશંસા કરી છે.

માતા પણ અતિ પ્રસન્ન થયા. દેવી સહાયથી તામ્બૂલ દુર્લભ હોવા છતાં અંબડને તેની નિત્ય પ્રાપ્તિ થતી હતી.

અમ્બડ ધર્મમાં દત્તચિત્ત બનવા સાથે દાન અને ભોગ દ્વારા સુખેથી જીવન વ્યતીત કરવા લાગ્યા.

## [૧૧] લક્ષ્મણને ચંદ્રપ્રાપ્તિ

વિશાલાનગરીમાં લક્ષ્મણ નામનો એક શ્રાવક રહેતો હતો. વિશાલાપુરી ઉજ્જૈનીનું અપર નામ છે, એક વાર આચાર્ય ભગવાન શ્રી રામચંદ્રસૂરીશ્વર ત્યાં પધાર્યા. લક્ષ્મણને સદ્ગુરૂનો સમાગમ થયો. દિવસે દિવસે તેની ધર્મભાવના વધવા લાગી. ગુરૂદેવ પાસેથી તેણે તત્ત્વજ્ઞાન મેળવ્યું. ભક્તામર સ્તોત્ર પણ આમ્નાય સહિત તે શીખ્યો અને નિત્ય સ્મરણ પણ કરવા લાગ્યો.

એક દિવસની વાત છે, લક્ષ્મણ પોતાના આવાસમાં રાત્રે પવિત્ર થઈને ભક્તામર સ્મરણ કરવા બેઠો છે. એક પછી એક શ્લોક તેના મુખમાંથી સરકી રહ્યો છે. અનુક્રમે ઓગણીશમો શ્લોક આવ્યો, તેનું ચિત્ત તન્મય બની ગયું. હતું.

**किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा,**
**युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।**
**निष्पन्नशालिवनशालिनि जीवलोके,**
**कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥१९॥**

**અર્થ**–હે નાથ! આપના વદનચંદ્રથી અંધકાર દૂર થએ છતે રાત્રે ચંદ્રની અને દિવસે સૂર્યની શી જરૂર છે? શાલિબીજના પાકથી ફલદ્રુપ થયેલ પૃથ્વી હોતે છતે નીરથી નમ્ર બનેલા વાદળાઓની કેટલી જરૂર હોય છે? ૧૯

લક્ષ્મણનું મન સ્તોત્રમાં છે તેની સામે ચક્રાદેવી આવી ઉભા. દેદીપ્યમાન ચંદ્ર મંડલ પણ સામે ખડું થયું. દેવી કહે "હે લક્ષ્મણ! મહાઅંધકારમાં પણ જ્યાં સ્તોત્ર સ્મરણ કરશે ત્યાં ચંદ્ર પ્રકટ કરી શકશે. તારી વાંચ્છિત સિદ્ધિ થશે. શ્રી આદિદેવને વિષે તારી નિસ્પૃહ અનુપમ ભકિત વિકસો" દેવી અદ્રશ્ય બની ગયા.

માલવદેશના મહારાજા મહીધર સીમાડાની ભૂમિના જય માટે નીકળ્યા. વચ્ચે જંગલમાં પ્રવેશ થયો. અંધકારનો આટોપ રાત્રે ઉતરી પડયો. શૂરા સૈનિકો પણ ઘનઘોર અંધકારમાં રાત્રિ પસાર કરવા કાયર બની ગયા. લક્ષ્મણ પણ સૈન્ય સાથે હતો. ધર્મપ્રભાવની ભાવનાથી તેણે ચંદ્ર પ્રગટ કરવા વિચાર્યું.

લક્ષ્મણ રાજવી પાસે આવીને બોલ્યો, 'હે મહારાજા! આપ કહો તો ચંદ્ર પ્રગટ કરૂં, રાત્રી દિવસ જેવી બની જશે.'

મહીધર કહે, 'ઘણું સારૂં. તું તેમ કરે તો મને વિજય જ અપાવ્યો સમજ. તારી ઇચ્છા હું પૂર્ણ કરીશ.'

લક્ષ્મણે ભકતામર સ્મરણ કર્યું. ચંદ્ર પ્રગટ થયો. રાત્રિ સુખપૂર્વક પસાર થઈ. સવારે શત્રુરાજા ઉપર ચઢાઈ કરી. માલવેશ મહીધરે રાજાને સ્વવશ કરી વિજય મેળવ્યો. લક્ષ્મણનું સન્માન કર્યું અને ચંદ્ર પ્રાપ્તિનું કારણ પૂછયું.

લક્ષ્મણે કહ્યું, હે મહારાજા! આ બધો ભકતામર સ્તોત્રનો મહિમા છે. એ સ્તોત્ર ગુરુ દ્વારા પ્રાપ્ત થએલ છે'

રાજા ઘણો ખુશ થયો વિશાલામાં આવી લક્ષ્મણ સહિત ગુરુદેવ પાસે એ ગયો અને તેઓશ્રી પાસેથી ધર્મશ્રવણ કરી, શુધ્ધ દેવ, ગુરૂ અને ધર્મને ભજનારો બન્યો.

લક્ષ્મણ સર્વમાન્ય અને વિભવવાન બન્યો. ધર્મની પ્રભાવના કરતે. તે પોતાના મનુષ્ય જીવનને સફલ બનાવી રહ્યો.

## [૧૨] પ્રશ્નજ્ઞાતા વિજયસેનસૂરિ

હસ્તિનાપુર પ્રાચીન અને પ્રસિદ્ધ નગર છે, પાંડવોની પ્રખ્યાતિ સાથે એ પણ પ્રખ્યાત થયેલું છે. અનેક રાજા મહારાજાઓને તેણે પોતાના નાથ બનાવ્યા છે, સોળમા સૈકામાં પૃથ્વીપતિ રાજા રાજ્ય કરતો હતો. તેને સોમદેવ નામે રાજમાન્ય પુરોહિત હતો.

આચાર્ય વિજયસેનસૂરીશ્વરજી પૃથ્વીને પાદ કમલના ન્યાસથી પાવન કરતા એક વાર અહિ પધાર્યા, શ્રાવકવર્ગમાં ધર્મમહોત્સવ ઉજવાઈ રહ્યો.

આચાર્યશ્રી હંમેશાં ભકતામર સ્તોત્રનું સ્મરણ કરતા. એક વાર રાત્રે તેઓ ભકતામર સ્તોત્ર સ્મરણ કરી રહ્યા હતા. શ્રવણસાર્થમાં કેટલાક સ્વાધ્યાય કરીને નિદ્રાવશ થયા હતા, કેટલાક ધ્યાન અને જાપમાં મગ્ન હતા.

આચાર્યશ્રીના મુખેથી એક પછી એક પદ્ય પ્રવાહિત બની રહ્યું હતું. અનુક્રમે વીશમું પદ્ય તેમનાં પવિત્ર મુખથી ઝરી રહ્યું–

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्वं,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

**અર્થ**–હે પ્રભુ! વિશ્વપ્રકાશી જ્ઞાન જેવું આપને વિષે શોભે છે તેવું હરિહરાદિ દેવોમાં નથી. કેમકે પ્રકાશ તેજસ્વી મણિઓમાં જેટલો વિકાસ પામે છે તેટલો વિકાસ ચળકતા કાચમાં પામી શકતો નથી. ૨૦

આ સમયે ચક્રાદેવી પ્રગટ થયા અને આચાર્યશ્રીને સર્વ પ્રશ્નના જ્ઞાતા બનાવ્યા, આચાર્યશ્રી સ્વપ્રભાવથી અનેકવિધ પ્રશ્નાવલીના પ્રત્યુત્તર આપી ભવ્ય જીવોને બોધ કરવા લાગ્યા.

એકવાર રાજાની મહાદેવી આસન્નપ્રસવા થયા. રાજા પોતાના પુરોહિત પંડિત, જોશી વિગેરેને પૂછવા લાગ્યો કે– કાલ કે પરમ દિવસે મારે ઘેર શું થશે?"

રાજાના પ્રશ્નનો ઉત્તર ન જાણતા તે મૌન રહ્યા. રાજાને ખબર પડી કે વિજય–સેનસૂરિ પ્રશ્નના જ્ઞાતા છે, તરત આચાર્યશ્રીને વિનંતિથી રાજમહેલમાં પધરામણી કરાવી. વંદન કરીને ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

આચાર્યશ્રીએ કહ્યું "હે રાજન્! સાંભળો, કાલે તમારા મહાદેવી ત્રણ આંખવાળા પુત્રને જન્મ આપશે, બારમે દિવસે પટ્ટહસ્તી મરી જશે, પુત્રની વિકૃત આંખ નાશ પામશે, બાદ ત્રીજી વિકૃત આંખનો ઉત્પાત બંધ થતાં સારૂં થશે."

આચાર્યશ્રી ઉપાશ્રયે ગયા, ટીખડી અને ઉલ્લંઠ જોશીઓ બ્રાહ્મણો વિગેરે આચાર્યશ્રીની હાંસી ઉડાવવા લાગ્યા. પરંતુ રાજાએ સૌને નિષેધ્યા.

બીજે દિવસે પુત્ર જન્મ થયો, બારમે દિવસ પટ્ટહસ્તીનું મરણ થયું, ત્રીજું વિકૃત નેત્ર ગયું, બાદ રાજ્યમાં શાન્તિ થઈ. બધું આચાર્યશ્રીના કહેવા મુજબ બન્યું.

તેરમા દિવસે રાજાએ આચાર્યશ્રીને માનપૂર્વક બોલાવી સિંહાસન ઉપર બિરાજમાન કરી ભકિતથી વાંદ્યા. હાંસી કરનારા વિલખા પડી ગયા. ભૂમિમાં ઘૂસી જવા જાણે અધોમુખા બનીને રહ્યા. લજ્જાથી કંઈ ન બોલી શકતાં સર્વે આચાર્યશ્રીને નમી રહ્યા.

આચાર્યશ્રીએ ધર્મનો મહિમા કહેતા આશીર્વાદ આપ્યો.

**आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्केन्दवो यन्नियोज्या,**

**भुज्यन्ते यत्प्रसादात् सुरनरनराधीश्वरैः संपदस्ताः आदेशो यस्य चिन्तामणिसुरसुरभि कल्पवृक्षादयस्ते,**

**श्रीमान् जैनेन्द्रधर्मः किशलयतु स वः शाश्वतीं शर्मलक्ष्मीम् ॥**

આચાર્યશ્રીના ઉપદેશથી રાજા શ્રાવક બન્યો. જિનમંદિર વિધાપન ઉધ્ધાર આદિ કર્યા, શાસનની મહાપ્રભાવના કરી. બીજા લોકો પણ મહિમાશાળી ભકતામર સ્તવના સ્મરણ સાથે ધર્મમાં ઉદ્યમશીલ બન્યા.

## [૧૩] જીવદેવસૂરી

આચાર્ય ભગવાન જીવદેવસૂરિ સમર્થ પુરૂષ હતા. તેમણે પરકાય પ્રવેશ વિદ્યા પણ સિદ્ધ કરી હતી. ગુજરાતની ભૂમિને તેમણે વિશેષ પાવન કરી હતી.

એકવાર તેઓ ભકતામર સ્તોત્ર સ્મરી રહ્યા હતા. આમ્નાય સહ એકવીશમો શ્લોક બોલતા હતા.

**मन्ये वरं हरिहरादय एव दृष्टा,**
**दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।**
**किं वीक्षितेन भवता भुवि येन नान्यः,**
**कश्चिन्मनोहरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥**

**અર્થ**—હે નાથ ! મેં હરિહર આદિ દેવ જોયા તે સારૂં માનું છું કેમકે તેમને જોયા પછી મારૂં હૃદય આપને વિષે સંતોષ પામે છે. આપને જોવાથી વિશ્વમાં ભવાન્તરમાં પણ બીજો કોઈ દેવ મારૂં મન હરણ નહિ કરે ૨૧

આ સમયે અપ્રતિચક્રાદેવીએ પ્રગટ થઇ સર્વ દેવો પ્રગટ કરવાની શકિતવાળા આચાર્યશ્રીને બનાવ્યા. આચાર્યશ્રી ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં પધાર્યા. શત્રુંજય આદિ અનેક તીર્થોની યાત્રા કરતા તેઓ પ્રભાસપાટણ પધાર્યા.

પભાસપાટણમાં તે વખતે સોમનાથનો મહિમા વિશેષ હતો. લોકો આવતા અને મહિમાથી ભકિતવંત બનતા. પાટણમાં થોડા જ શ્રાવકો આચાર્યશ્રી પધારતાં સામે ગયા.

આચાર્યશ્રીએ ઉપાશ્રયે આવીને શ્રાવકોને કહ્યું, 'ધર્મ નિર્વાહ બરાબર ચાલે છે ને ?'

શ્રાવકો બોલ્યા, 'સ્વામી ! અહિ હાલ તો સામનાથનો મહિમા વિસ્તરેલ છે, તેથી ધર્મનિર્વાહની શું વાત કરવી ?'

'ઠીક, ધર્મનો મહિમા થાય તેવું કરીશું', કાલે સર્વે આ સમયે હાજર થજો.' આચાર્યશ્રીએ સૌને આશ્વાસન આપ્યું.

બીજે દિવસ સવારે શ્રાવકો નિયત સમયે સૂરિદેવના સાનિધ્યમાં આવી ગયા. આચાર્યશ્રી તે બધા સાથે શ્રી સોમનાથ મંદિર તરફ ચાલ્યા.

મંદિરના ભકતજનો કહેવા લાગ્યા, 'અહો ! મહાદેવનો મહિમા ! શ્વેતાંબર આચાર્ય પણ દર્શન કરવા આવે છે.

વિશાળ સમૂહ એકત્રિત થઈ ગયો. આચાર્યશ્રી મંદિરમાં ગયા, શિવ સન્મુખ જઇ એમણે અપ્રતિચક્રનું સ્મરણ કર્યું, બાદ પ્રગટ બોલ્યા, 'હે સોમનાથ ! ચાલો.

આચાર્યશ્રીના બોલવાં સાથે જ સોમનાથ પ્રગટ થયા અને ચાલવા લાગ્યા. આચાર્યશ્રીના વચનથી આગળ બ્રહ્મા, વિષ્ણુ, પણ મંદિરમાંથી ચાલ્યા, સૂર્ય, ગણેશ, સ્કન્દ, આદિ પણ ચાલ્યા આચાર્યશ્રી સાથે હતા. મોટું મહેરામણ ઉમટી પડયું.

શ્રી ચન્દ્રપ્રભ પ્રાસાદમાં સૌ આવ્યા, દેવો અને તેમના ભકતવર્ગ સાથે આચાર્ય શ્રી જિનેન્દ્ર પ્રભુને નમ્યા.

મહાદેવ પાસેશ્રો ચંદ્રપ્રભસ્વામીની પૂજા માટે કરની માંગણી કરી. તેણે સ્વીકારી. બાદ આચાર્યશ્રીએ દેવોને વિસર્જન કરતાં તે અદશ્ય થઇ ગયા. શાસનની પ્રબળ પ્રભાવના થઈ.

## [૧૪] યક્ષ પ્રતિબોધ

ગૌડશસ્ત્રપટ્ટનનું જિનમંદિર ઉપાસકોથી ઉભરાઈ ગયું હતું. આવનાર સર્વે શ્રી જિનેશ્વરદેવને નમી સ્થાન મળે ત્યાં બેસી જતા હતા, આખો સંઘ એકત્રિત થઈ ગયો. કોઈ આપત્તિ કે ઉપસર્ગની રેખાઓથી સૌના ચહેરા અંકિત હતા.

એક ઉપાસકે સૌને સાવધાન કર્યા અને કહ્યું, "આપત્તિ નાશનો ઉપાય ન મળે ત્યાં સુધી એકાગ્રચિત્તે સૌએ ભક્તામર સ્તોત્રનું બાવીશમું કાવ્ય સ્મરવાનું છે. સાવધાન....!"

સૌ એક ચિત્તે એ કાવ્ય સ્મરણમાં પરોવાયા. મનોમંદિરમાં એ કાવ્યનું મધુર ગુંજન ચાલુ થયું.

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-**
**न्नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।**
**सर्वांदिशो दधति भानि सहस्त्ररश्मिं,**
**प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम्**
**॥ २२ ॥ ***

*** અર્થ**–સ્ત્રીઓનાં સેંકડો સમૂહો સેંકડો પુત્રોને જન્મ આપે છે પરંતુ તમારા જેવા પુત્રને બીજી માતાઓ જન્મ આપતી નથી. દરેક દિશામાં નક્ષત્ર હોય પરંતુ દેદીપ્યમાન કિરણ પુંજવાળા સૂર્યને તો પૂર્વ દિશા જ ઉત્પન્ન કરે છે. ૨૨

નિરવ શાન્તિ હતી છતાં સૌના માનસિક આંદોલનોએ ભારે ધમસાણ મચાવી દીધું હતું. થોડો સમય ગયો ન ગયો ત્યાં દૈવી વાણી થઇ, "તમારી આપત્તિનો ઉપાય આર્ય શ્રી ખપટાચાર્ય પાસે છે."

વાણી બંધ થઈ, સૌએ ધ્યાન પૂર્ણ કર્યું.

વાત એમ હતી કે ગુડશસ્ત્રપટ્ટનમાં વૃદ્ધકર નામે બૌદ્ધાચાર્યને ભુવન નામના જૈન શ્રમણે વાદમાં જીતી લીધો. બૌદ્ધાચાર્યને પરાભવથી ઘણો આઘાત થયો અને આઘાતમાં ને આઘાતમાં એ મરી ગયો. નગરની નિકટમા યક્ષપણે એ ઉત્પન્ન થયો. પૂર્વભવ જાણી સંઘને અનેક રીતે ઉપદ્રવ કરવા લાગ્યો હતો. સંઘ પણ પીડિત બની ગયો હતો. ઉપદ્રવથી મુકત થવા જિનમંદિરમાં મળીને આમ્નાયપૂર્વક ભકતામરના બાવીશમા પદ્યનું સ્મરણ કર્યું અને અપત્તિ નિવારણનો ઉપાય હાથ આવ્યો.

બીજે જ દિવસે સંઘના આગેવાનો આર્ય ખપટાચાર્યશ્રી પાસે ગયા. વિદ્યાસિદ્ધ આચાર્ય-અનુક્રમે ત્યાં પધાર્યા.

આચાર્યશ્રી યક્ષના મંદિરમાં ગયા. યક્ષના કાને જુના બે જોડા મૂકયા તેના હૃદય ઉપર પગ રાખી વસ્ત્ર ઓઢીને એ સૂઈ ગયા. સમય થયો ને પૂજારી આવ્યો. આચાર્યશ્રીને સૂતેલા જોઇએ એકદમ બોલી ઉઠયો, 'અરે અવિવેકી, ઉઠી જા, નહિ તો મરી જશે.'

આચાર્યશ્રી તો કપટનિદ્રાથી સૂતા જ રહ્યા. રાજા વિગેરે યક્ષને નમવા આવ્યા પણ સૂરિદેવ તો સૂતા જ છે. રાજપુરૂષો ચાબુક લઈને મારવા લાગ્યા. પરંતુ એ ઘા આચાર્યશ્રીને ન લાગતાં અંતઃપુરની રાણીઓને વાગવા લાગ્યા. એકદમ રાજા પાસે એ ખબર આવ્યા. રાજા સમજી ગયા કે આ સિદ્ધપુરૂષનો એ પ્રભાવ છે. તે આચાર્યશ્રીના ચરણો પકડીને

બેસી ગયો. સૂરિદેવ જાગ્યા. યક્ષ તેમના ચરણમાં આવી પડયો. આચાર્યશ્રીએ તેને ઠપકો આપ્યો અને સંઘનો ભક્ષક એવો એ વૃદ્ધકર યક્ષ સૂરિદેવના ઉપદેશથી પ્રતિબોધ પામી સંઘનો રક્ષક બન્યો.

આચાર્યશ્રી યક્ષ રાજા વિગેરે સાથે નગર તરફ ચાલ્યા. શિવ વિનાયક વગેરે પણ સાથે ચાલ્યા. પત્થરમય મોટી બે કુંડીઓ પણ સાથે ચાલી. નગરનો મુખ્ય દરવાજો આવતાં આચાર્યશ્રીએ દેવોને વિદાય કર્યા. તેઓ સરિદેવને નમી સ્વસ્થાને ગયા. કુંડીઓ તો ત્યાં જ રહી. એને ચલાયમાન કરવા કોઈ સમર્થ ન બન્યા.

રાજાએ પ્રવેશ મહોત્સવ કર્યો. પૌષધશાલાએ આવી આચાર્યશ્રીએ આત્મકલ્યાણકારી ઉપદેશ આપ્યો. બુધ્ધભકતો તેમજ રાજા વિગેરે બોધ પામ્યા અને દૃઢતાપૂર્વક જિનધર્મનું પાલન કરવા લાગ્યા.

વિદ્યાસિધ્ધ પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી પૃથ્વીતલને પાવન કરતા વિચરી રહ્યા.

## [૧૫] વ્યંતરસિધ્ધ વિદ્યા

આચાર્યશ્રી ખપટાચાર્ય એકવાર રાત્રિને સમયે ભકતામર સ્તોત્રનું સ્મરણ કરતા હતા. તેમાં ત્રેવીશમું પદ્ય તેઓ ભણી રહ્યા હતા.

**त्वामामनन्ति मुनयः परमं पुंमांस-**
**मादित्यवर्णममलं तमसः परस्तात् ।**
**त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,**
**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः॥२३॥**

**અર્થ**—હે મુનીન્દ્ર! પાપ તિમિર પાસે નિર્મલ સૂર્ય સમાન એવા આપને ઋષિઓ પરમ પુરૂષ કહે છે. આપનો સમ્યગ્ રીતે યોગ પામીને તેઓ મૃત્યુને જીતે છે, એ સિવાય અન્ય નિરૂપદ્રવ મુકિતમાર્ગ નથી. ૨૩

આ પદ્ય ગણતી વખતે ચક્રાદેવી પ્રગટ થયા અને દુષ્ટવ્યંતર સાધનના ઉપાયો આચાર્યશ્રીને બતાવ્યા.

વ્યંતરસિધ્ધ વિદ્યા વડે આચાર્યશ્રી અનેક જગ્યાએ શાસન પ્રભાવના કરવા લાગ્યા.

એક વાર સૂરિદેવ ઉજજૈની પધાર્યા, ઉદ્યાનમાં ચંડિકાના મંદિરમાં રાત્રિ રહ્યા. ચંડિકા નગરજનોને પીડા કરતી. સંઘ તેને ન માનતો તેથી જૈન સંઘને અને વિશેષે શ્વેતાંબરોને એ વધુ પીડા કરતી.

આચાર્યશ્રીને પોતાના સ્થાનમાં જોઇ, એ ભભૂકી ઉઠી, તામ્ર જેવું લાલ અને ભયંકર મુખ બનાવીને એ આવી; સૂરિદેવ ધ્યાન પૂર્ણ કરીને બેઠા. ચંડિકાને ક્રોધથી ધમધમતી જોઈ, આચાર્યશ્રીએ તેને ગળે નખ ભરાવ્યો તે તેણીને માટે વજ્ર જેવો નીવડયો. વ્યથાને વ્યકત કરતી ચંડિકાએ આચાર્યશ્રીને નમસ્કાર કર્યા. વચન આપ્યું.

સૂરિદેવે કહ્યું, 'હે ચંડિકા! જીવહિંસા કરીને તું તારા આત્માને પાપથી ભારે કરી રહી છે તેમ તારા ભકતોને દુર્ગતિમાં પાડી રહી છે. માટે આ અકાર્યથી વિરામ પામ.'

ચંડિકાએ એ વચન સ્વીકાર્યું. સવારે નગરજનો ત્યાં આવ્યા. ઉત્સવપૂર્વક પ્રવેશ

કરાવ્યો. નગરદ્વારથી દેવીને વિસર્જન કરી સૂરિદેવે નગરપ્રવેશ કર્યો. ઉપદેશ દેઈ અનેકને ધર્માભિમુખ બનાવ્યા. બહુજન સમ્યગ્ ધર્મને પામ્યા.

જૈનધર્મની ભૂરિ ભૂરિ પ્રશંસા થઈ રહી.

## (૧૬) સિદ્ધસ્તોત્ર શાન્તિસૂરિ

શૌર્યપુરના રાજમહાલયમાં હાહાકાર મચી ગયો હતો- રાજા, રાજ્યમંત્રીઓ અને પ્રજા વ્યથામાં પડી ગઈ હતી. સૌ નવી નવી તંત્ર-મંત્રની શક્તિઓને શોધી રહ્યા હતા. પણ સફલતા મલતી ન હતી.

રાજવી જિતશત્રુ નજીકના ક્રીડાંગણ સમા ગિરિ ઉપર આનંદ કરવા ગયા હતા. બહુંતેર રાણીઓ પણ સાથે હતી. છલ પામીને કોઈ ભૂતદેવે એ બધીને વિકલ બનાવી દીધી. પુતળી જેવી રાણીઓને રાજમહાલયમાં લાવી મંત્ર-તંત્રના ઉપચાર આરંભ્યા.

અનેક માંત્રિકો, તાંત્રિકો આવ્યા. મંત્ર-તંત્ર અને જડીબુટ્ટીના પ્રયોગ કરીને થાકયા પણ રાણીઓને કોઈ લાભ ન થયો. આમ એક માસ નીકળી ગયો.

આચાર્ય શ્રી શાન્તિસૂરિજી એ સમયે પ્રભાવક સિદ્ધવિદ્ય પુરુષ ગણાતા તેમણે ભકતામરના ચોવીશ પચીશ શ્લોકનું એકવાર સ્મરણ કર્યું.

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

बुद्धस्त्वमेव विबुधार्चित ! बुद्धिबोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधाना-
द्व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि॥२५॥

**અર્થ**—હે પ્રભુ ! સંતપુરૂષો આપને અવ્યય, વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મ ઈશ્વર, અનંત, અનંગકેતુ, યોગીશ્વર, યોગવિદ્, અનેક, એક, જ્ઞાનસ્વરૂપ અને નિર્મળ એમ ગુણવડે કરીને સ્તવે છે. ૨૪

હે પ્રભુ! દેવોએ બુધ્ધિના બોધની પૂજા કરી છે માટે આપજ બુધ્ધ છો, ત્રણ ભુવનને સુખ કરો છો માટે આપ શંકર છો, મુકિત-માર્ગની મંગલ વિધિનું નિરૂપણ કરવાથી આપ બ્રહ્મા છો, હે પ્રભુ! પ્રગટ રીતે આપ પુરૂષોતમ જ છો. ૨૫

આ પદ્યોના સ્મરણ સમયે ચક્રેશ્વરીદેવીએ પ્રસન્ન થઇ મહાશકિત આપી આચાર્યશ્રીને પ્રભાવવંત બનાવ્યા હતા.

આચાર્યશ્રીની શૌર્યપુરમાં પધરામણી થઇ. ભકતવર્ગ ઉલ્લસિત બન્યો.

રાજવી જિતશત્રુતો ચિંતામાં પડેલ છે. અનેક તંત્રોમંત્રો બાંધીને રાણીઓના હાથ પણ ભરચક બની ગયા છે. આચાર્યશ્રીને એ બોલાવવા જેટલો સચેત પણ રહ્યો નથી.

આચાર્યશ્રીએ વિચાર કર્યો, રાજા વ્યગ્ર છે. પરંતુ રાણીઓની ચિકિત્સાને બ્હાને શાસન પ્રભાવના થશે. માટે જઉં પણ આ સાધુવેશની અવગણના ન થવી જોઇએ.

તેમણે વિદ્યાથી અવધૂત વેશ બનાવ્યો અને રાજમહેલ પાસે જઈ બોલવા લાગ્યા, 'ભૂત, પ્રેત, શાકિની-ડાકિની ગમે તે હોય તેનો દોષ ચપટી વગાડતાં દૂર થાય છે.'

રાજપુરુષોએ રાજાને કહ્યું, રાજાએ શીઘ્ર સૂરિજીને બોલાવ્યા. રાણીઓને દોષ રહિત બનાવવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ રાણીઓના દેહ ઉપર રક્ષાપોટલી, ઔષધિઓ, યંત્રો, વગેરે દૂર કરાવ્યા. ત્યાર પછી નિર્મળ જળ મંગાવ્યું. પોતાના પગનો પ્રક્ષાલ કરી એ પ્રક્ષાલનનું જળ રાજાને આપ્યું અને કહ્યું, આ જળથી રાણીઓને સીંચન કરો.'

જિતશત્રુ રાજાએ સહર્ષ એ જલ ગ્રહણ કર્યું સૂરિદેવના કહેવા મુજબ એ જલ રાણીઓને છાંટયું અને તે જ ક્ષણે સઘળા વ્યંતરો નાશી ગયા. રાણીઓ આળસ મરડીને બેઠી થઈ. રાજા આદિ સૌ અત્યંત હર્ષિત થયા.

આચાર્યશ્રી પાસેથી સદ્બોધ સાંભળ્યો. જૈનધર્મનો સ્વીકાર કર્યો. રાણીઓ પણ જૈનધર્મને પામી જિનપૂજા તપ જપ ધ્યાન સમાધિ આદિ અનેકવિધ ધર્મ-પ્રણિધાનો વડે આત્માને ભાવિત કરતી જીવનને સફળ કરવા લાગી.

આચાર્ય ભગવાન આવી અનુપમ ધર્મપ્રભાવના કરતા શાસનને શોભાવી રહ્યા અને અંતે સુરલોકને અલંકૃત કર્યો.

## (૧૭) ચણિક શેઠ

અણહિલ્લપુર પાટણમાં શ્રીમાલવંશમાં એક નિર્ધન વણિક હતો. માથે ભાર વહન કરીને, ચણા વિગેરે વેચીને આજીવિકા ચલાવતો. ચણા વેચવાના તેના વ્યવસાયના કારણે તેનું નામ પણ ચણિક પડી ગયું.

એકવાર વાટમાં તેને ઉદ્યોતનસૂરિજીનો ભેટો થઈ ગયો. ભકિતથી નમસ્કાર કર્યો. ગુરૂદેવે ધર્મપૃચ્છા કરી. ચણિક કહે, 'સ્વામી! ખાવાના ઠેકાણા નથી, ધર્મ કઈ રીતે કરૂં? જીવનનિર્વાહ માટે પણ મહેનત કરતાં મેળવી શકતો નથી તો ધર્મ કાર્ય માટે સમય કયારે લઉં!'

'ચણિકા! ધર્મ માટે સમય ગમે તે રીતે મેળવવો જોઈએ. દુઃખ દારિદ્રયથી ઘેરાયેલા આત્માને તેનો નાશ કરવાનો ઉપાય ધર્મસાધના જ છે. ધર્મથી દૂર રહેનાર દૌસ્થ્યને દૂર ઠેલી શકે નહિ સઘળાય સુખો ધર્મને આધીન છે.'

'ગુરૂદેવ! મને સરલ ઉપાય બતાવો.'

'ચણિક! ભકતામર સ્તોત્રનો છવ્વીશમો શ્લોક આ પ્રમાણે છે—

**तुभ्य नमस्त्रिभुवनार्त्तिहराय नाथ!**
**तुभ्यं नमः दितितलामलभूषणाय।**
**तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,**
**तुभ्यं नमो जिन! भवोदधिशोषणाय॥२६॥**

**અર્થ**—ત્રણ ભુવનની પીડાને હરનારા હે નાથ! આપને નમસ્કાર હો: ભૂમંડલના નિર્મળ ભૂષણ રૂપ આપને નમસ્કાર હો, ત્રણ જગતના પરમેશ્વર રૂપ આપને નમસ્કાર હો, ભવસાગરને શોષનારા એવા હે જિનેશ્વર દેવ! આપને નમસ્કાર હો. ૨૬

આ કાવ્ય બોલી બોલીને તારે શ્રી પંચાસર પાર્શ્વનાથને વંદન કરવા, શકિત મુજબ

ત્યાગ તપ આદરવાં, મુખ્ય ગુણ શીલનું પાલન કરવું અને મહાલક્ષ્મી મંત્ર જપવો"

"ગુરૂદેવ ! તહત્તિ" ચણિકે મસ્તક નમાવ્યું.

ચણિક હંમેશાં તુભ્યં નમ એ શ્લોક બોલવાપૂર્વક પંચાસર દર્શન કરે છે, એકસો આઠ નવકાર જપે છે, પરસ્ત્રી મા, બેન ગણે છે. બીજે ગામ ચણા વેચવા જાય છે ત્યાં માર્ગમાં આદિદેવની ભકત મહાલક્ષ્મી-દેવીની મૂર્તિ છે, તેને જતાં આવતાં નમસ્કાર કરે છે, આમ ને આમ છ માસ નીકળી ગયા.

એક દિવસની વાત છે, ચણિક મહા-લક્ષ્મીના મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો, મંદિરમાં દિવ્ય આભરણથી અલંકૃત સુગંધી દ્રવ્યોના અંગરાગથી સરાગી બનેલી નારીને તેણે જોઈ. ચણિક નજીક આવીને દેવીને નમે છે ત્યાં તે બોલી,

'હે ફેરીયા ! આ શું કરે છે ?

'દેવીને નમસ્કાર કરૂં છું.'

'અરે આ અજ્ઞાન ચેષ્ટા છોડી દે, ફોગટ નમસ્કારથી શું ? તું મને સ્વીકાર, ઈચ્છિત ભોગને ભોગવ, તારૂં દુઃખ દારિદ્રય દૂર થયું સમજ.'

ચણિક બોલ્યો, 'અરે, તમે તો મારી માતા છો, હસતાં પણ આવું ન બોલશો. મારે પરસ્ત્રી મા બેન સમાનનું વ્રત છે.'

પેલી સ્ત્રી વાર વાર નવનવા હાવ, ભાવ, વિલાસ અને વિભ્રમથી ચણિકને આકર્ષી રહી. પણ ચણિક જાણે મગશેલીયો પાણો. જરા પણ ન પીગળ્યો. સાક્ષાત મહા-લક્ષ્મી પ્રગટ થઈ બોલ્યા, 'હે વત્સ ! હું મહાલક્ષ્મી છું, તુભ્યં નમઃ પદથી જિનદર્શન કરવાથી ચક્રેશ્વરી તારા ઉપર પ્રસન્ન છે. હું તેની સખી છું. તેણીના વચનથી મેં તારી પરીક્ષા કરી છે, બોલ તારે શું જોઈએ ?'

'મહાદેવી ! મારૂં દારિદ્રય દૂર કરો.'

'આજે સાંજે ચણા લઈને, કોઠીમાં તું ભરજે તે પ્રાતઃકાલે સુવર્ણના બની જશે' દેવી ગયા.

ચણિકે ત્રણ કોઠી ભરી સવારે ચણા સુવર્ણના બની બયા. ચણિક દુઃખી મટી શેઠ થયો. રાજવી ભીમદેવ પાસે સુવર્ણના ચણાનો થાળ ભરી ભેટ કર્યો. રાજા પણ હકીકત જાણી પ્રસન્ન થયા.

ચણિકે નવા નવા વૈભવો મેળવ્યા. શ્રી આદિદેવ પ્રભુનો પ્રાસાદ ઉદ્ધર્યો. મહાલક્ષ્મીના મંદિરનો ઉધ્ધાર કર્યો. યાત્રા, દાન, ભોગ આદિથી સુખી થયો. ચણિકે આ જીવન સાથે ભાવિ જીવન ઉજળું બનાવી દીધું.

## [૧૮] શ્રીહાલ ભૂપાલ

ગરવી ગુજરાતમાં ગોદાવરીના હરિયાળા દક્ષિણ કિનારે પ્રતિષ્ઠાનપુર નગર દેશની શોભા વધારી રહ્યું છે. શ્રીહાલ રાજવીએ રાજ્યની કીર્તિ દિશાઓમાં મોકલી દીધી હતી પ્રજા અને પ્રજાપતિ સુખી હતા.

શ્રીહાલને વિશાળ અંતઃપુર હતું. પરંતુ રાજપુત્ર વિના તે સૂનું ભાસતું. રાજાએ અનેક મણિમંત્રો દ્વારા અનેક ઉપાયો અને ઉપયાચિતાઓ આદર્યા પણ સર્વત્ર તે નિરાશ થયો.

એકવાર જૈન મહામુનિની પ્રતિષ્ઠાન-પુરમાં મંગલ પધરામણી થઇ. પરંપરાએ રાજવીને તે ખબર મળ્યા. આ મહામુનિને પૂછીને સંતતિ પ્રાપ્તિનો નિર્ણય કરવાનું તેને મન થયું. મંગલ સમયે બહુમાન સહ મુનિ પાસે જઈ નમસ્કાર કર્યા અને કરકમલ જોડીને કહ્યું, 'હે કૃપાળુ ! મને પુત્ર થશે કે નહિ ? આપના વિશાળ જ્ઞાન દ્વારા મને યોગ્ય આશ્વાસન આપો.'

મહામુનિ ભકતામર સ્ત્રોત્રના જાપ વડે પુનીત બન્યા હતા. દૈવી પ્રભાવથી તેમણે કહ્યું, 'હે રાજન્ ! પુત્ર પ્રાપ્તિ કર્મને આધીન છે. ભકતામર સ્ત્રોતના જાપથી તારી ઇચ્છા પૂર્ણ થશે. ચક્રદેવી પુત્રપ્રાપ્તિની તને ખાત્રી આપશે.'

'મહા ભાગ્ય.' મુનિને નમસ્કાર કરી રાજા રાજમહેલમાં આવ્યો. આદિદેવની કમલ-પુષ્પ આદિથી પૂજા કરી, ચક્રદેવીને યાદ કરી તે ભકતામર સ્મરણ કરવા લાગ્યો. અડગ શ્રધ્ધા અને અઠંગ આસન. એક બે ત્રણ દિવસ નીકળી ગયા. ત્રીજા દિવસની સંધ્યા થઈ. શ્રીહાલ તો ભક્તામરમાં તલ્લીન હતો. એક પછી એક ગાથા આગળ ચાલતી હતી. સત્યાવીશમી ગાથા આવી.

**को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-**
**स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ।**
**दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः,**
**स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥**

**અર્થ**—હે મુનીશ ! અશેષ ગુણસમુદાય વડે સદા આપ શોભી રહ્યા છો. અન્ય અનેક દેવોમાં બેઠક મળી જવાથી અહંકારી બનેલા દોષોએ આપનું સ્વપ્નમાં ય કદીયે દર્શન કર્યું નથી. ૨૭

આ ગાથા બોલતી સમયે ચક્રદેવીએ કહ્યું, હે મહીપતિ ! પુષ્પમાલા ગ્રહણ કરી રાણીના કંઠે આરોપવી. જે પુત્રદાતા બનશે.'

દેવી ગયા. રાજાએ માળા રાણીના કંઠે પહેરાવી. રાણીએ સમયે પુત્રને જન્મ આપ્યો. રાજાએ મહોત્સવપૂર્વક ચક્રદસ નામ પાડયું. કુમાર વૃદ્ધિને પામી રહ્યો.

એક દિવસની વાત છે. રાજા શ્રીહાલ ક્રીડા કરવા નીકળ્યો ગોદાવરીને કાંઠે આવી આનંદ કરવા લાગ્યા. નાવમાં બેસી જલક્રીડા પણ આદરી આ સમયે રાજા સામે એક માછલું આવ્યું અને જોસથી હસવા લાગ્યું. રાજા આશ્ચર્ય પામી ગયો. ચતુર પુરૂષો પાસે નિર્ણય માગ્યો. તેઓ કહેવા લાગ્યા, 'આવું વિકૃત દર્શન પ્રજાને ભય માટે કહેવાય.'

રાજાને સંતોષ થયો નહિ. એકવાર કોઇ મુનીશ્વર પધાર્યા. રાજાએ વંદન કરી મત્સ્ય હાસ્યનો ખુલાસો માગ્યો.

મુનિ દૈવી પ્રભાવથી જાણી કહેવા લાગ્યા 'હે રાજન્! સાંભળ ! બે કઠીયારા હતા. એકવાર સાથવાનું ભાતું લઇ તે લાકડા કાપવા ગયા. ત્યાં મહાતપસ્વી જૈનમુનિને જોયા. ધન કહેવા લાગ્યો-'આવા માસક્ષમણના તપસ્વીને દાન દેવાથી મહાલાભ થશે. એ સાંભળી નિર્ધન બોલ્યો-'ભાઇ ! મારી એ ભાવના નથી. કષ્ટથી ભોજન મેળવ્યું છે. તે આપી દેવાથી નુકશાન પ્રત્યક્ષ છે. લાભ તો કંઈ જણાતો નથી.' ધનને એ ન રુચ્યું. નિર્ધનનો અડધો ભાગ આપી દઈ પોતાના અરધા ભાગના સાથવાનું મુનિને દાન કર્યું. ભકિત બહુમાનથી અનુમોદન કરી મહાપુણ્ય ઉપાર્જ્યું. ત્યાં દાનસાક્ષી દેવે પ્રશંસા કરી. નિર્ધન

તેની ટીકા કરતો પાપનો ભાગી થયો. ધન મરીને હે શ્રીહાલ ! રાજન્ ! તું શાતવાહન બન્યો છે. નિર્ધન લાકડાના ભારે દુઃખી થઈ મરીને અહીં ગોદાવરીમાં માછલું બન્યો છે. પૂર્વભવના સંબંધી એવા તને જોતાં તે હસ્યો છે. નાવમાં તને જોઇ તેને જાતિસ્મૃતિ થઇ છે. દાનસાક્ષી જે દેવ હતો, તેણે માછલાને ખૂબ હસાવ્યો હતો.

હે રાજન્ ! પૂર્વભવમાં બંને સમાન હતા, છતાં દાન દેવા, ન દેવા વડે કેટલો તફાવત થયો ? એક રાજા થયો, એક મત્સ્ય. સુપાત્ર દાનનો આ મહામહિમા છે. સુપાત્ર દાન સિદ્ધિ સુધીના સુખને આપે છે.'

મહામુનિનો ઉપદેશ સાંભળી રાજા શુદ્ધ-ધર્મનો ઉપાસક બન્યો. તેણે શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર શ્રી આદીશ્વર જિનેશ્વરના મંદિરનો ઉદ્ધાર કર્યો. બીજા પણ અનેક સુકૃત વડે ધર્મને સેવી શ્રીહાલે જીવનને ધન્ય બનાવ્યું. તેની ગાદીએ ચક્રાદાસ રાજા થયો તેણે પણ જીવન ધન્ય બનાવ્યું. ચક્રાદાસે પ્રતિષ્ઠાનપુરના શ્રી મુનિસુવ્રતસ્વામીના દહેરાસરનો ઉદ્ધાર કર્યો.

શ્રીહાલ ભૂપાલ અને ચક્રાદાસકુમાર જૈન-ધર્મની સાધનથી સુખી થયા.

## [૧૯] દેવદત્ત ગોપાલ

સિંહપુર નગરની સીમમાં એક ક્ષત્રિય હંમેશાં ગોધન લઈને ચારવા આવતો. દીન અને ધનહીન દશામાં તે ગોપાલકનું જીવન જીવતો હતો. એકવાર વિહાર કરતા એક જૈનાચાર્ય પરિવાર સહિત ત્યાંથી પસાર થયા. ગોપાલે ભાવથી નમસ્કાર કર્યા. સૂરિદેવે ધર્મ-લાભ શુભાશીષ આપ્યો. નતમસ્તક રહેલા ગોપાલની નમ્રતા અને જિજ્ઞાસા જોઈ સૂરિદેવે વિશેષ ધર્મનો બોધ આપ્યો.

ગોપાલને એ બોધ લાગી ગયો. સૂરિદેવ પાસેથી જિનધર્મ જાણ્યો, સ્વીકાર્યો. નમસ્કાર મહામંત્ર અને ભક્તામર સ્તોત્ર સ્મરણ કરવાનું પણ સ્વીકાર્યું.

ગોપાલ નિયમિત સ્મરણ સાધના કરે છે. એક રાત્રે સ્વપ્નમાં તેણે છત્રત્રય આદિ આઠ પ્રતિહાર્ય સહિતની શ્રી આદિજિન પ્રતિમા દેખી. ખૂબ હર્ષ થયો.

રોજના ક્રમ મુજબ તે સવારે ગાયો ચારવા ગયો. ગાયો નદી તીરે ચરે છે. ગોપાલ લાકડીને ટેકે પગ ઉપર પગ ચઢાવી સરિતાની સુંદરતા નીરખતો ઉભો છે. ચોમાસાના દિવસો છે. મેઘ પણ ઝરમર ઝરમર વરસે છે. કોઇવાર પ્રચંડ, કોઈવાર સૂક્ષ્મ બને છે. તેવામાં નદીની એક ભેખડ ધસી પડી. ત્યાં ઋષભદેવ પ્રભુનું બિંબ દેખાયું. ગોપાલ રાજી રાજી થઇ ગયો. તેણે પ્રતિમા લીધા. ઝુંપડી બનાવી તેમાં પધરાવી નિત્ય પૂજવા લગ્યો અને ત્રિસંધ્યા પ્રભુ સન્મુખ ભકતામર ભણવા લાગ્યો. આમ છ માસ નીકળી ગયા.

એકવાર ગોપાલ પ્રભુ સામે બેઠો છે, એક ધ્યાને ભકતામર સ્મરે છે, એક પછી એક ગાથા તેના મુખમાંથી માધુર્ય વેરતી વહી રહી છે. તેમાં અનુક્રમે પ્રાતિહાર્યની શોભાવાળી ગાથાઓ આવી.

**उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-**
**माभाति रुपममल भवतो नितान्तम्**

स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं,
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥२८॥

सिंहासने मणिमयूखशिखाविचित्रे,
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं,
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

कुन्दावदातचलचामरचारुशोभं,
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं,
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

**અર્થ**-હે પ્રભુ! ઉંચા અશોકવૃક્ષના સાનિધ્યમાં રહેલું ઉંચા કિરણોવાળું અને નિર્મલ એવું આપનું શરીર, વાદળની વચ્ચે રહેલા ઝળકતા કિરણવાળા અને અંધકારનાશક સૂર્યના બિંબની જેમ શોભે છે. ૨૮. મણિજ્યોત્સ્નાથી ચિત્રવિચિત્ર બનેલ સિંહાસન ઉપર સુવર્ણવર્ણ આપનો દેહ, ઉદયાચલ શિખરે રહેલા આકાશમાં રશ્મિપ્રવાહ ફેલાવતા સૂર્ય સમાન દીપે છે. ૨૯. હે નાથ! મોગરાના પુષ્પ જેવાં ઉજળા ચામરોથી મનોશોભાવાળી અને કનકકાન્તિવાળી આપની કાયા, ઉગતા ચંદ્ર સમાન નિર્મળ જળધારાથી સીંચતા મેરૂગિરિના સુવર્ણમય શિખર સમાન શોભે છે. ૩૦. હે પરમેશ્વર! ચંદ્રસમાન કાંતિવાળું, સૂર્યના તેજપુંજને આચ્છાદતું, મોતીની રચનાથી સુશોભિત એવું આપના મસ્તક પર રહેલ આપનું છત્રત્રય (ત્રણ છત્રો) ત્રણજગતનું પરમેશ્વરપણું બતાવતું શોભે છે. ૩૧

ગોપાલ સ્તોત્ર ગણતો જાય છે છત્રત્રય પ્રાતિહાર્યના વર્ણનવાળી ગાથા આવી. એ સમયે ચક્રાદેવીએ પ્રગટ થઈને કહ્યું, 'હે ગોપાલ! તને રાજ્ય પ્રાપ્તિ થશે.'

ગોપાલે ક્રમ મુજબ સ્ત્રોત પૂર્ણ કર્યું અને પોતાના કામે લાગ્યો.

દૈવ યોગે સિંહપુરનો રાજા અપુત્રીયો મરણ પામ્યો. રાજય માટે વાદ વધી પડયો. મંત્રી આદિ પ્રાજ્ઞ પુરુષોએ પંચદિવ્ય પ્રગટ કર્યા. દિવ્યો આગળ સૌ પાછળ ફરતા ફરતા તે ગોપાલ પાસે આવ્યા અને તેને અભિષેક કર્યો. સૌએ જયજયકાર કર્યો દેવે દીધેલા ધરણીપતિને સૌએ દેવદત્ત નામ આપ્યું. દેવદત્ત સિંહપુરનો સ્વામી બની રાજયપાલન કરવા લાગ્યો.

સરહદના રાજાઓ દેવદત્તને ગોવાળ સમજી માન આપતા નથી તે રાજયની હદ પર આક્રમણ કરે છે. દેવદત્ત ચક્રાદેવીને યાદ કર્યા. સામે આવેલું સૈન્ય ચિત્ર આલેખિત હોય તેમ સ્તંભી ગયું. સામન્તો વશ થયા. દેવદત્તનો જયજયકાર થયો. સામન્ત રાજાઓએ જિનધર્મ સ્વીકાર્યો.

પરમજૈન દેવદત્ત રાજા ઉત્તમ પ્રકારે ધર્મને સાધવા લાગ્યો. પ્રાપ્ત થયેલ પ્રથમ પ્રભુની પ્રતિમા પ્રાસાદમાં પધરાવી પૂજવા લાગ્યો.

રાજ્ય અને ધર્મના પાલન સાથે એ જીવન ધન્ય બનાવી રહ્યો.

## [૨૦] ધોળકાનો દંડનાયક

"ગુરૂદેવ! મત્થેણ વંદામિ"

"ધર્મલાભ!"

"પ્રભુ! અર્ધી જીંદગી તો વહી ગઈ. દારિદ્રયતાના દુઃખે જીવન ધર્મ વિહીન બન્યું, એળે ગયું."

"મહાભાગ! ધર્મ વિના દારિદ્રયતા વિગેરે દૂર પણ ન થાય. દુઃખ, દુર્ભાગ્ય, અને દુર્ગતિને દૂર કરનાર ધર્મ રામબાણ ઈલાજ છે."

"ગુરૂદેવ! આપ બરાબર કહો છો પણ મને સૂઝ પડતી નથી. દરિદ્રતાથી હું સિદ્ધ બની ગયો છું, હું બધાને જોઈ શકું છું, મને કોઈ જોઈ શકતું નથી."

ધોળકાના ધર્માગારમાં આચાર્યશ્રી અભયદેવસૂરિજી પધાર્યા હતા. શ્રીમાળી શાહ પાહનો પુત્ર જિણહાક ગુરૂદેવના નીકટ પરિચયમાં હતો. પૂજ્યોની પધરામણી થતી ત્યારે ઉપદેશપાન અને જ્ઞાનગોષ્ઠી કરતો. આચાર્યશ્રી તેને ધર્મના રહસ્યો સમજાવતા. આ વખતે આચાર્યશ્રી પાસે તેણે પોતાની આર્થિક વ્યથા રજુ કરી. અને જીવન વ્યર્થતાનું નિવેદન કર્યું.

આચાર્યશ્રી જિણહાકના હૃદયને બરાબર જાણતા હતા. તેનો ધર્મપ્રેમ અને દ્રઢ રંગ એમનાથી અજાણ ન હતો. તેની વાત સાંભળી આચાર્યશ્રી એક ક્ષણ આંખ બંધ કરી વિચારીને બોલ્યો.

'ભાગ્યવાન! જિનાલયના પદ્મકોશમાં ચક્રેશ્વરી સહિત શ્રી પાર્શ્વજિનની પ્રતિમા છે. તે લે તેની પૂજા-ભકિત કરવી. અને કલિકુંડ આમ્નાય મંત્ર તથા ભક્તામર સ્તોત્રનું સ્મરણ કરવું.'

ગુરૂદેવની શિક્ષા મસ્તકે ચઢાવી જિણહાક ઘેર ગયો. પ્રતિમાનું પૂજન કરવા સાથે ત્રિસંધ્યા મંત્ર અને સ્તોત્ર પણ જપવા લાગ્યો.

જિણહાક ઘીના ઘાડવા, કપાસના કોથળા અને ઘાસના ભાર વહન કરી આજીવિકા ચલાવી રહ્યો હતો. એક દિવસ ઘીનો ઘાડવો લઈ એ અન્ય ગામ પહોંચાડવા ચાલી નીકળ્યો. રસ્તામાં રાત રહ્યો નિત્ય ક્રમ મુજબ મંત્રજાપ કર્યો અને ભક્તામર ગણવા લાગ્યો. અનુક્રમે બત્રીશમી ગાથા આવી.

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ती,
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र! धत्तः,
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति
॥ ३२ ॥

મધુર સ્વરથી જિણહાકે બોલવાનું ચાલુ રાખ્યું.

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र!,
धर्मोपदेशनविधौ न तथाऽपरस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा,
तादृक्कुतो ग्रहगणस्य विकाशिनोऽपि
॥ ३३ ॥*

*અર્થ–હે જિનેન્દ્ર! સુવર્ણના વિકસ્વર નવ કમળવૃંદની કાંતિથી દીપતા, નખની કિરણ પંક્તિથી મનોહર એવા આપના બે ચરણ જ્યાં ચરણન્યાસ કરે છે ત્યાં દેવતાઓ કમળની રચના કરે છે. ૩૨. હે જિનેન્દ્ર! ધર્મોપદેશ દેવામાં આપની જેવી વિશિષ્ટતા છે તેવી વિશિષ્ટતા બીજા કોઈની નથી. કારણકે અંધકારને નામશેષ કરનાર સૂર્યની જેવી પ્રભા હોય છે તેવી પ્રભા ચકચક્તિ પણ ગ્રહગણની કયાંથી હોય.? ૩૩.

તેત્રીશમી ગાથા બોલતી સમયે દેદીપ્યમાન વિમાન આવ્યું તેમાંથી ચક્રાદેવીની પ્રતીહારી ઉતરી. જિણહાકને કહ્યું, "હે ભદ્ર!

શ્રી આદિદેવ સ્તોત્ર સ્મરણથી અને શ્રી પાર્શ્વનાથજીની પૂજાથી મારી સ્વામિની ચક્રા તમને ધનવાન અને અજય બનાવવા ઇચ્છે છે અને એ માટે આ રત્ન આપ્યું છે ભુજાએ બાંધતા સર્વ સિદ્ધિ થશે,"

જિણહાકે રત્ન ગ્રહણ કર્યું. દેવી અંતર્ધાન થઇ ગઇ. જિણહાકે રત્ન ભુજાએ બાંધ્યું.

સવારે ક્રમ મુજબ એ ઘીનો ઘાડવો માથે લઈ આગળ ચાલ્યો, રસ્તામાં ત્રણ ચોર મલ્યા.

"રે વાણિયા! ઘીની કુતુપ મુકી દે નહિ તો તું મરી જઇશ."

જિણહાકે તીર કામઠું તૈયાર કર્યું, ક્ષણ ઝપાઝપી થઇ. જિણહાકે ત્રણે ચોરોને યમધામ પહોંચાડી દીધા. થોડીવારમાં બીજા વટેમાર્ગુઓ આવી પહોંચ્યા. જિણહાકનું પરાક્રમ જોઈ એ આશ્ચર્ય પામી ગયા.

એ માર્ગ ચોરના ભયવાળો હતો. સમર્થ ચોરો કેમે પકડાતા ન હતા. આમ અચાનક તેમનો અંત આવતાં એ પ્રદેશમાં જિણહાકનો જયજયકાર થઈ રહ્યો. ધોળકામાં તેની ખ્યાતિ વધી ગઈ. વિસ્તરેલી વાત પાટણના પૃથ્વિપતિ ચૌલુકય ભીમદેવ પાસે પહોંચી. શૂરવીર જિણહાકને તેણે બોલાવ્યો.

વિશાળ વક્ષસ્થળ, જાનુ પ્રમાણ ભુજા, તેજસ્વી લલાટ, ટાલવાળું વિશાળ મસ્તક જોઈ ભીમદેવ ખુશ થઈ ગયા.

'જિણહાક! તું ખરો પરાક્રમી છે. ગુજરાતમાં પ્રાંતોનું ચોરથી રક્ષણ કરવાનું તું સ્વીકાર.'

આ સમયે સેનાનાયક શત્રુશલ્ય વચ્ચે જ બોલ્યા, 'સ્વામી એવો ખંડજ એને સોંપો, જેથી એ પ્રદેશને નીર્વાણભૂમિ બનાવી દે'

'એ ઠીક છે.'

'મહારાજા! આપના સન્માનથી એ વીર શિરોમણિ બનશે.' શત્રુશલ્યે વિશ્વાસ બતાવ્યો.

'બરાબર છે. જિણહાકને ત્રણ પટાવાળો વેષ, મુદ્રિકા રત્ન, ખડ્ગ રત્ન અને સેના સાથે ધોળકાનું આધિપત્ય આપું છું.'

ભીમદેવની રાજસભા એ વીરને જોઇ દંગ બની રહી. ભીમદેવના સન્માન અને અધિપત્યપ્રદાનથી જિણહાક પ્રમુદિત બન્યો.

જિણહાક ધોળકા આવ્યો. તેના દંડાધિપત્યના ખબરથી જ પ્રજા પ્રમુદિત બની હતી. ઉત્સવપૂર્વક પ્રવેશ કરી જિણહાકે ચોર-ડાકુના ભયથી રાજ્યને મુક્ત કર્યું, ગુજરાતમાં લુંટારાનું નામ નિશાન એણે ટાળી દીધું.

એકવાર જિણહાક જિનપૂજા કરતો હતો. એક ચારણે તેની પરીક્ષા કરવા ઉંટ ચોર્યો. રક્ષકોએ તેને પકડી બાંધી જિણહાક પાસે રજુ કર્યો. જિણહાકે આંગળીના ઇશારાથી વધનો આદેશ કર્યો.

આ સમયે ચારણ કાવ્ય બોલ્યો–

ઇકુ જિણહા અનુજિણ,
વરહ ન મિલઈ તારોતાર,
જેહિં અમારણું પૂજિયઈ,
તે કર કિં મારણહાર.

એ સાંભળી જિણહાકે તેને છોડી દીધો અને કહ્યું, 'પુનઃ ચોરી કરશો તો પરિણામ સારૂં નહિં આવે.'

જિણહાકે ધોળકામાં પાર્શ્વપ્રભુનું ભવ્ય મંદિર કરાવ્યું. કષપટ્ટરત્નમયી મૂર્તિ ભરાવી. દુર્લભરાજને પ્રતિબોધ કરનાર, જિનેશ્વરસૂરિજીના પટ્ટાલંકાર, સ્તમ્ભન પાર્શ્વજી પ્રગટ કરનાર, નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિવરના વરદ્દહસ્તે પ્રતિષ્ઠા કરાવી. ચક્રા સહિત આદિ જિનમંદિર કરાવ્યું. નવાંગી ટીકાના પુસ્તકો લખાવ્યા, સંઘપતિ થયા.

ધોળકાનો દંડનાયક શ્રાવકોત્તમ જિણહાક લાંબો કાળ રાજ્ય કરી ધર્મ સાધી રહ્યો. તેની અજ્ઞાથી ધોળકામાં પોટલા લઈ ફરનારનો કોઇ કર અધિપતિ ન લેતા.

## (૧૧) સોમરાજ

ભાગો........ભાગો........

નાશો.........નાશો રાજાનો પટ્ટહાથી આલાન સ્થંભ ઉખેડીને પ્રલયકાળની જેમ ધસી રહ્યો છે.

હસ્તીનાપુરનો રાજમાર્ગ ભયથી વ્યાપ્ત બની ગયો હતો. ચારે તરફ ઉપર મુજબ બૂમારવ મચી રહ્યો હતો.

સાંકળો, માવત અને દોરડાંને ફેંકી હ થી બજારમાં આગળ વધી રહ્યો હતો. બજાર વીંધી પ્રતોલી દ્વારને ઓળંગી એ નગર બહાર નીકળી ગયો.

ઉદ્યાનમાં રાજપુત્રી મનોરમા સખીઓ સાથે ક્રીડા કરવા આવી હતી. સખીઓ દિશોદિશ નાશી ગઇ. હાથી રાજકન્યા તરફ જઈ રહ્યો. રાજવી અને રાજપુરૂષો હાથી પાછળ ધસ્યા આવતા હતા. રાજવીએ કન્યાને ભયમાં દેખીને કહ્યું.

'રે....રાજપુત્રીને બચાવી લેશે તેને કન્યા સહિત રાજભાગ આપીશ'

કાળસમા ગજરાજ પાસે જવાની કોઇ હિંમત કરતું ન હતું.

એવામાં એક દેખાવડો અને શૂરો યુવાન સામી બાજુથી ઝડપભેર આવ્યો. ઝડપથી તે રાજકન્યા પાસે જઇ પહોંચ્યો. મનોરમાને એકદમ ઉપાડી એ ભાગ્યો અને દૂર નિર્ભય સ્થાને મૂકી દીધી.

યુવાનના મુખમાંથી ભકતામર સ્તોત્રનો ધ્વનિ નીકળતો હતો. રાજકન્યાને મૂકી યુવાન હાથી તરફ આગળ વધ્યો.

તેના મુખમાં ભકતામરનું ચોત્રીશમું પદ્ય એ સમયે ચાલુ હતું.

**श्च्योतन्मदाविलविलोलकपोलमूल-**
**मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।**
**ऐरावताभमिभमुद्धतमापतन्तं,**
**दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३४॥**

**અર્થ**—ઝરતા મદથી ખરડાયેલા ચંચળ ગંડસ્થળોમાં મદોન્મત બનેલા અને ભમતા ભમરાઓના ઝંકારથી વધુ ક્રોધે ભરાયેલા ઐરાવણ જેવા હાથીને સામે આવતા દેખીને હે નાથ! આપના આશ્રિતોને ભય લાગતો નથી ૩૪

પદ્યનું ગુંજન કરતો યુવાન આગળ વધ્યો. હાથીની સાથે તેનું યુધ્ધ આરંભાયું. પ્રેક્ષકોના પ્રાણ ઉંચા ચઢી ગયા. એ....મર્યો....એ ....મર્યો....થઈ રહ્યું. યુવાને ચક્રાદેવીના સાનિધ્યથી હાથીને મદ રહિત કરી વશ કરી લીધો. સૌએ જયજયકાર કર્યો. યુવાને હાથી હસ્તિશાળામાં બાંધી દીધો.

પરદેશી સમજી રાજાએ કન્યા કે રાજભાગ ન આપતાં માત્ર ઈનામ આપી વિસર્જન કર્યો.

રાજકન્યા મનોરમાએ યુવાનને જોયો ત્યારથી તે કામ વશ બની ગઈ હતી. તેણે મનથી જ તેને સ્વામી તરીકે સ્વીકારી લીધો હતો. રાજાએ તેને વિસર્જન કરતાં મનોરમા વ્યાકૂળ બની ગઈ. ન ખાય, ન પીએ, ન સ્નાન કરે, ન શણગાર સજે.

સખીઓ પૂછે છે પણ મનોરમા ન કંઇ જવાબ આપે. સખીઓ કઇ સમજી ન શકી. ભૂત વળગ્યું હોય તેવી મનોરમાને જોઇ તેમણે રાજા પાસે નિવેદન કર્યું. રાજાએ અનેક ઉપચાર કરાવ્યા પણ કંઈ સારૂં ન થયું છેવટે ઉદ્‌ઘોષણા કરાવી, 'જે રાજકન્યાને સાજી કરશે તેને તેનું ઇચ્છિત આપીશ.' ઢોલ નગરમાં ફરી રહ્યો

પેલો યુવાન હજી હસ્તિનાપુરમાંજ હતો. પાટલીપુરનો એ રાજવંશી કુમાર હતો. તેનું નામ હતું સોમરાજ. રાજભાગ તેને ન હતો. સ્થિતિ ઠીક ન જણાતાં તે વિદેશ જવા નીકળ્યો હતો. વચ્ચે જ વર્ધમાનસૂરિજીનો યોગ થયો. સૂરિજીનો ઉપદેશ તેણે સાંભળ્યો.

**विउलं रज्जं रोगेहिं वज्जियं रुवमाउयं दीहं।**
**अन्नं पि तं न सुक्खं, जं जीवदयाइ न हु सज्झं॥**

વિપુલ રાજ્ય, રોગરહિત શરીર, રૂપ, દીર્ઘ આયુ અને બીજું પણ એવું કોઈ સુખ નથી જે જીવદયાથી ન મળે.

સોમરાજ ઉપદેશ સાંભળી પ્રસન્ન થયો. આચાર્યશ્રી સાથે થોડા દિવસ રહ્યો. ધર્મતત્ત્વ સમજ્યો. નમસ્કાર મહામંત્ર અને ભક્તામર ભણ્યો. સૂરિજીનો ઉપકાર માનતો એ પોતાના પ્રવાસે નીકળી પડયો. નવકાર અને ભક્તામર એ નિત્ય સ્મરણ કરતો.

સોમરાજ ફરતો ફરતો હસ્તિનાપુર આવ્યો, અને રાજપુત્રી મનોરમાને બચાવી હાથીને વશ કર્યો. રાજાની વિદાય પછી પણ એ નગરમાં ફરતો હતો. મનોરમાને મન એ યુવાન વસી ગયો હતો, તેમ સોમરાજને મન મનોરમા વસી ગઇ હતી. ઉદ્‌ઘોષણા કરતા ઢોલનું તેણે નિવારણ કર્યું. રાજસેવકો તેને રાજમહેલમાં લઈ ગયા.

મનોરમા તપસ્વી જેવી બની ગઈ હતી. સોમરાજ કપટી માંત્રિક બન્યો. મંડલ આલેખ્યું. "ૐ હ્રીં કુટ્ સ્વાહા" એવાં મંત્રપદો બોલવા લાગ્યો એકાંતમાં મનોરમાનું મન જાણી લીધું, અને કહ્યું, "હે કુમારી! હું પણ તારા પ્રેમે અહિ વસી રહ્યો છું."

મનોરમા સોમરાજને ઓળખી ગઈ. લજ્જાથી નીચું જોઈ ગઈ. તેનો રોગ ચાલ્યો ગયો. રાજા વિગેરે તેને નિરોગી જોઈ ખુશ થયા. સોમરાજને કલાકુશલ જોઈ રાજાએ કન્યા અને રાજ્યભાગ આપ્યો.

સોમરાજ વર્ધમાનસૂરિજીની યાદ સાથે નવકાર મહામંત્ર ભક્તામરના સ્મરણ કરતાં ધર્મ, રાજ્ય અને ભોગવૈભવ સાધી રહ્યો. પરમ જૈન સોમરાજ ધર્મપ્રભાવક થયો.

## [૨૨] દેવરાજ

લક્ષ્મીપુરમાં દેવરાજ મહાશ્રાવક હતો. તે ભક્તામર સ્તોત્રનું નિત્ય સ્મરણ કરતો ગુરૂદેવના ઉપદેશથી ધર્મમાં સદા ઉદ્યમશીલ રહે.

એકવાર સાર્થ સાકેતપુર જતો હતો. દેવરાજ પણ ધન કમાવા તેની સાથે ઉપડયો. વચ્ચે જંગલ આવ્યું, કોઈ તરફ સિંહ શાર્દુલની ગર્જના છે, કોઈ બાજુ વાઘ, વરૂ, અને ચિત્તાના પડછાયા પડે છે, જંગલી લોકો આમ તેમ દેખાય છે, ભયંકર સાપો પણ નજરે પડી જાય છે.

મધ્યાહ્ન થયો સૌ વિશ્રાંતિ માટે થોભ્યા.

દેવરાજે સ્નાન કર્યું અને એક વૃક્ષ નીચે આવી એ ભક્તામર સ્મરણ કરવા બેઠો.

એકદમ સાર્થના લોકોએ બુમરાણ કરી મુકયો, જંગલમાંથી એક કેસરી ધસી આવતો હતો, વિજળી જેવી આંખો ભયંકર દાઢો, લાંબા નખ, દીર્ઘ પૂછડાનો આટોપ જોઈ લોકોના હૈયા બેસી ગયા. સૌ ભાગતા ભાગતા દેવરાજ જ્યાં સ્મરણ ગણે છે ત્યાં આવ્યા-

દેવરાજ તેના સ્મરણમાં તેના મુખથી આ સમયે પાંત્રીશમું કાવ્ય ચાલી રહ્યું હતું.

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३९॥*

*અર્થ-હાથીના કુંભસ્થળને વિદારી, ઉજ્જવળ અને લોહીવાલા મોતીના સમૂહોથી પૃથ્વીપીઠને શોભાવનાર, ફાળ ભરતો કેસરી સિંહ આપના ચરણસેવકને સામે આવ્યો હોય તો પણ મારવા આગળ વધી શકતો નથી. ૩૯

દેવરાજ સામે આવતાં કેસરી થંભી ગયો. ન હાલે કે ચાલે. લોકો જોઈ જ રહ્યા. સિંહે દેવરાજ સામે માથું નમાવ્યું, પગનો પંજો ખંખેર્યો અને ત્રણ મોતી દેવરાજ પાસે જઇ પડયા. સિંહ ચાલ્યો ગયો.

સાર્થમાં દેવરાજનો જયકાર થઇ રહ્યો.

દેવરાજે ભક્તામર સ્તોત્રનો મહિમા ગાતાં કહ્યું, "હે ભાગ્યવાનો! શ્રી જિનેશ્વર-દેવની ભક્તિ દુર્લભ છે, જિનભકિત મુક્તિની દુતી છે, જે આત્માના હૃદયમાં જિનભકિત વસી જાય છે તે આત્માઓ સંસાર સાગરને તરી જાય છે. શ્રી આદીશ્વર પ્રભુના સ્તોત્રનો આ મહિમા છે. એનું ફળ તો અનંત સંસારથી આત્મા મુકત થાય તે છે. જે આત્માઓ આવા ઉચ્ચ ધ્યેયને વરે છે તે આત્માઓ માટે આ સ્તોત્ર અને ભકિત ખરા ઉપકારક બને છે."

દેવરાજના ઉપદેશથી લોકો જિનભકિતના પ્રેમી બન્યા. દેવરાજને ગુરૂની જેમ માનવા લાગ્યા.

સાર્થ સાકેતપુર પહોંચ્યો. વ્યવસાયથી વસુ વૃદ્ધિ કરી પુનઃ લક્ષ્મીપુર આવ્યો. દેવરાજ ધની થયો. ધર્મ અને ધન દ્વારા એ જીવન સફલ કરી રહ્યો.

## [૨૩] લક્ષ્મીધર સાર્થવાહ

પ્રતિઠાનપુરમાં લક્ષ્મીધર નામે શેઠ હતા. પૂર્વનું પુરૂં પુણ્યપાથેય લઇને એ આવ્યા હતા. ખાન પાન માનની કમીના ન હતી.

શેઠ ધર્મના પુરા પ્રેમી, ધર્મધ્યાનનો નિત્ય ક્રમ. એ ક્રમમાં ભક્તામર સ્તોત્ર પણ ગણવાનું.

શેઠને વૈભવ ઘણો હતો. પણ ધનની વધુ આશામાં વિદેશ જવાનું નક્કી કર્યું. ઘોડા, ઉંટ, ખચ્ચર, બળદગાડી આદિ મોટા પ્રમાણમાં એકત્રિત કર્યા, વિશાળ સાર્થ લઈને એ પૂર્વ દિશામાં નીકળી પડયા

દિવસો ગરમીના હતા. પ્રયાણ અને તાપ બન્નેના શ્રમથી સાર્થની ગતિ મંદ બનતી હતી.

એક દિવસ એક વનમાં તેમનો પડાવ પડયો. અનેક પ્રકારના વૃક્ષવૃંદથી વન શ્યામલ હતું. ઉનાળાના તાપથી સૌ શીતલ છાયા શોધી શ્રમઅપનય માટે આરામ કરતા હતા. સૂર્ય પ્રચંડ તપતો હતો.

લક્ષ્મીધર સાર્થવાહ સ્નાન કરી એક આહ્‌લાદક સ્થાને ભકતામર ગણવા બેઠા.

સાર્થવાસી લોક શાન્તિનો દમ ખેંચતો હતો. એવામાં પૂર્વ દિશામાં આગ લાગી. ભડભડ કરતો અગ્નિ, પાણીના પૂરની જેમ પ્રસરી રહ્યો. ચારે દિશાઓ એણે ભરી દીધી. લોકો નાસભાગ કરી રહ્યા.

લક્ષ્મીધર શેઠ સ્મરણ ગણતા હતા. લોકો તેમની પાસે આવી ભરાયા. પણ બચાવ ન હતો. શેઠ એ સમયે સ્તોત્રનું છત્રીશમું પદ્ય ગણતા હતા.

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं,
दावानलं ज्वलितमुज्जलमुत्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव संमुखमापतन्तं,
त्वन्नामकीर्त्तनजलं शमयत्यशेषम् ॥३६॥

***અર્થ**–હે પ્રભુ! પ્રલયકાળના પવનથી પ્રેરાયેલ અગ્નિ જેવા જાજ્વલ્યમાન, ઉજ્વળ, તણખા ઉછાળતો અને જગતને ગળી જવા સામે ધસતો હોય એવા દાવાનલને, આપનું નામસ્મરણ રૂપ પાણી સંપૂર્ણપણે પ્રશાન્ત કરે છે. ૩૬

શેઠ સામે ચક્રાદેવીની વાણી થઈ.

"હે લક્ષ્મીધર! એ છત્રીશમા કાવ્ય વડે જલ મંત્રીને છાંટવાથી દાવાનલ શાન્ત થઈ જશે."

શેઠને કેટલી વાર? એ પદ્યથી પાણી મંત્રીને છાંટયું. દાવાનળ શાન્ત થઈ ગયો. વિસ્તારેલી જ્વાલાઓ જાણે સંકોચી લીધી.

લોકો સર્વે ઉપદ્રવ રહિત બન્યા. તેમની સમક્ષ શેઠે ધર્મનો અને ભકતામરનો મહિમા કહ્યો.

"હે ભાગ્યવાનો! આધિ-વ્યાધિ કે ઉપાધિ એ સર્વ પીડા ધર્મથી શાન્ત થાય છે."

લોકોએ પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. સૌ જિનધર્મ પ્રત્યે પ્રેમવાળા થયા.

શેઠ વિદેશમાં કમાણી કરી સ્વપુરમાં આવ્યા. નગરમાં ઉઠેલા દવને ભકતામરના છત્રીશમાં પદ્યથી પાણી મંત્રી શાન્ત કરતાં નગરનો રાજા પણ જિનેન્દ્રદેવ પ્રત્યે ભકિત-વાળો બન્યો હતો.

લક્ષ્મીધર શેઠ જિનશાસનની પ્રભાવના કરતાં સુખ અને કીર્તિના ભાગી થયા અને જીવનને સફળ બનાવી રહ્યા.

## [૨૪] દઢવ્રતા સુવ્રતા

ગુજરાતમાં નર્મદા નદીને કાંઠે નર્મદપુરમાં મહેભ્ય નામે નગરશેઠ હતા. તેમને એકની એક પુત્રી. નામ સુવ્રતા. કલા અને ગુણની એ ખાણ.

સદ્ગુરુના સમાગમે શેઠ જિનધર્મના દૃઢ શ્રદ્ધાળુ હતા. સુવ્રતા પણ પિતાશ્રી જેમ ધર્મપ્રેમી હતી.

એકવાર દશપુરથી કરમણ નામે શેઠ વેપાર માટે નર્મદપુર આવ્યો. કરમણને મહેભ્ય સાથે મિત્રાચારી થઈ. એક દિવસ મહેભ્યે કરમણને જમવાનું કહ્યું. જમતી વખતે સુવ્રતાને જોઈ કરમણ મોહ પામ્યો. કરમણે કપટશ્રાવકપણું લીધું અને મહેભ્યને પ્રસન્ન કરી સુવ્રતા સાથે લગ્ન કર્યા.

સુવ્રતા સાસરે આવી. પણ ત્યાં જૈનધર્મ હતો નહિ. સુવ્રતા રાતે ખાય નહિ, અન્ય દેવને નમે નહિ. અભક્ષ્ય અનંતકાયનું ભક્ષણ ન કરે. આ બધું સાસુ, સસરા, દેરાણી, જેઠાણી, નણંદ, દિયર જેઠ વગેરેને ન ગમ્યું કરમણ પણ એ બધાના વિચારને મળતો બન્યો.

તે સુવ્રતને કહે, "પ્રિયે આપણા કુલનો ધર્મ છે તે તું પાલ. અહિ તારો ધર્મ કામ નહિ લાગે. સ્ત્રીઓ તો પતિમાર્ગે ચાલનાર કહેવાય."

સુવ્રત દૃઢવ્રતા હતી. તેણે કષ્ટ સહન કરીને પણ ધર્મ ન છોડયો.

કરમણે તેના ઉપરથી સ્નેહ ઉતરી જતાં બીજી કન્યા સાથે લગ્ન કર્યાં બંને સ્ત્રીઓ પાસે વારા પ્રમાણે ભોજનાદિ કરે છે.

સુવ્રતા પાસે રાત્રે ભોજન માગે ત્યારે તે આપતી નથી અને કહે છે.

"હે સ્વામી! રાત્રિભોજનમાં મહાદોષ છે ઘૂવડ, કાગ, નાગ, ગીધ, શુકર, શંબર, વીંછી, બીલાડા અને ગોધાના અવતાર તેનાથી આવે છે. આ ભવમાં પણ કંઠ રોધ, મૃત્યુ વગેરેના કષ્ટો આવી પડે છે"

કરમણ કંઈ ધ્યાન દેતો નથી.

નવી સ્ત્રી કરમણની કાનભંભેરણી કરે છે. "સુવ્રતા દુરાચારી છે. ધર્મને નામે ઢોંગ કરે છે. દેવગુરૂ વંદનને નામે કોઈ જાર સાથે ફરે છે. આપને પણ કલંકિત કરશે."

કાચા કાનના કરમણે એ બધું સાચું માન્યું, સુવ્રતાને મારી નાખવા એક ઝેરી નાગ મંગાવ્યો. ઘડામાં પુરીને સુવ્રતાને ઘેર મોકલ્યો. બીજે દિ' કરમણ સુવ્રતા પાસે ગયો. સુવ્રતા ભકતામર ગણી રહી હતી. સુવ્રતાએ પ્રતિપત્તિ કરી. કરમણ કહે, "પેલા ઘડામાં માળા છે તે લાવ."

સુવ્રતાના મુખે એ સમયે ભકતામરનું સાડત્રીશમું કાવ્ય ચાલુ હતું.

**रक्तेक्षणसमद कोकिलकण्ठनीलं,**
**क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।**
**आक्रामति क्रमयुगेन निरस्तशङ्कः,**
**त्वन्नाम नागदमनी हृदि यस्य पुंसः ॥३७॥**

**અર્થ**-હે ભગવંત! આપના નામ રૂપ નાગદમની જે પુરુષના હૃદયમાં છે તે પુરુષ લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ સરખા શ્યામ, ક્રોધથી ઉદ્ધત, ફણાના આટોપ-વાળા સામે આવતા સર્પને નિર્ભયતાથી ચરણ વડે ઓળંગી જાય છે. ૩૭.

સુવ્રતા એ સ્મરણ કરતી ઘડા પાસે જઈ અંદરથી સર્પ ઉપાડયો. દોરડા અને માળા જેવો સર્પ લઈ પતિને આપવા એ ડગલાં માંડી રહી.

ભયથી કરમણુ બોલી ઉઠયો, "હે સતી! એ સર્પ છે દૂર મૂકી દે."

કરમણુ સુવ્રતાના વખાણુ કરી રહ્યો. ઘરના સૌ ભેળા થયા. કાળા નાગને સ્તંભિત થયેલો જોઈ સૌ સુવ્રતાના શીલની પ્રશંસા કરી રહ્યા" અહો સુવ્રતા તો સ્તંભન વિદ્યાવાળી સતી છે."

આકાશમાં વાણી થઈ, "રે મૂર્ખાઓ! સુવ્રતા દૃઢવ્રતા અને દૃઢ ધર્મવાળી છે તેનું વિરુપ ચિંતવશે તે દુઃખી થશે અને તેને અનુકૂળ રહેશે તે સુખી થશે."

સર્વે સુવ્રતાને નમી રહ્યા. સુવ્રતાએ જિનધર્મનો શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. કુટુંબના અને ગામના પણ લોકો જિનધર્મપ્રેમી બન્યા. સુવ્રતાને નમી માફી માગી ધર્મ સ્વીકાર્યો.

દૃઢશ્રધ્ધાએ દૃઢવ્રતા સુવ્રતાએ જિનધર્મની પ્રભાવના કરી જીવનને સફલ બનાવ્યું.

## [૨૫] ગુણવર્માકુમાર

મથુરાનગરીનો ઈતિહાસ બહુ વિશાળ છે. ભારતવર્ષની મહત્ત્વની ઘટનાઓ સાથે તેને બહુ સંબંધ છે. જય પરાજય, ધર્મ–અધર્મની અનેક ભરતી-ઓટ ત્યાં ફરી વળી છે.

રણુકેતુ રાજાએ એ ઐતિહાસિક નગરીનું રાજ્ય મેળવ્યું ત્યારથી રાજ્ય શાન્તિથી ચાલતું હતું. રાજવીના લઘુબંધુ ગુણવર્મા–કુમાર ધર્મમૂર્તિ સમા હતા. એને જૈન મહાત્માનો એવો અનુપમ યોગ થઈ ગયેલો કે વિશ્વના સત્ય રહસ્યો તેને સમજાઈ ગયેલા. જૈનધર્મ તેના દિલમાં વસ્યો હતો. જિન–ભક્તિ, સ્વાધ્યાય ધ્યાન આદિ તેને પ્રિય હતા. શ્રી નમસ્કાર મહામંત્ર જાપ અને ભકતામર સ્તોત્રનું સ્મરણુ તેનો નિત્ય કાર્યક્રમ હતો. જૈનધર્મનો જેવો પ્રેમ તેવી જ શૂરવીરતા એનામાં ઓપતી.

મહારાણી તેના ગુણુ પ્રકર્ષને જોઈ ઇર્ષ્યાનો અગ્નિ ઝરાવતી. એકવાર રણુકેતુને કહ્યું, "હે દેવ! જુઓ આ ગુણુવર્મા. અમેય કીર્તિવાળો લોકપ્રિય, કુશળ બળવાન છે. લોકમાં જેવી ખ્યાતિ છે તેવો જ એ દેખાય છે. આપનું રાજ્ય એ કયારે પડાવી લે તે કહેવાય નહિ. ભાઈ છતાં એ તમારો શત્રુ છે."

"દેવી! સહોદર છે. એને માટે વિરુદ્ધ શું કરાય? સ્ત્રી પુત્રો તો દેશેદેશ મળે પણુ ભાઈ કયાં?"

"સ્વામી! શત્રુમાં સહોદર સમજણુ શા માટે? આપના પુત્રોને રાજ્ય કયાથી મળશે? અરે એના હાથમાં રાજ્ય આવ્યું તો તમારૂં નામ પણુ કોણુ લેશે? તેને મારી ન શકો તો દેશપાર તો કરવો જ જોઈએ. નહિતર તમે સુખે રાજ્ય કરી રહ્યા."

"દેવી! તું ઠીક કહે છે પણુ...."

"પણુ ને બણુ. રાજ્યનીતિ વિના રાજ ન ચાલે. કેવો નિર્ભય એ ફરે છે? છે તમારી કંઈ શરમ?"

"રાણીના વચનોથી રણુકેતુનો ભ્રાતૃસ્નેહ મંદ થતો ચાલ્યો. એક દિવસ સેનાપતિને બોલાવી તેણે હુકમ કરી દીધો, કે–ગુણુવર્માને દેશનિકાલ કરો"

સેનાપતિને રાજ્યઆજ્ઞા સામે બોલાય તેમ ન હતું. ગુણુવર્માને હુકમ પહોંચાડયો.

ગુણવર્માએ વિચાર્યું, "હાલ તો કાલક્ષેપ કરવો, પરાક્રમનો અવસર નથી." એ ચાલી નીકળ્યો.

ચોમાસાનો સમય હતો. વર્ષાઋતુ પોતાની લીલા વિસ્તારતી હતી. ગુણવર્મા ફરતો ફરતો એક ઉંચા પર્વત પાસે પહોંચ્યો. ગિરિ ઉપર એક ગુફામાં તે રહ્યો. શાસ્ત્રાભ્યાસ કરે છે, નિત્ય નવકાર અને ભકતામરનું સ્મરણ કરે છે.

એકવાર નવકાર મહામંત્રનો તેણે જાપ કર્યો અને પછી ભકતામરનું સ્મરણ કરવા લાગ્યો. એક પછી એક પદ્ય બોલ્યે જાય છે. સાડત્રીશ પદ્ય બોલાઈ ગયા. સ્તોત્ર આગળ ચાલ્યું.

**वलात्तुरङ्गगजगर्जितभीमनाद–**
**भाजौ बलं बलवतामपि भूपतीनाम् !**
**उद्यद्दिवाकरमयूखशिखापविद्धं,**
**त्वत्कीर्त्तनात्तम इवाशु मिदामुपैति ॥३८॥**
**कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह–**
**वेगावतारतरणातुरयोधभीमे ।**
**युध्धे जयं विजितदुर्जयजेयपक्षा–**
**स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥३९॥***

***અર્થ**–યુધ્ધમાં ઉછળતા અશ્વ અને ગજરાજોના ગર્જનાથી ભયંકર શબ્દમય, બળવાન રાજાઓનું પણ સૈન્ય, આપની સ્તવનાથી ઉગતા સૂર્યના કિરણની શાખાઓથી જેમ અંધકાર નાશ પામે છે તેમ નાશ પામે છે. ૩૮. ભાલાના અગ્રભાગથી હાથીઓ ભેદાયા હોય, તેમનાં લોહીનું પૂર વહેતુ હોય, તેમાં ઉતાવળે પડવાથી તરવા માટે આતુર યોદ્ધાઓથી ભયંકર લાગતા યુદ્ધમાં પણ આપના ચરણકમલને સેવનારા, દુર્જય શત્રુ-પક્ષના વિજયી પુરુષો જય મેળવે છે. ૩૯.

આ સમયે અપ્રતિચક્રાદેવીએ પ્રગટ થઈ વચન આપ્યું. ગુણવર્માએ રાજ્ય માંગ્યું.

આ બાજુ રણકેતુ અન્ય દેશ સાધવા નીકળ્યો. માર્ગમાં ગુણવર્માને તેને જોયો. તેને મારવા આજ્ઞા કરી. ઘડીભર યુદ્ધ જામી ગયું. સૈન્ય પાછું પડતાં રણકેતુ જાતે ઉઠયો. પરંતુ ગુણવર્મા તેને વશ કર્યા બાદ ભાઈ પાસે નમ્રતાથી ઉભો રહ્યો.

રણકેતુ વિલખો પડી ગયો. વૈરાગ્યથી વિચારવા લાગ્યો, "અહો હું સ્રીના વચનમાં ન ખેંચાયો હોત તો આ દશા ન થાત, ધિક્ સંસાર ! ધિક્ ! નારીસ્નેહ !

ગુણવર્માને રાજ્યાભિષેક કરાવી રાજા રણકેતુ રાજ્ય છોડી સંન્યાસી બની ગયો. ગુણવર્માકુમાર મથુરામાં આવી ન્યાયપૂર્વક રાજ્યપાલન કરવા લાગ્યો. ગુરૂ ઉપદેશ શ્રવણ જિનમંદીર નિર્માણ, યાત્રા, પરોપકાર, સદાચાર, સામાયિક પૌષધ આદિ વડે જીવનને ધન્ય બનાવ્યું.

## [૨૬] ધનવાન શેઠ

તામલિપ્તીપુરીમાં ધનવાન ધનાવહ શેઠ રહેતા હતા. એક વાર તામલિપ્તીમાં આચાર્ય શ્રી જિનેશ્વરસૂરિજી પધાર્યા. જિન-વાણીના રસિયા એકત્રિત થયા. સૂરિજીએ ઉપદેશ આપ્યો.

**वन्द्यास्तीर्थकृतः सुरेन्द्रमहिताः**
**पूजांविधायामलां,**
**सेव्याः सन्मुनयश्च वन्द्यचरणाः श्रव्यं च**
**जैनं वचः ।**
**सच्छीलं परिपालनीयमतुलं कार्यं,**
**तपो निर्मलं,**
**धेया पञ्चनमस्कृतिश्च विदुषा भाव्या**
**च सद्भावना ॥**

હે ભવ્યો ! સુજ્ઞજનોએ નિર્મળ પૂજા કરી સુરવંદિત તીર્થંકરને વાંદવા, વંદનીય મુનીવરો વાંદવા, જિનવાણી સાંભળવી, ઉત્તમ-શીલનું પાલન કરવું, નિર્મળ તપ કરવો, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું અને સદ્-ભાવના ભાવવી.

ધનાવહે ઉપદેશ સાંભળી સ્થૂલથી નિર-પરાધી જીવને હણવો નહીં એવી પ્રતિજ્ઞા લીધી શ્રાવક તરીકે તે જીવવા લાગ્યો.

ઘણું ધન છતાં ભરતી ન થાય તો ખૂટી જાય. એવો વિચાર કરી પરદેશ જવાનું તેણે નક્કી કર્યું. વહાણમાં માલ ભરીને શુભ મુહૂર્તે પ્રયાણ કર્યું.

સિંહલદ્વીપમાં જઈ ખૂબ લાભ મેળવ્યો. ત્યાંથી મણિ, મોતી, પ્રવાલકપૂર, ચંદન વગેરે માલ ભરીને પાછો વળ્યો, રસ્તામાં વિકટાક્ષી-દેવી બલી લેતી તે સ્થાન આવ્યું. નાવિકોએ શેઠને કહ્યું, "કાંઠે જઈ પશુ લાવી બલીદાન આપીએ."

શેઠ કહે, "મારે હિંસા ન કરવાનું વ્રત છે, નિર્દોષ બલી જોઈએ તો આપું, બાકી હિંસા નહિ જ કરૂં"

ધનાવહ આમ બોલે છે ત્યાં મેઘ ઉઠયો, પવન પ્રલયકાળની યાદ આપતો વછૂટયો.

ધનાવહ ભક્તામર સ્મરણ કરવા લાગ્યો.

નાવિકો કહે, " શેઠ ! એક પશુના બદલામાં આપણે બધા મરી જશું માટે એક પશુવધની રજા આપો લાભાલાભનો વિચાર કરો."

શેઠ તો થાંભલાની જેમ ધ્યાનમાં અડગ બેઠા છે, એક પછી એક શ્લોક બોલતા જાય છે.

ચાલીસમો શ્લોક આવ્યો.

**अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-,**
**पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।**
**रङ्गतरङ्गशिखरस्थितयानपात्रा-**
**स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥***

**અર્થ**-હે પ્રભુ ! ક્ષોભ પામેલા ભયંકર નક્ર જાતિના મત્સ્ય સમૂહો અને પાઠીન પીઠ જલચરો તથા વીકટ વાડવાગ્નિવાળા સમુદ્રમાં હેલે ચઢેલા કલોલના અગ્રભાગે વહાણમાં રહેલા પુરુષો, આપણા સ્મરણથી કષ્ટ પાર પામીને ઇચ્છીત સ્થાને જાય છે. ૪૦.

આ સમયે વિકટાક્ષીએ કરેલા ઉપદ્રવ શમી ગયા. દેવી પોતે ધનાવહ પાસે આવી બોલી, " હે ધર્મબુધ્ધિ ! ધન્ય છે તમને તમારા નિશ્ચલવ્રત અને ચક્રાની આજ્ઞાથી હું તુષ્ટ થઇ છું. વરદાન માગ."

શેઠ કહે, " હે દેવી ! મારે તો ભલું જિનશાસન મલ્યું છે તેથી વિશેષ શું જોઈએ ? પરંતુ તમારે પશુ વધ કરવો તે ઉચિત નથી. માટે આ પાપના નિદાનથી વિરામ પામો."

દેવીએ તેનું વચન સ્વિકાર્યું. ત્યારથી સાંયાત્રિકોને ત્યાંથી પશુ વધ બંધ કરવાનું બંધ થયું. વહાણો નિર્ભય રીતે સ્તમ્ભન તીર્થે આવ્યા. સૌ ધનાવહના ધર્મપ્રેમની પ્રશંસા કરી રહ્યા. ધનાવહ જિનશાસનની પ્રભાવના કરતા સુખી થયા.

## [૨૭] રાજપુત્રી કલાવતી

ઉજજૈનીમાં રાજશેખર રાજા રાજ કરે. તેને વિમલાદેવી પટ્ટરાણી. રાજપુત્ર રાજહંસ-કુમાર. કલા-ગુણનો ભંડાર.

દૈવયોગે વિમલાદેવીનું મરણ થયું. રાજાએ કમલાદેવીને પટ્ટરાણી બનાવી. કમલાદેવી રાજહંસ પ્રત્યે દ્વેષ રાખે છે. એ વિચારે છે કે જ્યાં સુધી રાજહંસ છે ત્યાં સુધી મારા પુત્રને રાજય મળશે નહિ. માટે તેનો કાંટો કાઢી નાખું.

એકવાર રાજવી અન્ય દેશના વિજય માટે ગયા છે ત્યારે કમલાએ રાજહંસને રોગકારી ઔષધ ખવડાવી દીધું. થોડા દિવસોમાં રાજહંસ તાવ, જલોદર વિગેરે રોગોથી ઘેરાઈ ગયો. ધીમે ધીમે કુમારને વિમાતાનાં કામણનો ખ્યાલ આવી ગયું. તેને થયું, જો હવે અહિ રહું તો મરણ થશે. માટે ચાલ્યો જાઉં.

રાજહંસ એક દિવસ એકાકી નીકળી ગયો. ઉત્તર દિશામાં પ્રયાણ કરતે કરતે તે હસ્તિનાપુર પહોંચ્યો. દિવસે દિવસે રોગ વૃદ્ધિગત થતા હતા. તેની કાયા અને કાંતિ વિરુપ બનતા જતા હતા.

હસ્તિનાપુરમાં માનગિરિ રાજા હતો. તેને કલાવતી નામે રાજકન્યા હતી. કલાવતીને એકવાર જૈન સાધ્વીજીનો પરિચય થયો.

સાધ્વીજીના ત્યાગ, તપ, સંયમ, સ્વાધ્યાય, ઉમંગ અને ઉપદેશથી તેનું મન લલચાયું.

જૈન આર્યા કલાવતીને કહેતા—"હે ભાગ્યશાળી !

**श्रीतीर्थेशस्य पूजा गुरुचरणयुगाराधनं जीवरक्षा,**
**सत्पात्रे दानवृत्तिर्विषयविरमण सद्विवेकस्तपश्च ।**
**श्रीमत्सङ्घस्य पूजा जिनपतिवचसां लेखनं पुस्तकेषु,**
**सोपानश्रेणिरेषा भवतु तनभृतां सिध्धिसौधाधिरोहे ॥**

શ્રી તીર્થંકરદેવની પૂજા, ગુરુચરણ સેવા, જીવરક્ષા, સુપાત્ર દાન, વિષય વિરામ, વિવેક, તપ, સંઘપૂજા, અને જિનેન્દ્રપ્રભુના વચનો પુસ્તકને વિશે લખાવવા, આ બધું પ્રાણીઓને સિદ્ધિરુપ મહેલ ચઢવા માટે સોપાનશ્રેણી છે.

કલાવતીનું મન ધર્મમાં દઢ થતું ગયું. એ જિનકથિત તત્ત્વો-રહસ્યો મેળવવા લાગી. ધર્મકલા અને વ્યવહાર કલા બનેમાં એ પ્રવીણ બની.

એકવાર રાજસભા ભરાઈ છે. રાજા, સામન્તો, અધિકારીઓ અને સેવકવર્ગ બિરાજેલ છે. કલાવતી પણ રાજા માન-ગિરિની બાજુમાં બેઠી છે.

માનગિરિએ સભ્યોને માનથી કહ્યું, "અરે, તમે કોના કર્મથી સુખ-વૈભવ ભોગવો છો ?"

સભ્યો કહે, "આપના."

કલાવતી જરા હસી પડી.

રાજાએ કહ્યું, "પુત્રી ! કેમ હસવું આવ્યું ?"

"પિતાજી ! સેવકો સાચું જાણતા હોય તો પણ સ્વામીને ગમે તેવું બોલે છે. સેવકથી બીજો કોઈ મોટો મૂર્ખ નથી. આપના સેવકો આપને કર્ણપ્રિય છતાં જુઠું બોલ્યા એટલે હું હસી."

"અરે, મૂર્ખી ! તું કોના પ્રભાવે જીવે છે ?"

"પિતાજી ! મારા કર્મના પ્રભાવે."

"લુચ્ચી ! હજી તો જ્ઞાન કંઈ આવ્યું નથી અને અવું અભિમાન? સેવકો,

નગરમાંથી શોધી લાવો કોઇ રોગી પુરુષને તેની સાથે કલાવતીને પરણાવું. પછી તેને ખબર પડશે કે કોના પ્રભાવે લ્હેર કરે છે ?"

સેવકો તો ચીઠ્ઠીના ચાકર. ઉપડયા ફરતે ફરતે રાજપુત્ર રાજહંસ હાથમાં આવ્યો. રાજસભામાં તેને લઈ આવ્યા. રાજાએ કલાવતીના વસ્ત્રાલંકાર ઉતરાવી લીધા અને ફાટેલ–તૂટેલ કપડાં પહેરાવી, આ રોગી કુમારને અર્પણ કરી દીધી. કુમાર ના પાડતો રહ્યો અને રાજાએ દબાણથી કન્યા આપી બંનેને વિદાય કર્યા.

રાજસભ્યો આવું અસમંજસ કૃત્ય જોઇ મનમાંને મનમાં જ શોક કરી રહ્યા. તેમણે પેલું સુભાષિત યાદ કર્યું—

**सच्छंदं जंपिज्जइ कज्जं किज्जंइ भणस्स पडिहाइ।**
**अयसस्स न बोहिज्जइ, पहुत्तणं तेण रमणीयं ॥**

સ્વછંદપણે બોલવુ, મનમાં ઠીક લાગે તે કરવું, અપયશથી ન ડરવું. આ કારણે સ્વામિપણું મનોહર છે.

કલાવતી રોગીકુમાર સાથે રાજમાર્ગ ઉપર પસાર થઈ રહી. નગરજનો આંસુ સારતા જાઈ રહયા. કલાવતી તો કહે છે—

**समीहितं यन्न लभामहे वयं,**
**प्रभो न दोषस्तव कर्मणो मम ।**
**दिवाप्युलूको यदि नावलोकते,**
**तदापराधः कथमंशुमालिनः ? ॥**

હે પ્રભુ ! અમને ઇચ્છિત ન મળે તેમાં આપનો દોષ નથી, અમારા કર્મનો દોષ છે. દિવસે પણ ઘૂવડ સૂર્યને ન દેખે તેમાં શું સૂર્યનો અપરાધ છે ?

રાજહંસ અને કલાવતી નગર બહાર નીકળી ગયા. તડકો સખત હતો, એક વૃક્ષ નીચે શાન્તિ લેવા બેઠા.

રાજહંસ કહે, "પ્રિયે ! મને તું છોડી દે. પત્થર અને સુવર્ણમાળા, મણિ અને કાચ, હાથી અને ગધેડો, કલ્પવેલી અને એરંડો આ બધાનો શો મેળ ? તું તો સર્વત્ર માન પામશે."

"પ્રાણનાથ એવું ન બોલશો. શું કુળવાન બાળાનો આચાર આપ નથી જાણતા ?

**गतविभवं रोगयुतं, निर्वीर्यं भाग्यवर्जितं स्वपतिम् ।**
**दैवतवत्सेवन्ते, कुलस्त्रियस्ता न शेषाः स्युः ॥**

વૈભવહીન, રોગી, પરાક્રમ રહિત, નિર્ભાગી એવા પોતાના પતિને દેવની જેમ સેવે છે તે કુલવાન સ્ત્રીઓ કહેવાય છે. બીજી તો અધમ કહેવાય છે. વળી—

**दिनानां च निशानां यथा ज्योतिर्विभूषणम् ।**
**सतीनां च यतीनां च, तथा शीलं विभूषणम् ॥**

દિવસો અને રાત્રીમાં જેમ જ્યોતિની શોભા છે તેમ સતીઓ અને યતિઓની શોભા શીલ છે.

આપ ફરીથી આવું બોલી મને દુઃખી ન કરશો."

"પ્રિયે ! ધન્ય છે તારા ધર્મ અને કુલને. ધર્મ અને ઉત્તમ કુલને નહિ દેખનારા શીલ-ખંડન કરવા કરાવવાના માર્ગો આદરે છે તારા જેવી ઉત્તમ સહચરીના સંગાથથી મને સંતોષ થાય છે."

રાત્રિ ત્યાં પસાર કરી બીજે દિ' પ્રયાણ કર્યું. મધ્યાહ્ન થયો. એક વૃક્ષ નીચે બેઠા. પર્ણશય્યામાં રાજહંસ સૂઈ ગયો. પાસે બેઠેલી કલાવતી પતિના રોગશમનનો ઉપાય વિચારતી ભક્તામર સ્તોત્ર ગણી રહી છે, તેમાં એકતાલીસમું કાવ્ય આવ્યું.

उद्भूतभीषणजलोदरभारभुग्नाः,
शोच्यां दशामुपागताश्च्युतजीविताशाः।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा,
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४१॥

અર્થ—થયેલ ભયંકર જલોદર રોગના ભારથી વાંકા વળેલા, શોચનીય દશાને પામેલા, જીવવાની આશાથી ભ્રષ્ટ થયેલા મનુષ્યો, આપના ચરણકમલની રજ રૂપ અમૃતથી સીંચાયેલ દેહવાળા અને કામદેવ સમાન રુપવાળા બને છે. ૪૧

કલાવતી કાવ્ય બોલે છે તે સમયે રાજહંસનું મુખ પહોળું થયું. અંદરથી સર્પની ફણા બહાર નીકળી. બીજી બાજુ રાફડામાંથી સર્પનું મુખ દેખાયું.

રાફડાના સાપે કહ્યું, ઓ દુરાચાર! સત્પુરુષ રુપનાશક! જો કોઈ રાજિકા ખાટી છાશ સાથે તને દેશે તો તારે ભાગવું પડશે"

"અરે સંગ્રહખોર! રાજહંસના મુખમાં રહેલા સર્પે કહ્યું, જો કોઈ તારા દરમાં ગરમ તેલ નાખશે તો તે તેં સંગ્રહેલ ધન ભોગવશે અને તારો નાશ થશે."

બંને સર્પ પોતાના સ્થાનમાં સમાઈ ગયા.

કલાવતીએ આ બધું જોયું, ચક્રેશ્વરીએ પ્રત્યક્ષ થઈને કહ્યું, "સ્તોત્ર જાપના પ્રભાવથી આ ચેષ્ટા મેં કરી છે."

કલાવતીને ખાત્રી થઈ ગઈ. ગોકુલમાંથી ખાટી છાસ સાથે રાજિકા લાવી રાજહંસને આપી. તેના રોગ ઉપશાન્ત થયા. રાજકુમાર તેજસ્વી કાન્તિવાળો બન્યો. રાફડામાંથી નિધાન પણ પતિદ્વારા કલાવતીએ મેળવ્યું.

કલાવતીએ ભક્તામર સ્મરણ, સર્પ-વાળાતીત ચમત્કાર એ બધું રાજહંસને જણાવ્યું. રાજહંસે પણ કલાવતીના કહેવાથી પોતાનું કુલ પ્રગટ કર્યું. ઉજ્જૈની રાજા રાજશેખર પાસે ગયા. રાજાને પટરાણીના કુકૃત્યની ખબર પડી તેણીને દૂર કરી.

કલાવતીના પિતા માનગિરિને પણ બધી વિગત મલી. તેનું માન ગળી ગયું. કલા-વતીને માન સહિત બોલાવી. સન્માન કર્યું.

કલાવતી જૈનશાસનની પ્રભાવના કરી રહી. રાજહંસકુમાર પણ કલાવતીના સત્સં-ગથી જૈનધર્મ પામ્યો. કલાવતીએ ઉદાયન રાજાને ધર્મ પમાડયો, તેમ કલાવતી તેને ધર્મદાતા બની.

રાજહંસકુમાર અને કલાવતી ધર્મની સાધના કરતાં સુખી થયા.

## [૨૯] ધર્મવીર રણપાલ

અજમેરનો વિશાળ ગઢ મહાશૂરવીરોને પણ હંફાવે તેવો હતો. રાજપુત રાજવીઓની શૂરવીરતા તેમાં ભળી હતી. આખા ભારતમાં અજમેરગઢ ભારતમાં પોતાનો પ્રભાવ રેલી રહ્યો છે.

મુસલમાનોએ જ્યાં જ્યાં ધન કંચન ભાળ્યું ત્યાં તેમને ગુદગુદી થઈ જતી હતી. એક પછી એક રાજ્યો એ પચાવી રહ્યા હતા. દીલ્હીનું રાજ્ય કબજે કર્યું હતું. બાદશાહ જલાલુદ્દીન આગ્રામાં રાજધાની કરી બેઠો હતો. તેના સુબાઓ અનેક પ્રાંતોમાં વસાહત ભોગવતા હતા.

અજેય અજમેર પણ એકવાર પડયું, રાજપુતોના હાથમાંથી મુસલમાનોએ લઈ લીધું. બાદશાહે મીરમહમ્મદને અજમેર સાચવવા રાખ્યો.

આથમતી રાજપુતાઈમાં રાજપુત્ર રણપાલ ઝળકી રહ્યો હતો. મુસલમાનોને એ ગાંઠતો હતો.

રણપાલને એકવાર જૈનાચાર્યને યોગ મલ્યો. ધર્મ સાંભળ્યો અને શ્રદ્ધા મજબૂત બની.

પોતાની વિશાળ ગરાસદારીનું એ અજોડ રક્ષણ કરતો હતો. ભલભલા સુબાઓને એ હંફાવતો. આમ રણશૂરો રણપાલ આચાર્યશ્રીના પરિચયે ધર્મશૂરો બન્યો.

ધર્મનાં તત્ત્વોનાં પરિશીલથી એ વધુને વધુ જિનધર્મ સાધક બનતો હતો. રણપાલ નિત્ય નવકાર મહામંત્ર અને ભક્તામર સ્તોત્ર ગણતો. આદીશ્વરપ્રભુ પ્રત્યે અતૂટ ભકિતથી ભકતામર ગણતો. ભકતામર સ્તોત્રના અર્થ અને મહિમાથી એ જાણકાર હતો.

ભક્તામર સ્તોત્ર બનાવીને આચાર્ય શ્રી માનતુંગસૂરિજીએ બેડીના બંધન તોડયા હતા. એ સ્મરણથી તેના દિલમાં ભકતામર પ્રત્યે અદમ્ય ભાવ ઉલ્લસી જતો હતો.

એકવાર અજમેરમાં પોતાના મહેલમાં એ આરામ કરતો હતો. સુબા મીરે એને દમવા માટે અચાનક છાપો મારી તે રણપાલને પકડયો. રણપાલ સાથે તેના પુત્રને પણ લીધો.

મીરે ઘણી દમદાટી આપી પણ રણવીર રણપાલ ન નમ્યો. મીરે એ બંનેને બંધનસહિત આગ્રા મોકલી દીધા. સુભટોએ એ બંને કેદીઓ જલાલુદીનને સોંપ્યા.

તાતા દુશ્મનને ભાંગી નાખવા સુલતાને હુકમ કર્યો, "જાવ, આ બંનેને જુની દિલ્હીના કેદખાનામાં મજબૂત સાંકડોની બેડીઓ બાંધીને રાખો."

રાજઆજ્ઞાનો શીઘ્ર અમલ થયો. રણપાલ પુત્ર સહિત દિલ્હીના કેદખાનામાં ધકેલાઈ ગયો. જ્યારે તેને હાથે બેડીઓ બંધાઈ ત્યારે તેને આચાર્ય શ્રી માનતુંગસૂરિજી યાદ આવ્યા. રાજા ભોજે જૈનધર્મનો પ્રભાવ જાણવા સૂરિજીને બોલાવેલા અને સૂરિજી સાંકળોનાં બંધનથી બંધાયેલા, ભકતામર સ્તોત્રની ભવ્ય રચના કરતે તેમણે એક એક પદ્ય બોલતાં એક એક બંધન છોડી નાંખેલું. રણપાલ સૂરિજીને ઝૂકી પડતો અને જૈનશાસનની મહાનતાથી એ દિંગ બની જતો.

રણપાલ નિત્ય ભકતામર સ્મરણ કરે છે. તેમાંય ખાસ બંધન મુકિતના મહિમાથી સભર બેતાલીશમું પદ્ય આવતાં એકાકાર બની જાય છે.

પૂર્ણિમાની રાત્રે એકવાર એ કાવ્ય બોલી રહ્યા.

**आपादकण्ठमुरुश्रृङ्खलवेष्टिताङ्गा,**
**गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।**
**त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः,**
**सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥***

*__અર્થ__—પગથી કંઠ સુધી સાંકળો બાંધેલી હોય, મજબુત રીતે મોટી બેડીઓની અણીઓથી જાંઘો ઘસાતી હોય એવા પણ આપના નામમંત્રને નિરંતર સ્મરણ કરનારા મનુષ્યો શીઘ્ર સ્વયં બંધન અને ભયમુક્ત બની જાય છે. ૪૨

આ સમયે એક દેવીસ્ત્રી ત્યાં પ્રગટ થઈ અને કહ્યું, "વત્સ ! જલ્દી જલ્દી ઉઠ."

"મા! તમે કોણ છો? દેવી, માનવી કે વિદ્યાધરી?"

"વત્સ! જિનભક્ત ચક્રાદેવીની હું પ્રતિહારી છું, તમને બંધન મુક્ત કરવા દેવીએ મને મોકલી છે."

"આપ મારે ચક્રા સમાન છો પણ હું કેમ ઉઠું? મારા હાથ પગ સાંકળો અને બેડીના બંધનથી નિયંત્રિત છે."

"વત્સ! હાથ પગને સ્પર્શ કર."

રણપાલે હાથ પગ સ્પર્શ્યા, ન બેડી ન સાંકળ એ ઊભો થઇ પુત્ર સહિત દેવીને નમી રહ્યો.

સૈનિકો દોડી આવ્યા. પણ તેમણે તો રણપાલ અને તેના પુત્રને બંધનમાં જોયા એટલે પાછા ચાલ્યા ગયા.

દેવીએ બતાવેલ સોપાનશ્રેણી દ્વારા એ કિલ્લા ઉપર ચઢયા કાંગરે ચઢી અને દેવીના વચનથી એમણે બહાર કૂદકો માર્યો. હંસના રોમની શય્યા ઉપર ઓછાડ પાથર્યો હોય તેમ જગ્યા ઉપર એ પડયા. કોઇ જાતની પીડા વિના નગરની હદ બહાર નીકળી ગયા.

રાજ્યમાં ખબર પડી. શાહી સેના રણપાલ પાછળ પડી તેમણે સેનાને જોઈ પણ સેના તેમને ન જોઈ શકી. સૈના શાકમ્ભરી અને અજમેર જઈ પાછી ફરી.

રણપાલ અજમેર ગયો. ત્યાં સ્વજનેનો મળી. ચિતોડગઢ ગયો અને કુટુમ્બ સહિત સુખને અનુભવતો ધર્મનું પાલન કરી રહ્યો.

એ ભક્તામરનું નિત્ય સ્મરણ કરે છે. બેંતાલીશ શ્લોક બોલ્યા પછી આઠ ભયનાશક અને સ્તોત્ર મહિમાની બંને ગાથા બોલે છેઃ—

**मत्तद्विपेन्द्र-मृगराज-दवानलाहि-**
**सङ्ग्राम-वारिधि-महोदर-बन्दनोत्थम् ।**
**तस्याशु नाशमुपयाति भयं भियेव,**
**यस्तावकं स्तवमिमं मतिमानधीते**
**॥ ४३ ॥**

**स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां,**
**भक्त्या मय रुचिरवर्णविचित्रपुष्पाम् ।**
**धत्ते जनो य इह कण्ठमतामजस्रं,**
**त मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः**
**॥ ४४ ॥***

***અર્થ**—હે ભગવાન્! જે મતિમાન આ ભકતામર સ્તોત્રને ભણે છે, તે પુરુષના મહોન્મત્ત હસ્તિ, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, મહાસાગર, જલોદર અને બંધનથી ઉત્પન્ન થએલ ભય શીઘ્ર નાશ પામે છે. ૪૩

હે જિનેન્દ્ર! ભકિતરુપ રચના વડે અને જ્ઞાનાદિ ગુણોરુપ દોરા વડે ગુંથેલી અને મનોહર અક્ષરરુપ ચિત્રવિચિત્ર પુષ્પોવાળી તમારા સ્તોત્રરૂપ માળાને જે પુરૂષ આ લોકને વિષે નિરંતર કંઠને વિષે ધારણ કરે છે, તે માન વડે ઉન્નત પુરુષ (સૂરિદેવ શ્રી માનતુંગસૂરિજી)ને મુક્તિરૂપ લક્ષ્મી તાબેદાર પ્રાપ્ત થાય છે. ૪૪

રણપાલ સ્તોત્રામૃતના પાનદ્વારા આત્મને નિત્ય પુષ્ટિ આપી જીવન ધન્ય બનાવી રહ્યા.

*** શ્રી ભકતામર સૌરભ સમાપ્ત ***

# ચત્તારિ પરમંગાણિ

જગતમાં માત્ર ચાર વસ્તુ જ સારભૂત છે. ૧. મનુષ્યત્વ-પછી, ૨. જૈનત્વ-પછી, ૩. શાસ્ત્રશ્રવણ. એ અવસર મળ્યે હૈયામાં જચવું. જચાવ્યા બાદ જીવનમાં ઉતારવું. ઉત્તરોત્તર એક એકથી મુશ્કેલ છે.

પૂર્ણ ભાગ્યોદય એટલે લઘુકર્મીપણું આવ્યા વિના ચારિત્રની ભાવના પણ થતી નથી. તો પછી એના આચરણની તો વાતજ શી ?

વળી આ આત્મા સંસારમાં રહી પરમાં રાચતો થકો, સંસારમાં સુખોની અભિલાષાથી, જે અપ્રમત્તતા પૂર્વકના પ્રયત્નમાં રહેલ છે; તેટલા જ પ્રયત્ને જો તે મુક્તિની અભિલાષા માત્રથીજ, શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલ વસ્તુની આરાધના માટે કરે, તો એને મુક્તિનું સુખ હાથમાં રહેલ આમળાની જેમ સહેલું છે.

તમે જ્યારે દીક્ષાની અનુમોદના, હજારોની સંખ્યામાં કરો, ત્યારે તમારે પણ એ વસ્તુને (સંયમને) હૈયામાં જડવીજ પડશે. દીક્ષિત મહાનુભાવો ચૌદ રાજલોકના સર્વ જીવોને અભયદાન આપે છે. તેવીજ રીતે સારૂં એ જગત આચરે એવો પ્રયત્ન કરવો જોઇએ.

[ "પ્રવચન પ્રભા" પુસ્તકમાંથી
પૂ. આ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ]